# સ્વાધ્યાય

વસંતપંચમી
વિ. સં. ૨૦૨૬

પુસ્તક ૭
અંક ૨



કલ્કી
ચિત્રકાર : નિકોલસ રોરિક
( ભારત કલાભવન, વારાણસીના સૌજન્યથી )

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ફેબ્રુઆરી, ૧૯૭૦.

# સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૨૬ — પુસ્તક ૭

ફેબ્રુઆરી, ૧૯૭૦ — અંક ૨


## નેતા શ્રીકૃષ્ણ


**ઉપેન્દ્રરાય જ. સાંડેસરા**


યુદ્ધ અનિવાર્ય છે એવો શ્રીકૃષ્ણનો અભિપ્રાય સાંભળીને ધર્મરાજાએ સરસેનાપતિ નીમવાની મસલત આરંભી. શ્રીકૃષ્ણની સમક્ષ એમણે પોતાના ભાઈઓની સલાહ માગી : ‘કુરુસંસદમાં બનેલો વૃત્તાંત તમે સાંભળ્યો. શ્રીકૃષ્ણનો અભિપ્રાય તમે બરાબર સમજી લીધો. હવે આપણને વિજય અપાવવા સાત અક્ષૌહિણી સેનાની જમાવટ થઈ છે તેના વિભાગ પાડો. આ સાત અક્ષૌહિણી સેનાના સાત સેનાપતિઓ આ પ્રમાણે રહેશેઃ દ્રુપદ, વિરાટ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સાત્યકિ, ચેકિતાન અને ભીમસેન. આ સર્વે વીરો મરણિયા અને યુદ્ધવિશારદ સેનાનીઓ છે. હવે આ સાતેના નેતા (સૌના ઉપરી સેનાની) તરીકે કોને નીમીશું ?’’[1] (૫-૧૪૯-૧ થી ૮)

એટલે સહદેવે વિરાટ, નકુલે દ્રુપદ, અર્જુને ધૃષ્ટદ્યુમ્ન અને ભીમસેને શિખંડીને નીમવાનાં સકારણ સૂચન કર્યાં (૫-૧૪૯-૮ થી ૩૨). એ પછી રાજા યુધિષ્ઠિર, શ્રીકૃષ્ણ સર્વોચ્ચ સેનાની (નેતા) નીમે એમ સૂચવતાં બોલ્યા : ‘ધર્માત્મા કેશવ આખા જગતના સાર-અસાર, બલ-અબલ અને ભૂત—ભવિષ્ય એ સર્વને જાણે છે. તેથી આ દાશાર્હ શ્રીકૃષ્ણ જેને નીમવા કહે તે આપણો વાહિનીપતિ (= સરસેનાપતિ. અહીં ‘નેતા’ અર્થ છે.) થાય. પછી ભલે તે અસ્ત્રકુશલ હોય કે ન હોય, અથવા તે વૃદ્ધ હોય કે તરુણ હોય, કારણ કે તાત ! આપણા વિજય કે પરાજયનું મૂળ એ છે. આપણા પ્રાણ, રાજ્ય, અસ્તિત્વ, નાશ, સુખ અને દુઃખ એમને આશરે છે. એ ધાતા અને વિધાતા છે, અને સિદ્ધિમાત્ર એમનામાં રહેલી છે. માટે દાશાર્હ શ્રીકૃષ્ણ જેનું નામ કહે તે જ આપણો (વડો) સમર્થ સેનાની થશે. હવે રાત પડવા આવી છે. તેથી વક્તાશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ (ઝટ) બોલી દે એટલે શ્રીકૃષ્ણના (નેતૃત્વને) વશવર્તી સેનાપતિ નીમી દીધા પછી આપણે

---

१ सप्तानामपि यो नेता सेनानां प्रभागवित् ।
यः सहितः रणे भीष्मं शरार्चिःपावकोपमम् ॥ ५-१४९-७.

સાતે સેનાપતિને દોરનાર, સેનાના વિભાગને સમજનારો અને બાણરૂપી જ્વાળાવાળા અગ્નિસમા ભીષ્મને યુદ્ધમાં સહન કરી શકે એવો (સરસેનાપતિ થવા કોણ સમર્થ છે ?) [સેનાના વિભાગ વગેરે માહિતી માટે જુઓ નીચે ઉદ્યોગ, અ. ૧૫૨–૧૫૩ના સંદર્ભ.]

બાકીની રાત પૂરી થતાં શસ્ત્રોનું અધિવાસન (ગંધાક્ષતથી પૂજન) કરી અને કૌતુકમંગલ (રક્ષાબંધન સાથે સ્વસ્તિવાચન વગેરે) કરાવીને રણાંગણ પર કૂચ કરીશું.'[૨] (૫-૧૪૯ ૩૩ થી ૩૭)

ધર્મરાજે આટલી સ્પષ્ટ રીતે નિર્ણય માગ્યો છતાં શ્રીકૃષ્ણે રાજનયિકનિપુણતાથી એ પ્રસ્તાવને ઉડાવી દીધો. અને સરસેનાપતિનો નિર્ણય (રાજા હોઈ) તેમણે જ કરવાનો છે એવું સૂચવવા સાથે સમગ્ર સેનાનીમંડળનો ઉત્સાહ વધે એ રીતે એમણે અર્જુન ઉપર નજર ઠેરવીને જવાબ આપ્યો: "મહારાજ! મારા મતે પણ આપે જેમનાં નામોનો ઉલ્લેખ કર્યો તે સૌ સેનાનાયકો શૂરા અને પરાક્રમી યોદ્ધાઓ છે. એ સર્વે તમારા શત્રુઓનો કચ્ચરઘાણ કાઢી નાખે એવા છે. એ લોકો મહાસંગ્રામમાં ઇન્દ્રને પણ ભયભીત કરી મૂકે એવા છે, તો પછી લોભી અને પાપચિત્ત કૌરવોને તો ભયભીત કરી નાખે એમાં શું કહેવું? અરિંદમ! મહાબાહો! મેં પણ તમારું પ્રિય થાય એટલા સારુ સુલેહ કરવા, ત્યાં હસ્તિનાપુરમાં ભારે પ્રયત્ન કર્યો હતો.

---

૨ (૧) सर्वस्य जगतस्तात सारासारं बलाबलम् ।
सर्वं जानाति धर्मात्मा गतमेष्यश्च केशवः ॥ ५-१४९-३३.

यमाह कृष्णो दाशार्हः सोऽस्तु नो वाहिनीपतिः ।
कृतास्त्रो ह्यकृतास्त्रो वा वृद्धो वा यदि वा युवा ॥ ५-१४९-३४.

एष नो विजये मूलमेष तात विपर्यये ।
अत्र प्राणाश्च राज्यं च भावाभावौ सुखासुखे ॥ ५-१४९-३५.

एष धाता विधाता च सिद्धिरत्र प्रतिष्ठिता ।
यमाह कृष्णो दाशार्हः स नः सेनापतिः क्षमः ।
ब्रवीतु वदतां श्रेष्ठो निशा समतिवर्तते ॥ ५-१४९-३६.

ततः सेनापतिं कृत्वा कृष्णस्य वशवर्तिनम् ।
रात्रिशेषे व्यतिक्रान्ते प्रयास्यामो रणाजिरम् ।
अधिवासितशस्त्राश्च कृतकौतुकमङ्गलाः ॥ ५-१४९-३७.

યુધિષ્ઠિરે યુદ્ધના નેતા શ્રીકૃષ્ણ અંગે જે ઉદ્ગાર કાઢ્યા છે, તે ઉદ્ગારો અન્તર્યુદ્ધના નેતા અન્તર્યામી શ્રીકૃષ્ણને પણ કુરુક્ષેત્રના ભૌતિક યુદ્ધના નેતાની જેમ એકસરખા લાગુ પડે છે.

(૨) ગાંધીજી ૧૯૪૭નાં હુતાશનોને ઠારવા દિલ્હીની ભંગી કૉલોની (વાલ્મીકિ આશ્રમમાં) રહેતા હતા. ત્યાં વડાપ્રધાન અને વાઈસરૉય વગેરે રાજકીય મહત્તાના શિખરે ઊભેલા રાજપુરુષોની ઈમ્પાલા અને રૉલ્સરૉયસ ગાડીઓ આવતી તેનું વર્ણન પોતાની ડાયરીમાં કરતાં શ્રી મનુબેન ગાંધી લખે છે: '...જેમ પાંડવ-કૌરવની ભયંકર લડાઈમાં પાંડવો સાથે એક કૃષ્ણ ભગવાન જ નિઃશસ્ત્ર હોવા છતાં તેને માટે સંપૂર્ણ હતા. તે જ રીતે વૉઈસરૉય હાઉસની અપૂર્વ જાહોજલાલી છતાં આ ઝુંપડામાં એક મહાન આત્માનો વસવાટ પેલી જાહોજલાલીને ઝાંખી પાડતો હતો!!' 'મુંબઈ સમાચાર' સાપ્તાહિક, તા. ૨૩-૬-૧૯૬૮, પૃ. ૬.

અત્યંત ભિન્ન દેશ, કાળ અને પ્રવૃત્તિની પરંપરાઓમાં બે માનવોત્તમોના વર્તનનું અને તેની અસરનું સામ્ય વિસ્મયજનક છે.

( જો કે સુલેહ ન થઈ શકી છતાં ) આપણે ધર્મના ઋણમાંથી અને ટીકાકારોની નિંદામાંથી છૂટયા છીએ. પેલો મૂર્ખ અને અવિચક્ષણ દુર્યોધન ( લોભ અને કપટથી ) આતુર ( = રોગી ) છતાં પોતાને બલવાન અને કૃતાર્થ માને છે ! માટે સેનાને સજ્જ કરો. એમનો વધ કરવાથી જ ઠેકાણું પડશે એમ હું માનું છું. ધનંજય અર્જુન, સંક્રુદ્ધ ભીમસેન, યમ જેવા જોડિયા બાંધવ ( = યમૌ ) નકુલ–સહદેવ, સાત્યકિની સહાયવાળો અસહનશીલ ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ, દ્રૌપદીના પુત્રો, વિરાટ, દ્રુપદ અને બીજા અક્ષૌહિણીપતિ દૃઢપરાક્રમી રાજાઓને જોઈ ને કૌરવો રણક્ષેત્રમાં ઊભાયે રહી શકશે નહિ. આપણું સારવાળું ( ઉત્તમ ), દૃષ્પ્રધર્ષ ( અપરાજિત ), દુરાસદ ( સામનો કરવો મુશ્કેલ પડે એવું ) સૈન્ય વિગ્રહમાં દુર્યોધનની સેનાનો સંહાર કરશે એમાં શક નથી."[3] ( ૫-૧૪૯-૩૮ થી ૪૬ )

શ્રીકૃષ્ણનું વક્તવ્ય પૂરું થતાં પાંડવોના સુસજ્જ વિશાળ સૈન્યે કૂચ આદરી. દ્રૌપદી બીજી સ્ત્રીઓ સાથે ઉપપ્લવ્ય પાછી ફરી. સેનાને મોખરે ભીમસેન તથા નકુલ–સહદેવ હતા. એમની પછી અભિમન્યુ, ધૃષ્ટદ્યુમ્ન વગેરે હતા. તે પછી ( સેનાની વચ્ચે ) કેકયો, ( શિશુપાલના પુત્ર ચેદિરાજ ) ધૃષ્ટકેતુ, કાશીના અભિભૂ, ( દક્ષિણના કુમાર જનપદના ) શ્રેણિમાન, ( પાંશુ રાષ્ટ્રના ) વસુદાન, ( પાંચાલ્ય ) શિખણ્ડી વગેરે સુસજ્જ કવચધારી રાજાઓથી વીંટાઈને ધર્મરાજા હતા. સેનાના પાછલા ભાગમાં વિરાટ, સૌમકિ યજ્ઞસેન ( દ્રુપદ ), સુધર્મા ( ઘણું કરીને યાદવ યોદ્ધો છે ), અને કુન્તિભોજ ( કુન્તીના દત્તક પિતા ) હતા. ( અને છેલ્લે ? ) અનાધૃષ્ટિ, ચેકિતાન, ચેદિરાજ, સાત્યકિ ( વગેરે યાદવો ) શ્રીકૃષ્ણ-અર્જુનને વીંટાઈ ને કૂચ કરતા હતા. સેના કુરુક્ષેત્રમાં પહોંચી. વ્યૂહ ગોઠવ્યો અને શ્રીકૃષ્ણ-અર્જુન સહિત સૌએ શંખ ફૂંકયા. તેમાંય વીજળીના કડાકા જેવા પાઞ્ચજન્યનો નિર્ઘોષ સાંભળીને ઉત્સાહિત થયેલા સર્વ સૈનિકોનાં રુવાંટાં ઊભાં થઈ ગયાં ! પછી સ્મશાનો, દેવાલયો, ઋષિઓના આશ્રમો, તીર્થો અને યજ્ઞશાળાઓ બાદ કરીને મધુર, રસાળ, પવિત્ર, પુણ્ય પ્રદેશમાં યુધિષ્ઠિરે પડાવ નાખ્યો. આરામ લીધો. આરામ પછી ( રક્ષક ) રાજાઓ સાથે ઊઠ્યા અને ( ચોકી-પહેરા માટે અં. Patrolling ) ફરવા લાગ્યા. ત્યારે અર્જુન અને શ્રીકૃષ્ણ ( પહેરા દરમિયાન ) કૌરવોનાં સેંકડો ચોકીથાણાંઓને (गुल्माः) ભગાડી મૂકીને ચારે બાજુ ( ચોકી માટે ) ઘૂમવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિએ ( શ્રીકૃષ્ણની દેખરેખ નીચે ) હિરણ્વતી નદીના કિનારે પાંડવ ભાઈઓની શિબિરની માપણી કરી. કેશવે છાવણી ફરતી ખાઈ ખોદાવી. ત્યાં થાણું બેસાડયું તથા રક્ષણ કરવાનો આદેશ આપ્યો. શ્રીકૃષ્ણે જેવી રીતે પાંડવોની શિબિર તૈયાર કરાવી એ જ રીતે બીજા રાજાઓની છાવણીઓ પણ તૈયાર કરાવી. દરેક શિબિર દુરાધર્ષતર ( હુમલો ન થઈ શકે એવી ), ઇન્ધન પાણી અને ભોજન સામગ્રીથી ભરપૂર હતી. દરેકે દરેક શિબિરમાં બુદ્ધિશાળી કારીગરો તથા ( ઔષધ તથા શસ્ત્રક્રિયાનાં ) સર્વ ઉપકરણોથી સજ્જ સુવિશારદ વૈદ્યોને પગાર આપીને રોકેલા હતા તથા બધી જાતનાં

---

૩ શ્રીકૃષ્ણે વાત ઉડાવી દીધી એટલે યુધિષ્ઠિરે ધૃષ્ટદ્યુમ્નની સરસેનાપતિ તરીકે નિમણૂક કરી દીધી ( ૫–૧૫૪–૧૨ ), પરન્તુ મ.ભા.ની દાક્ષિણાત્ય વાચનાએ ધૃષ્ટદ્યુમ્નને સર્વસેનાપતિ નીમવાનું શ્રીકૃષ્ણને કહેતા નિરૂપ્યા છે :

धृष्टद्युम्नमहं मन्ये सेनापतिमरिंदम । ઉદ્યોગ, ક્ષેપક ૫૪૧.

હથિયારો અને મધ, ઘી તથા પાણીથી માંડીને ઘાસ અને કોલસા સુધીનો બધી જાતનો પુરવઠો રાખેલો હતો. ( ૫-૧૪૯-૪૭ થી ૮૪ )

* * *

શ્રીકૃષ્ણની સાથે મસલત કરીને યુધિષ્ઠિરે કુરુક્ષેત્રમાં કૂચ કરીને છાવણી નાખી. તે અગાઉ દુર્યોધને તો શીઘ્રતાથી છાવણી નાખી દીધેલી. શ્રીકૃષ્ણ પાંડવો પાસે ગયા કે તરત જ દુર્યોધને તેના અમાત્યો, કર્ણ–દુઃશાસન–શકુનિને બોલાવીને મસલત શરૂ કરી : 'અધોક્ષજ ( પારદ્રષ્ટા ) શ્રીકૃષ્ણ ( સંધિ- )કાર્ય પાર પાડ્યા વિના જ પાંડવો પાસે ગયા છે. એટલે કોપેલા એ પાંડવોને નિઃસંશય ( યુદ્ધ કરવા ) કહેશે જ. પાંડવો સાથે મારે વિગ્રહ થાય એ વાસુદેવને ઇષ્ટ છે. ભીમ–અર્જુન દાશાર્હ કૃષ્ણના અભિપ્રાય મુજબ ચાલે છે અને આજે તો અજાતશત્રુ યુધિષ્ઠિર પણ ભીમ–અર્જુનના વશવર્તી છે. વળી મેં અગાઉ એમને ( યુધિષ્ઠિરને ) અને તેમના ભાઈઓને ઠગ્યા છે. વિરાટ–દ્રુપદને મારી સાથે વૈર છે, અને એ બન્ને સેનાપ્રણેતાઓ વાસુદેવના વશવર્તી છે. તેથી રુવાંટાં ખડાં થઈ જાય એવો તુમુલ વિગ્રહ થશે.' ( ૫–૧૫૦–૮ થી ૧૩; વળી જુઓ ૧૫૦–૧ થી ૭. ) એમ બોલીને દુર્યોધને સંગ્રામ માટે કૂચ કરવાનો ઢંઢેરો પિટાવ્યો. ઉત્તમ યુદ્ધ-પુરવઠો મેળવવા માટેની તથા પુરવઠો લાવવા–લઈ જવા માટેના માર્ગો બાંધવાની આજ્ઞા બહાર પાડી. રાજાજ્ઞા બહાર પડતાં જ કૌરવસૈન્ય ચન્દ્રોદય સમયની ભરતી વેળાના મહાસાગરની જેમ ( યુયુત્સાથી ) ઊછળવા લાગ્યું. ( 'ઉદ્યોગપર્વ' અ. ૧૫૦ )

લશ્કરી કૂચનો હુકમ આપ્યાના બીજા દિવસે વહાણામાં દુર્યોધને એની સેનાના ( એક અક્ષૌહિણીનો એક એવા ) અગિયાર વિભાગ કર્યા. એ દરેકના ઉત્તમ, મધ્યમ અને ફલ્ગુ ( ઊતરતી કક્ષા ) એવા ત્રણ વિભાગ પાડ્યા; અને આ મહાસૈન્યને જોઈતાં સર્વ શસ્ત્રાસ્ત્રો, સાધનો, પુરવઠો અને કેળવાયેલા હાથી–ઘોડા, સારથિ–મહાવતો તથા તેના દેખભાળ કરનારાઓની યોજના કરી. બધી ટુકડીઓના સેનાનાયકો તરીકે શૂરવીર અને બુદ્ધિશાળી નરોને નીમ્યા અને દરેક અક્ષૌહિણીના સેનાપ્રણેતા તરીકે કૃપ, દ્રોણ, શલ્ય, જયદ્રથ, કામ્બોજનો સુદક્ષિણ, કૃતવર્મા, અશ્વત્થામા, કર્ણ, ભૂરિશ્રવા, શકુનિ તથા બાહ્લિક એ અગિયાર મહારથીઓને નીમ્યા.[૪] પછી પિતામહ ભીષ્મને રાજનયિક વિનય તથા અત્યંત મધુરતાથી અનુકૂલ કરીને તેમનો મુખ્ય સેનાપતિપદે અભિષેક કર્યો. ભીષ્મની આગેવાની નીચે પ્રચંડ લશ્કરને લઈને કુરુક્ષેત્રમાં ગયો. એણે તથા કર્ણે માપણી કરાવીને સપાટ તથા રસાળ પ્રદેશમાં છાવણી નાખી.[૫] ( 'ઉદ્યોગપર્વ' અ. ૧૫૨, ૧૫૩ )

* * * *

---

૪ 'ઉદ્યોગપર્વ'નો અ. ૧૫૨ પ્રાચીન ભારતના યુદ્ધતંત્ર વિષે અનેક રીતે અભ્યસનીય છે. રથદળ, હયદળ, ગજદળ, પાયદળની વ્યવસ્થા, તેનાં વિવિધ શસ્ત્રાસ્ત્રો, તેનો પુરવઠો, ઘાની સારવારનાં સાધનો, હાથી–ઘોડાના શણગાર, ધ્વજાઓ વગેરે અંગે એમાં વ્યવસ્થિત માહિતી છે. અક્ષૌહિણીનો નિર્દેશ કરતું એક કોષ્ટક પણ અહીં ( ૫–૧૫૨–૨૦ થી ૨૫ ) છે.

૫ ભીષ્મને અનુકૂળ બનાવવા માટે દુર્યોધને સૈન્યમાં ઐક્યની અનિવાર્ય જરૂરિયાત તથા સુયોગ્ય સેનાપ્રણેતાનું મહત્ત્વ વગેરે વર્ણવ્યું હતું; અને પછી તે અંગે પ્રાચીન સમયમાં એક બાજુ ક્ષત્રિયો અને બીજી બાજુ બ્રાહ્મણો, વૈશ્યો અને શૂદ્રો વચ્ચે વર્ણ( વર્ગ )વિગ્રહ થયેલો તેનો રસદાયક અને મહત્ત્વનો ઇતિહાસ કહ્યો હતો. આ માટે જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ ૧.

પાંડવોની છાવણીમાં યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણે આપેલા હસ્તિનાપુરના વૃત્તાંતનું સ્મરણ કરીને ફરીને એમની સલાહ માગી. દુશ્મનો અને પાંડવપક્ષના મુખ્ય માણસોના અભિપ્રાયનું પુનઃ પુનઃ તોલન કરીને પ્રાપ્ત પરિસ્થિતિમાં નિઃશંકપણે શું કરવું તે સૂચવવા વિનંતી કરી. (૫-૧૫૧-૧ થી ૫)

એટલે શ્રીકૃષ્ણે સંક્ષેપમાં મુદ્દાસર ઉત્તર આપ્યો, "મેં જે ધર્મ-અર્થવાળા અને હિતકારી શબ્દો કહ્યા તે કપટબુદ્ધિવાળા દુર્યોધનને ગળે ન ઊતર્યા. વળી ભીષ્મનું, વિદુરનું કે મારું કહેવું એ દુર્બુદ્ધિ જરાય સાંભળતો નથી પણ અમારો સૌનો અનાદર કરે છે. એને ધર્મની અને યશની આકાંક્ષા નથી. એ દુરાત્મા તો કર્ણના આધારે, બધું જીતી લીધું છે એમ માની બેઠો છે. (વડીલોનું) મોઢું તોડી લેનારા દુર્યોધને તો મને કેદ કરવાનો હુકમ કર્યો હતો પણ એની એ ઇચ્છા ફળીભૂત થઈ નહોતી. ભીષ્મ કે દ્રોણ પણ તેને (જે પ્રમાણે વર્તવા ફરજ પડે જ એવાં દબાણવાળાં) યુક્ત વચનો કહેતા નથી. (સાધારણ સાચી સલાહ આપે છે ખરા, પરન્તુ) **એક વિદુર સિવાય સૌ (વર્તનમાં તો) તેને જ અનુસરે છે!**[૬] સુબલપુત્ર શકુનિ, કર્ણ અને દુઃશાસન પણ મૂર્ખ છે તથા એ લોકો મૂર્ખ અને અસહિષ્ણુ દુર્યોધન આગળ તમારા માટે ગમે એમ બોલ્યા હતા. (એ તથા બીજા) કૌરવપક્ષીઓ શું બોલ્યા હતા તે તમને (ફરી) કહું તેનો શો અર્થ છે? સંક્ષેપમાં એ દુરાત્મા તમારા તરફ યોગ્ય વર્તાવ રાખતો નથી. તમારા પક્ષના આ બધા રાજાઓ અને સૈનિકોમાં જેટલું પાપ કે અકલ્યાણ નથી તે બધું એકલા દુર્યોધનમાં છે. વળી આપણે પણ હદ બહાર જઈને (સંપૂર્ણ રાજ્યભાગનો) પરિત્યાગ કરીને કૌરવો સાથે સુલેહશાન્તિ ઇચ્છતા નથી. એટલે હવે યુદ્ધ કરવું રહ્યું." (૫-૧૫૧-૬ થી ૧૫)

શ્રીકૃષ્ણનું સંભાષણ સાંભળીને પાંડવપક્ષી રાજાઓ ધર્મરાજાનું મોં નિહાળવા લાગ્યા. (ઇંગિત ઉપરથી) રાજાઓનો અભિપ્રાય સમજી જઈને યુધિષ્ઠિરે પણ ભીમ-અર્જુન-નકુલ-સહદેવની સાથે એકમતે વ્યૂહબદ્ધ થવાનો હુકમ આપ્યો. (योगमाज्ञापयामास भीमार्जुनयमैः सह । ૫-૧૫૧-૧૭ ગદ્ય). હુકમ થતાં જ લશ્કરમાં કોલાહલ થયો. સૈનિકો ભારે ઉત્સાહમાં આવી ગયા. (પરન્તુ દયાળુ ધર્મરાજને તો વિષાદ થયો.) અવધ્યોનો (જેમનો વધ કરવો અયોગ્ય છે એવા પૂજ્યો અને વડીલોનો) વધ થશે એ વિચારીને ઊંડા નિસાસા મૂકતાં મૂકતાં એ રાજા ભીમ-અર્જુનને કહેવા માંડ્યા: 'જે ટાળવા માટે મેં વનવાસ વેઠ્યો અને દુઃખો ભોગવ્યાં તે (યુદ્ધરૂપી) મહાન અનર્થ તો આપણી પાસે પરાણે આવી પડ્યો છે! આપણે યુદ્ધ ટાળવાનો યત્ન કર્યો, તો તે પ્ર-યત્નથી વ્યર્થ થઈ ગયો છે! અને યુદ્ધ માટે આપણે પ્રયત્ન કર્યો જ નથી તોપણ તે મહાન કલિ (=કલહ) આપણી સામે જ આવી ઊભો છે! અરે! અવધ્યોની સાથે કેવી રીતે સંગ્રામ કરી શકાય? અરેરે! વૃદ્ધ ગુરુજનોને મારી નાખીને આપણે શી રીતે વિજયી થઈશું?!'[૭] (૫-૧૫૧-૧૮ થી ૨૨)

---

૬ વાણીવર્તનનું વિશિષ્ટ ઐક્ય વિદુરમાં છે. જો તેટલું જ ઐક્ય ભીષ્મ-દ્રોણમાં હોત તો મ. ભા. યુદ્ધનો હત્યાકાંડ ન રચાયો હોત. આ હકીકતનો મથિતાર્થ એ છે કે, મહાનુભાવિતાનાં અસામાન્ય શિખરો સર કર્યા પછી પણ મનુષ્યે શૂન્યવત્ બનવા જેટલી નમ્રતા રાખવી; અને તેવી સદ્બુદ્ધિ માટે 'ક્ષર અને અક્ષરથીય ઉત્તમ, પુરુષોત્તમ'ને પ્રાર્થવું જોઈએ.

૭ (૧) દયાળુ ધર્મરાજની ઉક્તિઓ સાથે સર° વિષાદ પામેલા અર્જુનના શબ્દો: ૬-૨૪-૪ થી ૮ (ગીતા ૨-૪ થી ૮); ૬-૨૩-૨૮ થી ૪૬ (ગીતા ૧-૨૮ થી ૪૬).

ધર્મરાજની વ્યથા સાંભળીને સવ્યસાચી અર્જુને એમને શ્રીકૃષ્ણનાં વચનો યાદ કરાવ્યાં અને કહ્યું : 'રાજન્ ! દેવકીપુત્ર શ્રીકૃષ્ણે કુન્તી તથા વિદુરના શબ્દો કહ્યા તે તમે દિલમાં પૂરેપૂરા ઊતાર્યા છે. એ બન્ને અધર્મ આચરવાની સલાહ આપે જ નહિ એવી મને ચોક્કસ ખાતરી છે. વળી હવે યુદ્ધ કર્યા વિનાં પીછેહઠ કરવી એ પણ અયોગ્ય છે. અર્જુનનો અભિપ્રાય સાંભળીને સ્મિત કરતાં કરતાં વાસુદેવ બોલ્યા કે, 'અર્જુન કહે છે તે યથાયોગ્ય છે.' (૫-૧૫૧-૨૩ થી ૨૬)

પછી આપદ્ધર્માર્થકુશલ (આપત્તિ સમયના વર્તનમાં કુશળ) યુધિષ્ઠિરે ચારે ભાઈઓ તથા સાત્વત શ્રીકૃષ્ણને બખ્તર ચઢાવી સજ્જ થઈને સૈન્યની તપાસ કરવાની (અં. ઇન્સ્પેક્ષન) સૂચના આપી તથા પહેલાં ભીષ્મ (જેવા મહારથી) સામે લડવું પડશે એટલે (લાયક) સાત (અક્ષૌહિણીના) સેનાપતિઓની નિમણૂક અંગે સલાહ-મન્ત્રણા કરી. (૫-૧૫૪-૬, ૭)

'ભરતર્ષભ ! આવા સમયમાં આપે જેવું બોલવું જોઈએ એવું જ અર્થભરેલું વાકય આપ બોલ્યા છો. મહાબાહો ! મને એ રુચે છે. તમારી સેનાના સાત સેનાપતિઓને નીમીને પછી જે કરવા યોગ્ય હોય તે કરો,' એમ કહીને શ્રીકૃષ્ણે અનુમતિ આપી. (૫-૧૫૪-૮, ૯)

શ્રીકૃષ્ણે અનુમતિ આપી એટલે યુધિષ્ઠિરે દ્રુપદ, વિરાટ, શિનિપુંગવ સાત્યકિ, પાઞ્ચાલ્ય ધૃષ્ટદ્યુમ્ન, (ચેદિનો) રાજા ધૃષ્ટકેતુ, પાઞ્ચાલ્ય શિખંડી અને (જરાસંધના પુત્ર) માગધ સહદેવનો સેનાપતિપદે વિધિવત્ અભિષેક કર્યો. ધૃષ્ટદ્યુમ્નને સર્વસેનાપતિ તરીકે નીમ્યો, અને આ સમસ્ત મહાન સેનાપતિઓના સેનાપતિ તરીકે ગુડાકેશ (વાંકડિયા વાળવાળા) ધનંજય અર્જુનને **તથા અર્જુનના પણ નેતા અને તેના વાજીઓના (ઘોડાના) સંયન્તા તરીકે સંકર્ષણ (બલરામ)ના નાનાભાઈ મહાબુદ્ધિશાળી શ્રીમાન જનાર્દન (દુષ્ટ જનોને પીડનાર)ને નીમ્યા.**[૮] (૫-૧૫૪-૧૦ થી ૧૪)

---

(૨) આ પછી કૌરવોની વિશાળ સેના જોઈને યુધિષ્ઠિરને વિષાદ થયેલો :

विषादमगमद्राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ॥ ६-२१-१ ગધ. ત્યારે પણ અર્જુને જ એ વિષાદ युध्यध्वमनहंकारा यतो धर्मस्ततो जयः ॥ ६-२१-११ ગધ અને यतः कृष्णस्ततो जयः ॥ ६-२१-१४ ગધ વગેરે વચનોથી દૂર કરેલો. તે જ અર્જુનને પછી ઘેરો વિષાદ થઈ આવ્યો ! માનવમનની અતાગ જેવી વિલક્ષણતા અહીં દૃષ્ટિગોચર થાય છે.

૮ सर्वसेनापतिं चात्र **धृष्टद्युम्नमुपादिशत्** । ५-१५४-१२ કખ.

सर्वेषामेव तेषां तु समस्तानां महात्मनाम् ।
सेनापतिपतिं चक्रे गुडाकेशं धनंजयम् ॥ ५-१५४-१३.

**अर्जुनस्यापि नेता च संयन्ता चैव वाजिनाम् ।**
**संकर्षणानुजः श्रीमान्महाबुद्धिर्जनार्दनः** ॥ ५-१५४-१४.

(૧) ૫-૧૬૧-૧૧માં ધૃષ્ટદ્યુમ્નને 'સેનાપતિપતિ' કહ્યો છે. તે ઉપર ૧૫૪-૧૨માં કહ્યું છે તે મુજબ 'સર્વસેનાપતિ'ના અર્થમાં એમ સમજવું. અર્થાત્ એ જમાનામાં 'સર્વસેનાપતિ', 'સેનાપતિપતિ', 'સેનાપ્રણેતા' વ. શબ્દો મોટા સેનાપતિઓ માટે વપરાતા હશે. મ.ભા. ૫-૧૫૨-૨૨માં જુદી જુદી સૂક્ષ્મ અર્થચ્છાયાઓ વ્યક્ત કરવા છતાં વાહિની, પૃતના, સેના, ધ્વજિની, સાદિની, ચમૂ, અક્ષૌહિણી, વરૂથિની વગેરે શબ્દો 'સેના'ના પર્યાયો હોવાનો નિર્દેશ છે તે સરખાવવું.

પાંડવોની છાવણીમાં વિગ્રહની તૈયારીઓ તડામાર ચાલી રહી હતી. એવામાં નીલકૌશેય-વસ્ત્રવાળા (નીલાં રેશમી વસ્ત્ર પહેરનારા) હલાયુધ બલરામ, અક્રૂર, ગદ, સામ્બ, ઉલ્મુક, પ્રદ્યુમ્ન, આહુકના પુત્રો, ચારુદેષ્ણ વગેરે વાઘ જેવા મહાબલવાન યાદવવીરોની સાથે પાંડવોની છાવણીમાં આવ્યા. તેમને જોઈને ધર્મરાજ, મહાતેજસ્વી શ્રીકૃષ્ણ, ભીમસેન, અર્જુન અને બીજા બધા રાજાઓએ ઊભા થઈને આદરસત્કાર કર્યો. રાજા યુધિષ્ઠિરે એમના હાથનો હાથથી સ્પર્શ કર્યો (શેક-હેન્ડ્ઝ જેવું), અને વાસુદેવ વગેરે બીજાઓએ (નાની ઉંમરનાઓએ) એમને પ્રણામ કર્યા.[૯] બલરામે દ્રુપદ-વિરાટ વગેરે વૃદ્ધોને પ્રણામ કર્યા. પછી બધા બેઠા, એટલે વાસુદેવની સામે નિહાળીને રૌહિણેય બલરામ બોલ્યા : 'હવે મહારૌદ્ર દારુણ પુરુષસંહાર થશે. હું માનું છું કે **આ (સંહાર) અદૃષ્ટમાં લખાયેલો જ** છે અને તેને ફેરવી શકાય એમ નથી.[૧૦] એટલે આ યુદ્ધમાંથી તમો સર્વ સુહૃજ્જનો નીરોગી અને અક્ષત રીતે પાર ઊતરી ગયેલા જોઉં એવી મારી આકાંક્ષા છે. એકઠો થયેલો આ સર્વ ક્ષત્રિય રાજસમુદાય કાળથી પરિપક્વ થઈ ગયેલો છે એ નિઃસંદેહ છે. એટલે અહીં લોહી-માંસનો કીચડ થાય એવો મહાન વિનાશ થશે. મેં તો

---

કૌરવોને ત્યાં 'સેનાપતિપતિ' દુર્યોધન અને 'નેતા' તરીકે કર્ણ ભાગ ભજવતા જણાય છે.

(૨) પાંડવસેના શરૂથી જ વ્યવસ્થિત છે. શિવસંકલ્પી અર્જુન 'સેનાપતિપતિ' છે. આવા શિવસંકલ્પીના 'નેતા', એના ચાલક ભગવાન શ્રીકૃષ્ણ છે. એના વાજીઓના (૧. યુદ્ધના અશ્વો. ૨. અશ્વોનો રૂપકાર્થ ધરાવતી, સંયમી થવા મથતા સાધકના ધર્મક્ષેત્ર શરીરની તેજસ્વી ઇન્દ્રિયો. વાજિન્ પદ કોઈ પણ ઝડપી અને પાંખવાળા વાહન માટે ચાલે એટલી અર્થક્ષમતા ધરાવે છે. તેથી આધુનિક ઉપગ્રહો કે ભવિષ્યમાં તેનાથી ય વધુ ઝડપ ધરાવતાં વાહન વિકસે તો તે વાહનોને પણ આવરી શકે. ક્રાન્તદ્રષ્ટા ઋષિકવિ વેદવ્યાસે અનુપમ લાઘવથી અહીં આ પદનો પ્રયોગ કર્યો છે.) સંયન્તા (સારથિ, કાબૂમાં રાખનાર અન્તર્યામી) શ્રીમાન (ઐશ્વર્યદર્શક સર્વ શોભાના નિધિ) શ્રીકૃષ્ણ છે. આ સંગ્રામ-સેનાની અને તેના નેતા વચ્ચે અદ્વિતીય નિરુપમ સખ્ય છે.

(૩) સર°

यः समुत्पतितं क्रोधं निगृह्णाति हयं यथा ।
स यन्त्येत्युच्यते सद्भिर्न यो रश्मिषु लम्बते ॥ १–७४–२.

=કે. ધમ્મ. ૨૨૨. સર° મનુ. ૨–૮૮.

(૪) શ્રીકૃષ્ણને પ્રાજ્ઞ સંઘમુખ્ય અર્થાત્ બુદ્ધિશાળી નેતા અને સર્વ પ્રાણીઓના ગુરુ અર્થાત્ આગેવાન તરીકે નારદે સંબોધ્યા છે, અને કેટલીક સલાહ આપી છે તે સર° [૧૨-૮૨-૨૫, ૩૦. જુઓ 'કંસચાણૂરમર્દક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' ઑગસ્ટ ૧૯૬૫, પૃ. ૩૮૬–૮૭].

(૫) જુઓ 'સહાયક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' ફેબ્રુઆરી ૧૯૬૮, પૃ. ૧૪૮–૫૨ ઉપર કઠોપનિષદ્ તથા મ.ભા. વગેરેના સંદર્ભો ઉપરાંત દસ ઇન્દ્રિયો અને મનને 'દસ ઘોડીઓ તથા તેમના સરદાર ઘોડા'ની ઉપમા આપી છે, તે જરથોસ્તી ગાથા ઉશ્તવઈતી ૨–૧૮નો સંદર્ભ.

૯ ततस्तं पाण्डवो राजा करे पस्पर्श पाणिना ।
वासुदेवपुरोगास्तु सर्वे एवाभ्यवादयन् ॥ ५–१५४–२१.

१० भवितायं महारौद्रो दारुणः पुरुषक्षयः ।
दिष्टमेतद्ध्रुवं मन्ये न शक्यमतिवर्तितुम् ॥ ५–१५४–२४.

વાસુદેવને એકાંતમાં વારંવાર જણાવ્યું હતું કે, 'મધુસૂદન ! સંબન્ધીઓમાં સમવૃત્તિથી વર્તજે, કારણ કે આપણને તો જેવા પાંડવા છે તેવા દુર્યોધન છે એટલે તેનો પણ યુક્તિથી (યોગ્ય મદદ કરીને) પુનઃ પુનઃ સત્કાર કર', પણ (યુધિષ્ઠિર !) તમારે લીધે મધુસૂદને મારું કહેવું ન જ માન્યું, અને ધનંજયની સામે જોઈને (એની બે આંખની શરમ ભરીને) એ સર્વ ભાવથી તમારા પક્ષમાં આવી ગયા છે. (અર્થાત્) પાંડવો વિજયી થશે જ એવી મને ખાતરી છે અને વાસુદેવનો પણ એ જ અભિનિવેશ (દૃઢ આગ્રહ) છે. (બીજી બાજુ આનું સાટું વાળવા હું સામે પક્ષે જાઉં અને જો શ્રીકૃષ્ણને કંઈ થાય તો ?) કૃષ્ણ વિનાના જગત સામે હું નજર નાખવાય ઇચ્છતો નથી, એટલે તો હું કેશવની ઇચ્છાને અનુસરું છું. ગદાયુદ્ધવિશારદ બન્ને વીરા—ભીમ અને દુર્યોધન—મારા શિષ્ય છે, અને બન્ને ઉપર મને તુલ્ય સ્નેહ છે. એટલે હું તો આજે સરસ્વતી-તટનાં તીર્થોની યાત્રાએ ઊપડું છું, કારણ મારાથી કૌરવોનો નાશ જોયો નહિ જાય.' આમ કહીને પાંડવોની વિદાય લઈને (તથા ખાનગી વાત કરવા અને વળાવવા આવેલા) શ્રીકૃષ્ણને પાછાં વાળીને બલરામ તીર્થાટને ગયા. (૫-૧૫૪-૧૫ થી ૩૪)

બલરામ તીર્થયાત્રાએ ગયા, બરાબર તે જ વખતે હિરણ્યલોમા ભીષ્મકનો પુત્ર, અને તેથી શ્રીકૃષ્ણનો સાળો, રુકમી સુસજ્જ એક અક્ષૌહિણી સેના સાથે, શ્રીકૃષ્ણનું પ્રિય કરવાની ઇચ્છાથી પાંડવોની છાવણીમાં ખબર આપીને દાખલ થયો.[૧૧] એકબીજાનો સત્કાર કર્યો. એ પછી આછકલા રુકમીએ શ્રીકૃષ્ણ-યુધિષ્ઠિરની હાજરીમાં અર્જુનને ઉદ્દેશીને સહાય કરવાની અભિમાન-ભરી દરખાસ્ત કરી : 'તું જો ભયભીત થયો હોય તો હું તને સંગ્રામમાં મદદ કરવા તૈયાર છું. જગતમાં મારા જેવો પરાક્રમી મર્દ કોઈ નથી......ઇ.' (૫-૧૫૫-૧ થી ૨૨)

---

૧૧ ભીષ્મકનું બીજું નામ હિરણ્યલોમા કે હિરણ્યરોમા. ભોજોની (યાદવોની) દાક્ષિણાત્ય શાખાનો એ રાજા. રુકમી તેનો પુત્ર અને મહામાત્ર (રાજ્યનો સર્વ પ્રથમ હોદ્દેદાર) હતો. રુકમીને એના કિંપુરુષ જાતિના ગુરુ દ્રુમે મહેન્દ્રનું ગાંડીવ તથા શાર્ઙ્ગના જેવું મજબૂત તથા દિવ્ય ધનુષ્ય આપ્યું હતું. વરુણનું ગાંડીવ ખાંડવદહન વખતે અગ્નિએ અર્જુનને આપેલું અને વિષ્ણુનું શાર્ઙ્ગ શ્રીકૃષ્ણે આંતરડાંની તાંતના પાશો (मौरवान्पाशान् 'લોખંડના પાશ' એવો અર્થ પણ થાય) કાપીને તથા મુરૂને ઓજસ્થી મારી નાખ્યા પછી, નરકાસુરને હરાવીને (અદિતિનાં) બે મણિકુંડલ, ૧૬૦૦૦ સ્ત્રીઓ અને વિવિધ રત્નરૂપ વસ્તુઓની સાથે પ્રાપ્ત કર્યું હતું. રુકમીને બાહુબલનો ભારે ગર્વ હતો એટલે જ્યારે શ્રીકૃષ્ણે રુકિમણીનું હરણ કર્યું ત્યારે 'કેશવને માર્યા વિના હું પાછો (કુણ્ડિનપુરમાં) નહિ આવું' એવી પ્રતિજ્ઞા કરીને એણે શ્રીકૃષ્ણની પૂંઠ પકડેલી, પણ યુદ્ધમાં योगानामीश्वरं प्रभुम् । સમર્થ યોગેશ્વરે (—યોગ અર્થાત્ લશ્કરી વ્યૂહરચના અને સજાવટના નિષ્ણાત જ્ઞાતા. જુઓ ૫-૧૫૧-૧૭. વધુ માટે જુઓ મૉનિયેર વિલિયમ્સનો 'સંસ્કૃત-અંગ્રેજી કોશ', પૃ. ૮૫૬-) તેને હરાવ્યો. એટલે એ કુણ્ડિનપુર ન જતાં જ્યાં હારેલો ત્યાં જ 'ભોજકટ' (ભોજોએ વસાવેલું) નામનું નગર વસાવીને રહી પડેલો (૫-૧૫૫-૧થી ૧૫; ૨-૧૩-૨૦ થી ૨૪; ૨-૨૮-૩૯ થી ૪૨ ઇ.) અહીં ગીતાના 'યોગેશ્વર' (૧૧-૪; ૧૮-૭૫, ૭૮) અને 'મહાયોગેશ્વર' (ગીતા ૧૧-૯) પદ કરતાં વિભિન્ન અર્થમાં 'યોગેશ્વર' શબ્દ પ્રયોજાયેલો છે.

વિશેષ માટે જુઓ 'ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય' જાન્યુઆરી ૧૯૬૬, પૃ. ૧૭૧-૧૭૩ અને પૃ.૧૭૮-૧૮૦.

એટલે બુદ્ધિમાન અર્જુને વાસુદેવ અને ધર્મરાજાની સામે ( અર્થપૂર્ણ નજરથી ) જોયું અને મિત્રભાવે હસ્યા. ખાંડવદાહ, દુર્યોધનની ઘોષયાત્રા, નિવાતકવચ અને કાલકેય દાનવો સાથેના યુદ્ધમાં કરેલાં કરાક્રમો, વિરાટનગરમાં એકલાએ જ કૌરવોને ભગાડ્યા હતા વગેરે પોતાનાં સર્વ પરાક્રમોનું સ્મરણ કરાવીને કહ્યું[૧૨] : 'મેં તો યુદ્ધ( વિદ્યા ) માટે રુદ્ર, શક્ર, કુબેર, યમ, વરુણ, પાવક, કૃપ, દ્રોણ અને માધવ શ્રીકૃષ્ણને આરાધ્યા છે. દિવ્ય, તેજસ્વી અને દૃઢ ગાંડીવને ધારણ કરું છું. મારી પાસે અક્ષય બાણો અને દિવ્યાસ્ત્રો છે. હું કૌરવકુળમાં જન્મ્યો છું. તેમાંય ખાસ કરીને પાંડુનો પુત્ર છે. દ્રોણનો શિષ્ય કહેવડાવું છું (અને સૌથી વધુ તો) **મને વાસુદેવી સહાય છે.** એટલે નરશાર્દૂલ ! મારા જેવો પુરુષ 'હું ડરી ગયો છું ' એવું અયશસ્કર વચન સાક્ષાત્ વજ્રાયુધ ઈન્દ્ર આગળ પણ શા માટે બોલે ? મહાબાહો ! હું ડરતો નથી. ( શ્રીકૃષ્ણની સહાય હોઈ તમારા જેવા ) સહાયકની મને જરૂર નથી. માટે તમારી ઇચ્છા અને અનુકૂળતા મુજબ અમારા પક્ષે રહો અથવા બીજે જવું હોય તો જાઓ !' ( ૫-૧૫૫-૨૩ થી ૩૩ )

અર્જુને પાછો કાઢ્યો એટલે ગર્વિષ્ઠ રુકમી એની સાગર સમાન વિશાળ સેના લઈને દુર્યોધન પાસે ગયો અને તેને પણ અર્જુનને જે શબ્દો કહ્યા તેવા જ શબ્દોમાં સહાય કરવાની દરખાસ્ત કરી. દુર્યોધને પણ મદદ લેવાની ના પાડી. એટલે રુકમી પાછો ગયો. આમ એ વખતના આ મહાન ( વિશ્વ )યુદ્ધમાંથી ( ભારતજ્ઞાત ) જગતમાંના બે જ ક્ષત્રિય આગેવાનો બાકાત રહ્યા હતા—બલરામ અને રુકમી. ( ૫-૧૫૫-૩૪ થી ૩૮ )

* * *

બન્ને છાવણીઓ નંખાઈ ગઈ. પછી દુર્યોધને કર્ણ, શકુનિ અને દુઃશાસનની સાથે ગુપ્ત મસલત કરીને ( શકુનિના પુત્ર ) ઉલૂકને તેડાવ્યો, અને તેની સાથે પાંડવોની છાવણીમાં વાસુદેવના સાંભળતાં કહેવા માટેનો અત્યંત અપમાનજનક સંદેશો તથા કેશવને સાથે લઈને લડવા આવવા માટેનું આહ્વાન મોકલ્યું.[૧૩] ('ઉદ્યોગપર્વ' અ. ૧૫૭)

કૈતવ્ય ( = જુગારી ) શકુનિનો પુત્ર ઉલૂક પાંડવોના પડાવમાં સંદેશો લઈને આવ્યો. પોતે

---

૧૨ જુઓ 'ખાંડવદાહ' માટે 'ખાંડવદહન અને શ્રીકૃષ્ણ' ( ઉ. જ. સાંડેસરા ), 'પ્રસ્થાન' ઑક્ટોબર ૧૯૬૬, પૃ. ૪૯૩–૫૦૧; ઘોષયાત્રા માટે 'આરણ્યકપર્વ' અ. ૨૨૫ થી ૨૪૩; નિવાતકવચ તથા કાલકેય દાનવોના નાશ, લોકપાલોનાં અસ્ત્રોની તથા દેવદત્ત શંખ વગેરેની પ્રાપ્તિ માટે 'આરણ્યકપર્વ' અ. ૧૬૫ થી ૧૭૨; વિરાટનગરના પરાક્રમ માટે 'વિરાટપર્વ' અ. ૪૦થી ઇત્યાદિ.

૧૩ (૧) ઉલૂકને પાંડવોની છાવણીમાં મોકલવાની મસલત થઈ, તે અગાઉ અધ્યાય ૧૫૬માં સંજય-ધૃતરાષ્ટ્રનો સંવાદ આવે છે. એમાં મહાભારતમાં વારંવાર પુનરુક્તિ પામતો એક મૂળભૂત વિચાર વ્યક્ત થાય છે : 'આંતરિક નિર્બળતાથી માની લીધેલા 'લાભ' ખાતર લોભને લીધે દુષ્કૃત્ય અને દુષ્કૃત્ય કરનારને ટેકો આપી છેવટે દૈવ (૧. નસીબ, ૨. દેવો) કે કાળને માથે દોષનો ટોપલો ઓઢાડનાર મનુષ્ય, જેનું પ્રતીક ધૃતરાષ્ટ્ર છે, ખરેખર નિન્દ્ય છે.' સંજયને વેદવ્યાસે દિવ્યદૃષ્ટિ તો પાછળથી આપી છે. ( ભીષ્મ. અ. ૨ ) પણ આ નિર્દેશ પછી એ જે રીતે વૃત્તાંત નિવેદન કરે છે, તે જોતાં તેનામાં આવી કંઈક અતીન્દ્રિય શક્તિ હતી એમ ગણવું પડે.

દેખીતી રીતે આ અસંગતતા જેવું છે, ઉદ્યોગ. અ. ૧૯૫માં એ અસંગતતા નીકળી જાય છે.

દૂત તરીકે સંદેશો કહેશે માટે યુધિષ્ઠિરે ક્રોધ ન કરવો એમ વિનંતી કરી. યુધિષ્ઠિરે અભયદાન કર્યું એટલે ઉલૂકે પાંડવો, સૃઞ્જયો, વિરાટ, દ્રુપદ વગેરે રાજાઓ અને યશસ્વી શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં સંદેશો કહેવા માંડ્યો.

એણે યુધિષ્ઠિરને ઉદ્દેશીને કૃષ્ણા દ્રૌપદીના ઘોર અપમાન, વનવાસ અને વિરાટને ત્યાંની ગુલામી દશાનું સ્મરણ કરાવ્યું. દુઃશાસનનું રુધિરપાન કરવાની ભીમની પ્રતિજ્ઞા પાર પડાવવા અને કેશવને લઈને લડવા આવવા પડકારી મર્દ બનવા કહ્યું તથા ભીષ્મ–દ્રોણ અને દુર્યોધનની મહાસેનાના વિજેતા બનવાના યુધિષ્ઠિરના કોડને કૂવામાંના દેડકાની મહત્ત્વાકાંક્ષા જેવા વર્ણવ્યા. અર્જુનને ઉદ્દેશીને, ફડાકા નહિ મારતાં લડી બતાવવા આહ્વાન ફેંકી બોલ્યો, 'હું જાણું છું કે તારો સહાયક કૃષ્ણ વાસુદેવ છે. તારી પાસે તાડ જેવડું ગાંડીવ છે તેની મને ખબર છે અને તું અજોડ યોદ્ધો છે તેય હું જાણું છું; અને આ બધું જાણીને જ મેં તારું રાજ્ય હરી લીધું છે. મનુષ્ય કંઈ પર્યાયધર્મથી (વંશપરંપરાથી જ) રાજા થતો નથી. એ તો વિધાતાની ઇચ્છા પ્રમાણે બને છે! જો, તું રડતો રહ્યો અને હું તેર વર્ષથી તારું રાજ્ય ભોગવું છું!' અને પછી અર્જુનને પણ કૃષ્ણાના ઘોર કલેશની, દ્રૌપદીએ પાંડવોને ગુલામીમાંથી છોડાવ્યા તેની, વિરાટને ત્યાં ભીમસેનને રસોઇયા બનવું પડેલું અને અર્જુનને માથે ચોટલો રાખીને રહેવું પડેલું તેનું સ્મરણ કરાવીને ઉમેર્યું: 'જે (શસ્ત્ર કે દ્યૂતના) યુદ્ધમાં પલાયન કરી જાય છે તે ક્ષત્રિયને ક્ષત્રિયો આવી રીતે જ (સ્વધર્મકર્મથી ભ્રષ્ટ કરાવી) સભામાં (કંક તરીકે યુધિષ્ઠિરને), મલ્લ તરીકે (બલ્લવ તરીકે ભીમને),[14] અને ચોટલો રાખીને (બૃહન્નલા તરીકે અર્જુનને નોકરી કરવાની ફરજ પડાવીને), સજા કરે છે! ફલ્ગુન! વાસુદેવથી બીને કે તારાથી ડરીને હું કંઈ રાજ્ય પાછું આપવાનો નથી! માટે કેશવની મદદ સાથે યુદ્ધ કર! માયા, ઇન્દ્રજાળ અને ભયંકર કુહકા (અભિચારવિદ્યા)

---

અર્થાત્ મહાભારતના સંકલનકારોએ દુર્વિચાર દુષ્કૃત્યનું મૂળ હોઈ બધાં દુષ્કૃત્યો માટે તે જવાબદાર છે (સર૦ 'મન્યુમય મહાદ્રુમ'નું મૂળ અમનીષી રાજા ધૃતરાષ્ટ્ર છે' ૧–૧–૬૫; ૫–૨૯–૪૫) એ મૂળભૂત વિચાર શ્રોતા—પાઠક આગળ થોડો વહેલો મૂકી દેવા યોગ્ય માન્યો છે. અ. ૧૫૬ના સાર માટે લેખના અંતે પરિશિષ્ટ ૨ જુઓ.

(૨) ક્ષેપક પરિશિષ્ટ ૧–૯માં ઉલૂક સાથે દુર્યોધને પાઠવેલ 'બૈડાલવ્રત' તથા બીજી વિગતો અંગે લેખના અંતે પરિશિષ્ટ ૨ જુઓ. 'ઉલૂક'નો શબ્દાર્થ ઘુવડ થાય છે. કદાચ એ અર્થને સ્ફુટ કરવા માટે આ વિભાગ ઉમેરાયો હોય.

૧૪ સર૦ ભીમ માટે દુર્યોધને કહાવેલું એક ધ્યાન ખેંચતું વાક્ય—

तं च तूबरकं मूढं बह्वशिनमविद्यकम् ।
उलूक मद्वचो ब्रूया असकृद्भीमसेनकम् ॥ ५–१५७–१६.

'અને પેલા શિંગડા વગરના રેંલ્લા (તૂબરક=શિંગડા વગરનો કાચી ઉંમરનો આખલો એટલે કે રેંલ્લો), મૂર્ખ, ખાઉધરા અને અજ્ઞાન ભીમડાને ઉલૂક! મારાં આ વાક્યો વારંવાર કહેજે કે...!'

'યજુર્વેદ' ૨૪-૧-૧૫ અને 'અથર્વવેદ' ૧૧-૯-૨૨માં 'તૂપરક' પદ આવે છે. એનો અર્થ પણ શિંગડા વગરનો રેંલ્લો કે બકરો થાય છે. લક્ષણાએ દાઢીમૂછ વગરનો પુરુષ અર્થાત્ 'મૂર્ખ' કે 'ષણ્ઢ' થાય છે.

શસ્ત્રધારી એવા મને તો યુદ્ધમાં ગર્જનાઓ કરવા પ્રેરે છે ![15] હજારો વાસુદેવો કે સેંકડો ફલ્ગુનો પણ મારા જેવા અમોઘ બાણાવળીની સામે આવતાં દશે દિશામાં ભાગી જશે ![16]...જયારે તું અમારી અફાટ સેનામાં પ્રવેશીશ ત્યારે તારું ભાન જતું રહેશે, અને જેમ અશુચિ મનુષ્યનું મન સ્વર્ગ મેળવવાની આશા છોડી દે છે એમ તારું મન રાજ્યની આશા મૂકી દેશે. જેમ સ્વર્ગની આશા કરતા અતપસ્વીની આશા ફળવી અતિમુશ્કેલ છે એમ તને પણ રાજ્ય મળવું સુદુર્લભ છે ! (ઉદ્યોગ, અ. ૧૫૮)

યુધિષ્ઠિર અને અર્જુનને સંદેશો કહ્યા પછી, એનો એ જ અપમાનજનક સંદેશો ઉલૂકે અર્જુનને ફરીથી પણ કહ્યો અને પ્રથમ વખતે જ ઝેરી સર્પની જેમ ક્રોધે ભરાયેલા અર્જુનને એણે વાક્યશલાકાથી (વાણીરૂપી સળીથી) ટોચી નાખ્યો. પાંડવો ક્ષુબ્ધ થઈ ગયા. ભીમસેન તો કેશવની સામે નિહાળીને ઝેરી નાગની જેમ ફૂંફાડા મારવા લાગ્યો, વાયુપુત્ર ભીમને ક્રોધાંધ અને અકળાયેલો જોઈને શ્રીકૃષ્ણે કંઈક સ્મિત કરતા હોય એમ ઉલૂકને પ્રત્યુત્તર આપ્યો : "કૈતવ્ય ! (=જુગારીના પુત્ર !) શીઘ્ર પાછો ફર અને સુયોધનને કહેજે કે તારું કહેવું અમે સાંભળ્યું છે. તેનું હાર્દ અમે સમજ્યા છીએ. તારી ધારણા પ્રમાણે (યુદ્ધ) થાઓ. વળી તું ફરીથી મારું નામ લઈને દુર્યોધનને કહેજે કે, 'દુર્મતિ ! તું આવતી કાલે આ સમયે (રણભૂમિમાં) આવી જજે. મરદ થજે. મૂર્ખ ! પાર્થોએ જનાર્દનની સારથિ તરીકે વરણી કરી છે, એટલે તે નહિ લઢે એમ માનીને તું ડરતો નથી; પણ અગ્નિ જેમ તણખલાંને બાળીને ભસ્મ કરી નાખે છે એમ છેલ્લી ઘડીએ હું ક્રોધથી જ (તારા) તમામ ક્ષત્રિયોને બાળી મૂકું એમ છું.[17] યુધિષ્ઠિરના આદેશથી

---

૧૫ ૫-૧૫૮-૩૫; સર૦ ઉદ્યોગ. ક્ષેપક પરિશિષ્ટ ૧-૯, લીટી ૮૬ થી ૯૫. સંસદમાં દુર્યોધન અને બીજા ડઘાઈ ગયેલા પરન્તુ હવે સિંહ થઈ ગયેલા દેખાય છે.

૧૬ वासुदेवसहस्रं वा फल्गुनानां शतानि च ।
आसाद्य माममोघेषुं द्रविष्यन्ति दिशो दश ॥ ५–१५८–३६.
= ફે. ઉદ્યોગ. ક્ષેપક પરિશિષ્ટ ૧–૧૧, લીટી ૫૯, ૬૦.

કખ = કર્ણ. ૨૭-૭૦ કખની કર્ણોક્તિ; ગઘ = ફે. ઉદ્યોગ. ૧૬૫–૨૧ કખની કર્ણોક્તિ.

અહીં 'હજારો વાસુદેવો અને સેંકડો' અર્જુનો એ શબ્દપ્રયોગ 'અસંખ્ય'ના અર્થમાં છે.

જુઓ આદિ. અ. ૨૦૮, ૨૦૯માં અપ્સરાઓને એક તપસ્વી બ્રાહ્મણે સો વર્ષ સુધી ગ્રાહ (મગર જેવું જળચર) થવાનો શાપ દીધો તે પછી અપ્સરાઓ તપસ્વીને નમી પડી. એટલે અનુગ્રહ કરતાં તપસ્વીએ ઉચ્ચારેલ વાક્યો જુઓ :

शतं सहस्रं विश्वं च सर्वमक्षयवाचकम् ।
परिमाणं शतं त्वेतन्नैतदक्षयवाचकम् ॥ १-२०९-८.

'શત, સહસ્ર અને વિશ્વ એ સર્વ અક્ષય(અનન્ત)વાચક છે. પરન્તુ આ શાપનું પરિમાણ 'સો' વર્ષનું રહેશે, એ અક્ષયવાચક નહિ થાય.'

વળી જુઓ મોનિયેર વિલિયમ્સના 'સંસ્કૃત-અંગ્રેજી કોશ 'યુક્ત સંદર્ભ'.

૧૭ आर्तं वातात्मजं दृष्ट्वा क्रोधेनाभिहतं भृशम् ।
उत्स्मयन्निव दाशार्हः कैतव्यं प्रत्यभाषत ॥ ५–१५९–५.

હું યુદ્ધ કરતા વિદિતાત્મા (આત્મસામર્થ્ય સમજનાર) મહાત્મા ફલ્ગુનનું સારથિપણું કરીશ.[૧૮] જો તું ત્રણે લોકમાં (ગમે ત્યાં) ઊડી જઈશ અથવા જો તું ભૂતળમાં પેસી જઈશ તોપણ તે સર્વ સ્થળે પ્રભાતમાં અર્જુનના રથને તારી સામે જોઈશ. વળી તું ભીમની પ્રતિજ્ઞાને નિષ્ફળ ગર્જના માને છે, પણ એણે દુઃશાસનનું રુધિર પી લીધું છે એમ નક્કી સમજી લે. તારા જેવા વાંકું બોલનારાને અર્જુન, રાજા યુધિષ્ઠિર, ભીમ અને નકુલ-સહદેવ લેખામાં લેતા નથી."[૧૯] (૫-૧૫૯-૧ થી ૧૩)

દુર્યોધનનો સંદેશો સાંભળીને અર્જુન પણ (રોષથી જાણે આગ વરસાવતાં હોય એવાં) અત્યંત લાલચોળ નેત્રોથી કૈતવ્ય ઉલૂકને જોવા લાગ્યો. તે પછી (ધૈર્ય રાખી) કેશવના સામું

---

प्रयाहि शीघ्रं कैतव्य ब्रूयाश्चैव सुयोधनम् ।
श्रुतं वाक्यं गृहितोऽर्थो मतं यत्ते तथास्तु तत् ॥ ५-१५९-६.

मद्वचश्चापि भूयस्ते वक्तव्यः स सुयोधनः ।
श्व इदानीं प्रदृश्येथाः पुरुषो भव दुर्मते ॥ ५-१५९-७.

मन्यसे यच्च मूढ त्वं न योत्स्यति जनार्दनः ।
सारथ्येन वृतः पार्थैरिति त्वं न बिभेषि च ॥ ५-१५९-८.

जघन्यकालमप्येतद्भवेद्यत्सर्वपार्थिवान् ।
निर्दहेयमहं क्रोधात्तृणानीव हुताशनः ॥ ५-१५९-९.

१८ युधिष्ठिरनियोगात्तु फल्गुनस्य महात्मनः ।
करिष्ये युध्यमानस्य सारथ्यं विदितात्मनः ॥ ५-१५९-१०.

વિદિતાત્મનઃ = પોતાની જાતને ઓળખનાર, આત્મજ્ઞાની.

સર૦

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ ६-२७-२६ (ગીતા ५-२६).

કામક્રોધથી રહિત, મનને વશ રાખનારા, અને પોતાને ઓળખનારા યતિઓને સર્વત્ર-સર્વ-સ્થિતિમાં (જીવતાં કે મરણ પછી, આ લોકમાં કે પરલોકમાં) બ્રહ્મનિર્વાણ રહેલું છે.

ભૌતિક યુદ્ધનો અજેય યોદ્ધો અર્જુન વિદિતાત્મા છે. પારમાર્થિક યુદ્ધના અજેય યોદ્ધાઓ પણ વિદિતાત્મા છે.

१९ यद्युत्पतसि लोकांस्त्रीन्यद्याविशसि भूतलम् ।
तत्र तत्रार्जुनरथं प्रभाते द्रक्ष्यसेऽग्रतः ॥ ५-१५९-११.

यच्चापि भीमसेनस्य मन्यसे मोघगर्जितम् ।
दुःशासनस्य रुधिरं पीतमित्यवधार्यताम् ॥ ५-१५९-१२.

न त्वां समीक्षते पार्थो नापि राजा युधिष्ठिरः ।
न भीमसेनो न यमौ प्रतिकूलप्रभाषिणम् ॥ ५-१५९-१३.

નજર માંડીને તેમણે વિશાળ બાહુ ઊંચો કર્યો અને ભીષ્મને હણવાનો પોતાનો નિરધાર જાહેર કર્યો, અને વાસુદેવની સહાયતાવાળા પોતાની અજયતાનો સંદેશો પાઠવતાં કહ્યું : "કેશવ બીજી વાર પ્રતિજ્ઞા કરતા નથી. (શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા તૂટતી નથી), હું સત્ય કહું છું કે (હમણાં એમણે કહ્યું) તે બધું વાસ્તવિક હકીકત બનશે."[૨૦] (૫-૧૬૦-૧ થી ૨૩)

સંદેશવાહક ઉલૂક કુરુસંસદમાં પાછો ગયો. દુર્યોધનને શ્રીકૃષ્ણ–અર્જુનનો સંદેશો કહ્યો. એ સાંભળ્યા બાદ દુર્યોધને દુઃશાસન, કર્ણ અને શકુનિને (સર્વોપરિ સેનાપતિ ભીષ્મને નહિ!) કૌરવી સેના અને મિત્રરાજાઓની સેનાઓને સવારે રણભૂમિ ઉપર સજ્જ થઈને ઊભા રહેવાનો હુકમ આપવા કહ્યું, અને કર્ણે હુકમ આપ્યો! (૫-૧૬૦-૨૪ થી ૨૯)

આ તરફ યુધિષ્ઠિરે ધૃષ્ટદ્યુમ્નની સરદારી નીચે પૃથ્વી જેવી અકમય અને સાગર જેવી ગંભીર સેનાને રણભૂમિ પર રવાના કરી દીધી. સરસેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને (જુઓ ઉપર નોંધ ૮) સેનાને વ્યૂહમાં ગોઠવી દીધી અને સજ્જ થઈને મોખરે ઊભો રહ્યો.[૨૧] (૫-૧૬૧–૧ થી ૧૨)

કૌરવસેનામાં પોતાનું અને શત્રુપક્ષનું બલાબલ જાણવા માટે દુર્યોધને પૂછવાથી બન્ને પક્ષના રથી–અતિરથીની ગણના કરતાં ભીષ્મે શલ્યનો નિર્દેશ કરીને કહ્યું : 'મહાધનુર્ધર મદ્રરાજ શલ્યને હું મહારથી માનું છું. એ કાયમ દરેક યુદ્ધમાં વાસુદેવની સ્પર્ધા કરે છે. એ રથીશ્રેષ્ઠ શલ્ય પોતાના ભાણેજોને છોડીને તારે પક્ષે આવ્યો છે સંગ્રામમાં એ ચક્રગદાધર કૃષ્ણની સામે લડશે.'[૨૨]

ત્યારબાદ પાંડવપક્ષના રથી–અતિરથીની ગણના કરતાં અર્જુનના સામર્થ્યનો ખયાલ આપ્યો : 'બન્ને પક્ષનાં સૈન્યોમાં નારાયણની સહાયવાળા લોહિતાક્ષ (રાતાં નેત્રોવાળા), ગુડા-

---

૨૦ न द्वितीयां प्रतिज्ञां हि प्रतिज्ञास्यति केशवः ।
सत्यं ब्रवीम्यहं ह्येतत्सर्वं सत्यं भविष्यति ॥ ५–१६०–२३.

૨૧ આ સ્થળે ધૃતરાષ્ટ્રનો સંજયને ઉદ્દેશીને પ્રશ્ન છે: 'વાસુદેવની સહાયવાળા અર્જુને પિતા ગાંગેય ભીષ્મનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી. તે સાંભળીને અપરિમિતપ્રજ્ઞ (અમાપ બુદ્ધિશાળી) ભીષ્મ શું બોલ્યા? ...કૌરવધુરંધર ભીષ્મ સેનાપતિ થયા પછી કેવી રીતે વર્ત્યા?' વચમાં સંજય બોલી ગયો એમ અધ્યાહૃત ગણીને વૈશંપાયન ઉત્તર આપે છે. એમાં ભીષ્મની સેનાપતિ તરીકેની લાયકાતનું વર્ણન રસપ્રેરક છે. (૫-૧૬૨-૬ થી ૧૧)

૨૨ (૧) ૫-૧૬૨-૨૬, ૨૭. આ સંદર્ભનો મથિતાર્થ એવો પણ થાય કે શલ્ય શ્રીકૃષ્ણની સ્પર્ધા કરતો હતો. એટલે તેને દુર્યોધનની ભારે સરસ મહેમાનગતિના કારણે પોતાના સગા ભાણેજોને ત્યજીને શત્રુપક્ષે જવાનું બહાનું મળી ગયું! શલ્ય દુર્યોધનના પક્ષે ગયો તે માટે જુઓ 'કર્મનિશ્ચયજ્ઞ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠપ્રદીપ' ફેબ્રુઆરી ૧૯૬૭ માં નોંધ ૮.

શલ્યની પ્રજ્ઞામંદતા તો ભારોભાર છે જ.

(૨) ભીષ્મે અશ્વત્થામાના શસ્ત્રવેત્તાપણાને લગભગ અર્જુન જેટલું ગણાવ્યા પછી કહ્યું છે કે, 'આવો અજોડ યોદ્ધો હોવા છતાં હું તેને રથી કે મહારથી માનતો નથી, કારણ તેનામાં એક મહાન દોષ છે. આયુષ્યની ઇચ્છાવાળા એને જીવિત ખૂબ વહાલું છે!'

જેને જીવ વહાલો હોય તે કદાપિ (હિંસક કે અહિંસક) શ્રેષ્ઠ લડવૈયો ન થઈ શકે.

કેશ (૧ વાંકડિયા વાળવાળા, ૨ પછીથી નિદ્રાને જિતનાર), અર્જુન જેવો વીર બીજો કોઈ નથી. પૂર્વે દેવો, દાનવો, નાગો, રાક્ષસો અને યક્ષોમાં પણ તેના જેવો બહાદુર નર થયો નથી, તો મનુષ્યોમાં તો થાય જ ક્યાંથી? મહારાજ! ધીમાન પાર્થના રથ જેવો બધી રીતે તૈયાર રથ ભૂતકાળમાં થયાનું કે હવે પછી થશે એવું મેં સાંભળ્યું નથી, (કે જે રથના) વાસુદેવ સંયન્તા (નિયામક) અને યુદ્ધકાર ધનંજય છે. એની પાસે દિવ્ય ગાંડીવ ધનુષ્ય, પેલા વાયુવેગી અશ્વો, અભેદ્ય કવચ, બાણોના દિવ્ય અને અક્ષય બે ભાથા, મહેન્દ્ર, રુદ્ર, કુબેર, યમ અને વરુણનાં અસ્ત્રોનો સમૂહ, ઉગ્ર દેખાવની ગદાઓ અને વજ્રાદિ વિવિધ પ્રકારનાં મુખ્ય આયુધો છે. હિરણ્યપુરવાસી હજારો દાનવોને એ મહારથીએ યુદ્ધમાં મારી નાખ્યા હતા. એના જેવો રથી કોણ છે? એ મહાવેગવાન, બલવાન, સત્યપરાક્રમી વીર પોતાના લશ્કરનું રક્ષણ કરીને તારા લશ્કરનો સંહાર કરશે જ. જ્યારે ગ્રીષ્માન્તે તોફાની વાવાઝોડાની સાથે વરસતા (મુશળધાર) મેઘની જેમ (શ્રીકૃષ્ણની મદદથી) શરવર્ષા વર્ષાવતો ધનંજય ચઢી આવતો હોય ત્યારે ઉભય સૈન્યમાંથી એની સામે મારા કે દ્રોણાચાર્ય સિવાય બીજો કોઈ જઈ શકે નહિ. (અમે તેની સામે લઢવા જઈ તો શકીએ) પરન્તુ કૌન્તેય બધી રીતે તૈયાર છે. તેને વાસુદેવની સહાય છે. એ તરુણ અને તાલીમબદ્ધ છે. જ્યારે અમે બન્ને તો જરાજીર્ણ થઈ ગયા છીએ.'[૨૩] (૫-૧૬૬-૨૮ થી ૩૭)

ભીષ્મના આ શબ્દો સાંભળતાં દુર્યોધનપક્ષી રાજાઓનાં મન ચંચળ બની ગયાં, અને સુવર્ણનાં કડાં પહેરેલા અને ચંદનનો લેપ કરેલા એમના ભરાવદાર બાહુઓ શિથિલ થઈ ગયા (ગાત્રો ગળી ગયાં)! (૫-૧૬૬-૩૮, ૩૯)

---

(૩) કર્ણનો ઉલ્લેખ કરતાં મુત્સદ્દી ભીષ્મે કહ્યું: 'તારો પ્રિય સખા, મન્ત્રી, નેતા અને બન્ધુ, જે તને પાંડવો સાથે વિગ્રહ કરવા પ્રોત્સાહન આપ્યાં કરે છે, તે રણકર્કશ, કઠોર, ગપ્પીદાસ, નીચ, અભિમાની અને ગર્વિષ્ઠ કર્ણ અતિરથી નથી અને પૂરો રથીયે નથી! એ મૂર્ખ તો જન્મથી સાથે મળેલાં કવચ અને દિવ્ય કુંડળો ખોઈ બેઠેલો છે! ...આને લીધે તો હું એને અર્ધરથી માનું છું! અર્જુનનો ભેટો થતાં એ જીવતો પાછો ફરશે નહિ! ૫-૧૬૫-૩ થી ૬. દ્રોણે આ હકીકતને અનુમોદન આપ્યું! ૫-૧૬૫-૭-૮. કર્ણ ચિડાયો. ભીષ્મને વાણીરૂપી ચાબખા લગાવ્યા. ફૂટ નહિ પણ એકતા જ મહત્ત્વની છે એ દર્શાવ્યું, પણ છેવટે પોતે એકલો જ પાંડવસેનાને જીતી લે એવો સમર્થ છે છતાં, જ્યાં સુધી ભીષ્મ જીવે છે ત્યાં સુધી યુદ્ધમાંથી નિવૃત્તિ લેવાની (પુનઃ) પ્રતિજ્ઞા લીધી! કારણ યશ સેનાપતિને મળે! ૫-૧૬૫-૯ થી ૨૭; પ્રથમ પ્રતિજ્ઞા લીધેલી તેનો સંદર્ભ ૫-૧૫૩-૨૫. ભીષ્મે તેને 'વૈરમૂર્તિ' કહી ખૂબ ચડાવ્યો! ૫-૧૬૫-૧ થી ૯. દુર્યોધને બન્નેને વીનવ્યા! (બીજા પોતાને વીનવતા એને બદલે!) અને ભીષ્મને પાંડવોના રથી-અતિરથીની માહિતી આપવા પ્રશ્ન કર્યો. ૫-૧૬૫-૧૦ થી ૧૩; વળી જુઓ ૧-૧-૧૨૨.

૨૩ भूतोऽथ वा भविष्यो वा रथः कश्चिन्मया श्रुतम् ।
समायुक्तो महाराज यथा पार्थस्य धीमता ॥ ५-१६६-३०

वासुदेवश्च संयन्ता योद्धा चैव धनंजयः ।
गाण्डीवं च धनुर्दिव्यं ते चाश्वा वातरंहसः ॥ ५-१६६-३१

*　　*　　*　　*

समायुक्तस्तु कौन्तेयो वासुदेवसहायवान् ।
तरुणश्च कृती चैव जीर्णावावामुभावपि ॥ ५-१६६-३७

પાંડવપક્ષના મહારથીઓના વર્ણનનો સમારોપ કરતાં ભીષ્મ બોલ્યા:[૨૪] "આ અને બીજા વિવિધ જનપદોના રાજાઓ વાસુદેવની આગેવાની નીચે પાંડવો માટે (રણભૂમિમાં) એકઠા થયા છે. એ બધા યુધિષ્ઠિરની ભયાનક સેનાને સમરાંગણમાં દોરશે. રણક્ષેત્રમાં તેમની સામે, હું, કાં તો વિજયી થવું નહિ તો મૃત્યુને ભેટવું એવી આકાંક્ષાથી લડીશ. અર્જુન અને વાસુદેવ એ બે ગાંડીવ અને ચક્રધારી પુરુષોત્તમો, સંધ્યા સમયે એકી સાથે પ્રકાશતા સૂર્ય–ચન્દ્રની જેમ લડવા આવશે ત્યારે, તથા યુધિષ્ઠિરના શ્રેષ્ઠ રથીઓ સૈન્યો લઈને લડવા આવશે ત્યારે, હું રણ-મોખરે એમના ઉપર હલ્લો કરીશ......અર્જુન–વાસુદેવ તથા બીજા બધા ક્ષત્રિયોને ખાળી રાખીને હું થાય તેટલું બધું રક્ષણ કરી છૂટીશ; પરન્તુ પાઞ્ચાલ્ય શિખંડીને હથિયાર ઉગામીને લડવા આવેલો જોવા છતાં હું એની સામે નહિ લડું, કારણ કે પિતાનું પ્રિય કરવા માટે પ્રાપ્ત થયેલા રાજ્યનો મેં ત્યાગ કર્યો, ત્યારે મેં બ્રહ્મચર્યવ્રત લીધું, ચિત્રાઙ્ગદનો રાજ્યાભિષેક કર્યો, અને બાળક વિચિત્રવીર્યનો યુવરાજ તરીકે અભિષેક કર્યો. જગતના સૌ રાજાઓને મારું **દેવવ્રત** (બ્રહ્મચર્યનું દેવસદશ પાલન) જાહેર કર્યા પછી, હું કદી કોઈ રીતે સ્ત્રીને કે જે પૂર્વે સ્ત્રી હોય તેને મારી શકું નહિ. એટલે શિખંડી કે જે કન્યારૂપે જન્મ્યા પછી પુરુષ થયો હતો તેની સામે હું યુદ્ધ નહિ કરું, અને (પિતૃસ્નેહને લીધે પાંચે) કુન્તીપુત્રોને હું નહિ મારું. એ સિવાય જે જે ક્ષત્રિયો મારી સામે સમરાંગણમાં આવશે તે સૌનો હું વધ કરીશ.[૨૫] (૫-૧૬૯-૮ થી ૨૧)

બીજે દિવસે પ્હો ફાટતાં સમગ્ર સૈન્યની વચ્ચે જ (અર્થાત્ સમગ્ર સેનાનીમંડળની પરિષદમાં) દુર્યોધને ભીષ્માદિ વીરોને પ્રશ્ન કર્યો : "તમે કેટલા સમયમાં પાંડવોના આ અક્ષોભ્ય સૈન્યનો નાશ કરી શકો?" ભીષ્મ–દ્રોણે કહ્યું : 'જો લાખોનો સંહાર કરનારાં મહાસ્ત્રો મૂકીએ તો એક માસમાં પાંડવસેનાનો નાશ કરીએ.' (૫-૧૯૪-૧ થી ૧૪, ૧૮). કૃપે 'બે માસમાં', અને (ગર્વિષ્ઠ) અશ્વત્થામાએ 'દશ રાત્રિમાં (એટલે કે દશ દિવસ જેટલા સમયમાં) તથા (એનાથીય ચઢાઉ) કર્ણે 'પાંચ રાત્રિમાં!' એવા ઉત્તર આપ્યા (૫-૧૯૪-૧૯). કર્ણની

---

૨૪ અભિમન્યુનો નિર્દેશ કરતાં ભીષ્મે એને 'રથીઓના યૂથપતિઓનો પણ પતિ—રથસેનાનો મોટો અધિપતિ—અભિમન્યુ સમરાંગણમાં અર્જુન અથવા તો વાસુદેવની બરાબરી કરે એવો છે...ઇ.' (૫-૧૬૭-૨ થી) અને ક્રોધહન્તા સેનાબિન્દુને, 'જે વાસુદેવ અને ભીમસેનની બરાબરીનો છે...ઇ.' (૫-૧૬૮-૧૯) વર્ણવેલ. આ સેનાબિન્દુ કદાચ પાંચાલ રાજપુત્ર હોય અથવા કાશી જનપદનો કોઈ રાજા પણ હોઈ શકે.

૨૫ અહીં ઉદ્યોગ. અ. ૧૭૦ થી ૧૯૩ સુધી શિખંડી કેવી રીતે સ્ત્રીમાંથી પુરુષ થયો તે વર્ણવતું ભીષ્મપ્રોક્ત કથાનક છે. એમાં આ માહિતી ભીષ્મે, 'દ્રુપદને ત્યાં જડ, અન્ધ અને બહેરા જેવો વેશ કરીને મૂકેલા ગુપ્તચરો મારફતે મેળવી હતી' (૫–૧૯૩–૫૮) એવું ધ્યાનપાત્ર વિધાન કર્યું છે. કથાનકના અંતે ભીષ્મના વ્રતનું આ પ્રમાણે વર્ણન છે : 'જગતમાં મારું આ સદા વિખ્યાત વ્રત છે કે સ્ત્રીને, પ્રથમ સ્ત્રી હોય તેને, સ્ત્રીનું નામ ધારણ કરનારને અને સ્ત્રીનો વેશ ધારણ કરનારને હું બાણો મારતો નથી. આ કારણથી હું શિખંડીને હણીશ નહિ....જો ભીષ્મ સ્ત્રીને હણે તો એ આત્મઘાત કરે છે (એમ સમજવું). તેથી સમરભૂમિમાં સામે જોવા છતાં હું શિખંડીને નહિ હણું.' (૫–૧૯૩–૬૨, ૬૩, ૬૫.) ભીષ્મના વક્તવ્ય ઉપર દુર્યોધને મુહૂર્તભર વિચાર કર્યો અને તેને પણ ભીષ્મનું વર્તન યોગ્ય લાગ્યું (૫-૧૯૩–૬૬). અધ્યાય ૧૯૪થી વૈશંપાયન જનમેજયને કથા કહે છે, એ મૂળ દોર સંધાઈ જાય છે.

શેખી સાંભળીને ગંગાપુત્ર ભીષ્મ ખૂબ જોરથી ખડખડાટ હસ્યા અને બોલ્યા : 'રાધેય! જ્યાં સુધી શંખખડ્ગધનુર્ધર અચ્યુત અર્જુન, વાસુદેવની સાથે રણભૂમિમાં ચઢી આવ્યો નથી ત્યાં સુધી તું આમ માને છે! પણ એનો ભેટો થાય ત્યારે તું આવું યથેષ્ટ (ગપ્પું) પુનઃ બોલી શકીશ (તે અમે જોઈશું)!!!' (૫–૧૯૪–૨૦ થી ૨૨; વળી જુઓ ૫–૧૯૫–૧ થી ૬)

દુર્યોધનની છાવણીના આ બધા સમાચાર ગુપ્તચરોએ યુધિષ્ઠિરને આપ્યા. એટલે એમણે સર્વે ભાઈઓને એકાન્તમાં બોલાવ્યા, ઉપરોક્ત વૃત્તાંત જણાવ્યો, અને એ પછી સર્વસેનાપતિના પણ ઉપરી અર્જુનને પૂછ્યું : 'તું કેટલા સમયમાં શત્રુઓનો સંહાર કરી શકે?' (૫-૧૯૫-૧ થી ૭)

ગુડાકેશ અર્જુને તો વાસુદેવ ઉપર દૃષ્ટિ રાખીને ઉત્તર આપ્યો: 'ભીષ્માદિ અસ્ત્રવેત્તા મહાત્માઓ એમણે કહેલી મુદતમાં તમારા સૈન્યને સાફ કરી નાખે એ નિઃશંક વાત છે, પરન્તુ તમે ફિકર ન કરો. હું તમને સત્ય કહું છું કે, **વાસુદેવની મદદ હોય તો** હું (કેવળ) એક રથથી દેવો સહિત ત્રણે લોકમાં વસતા ભૂત--ભવિષ્ય–વર્તમાનનાં સ્થાવરજંગમ સૌ પ્રાણીઓને આંખના પલકારામાં જ હણી નાખું, એવો મારો મત છે!'[૨૬] (૫–૧૯૫–૮ થી ૧૦)

પછી નિર્મળ પ્રભાત થયું, એટલે અજવાળું થતાં બન્ને પક્ષનાં સૈન્યોએ વ્યૂહબદ્ધ રીતે રણક્ષેત્ર તરફ કૂચ કરી. કૂચ દરમિયાન શ્રીકૃષ્ણ અને અર્જુને પાંડવસેનાના મધ્ય ભાગમાં સ્થાન સંભાળેલું હતું.[૨૭] (૫-૧૯૭-૧૪, ૧૫)

* * *

---

૨૬ अपैतु ते मनस्तापो यथा सत्यं ब्रवीम्यहम् ।
हन्यामेकरथेनाहं वासुदेवसहायवान् ॥ ૫–૧૯૫–૧૦.
सामरानपि लोकांस्त्रीन्सहस्थावरजङ्गमान् ।
भूतं भव्यं भविष्यच्च निमेषादिति मे मतिः ॥ ૫–૧૯૫–૧૧.

**અર્જુનની આ અપ્રતિમ તાકાત નારાયણના સનાતન સખા નરની છે,** પરન્તુ વૈખરીમાં વ્યક્ત થતાં તે 'અર્જુન' નામધારી એક મૃત્યુધર્મા માનવની વાણી બની. એટલે તેમાં ગર્વનો અને અશક્ય વસ્તુ સિદ્ધ કરવાના ડોળનો ભાવ પણ પ્રવેશ્યો. કવિની જોમવંતી સમર્થ શૈલી અહીં અર્થની સંપૂર્ણ અભિવ્યક્તિ કરવામાં તોછી પડે છે. કવિ આ જાણે છે. તેથી પાંડવોના મહાપ્રસ્થાન સમયે અર્જુનનું પતન થયું ત્યારે, આ ગર્વિષ્ઠ ઉક્તિને અર્જુનના પતનનું કારણ જણાવતાં વેદવ્યાસ અચકાયા નથી. (૧૭-૨-૨૧, ૨૨)

દૈવી સંપત્તિ છાક ન કરી શકે. છાક થતાં જ આસુરી સંપત્તિનો પ્રવેશ થઈ જાય છે.

૨૭ લશ્કરી વ્યવસ્થાના વર્ણનમાં દુર્યોધને, લશ્કર સાથે સીધા સંકળાયેલા હાથી, ઘોડા, સૈનિકો, કારીગરો, સૂત, માગધ, બન્દીજનો માટે જેમ વ્યવસ્થા કરી હતી તેવી રીતે, વેપારીઓ, ગણિકાઓ, વારો (ગણિકા જેવી સ્ત્રીઓ), અને પ્રેક્ષકોને માટે પણ સંપૂર્ણ (વિધિવત્) વ્યવસ્થા કરી હતી (૫–૧૯૬–૧૭થી૧૯). આમાં પ્રેક્ષકોનો નિર્દેશ છે તે આધુનિક યુગમાં છાપાંનાં ખબરપત્રીઓને જે સગવડો અપાય છે તે સાથે સરખાવી શકાય. પાંડવોના લશ્કરમાં આ વ્યવસ્થા હશે જ, પરન્તુ પુનરુક્તિ ટાળવા એનું વર્ણન નથી આપ્યું એમ લાગે છે. જો કે મ૦ ભા૦ના ક્ષેપક પરિશિષ્ટ ૧–૧૪માં ('ઉદ્યોગપર્વ') આવી વ્યવસ્થાનું વર્ણન આપેલું છે.

આ વિભાગમાં શ્રીકૃષ્ણની કુરુક્ષેત્રના ભૌતિક યુદ્ધના સર્વોપરી નેતા તરીકે નિયુક્તિ થાય છે એનું વર્ણન છે. એક સુયોગ્ય યુદ્ધનેતા જે રીતે છાવણીની વ્યવસ્થા કરે તે રીતે એમણે બધી વ્યવસ્થા કરી છે, અને સ્થિતપ્રજ્ઞ, રાજનીતિજ્ઞ તથા કર્ણધાર તરીકે એમણે ઉલૂકને એના અસભ્ય સંદેશાનો સભ્યપણે ખમીરવંતો પ્રત્યુત્તર પાઠવ્યો છે. એ પ્રત્યુત્તરમાં એમણે સંક્ષેપમાં પણ મુદ્દાસર, અર્જુન તથા દુર્યોધન બન્નેને મદદ આપતાં સ્વેચ્છાએ સ્વીકારેલી મર્યાદાઃ

अयुध्यमानः संग्रामे न्यस्तशस्त्रोऽहमेकतः ॥ ૫-૭-૧૭ ગદ્ય.

(સંગ્રામમાં નહિ લડતો અને ન્યસ્તશસ્ત્ર–જેણે શસ્ત્રો ત્યજી દીધેલાં છે તેવો–હું એક બાજુ રહીશ)નું સ્પષ્ટીકરણ કર્યું, અને કહ્યું કે આને લીધે દુર્યોધને ખુશ થઈ જવાની જરૂર નથી, કારણ આ મર્યાદા તો સામાન્ય સમય પૂરતી છે. એટલે કપરો કાળ આવી પડે તો જરૂરત ઉપસ્થિત થતાં, નેતા તરીકે પાંડવોના વિજય માટે યોગ્ય પગલાં લેવા પોતે છૂટા છે, વગેરે સમજાવી દીધું.[૨૮]

આ વિભાગમાં શ્રીકૃષ્ણચરિત્રની સામગ્રી અલ્પ છે, પરન્તુ કયા સંજોગોમાં એ અર્જુનના (દૈવી સંપત્તિના) નેતા અને વાજિસંયન્તા નીમાયા તેની વિગત વિસ્તારથી છે; અને કુરુક્ષેત્રના ભીષણ યુદ્ધના સુકાની તથા યુદ્ધાશ્વોના નિયામક ભગવાન શ્રીકૃષ્ણ, સાથે સાથે જ અનન્ય ચિંતક–ભક્ત–જ્ઞાની–વિજ્ઞાની–સ્થિતપ્રજ્ઞ–ગુણાતીત–યોગી–પંડિત–સમદર્શી થવા મથવા દૈવી સંપત્તિવાળા મનુષ્યના, ધર્મક્ષેત્ર શરીરમાં જ લડાતા અને વિશ્વના કોઈ પણ ભૌતિક વિગ્રહ કે સંઘર્ષ કરતાં વધુ ભીષણ અને પ્રણાશ વેરતા અન્તર્યુદ્ધમાં એ મનુષ્યના નેતા અને તેની યુદ્ધાશ્વરૂપી ઇન્દ્રિયોના નિયામક તરીકે પસંદ થયા છે.[૨૯] એ રીતે શ્રીમદ્ ભગવદ્ગીતાની ભૂમિકા અહીં (સમગ્ર રીતે 'ઉદ્યોગપર્વ'માં) બંધાઈ છે. એટલે શ્રીકૃષ્ણના ચરિત્રની સામગ્રી થોડી હોવા છતાં આ પ્રકરણ એ દૃષ્ટિએ મહત્ત્વનું છે.

---

૨૮ આ કારણે જયદ્રથનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી બેઠેલા અર્જુન, કદાચ નિષ્ફળ જાય તો, પોતે જ જયદ્રથનો વધ કરશે એવું કહીને, શ્રીકૃષ્ણે સારથિ દારુકને, કૌમોદકી ગદા, દિવ્ય શક્તિ, ચક્ર અને ધનુષ્યબાણ વગેરે સંપૂર્ણ શસ્ત્રાસ્ત્રો સાથે પોતાનો રથ તૈયાર કરવાની આજ્ઞા કરી હતી (૭–૫૯–૧૭ થી ૩૯).

આ સાથે સર૦ થાકેલા સાત્યકિને ઝપાટામાં લઈને ભૂરિશ્રવા એને મારી નાખવાની તૈયારીમાં હતો, એવામાં અર્જુને ભૂરિશ્રવાનો હાથ કાપી નાખ્યો હતો, અને ભૂરિશ્રવાએ અર્જુન અને શ્રીકૃષ્ણની આ માટે નિન્દા કરી ત્યારે અર્જુને એને ક્ષત્રિયોના સ્વધર્મનું સ્મરણ કરાવતાં કહ્યું હતું :

'બધા રાજાઓ મારા આ મહાવ્રતને જાણે છે કે, મારા બાણના નિશાનની મર્યાદામાં રહેલા મારા માણસને કોઈ પણ (પ્રાણી) હણી શકતું નથી. યૂપકેતુ ભૂરિશ્રવા! આ વિચારીને તારે મને નિંદવો ન જોઈએ, કારણ કે (ક્ષાત્ર) ધર્મ સમજ્યા વિના નિંદા કરવી બરાબર નથી......' (૭-૧૧૮-૨૩, ૨૪થી.)

૨૯ (क) સર૦

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥ કઠ ૧–૨–૨૩.

આ નિયન્તા, અન્તર્યામીના સહારે એક જ વીર મનુષ્ય વિશ્વ આખાને પણ સર કરવાની હિંમત રાખી શકે છે.

આપણા યુગના નરોત્તમ ગાંધીજીએ 'સત્યાગ્રહી કદી હારતો નથી—નિષ્ફળ થતો નથી,'[30] એમ બોલી તેને આચારમાં ઉતારી એ અપાર હિંમતની થોડી ઝાંખી કરાવી છે; નહિ તો અલ્પવિશ્વાસી જનો આને કવિકલ્પના કે દંતકથા ગણી હસી કાઢીને સાત્ત્વિક શ્રદ્ધાનું ઉન્મૂલન કરી શકત.

## પરિશિષ્ટ ૧

### ક્ષત્રિયો અને બ્રાહ્મણ-વૈશ્ય-શૂદ્રોનો વર્ણ(વર્ગ)વિગ્રહ

(જુઓ નોંધ ૫)

'લશ્કર અત્યંત મોટું હોય તો પણ મુખ્ય સેનાપતિ ન હોય તો યુદ્ધ પ્રસંગે કીડીઓના નઘરાની જેમ અસ્તવ્યસ્ત થઈ જાય છે. બે મનુષ્યોની બુદ્ધિ પણ કદી એકસરખી હોતી નથી. વળી નેતાઓ તો (સેનાપતિઓ તો) શૌર્યની પણ પરસ્પર સ્પર્ધા કરે છે. મહાપ્રાજ્ઞ! આ અંગે (ઇતિહાસ) સાંભળવામાં આવે છે: એક વખતે હૈહય ક્ષત્રિયોની સામે કુશધ્વજો (જે ધ્વજ ઉપર દર્ભનું નિશાન છે તે) લઈને લઢવા ગયા હતા. વૈશ્યો અને શૂદ્રો બ્રાહ્મણોને પડખે હતા, પરન્તુ યુદ્ધમાં તો ત્રણ વર્ણના મોટા સૈન્યમાં વારંવાર ભંગાણ પડવા લાગ્યું અને (થોડા) ક્ષત્રિયો જીતવા માંડ્યા! એટલે બ્રાહ્મણોના આગેવાનોએ ક્ષત્રિયોને જ આનું કારણ પૂછ્યું. એટલે ધર્મજ્ઞ ક્ષત્રિયોએ યથાતથ જવાબ આપ્યો કે, અમે યુદ્ધમાં એક જ મહાબુદ્ધિમાનને (નેતાના હુકમને) સાંભળીએ છીએ, અને આપ સર્વે તો છૂટા પડીને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે (મન ફાવે તેમ) વર્તો છો![31] એટલે બ્રાહ્મણોએ પોતાનામાંથી એક રાજનીતિકુશળ અને શૂરવીરને

---

(૧) આ આત્મા (અનેક શાસ્ત્રોનાં) પ્રવચનથી, મેધાથી (તીક્ષ્ણ બુદ્ધિમત્તાથી) કે બહુશ્રુત થવાથી મળતો નથી, પરન્તુ જે એ આત્માને જ પસંદ કરે છે તેને એ પ્રાપ્ત થાય છે. તેની આગળ એ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.

(૨) ° જેને એ આત્મા પસંદ કરે છે તેને એ પ્રાપ્ત થાય છે. તેની આગળ એ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.

(ख) खुदा जिसे चाहता है सच्चाईका रास्ता दिखा देता है। कुरान, सूरे बक़र (मूल सन्दर्भ 'मंगल प्रभात' १-६-१९५૩નો અંક पैग़म्बरोंका काम લેખમાંથી).

૩૦ ગાંધીજીએ બાદશાહખાન આગળ રજૂઆત કરી: "Victory and defeat are for those only who rely on physical strength; a Satyagrahi knows no failure." Vide "Mahatma Gandhi—The Last Phase", Vol. II, by Pyarelal, 1958, p. 231.

૩૧ वयमेकस्य शृणुमो महाबुद्धिमतो रणे ।
भवन्तस्तु पृथक्सर्वे स्वबुद्धिवशवर्तिनः ॥ ५-१५३-८.

નીમ્યો, અને ક્ષત્રિયોને જીતી લીધા ! એ જ રીતે જેઓ કુશળ, શૂરવીર, હિતેચ્છુ અને નિષ્કલંક પુરુષને સેનાપતિ નીમે છે, તેઓ શત્રુઓને યુદ્ધમાં જીતે છે.' ( ૫–૧૫૩–૨ થી ૧૦ ).

કોઈ પણ સમાજે સફળ થવા માટે આ સિદ્ધાંતનો અમલ કરવો જોઈએ. આ સિદ્ધાંતનો પુરસ્કારક દુર્યોધન તેનું આચરણ નહોતો કરતો. દુર્યોધની માનસના ઓછાયા નીચે ભારતીય સમાજ પણ તેના આચરણમાં પુનઃ પુનઃ નિષ્ફળ જાય છે અને તેનો કટુ ફાલ ઉતાર્યા કરે છે.

# પરિશિષ્ટ ૨

## (૧) દુષ્કૃત્યોનાં કડવાં ફળ માટે કોણ જવાબદાર?

[ જુઓ નોંધ ૧૩ (૧ ) ]

ધૃતરાષ્ટ્રે સંજયને કહ્યું : ' સંજય ! આમ આવ. કૌરવપાંડવોની છાવણીઓમાં જે વૃત્તાંત થયો તે તું મને સંપૂર્ણરીતે કહે. **હું તો દૈવને જ બળવાન માનું છું. પુરુષાર્થ તો નિરર્થક છે,** કારણ કે વિનાશ કરનારા યુદ્ધના દોષોને હું જાણું છું. તો પણ કપટબુદ્ધિવાળા અને દુષ્ટ જુગાર ખેલનારા મારા પુત્રને કાબૂમાં રાખી શકતો નથી કે મારું પોતાનું હિત સાધી શકતો નથી. સૂત ! મારી બુદ્ધિ કાર્યના દોષોને જુએ છે ખરી, પરન્તુ દુર્યોધન મળે છે એટલે એ પુનઃ ફરી જાય છે ! એટલે સંજય ! વસ્તુસ્થિતિ આવી હોઈ જે નસીબમાં લખ્યું હશે તે થશે. રણમાં દેહત્યાગ કરવો એ તો ક્ષત્રિયોનો સન્માન્ય ધર્મ છે !' ( ૫–૧૫૬–૨ થી ૭ )

સંજયે જવાબ આપ્યો : ' મહારાજ ! તમે પ્રશ્ન પૂછ્યો તે બરાબર છે. પણ તમારે એનો દોષ દુર્યોધન ઉપર ઢોળી પાડવો જોઈએ નહિ. રાજાજી ! મારી વાત પૂરેપૂરી સાંભળી લો. જે મનુષ્ય પોતાનાં દુષ્કૃત્યોથી અશુભ ફળ મેળવે છે, તેણે દૈવનું કે કાળનું શરણું લેવું જોઈએ નહિ. જે માણસ મનુષ્યોમાં સર્વ પ્રકારનાં નિંદિત કાર્યો કરે છે, તે હલકાં કામનો કરનારો તો જગતના હાથે વધ પામવાલાયક છે. દ્યૂતમાં પાંડવોને કપટથી હરાવવામાં અને અપમાનિત કરવામાં આવ્યા, તો પણ તમારા સામું જોઈને એમણે અને એમના મન્ત્રીઓએ એ સહન કર્યું છે. હવે હાથી, ઘોડા અને અમાપ તેજસ્વી રાજાઓનો અને સર્વ જગતનો કચ્ચરઘાણ કાઢી નાખનારું યુદ્ધ આરંભાયું છે, તેના સંપૂર્ણ અહેવાલ સ્થિર થઈને સાંભળજો. એ સાંભળીને અસ્વસ્થ ન થશો, કારણ કે શુભ–અશુભ કર્મ કરવામાં પુરુષ કર્તા નથી પણ પુરુષ તો લાકડાના યન્ત્રની જેમ પરતન્ત્ર રહીને કાર્ય કરે છે. કેટલાક માને છે કે પ્રાણીઓ ઈશ્વરના આદેશ મુજબ વર્તે છે, કેટલાકના મતે યદચ્છાથી ( દૈવેચ્છાથી ) વર્તે છે અને બીજા કેટલાકની માન્યતા અનુસાર પૂર્વકર્મ પ્રમાણે વર્તે છે. આમ એ વિવિધ રીતે પિલાય છે ( અર્થાત્ હાથનાં કર્યાં હૈયે વાગ્યાં હોઈ દુષ્કૃત્યોનાં દુષ્પરિણામથી ખેદ કરશો નહિ ! )' ( ૫–૧૫૬–૮ થી ૧૫ ).

---

સર° એક જાણીતું સુભાષિત :

सर्वे यत्र प्रणेतारः सर्वे पंडितमानिनः ।

सर्वे महत्त्वमिच्छन्ति तद्वृंदं ह्याशु नश्यति ॥

જ્યાં સર્વે મોટા નેતા છે, જ્યાં સર્વ પોતાને ( બીજા કરતાં વધુ મોટો ) વિદ્વાન માને છે, અને જ્યાં સર્વે મહત્ત્વ ઇચ્છે છે, તે ( રાષ્ટ્ર, પક્ષ કે સંગઠન અથવા બીજું કંઈ હોય તે ) બહુ ઝડપથી નાશ પામે છે.

## (૨) બૈડાલવ્રતની કથા

[ જુઓ નોંધ ૧૩ (૨)]

પ્રહ્લાદે કહ્યું છે કે, 'જેનો ધર્મધ્વજ (બાહ્ય ચિહ્નો) સુરાધ્વજની જેમ ફરકતો હોય છે,[૩૨] અને પાપો ગુપ્ત હોય છે તે 'બૈડાલવ્રત' કહેવાય છે.' એમ પ્રસ્તાવના કરીને ઉલૂકે કથા કહી: 'એક દુષ્ટાત્મા બિલાડો ગંગાતીર(ની નજીક) તપ કરવા માંડ્યો, અને સૌ પ્રાણીઓને કહેવા લાગ્યો કે "હું ધર્માચરણ કરું છું". ધીરે ધીરે એ પક્ષીનું ભોજન કરનારા ઉપર પક્ષીઓને વિશ્વાસ બેઠો, અને તેઓ પણ તેનું સંન્માન કરવા લાગ્યાં. એમ ઘણો સમય વીત્યા પછી કેટલાક ઉંદરોએ તેને મામો બનીને બીજાં હિંસક પ્રાણીઓથી પોતાનું રક્ષણ કરવા વિનંતી કરી. બિલાડાએ, 'જો કે તપ કરવું અને રક્ષણ કરવું એ બન્ને એક સાથે બને એવાં નથી તો પણ તમારું હિત કરવા તમારું કહેવું માનવું જોઈએ', કહીને વિનંતી માન્ય કરી. પોતે તપથી નબળો પડી ગયો હોઈ ઉંદરોએ પોતાને (ધર્મકૃત્ય કરવા માટે સાચવીને) દરરોજ નદીના આરે લઈ જવાની શરત કરી. ભોળા ઉંદરોએ શરત માન્ય કરી. પરિણામે ઉંદરો ઘટવા માંડચા અને બિલાડો તો તગડો થઈ ગયો, એટલે ડિંડિક નામના ખૂબ બુદ્ધિશાળી ઉંદરે યુક્તિ કરી. બધા ઉંદરોને આગળ મોકલી તે એકલો જ બિલાડામામાની સાથે આવવા પાછળ રહ્યો, ઢોંગી બિલાડો એને ખાઈ ગયો. બિલાડો ખુલ્લો પડી ગયો. ઉંદરો નાસી ગયા અને બિલાડો પણ પોતાને રસ્તે પડચો!'

દૃષ્ટાન્ત પૂરું કરીને ઉલૂકે યુધિષ્ઠિરને એ ધર્મઢોંગી બિલાડા જોડે સરખાવ્યા (જુઓ ઉદ્યોગ. ક્ષેપક પરિશિષ્ટ ૧-૯).

[આ કથાનક સાથે સર° (૧) જાતક ૧૨૮, 'બિળારવત જાતક'. 'જાતક'માં બિલાડાને બદલે શિયાળ છે! તે શીર્ષક જોતાં બરાબર નથી. (૨) 'પંચતંત્ર'ના ત્રીજા તંત્ર 'કાકોલૂકીય'માં આવતી 'સસલા અને ચકલાનો ન્યાય કરનાર બિલાડા'ની ત્રીજી વાર્તા.]

ઉલૂક દૂત સાથે મોકલેલા સંદેશા અંગેનાં ક્ષેપકોમાં દુર્યોધને પાંડવોને ઉદ્દેશીને ખૂબ ગાળાગાળી કરી છે; અને પાંડવોએ તેનો તેવો જ કડક જવાબ આપ્યો છે. તે માટે જુઓ ઉદ્યોગ. ક્ષેપક પરિશિષ્ટ ૧-૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩.

---

૩૨ પ્રાચીન ભારતમાં કેટલાક પ્રદેશોમાં દારૂનાં પીઠાં ઉપર જાહેરાત માટે ધ્વજ ફરકાવવામાં આવતો (જુઓ 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત', ડૉ. ભોગીલાલ સાંડેસરા, પૃ. ૧૩૪, ૧૩૬. મૂળ સંદર્ભો 'નિશીથચૂર્ણિ', ભાષ્ય ગાથા ૧૧૪૭ ઉપર, ભાગ ૨, પૃ. ૨૫૭; બૃહત્કલ્પસૂત્ર—ક્ષેમકીર્તિની વૃત્તિ ભાગ ૩, પૃ. ૯૨૧). આ ધ્વજ તે મહાભારતમાં નિર્દેશાયેલો સુરાધ્વજ છે એ સ્પષ્ટ છે.

# ચાર્વાકદર્શન

**હરિપ્રસાદ શાસ્ત્રી**

ભારતમાં વેદકાલ દરમ્યાન અને એ પછી તત્ત્વચિંતનની જે વિચારધારાઓ વિકસી, તેમાં મોટે ભાગે દેહથી ભિન્ન આત્મા, મૃત્યુ પછી ય રહેતી આત્માની હસ્તી, જગતના સર્જક તથા નિયંતા તરીકે જગદ્વ્યાપી તેમ જ જગતથી પર એવું નિર્ગુણ નિરાકાર બ્રહ્મ, આત્માએ પુનર્જન્મની ઘટમાળમાંથી મુક્તિ મેળવવા માટે જ્ઞાન, કર્મ, યોગ, ભક્તિ દ્વારા કરવાનો બ્રહ્મ–સાક્ષાત્કાર ઇત્યાદિ માન્યતાઓ પ્રવર્તતી. આ મતોના પ્રતિપાદન માટે પ્રત્યક્ષ ઉપરાંત અનુમાન અને શબ્દ (આપ્તજન વાક્ય) જેવાં પરોક્ષ પ્રમાણોનો ય આધાર લેવામાં આવતો. વૈદિક મતોમાં શબ્દપ્રમાણ વેદોનાં વિધાનોમાં રહેલું મનાતું.

પરંતુ સમાજમાં કેટલાક ચિંતક એવા યે થતા કે જે વેદોનું પ્રમાણ ન સ્વીકારે અને સ્વતંત્ર ચિંતન દ્વારા પોતાને કંઈ જુદું સત્ય લાગે તો તે રજૂ કરે. ઉપનિષદ કાલમાં પણ આવા મત પ્રચલિત હતા. મૃત્યુની પછી આત્મા હસ્તી ધરાવે છે એ વિશે કેટલાક લોક સંદેહ ધરાવતા એવો કઠ ઉપનિષદ(૧, ૧, ૨૦)માં ઉલ્લેખ છે તેમ જ મરણ પછી સંજ્ઞા (ચૈતન્ય) રહેતી નથી એવું કેટલાક માનતા એવો નિર્દેશ બૃહદારણ્યક ઉપનિષદ(૪, ૫, ૧૩)માં છે. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના સમયમાં વૈદિક દર્શન સિવાયનાં કેટલાંક દર્શન પ્રચલિત હતાં, એવા ઉલ્લેખ બૌદ્ધ અને જૈન સાહિત્યમાં મળે છે. એમાં કેટલાંક અક્રિયાવાદી હતા. તેઓ માનતા કે શુભ કે અશુભ—કોઈ ક્રિયાનું ફળ કરનારને ભોગવવું પડતું નથી. પૂર્ણ કાશ્યપ આ મતના હિમાયતી હતા. અજિત કેશકમ્બલ ઉચ્છેદવાદની હિમાયત કરતા. આ વાદ પ્રમાણે મૃત્યુ પછી સર્વનો ઉચ્છેદ (નાશ) થઈ જાય છે; શરીર ભસ્મીભૂત થઈ જતાં આત્મા જેવું કંઈ હયાત રહેતું નથી. એવી રીતે યદચ્છાવાદ અને સ્વભાવવાદ પણ પ્રચલિત થયા હતા. યદચ્છાવાદ અનુસાર જગતની ઘટનાઓ કશા નિમિત્ત વિના, કેવળ યદચ્છાથી થતી હોય છે. આથી એને અનિમિત્તવાદ પણ કહે છે. સ્વભાવવાદ કાર્યકારણના નિયમને સ્વીકારે છે, પરંતુ પદાર્થમાં જે ફેરફારો થાય છે તે પદાર્થના સ્વભાવને લઈને જ થાય છે એવું માને છે. જગતના તંત્ર પર કોઈ અલૌકિક શક્તિ કે તત્ત્વનું નિયમન રહેતું નથી એવું આ બંને વાદ માને છે. આ બંને વાદોનો નિર્દેશ શ્વેતાશ્વતર ઉપનિષદમાં તેમ જ ત્યાર પછીના ગ્રન્થોમાં થયો છે. નિરુક્ત વેદાંગના નિરૂપક યાસ્કાચાર્યના પુરોગામી કૌત્સે વેદનાં વચનોના કશા અર્થ જ થતા નથી અથવા થતા હોય તો તે એકબીજાથી ઊલટા છે એવો મત રજૂ કરેલો. કલ્પસૂત્રો અવારનવાર 'નાસ્તિકો'નો નિંદાપૂર્વક નિર્દેશ કરે છે. મહાભારતમાં દાસીપુત્ર વિદુરે તેમ જ અજગર જેવા બ્રાહ્મણે આ પ્રકારના સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું છે. મહાભારતમાં આ મત અવારનવાર દેખા દે છે, પરંતુ એના મુદ્દા મિશ્ર અને વિકૃત રીતે રજૂ થયેલા છે. તેમાં ભગવદ્ગીતામાં પણ આ મતના અનુયાયીઓનો ઉલ્લેખ થયો છે. તેમાં તેઓને સર્વ જગતને અસત્ય, અપ્રતિષ્ઠ (અનાધાર),

અનીશ્વર, અ-પરસ્પર–સંભૂત અને કેવળ કામહેતુક માનતા, દુષ્પૂર કામમાં મચ્યાપચ્યા રહેનારા અને અજ્ઞાનથી મોહિત થયેલા વર્ણવ્યા છે (૧૬, ૮-૧૮). આવા મતના અનુયાયીઓને આસ્તિક મતના પ્રવર્તકો આસુરી પ્રકૃતિના ગણાવી તેમની ગમે તેટલી નિંદા કરે તો પણ સમાજમાં તેના અનુયાયીઓ તો રહેવાના જ.

વૈદિક મતોનો વિરોધ કરી એનાથી જુદો કે ઊલટો મત ધરાવનાર સંપ્રદાયોમાં ચાર્વાક કે લોકાયત સંપ્રદાય સુપ્રસિદ્ધ છે. જેમ વૈદિક મતો કેવળ આસ્થા પર અવલંબિત નહોતા, તેમ આ મત કેવળ અનાસ્થા પર આધારિત નહોતો. પેલા મતોની જેમ આ મતનું પ્રતિપાદન પણ પ્રમાણયુક્ત ચિંતન તથા નિરૂપણ દ્વારા કરવામાં આવેલું છે. આથી પ્રાચીન કાલમાં આ મતને જાણવા જેવા દાર્શનિક મતોમાં સ્થાન પ્રાપ્ત થયું હતું. અંગુત્તરનિકાય(૧, ૧૬૩)માં જણાવ્યા મુજબ બ્રાહ્મણો રીતસર લોકાયતનો પણ અભ્યાસ કરતા. કૌટિલ્યે 'અર્થશાસ્ત્ર' (૧, ૨)માં લોકાયતને આન્વીક્ષકીમાં સાંખ્ય અને યોગની સાથે સ્થાન આપ્યું છે. 'શુક્રનીતિ'માં નાસ્તિક-શાસ્ત્ર તર્ક અને દલીલોમાં ખૂબ સંગીન હોવાનું જણાવ્યું છે. હરિભદ્રસૂરિકૃત 'ષડ્દર્શન સમ્મુચય'માં તથા શંકરાચાર્ય-કૃત 'સર્વસિદ્ધાન્તસંગ્રહ'માં લોકાયત મતનો ટૂંક પરિચય આપવામાં આવ્યો છે. માધવ-કૃત 'સર્વદર્શનસંગ્રહ'માં ચાર્વાકદર્શનના સિદ્ધાન્તોની વિગતે છણાવટ કરવામાં આવી છે.

દુર્ભાગ્યે ચાર્વાકદર્શનના ઘણાખરા ગ્રન્થ કાળબલે લુપ્ત થઈ ગયા છે, પરંતુ પછીના કેટલાક દર્શનગ્રન્થોમાં આવતા ઉલ્લેખો પરથી સ્પષ્ટતઃ જાણવા મળે છે કે આ દર્શનનું પ્રતિપાદન કરતો એક સૂત્રગ્રન્થ હતો ને એ બૃહસ્પતિએ રચેલો મનાતો. બ્રહ્મસૂત્ર પરના ભાસ્કર–ભાષ્યમાં તથા શાંકર–ભાષ્યમાં, ભગવદ્ગીતા પરની નીલકંઠી, શ્રીધરી અને મધુસૂદની ટીકાઓમાં, કમલશીલ, જયન્ત, ગુણરત્ન વગેરેની ટીકાઓમાં, તેમ જ 'તત્ત્વોપપ્લવસિંહ' તથા 'અદ્વૈત–બ્રહ્મસિદ્ધિ'માં બૃહસ્પતિ-કૃત સૂત્રગ્રન્થમાંનાં અમુક સૂત્ર ઉદાહૃત કરવામાં આવ્યાં છે, જેમકે अथातस्तत्वं व्याख्यास्यामः, पृथिव्यपूतेजोवायुरिति तत्त्वानि।, किण्वादिभ्यो मदशक्तिवत् विज्ञानम्।, चैतन्यविशिष्टः कायः पुरुषः।, मरणमेवापवर्गः। ભાસ–કૃત 'પ્રતિમા' નાટકમાં બાર્હસ્પત્ય 'અર્થશાસ્ત્ર'નો ઉલ્લેખ આવે છે ને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં બાર્હસ્પત્યોના મતનો નિર્દેશ કરેલો છે. ચાર્વાક દર્શનમાં અર્થ અને કામ એ બે પુરુષાર્થોનું જ સ્થાન રહેલું હોઈ અર્થશાસ્ત્રના કર્તા બૃહસ્પતિ અને ચાર્વાકદર્શનના સૂત્રગ્રન્થના કરતા બૃહસ્પતિ એક હોય તો નવાઈ નહિ. 'સર્વાર્થસિદ્ધિ-–તત્ત્વમુક્તાકલાપ'(પૃ. ૮૫)માં જણાવ્યા મુજબ આ સૂત્રગ્રંથ પર ભાષ્ય પણ લખાયું હતું.

બૃહસ્પતિએ આ દર્શનનો પ્રથમ ઉપદેશ ચાર્વાક નામે શિષ્યને આપ્યો ને ચાર્વાકાચાર્યે આ શાસ્ત્રનો પોતાના શિષ્યો દ્વારા વ્યાપક પ્રચાર કર્યો એવી અનુશ્રુતિ છે. દા. ત. પ્રબોધચંદ્રોદય' નાટકમાં ચાર્વાકનો પરિચય એ રીતે આપેલો છે. બૃહસ્પતિએ પ્રવર્તાવેલા લોકાયત મતના પ્રખર પ્રચારક ચાર્વાક ગણાતા હોઈ, બૃહસ્પતિ–સૂત્રો પરનું ભાષ્ય ચાર્વાકે લખ્યું હોવા સંભવે. ચાર્વાક-દર્શનના સાહિત્યમાં આ ઉપરાંત કોઈ પદ્યાત્મક ગ્રંથ પણ હતો એવું 'સર્વદર્શનસંગ્રહ'માં આપેલાં શ્લોકબદ્ધ અવતરણો પરથી માલૂમ પડે છે.

'ન્યાયમંજરી'માં ચાર્વાકોની ધૂર્ત અને સુશિક્ષિત એવી બે શાખાઓનો ઉલ્લેખ આવે

છે. એથી આ દર્શન વિશે બીજા પણ કેટલાક ગ્રન્થ લખાયા હોવા જોઈએ, પરંતુ એ બધા મૂલગ્રન્થ કાળબલે લુપ્ત થઈ ગયા છે. અપવાદરૂપે પાટણના સંઘવીના પાડાના ભંડારમાં 'તત્ત્વોપપ્લવસિંહ' નામે એક ગ્રન્થની હસ્તલિખિત તાડપ્રત જળવાઈ છે, જેના પરથી પં. સુખલાલ સંઘવી તથા પ્રો. રસિકલાલ છો. પરીખે સંપાદિત કરેલો એ ગ્રન્થ ૧૯૪૦માં વડોદરાની 'ગાયકવાડ ઓરિએન્ટલ સીરિઝ'માં પ્રકાશિત થયો છે. આ ગ્રન્થ જયરાશિ ભટ્ટે ૮મી સદીમાં લખેલો છે. આ ગ્રન્થ લોકાયત દર્શનના પ્રસિદ્ધ મતથી ભિન્ન એવા અમુક નિતાન્ત મતનું પ્રતિપાદન કરતો હોઈ ચાર્વાક મતની ઉદ્દામવાદી શાખાનો ગ્રન્થ હોવાનું માલૂમ પડે છે. આ ગ્રન્થમાં દર્શાવેલ મુદ્દાઓનો ઉલ્લેખ અનન્તવીર્ય, વિદ્યાનન્દી મલ્લિષેણસૂરિ, ચન્દ્રપ્રભસૂરિ અને અભયદેવસૂરિ જેવા વિદ્વાનોના ગ્રન્થોમાં થયેલો છે. આમ લોકાયત દર્શનના મૂલ ગ્રન્થ લુપ્ત થઈ ગયા છે, ત્યારે તેમાં અપવાદરૂપે આ એક ગ્રન્થ જળવાઈ રહ્યો છે ને તે પણ તે મતની એક અમુક શાખાનો.

આ પરિસ્થિતિમાં લોકાયત મતના નિરૂપણ માટે આપણે ખાસ કરીને ઇતર દર્શનોના ગ્રન્થોમાં આવતા ઉલ્લેખો પર આધાર રાખવો પડે છે.

હરિભદ્રસૂરિ-કૃત 'ષડ્દર્શનસમુચ્ચય'માં તેમ જ શંકરાચાર્ય-કૃત 'સર્વસિદ્ધાન્તસંગ્રહ'માં આ મતનો જે પરિચય આપવામાં આવ્યો છે તે ઘણો સંક્ષિપ્ત અને ક્ષુલ્લક છે. 'સર્વદર્શન સંગ્રહ'માં આપેલો પરિચય તેની સરખામણીમાં કંઈક વિગતવાર અને પદ્ધતિસર છે ને એમાં ટાંકેલા શ્લોક કોઈ પદ્યાત્મક મૂલગ્રન્થમાંથી લીધેલા લાગે છે. છતાં આ સંગ્રહાત્મક ગ્રન્થોમાંથી મળતો પરિચય ઘણો આછો અને ઓછો છે. ન્યાય, વૈશેષિક, વેદાન્ત આદિ ઇતર દર્શનોના દાર્શનિક ગ્રન્થોમાં લોકાયત મતના અમુક મુદ્દાઓની ચર્ચા થયેલી છે, પરંતુ તે સ્પષ્ટતઃ પૂર્વપક્ષરૂપે ખંડન માટે થયેલી હોઈ તેમાં તો તેના નિર્બળ અંશો પર વધારે ભાર દેવામાં આવ્યો હોય છે. 'મહાભારત' અને 'રામાયણ' ઉપરાંત 'નૈષધચરિત' મહાકાવ્ય અને 'પ્રબોધચન્દ્રોદય' નાટક જેવા લલિત સાહિત્યના ગ્રન્થોમાં તો આ મતને વિકૃત અને ઉપહાસપાત્ર રીતે રજૂ કર્યો હોય છે.

આ મતને સામાન્યતઃ 'ચાર્વાક' તથા 'લોકાયત' નામે ઓળખવામાં આવે છે. હરિભદ્રસૂરિએ એનો ઉલ્લેખ ખાસ કરીને 'લોકાયત મત' તરીકે કર્યો છે ને તેના અનુયાયીઓ માટે 'ચાર્વાકો' શબ્દ પ્રયોજ્યો છે. કવચિત્ 'ચાર્વાક મત' અને 'લોકાયતો' એવા પર્યાયવાચક શબ્દપ્રયોગ પણ જોવા મળે છે. 'સર્વસિદ્ધાન્તસંગ્રહ'માં એનો પરિચય 'લોકાયતિક પક્ષ' તરીકે આપવામાં આવ્યો છે. 'સર્વદર્શનસંગ્રહ'માં એને સામાન્યતઃ 'ચાર્વાક મત' તથા 'ચાર્વાકદર્શન' તરીકે ઓળખાવવામાં આવ્યો છે; ને એક જગ્યાએ ચાર્વાક મતનું 'લોકાયત' એવું બીજું નામ હોવાનું જણાવ્યું છે. આમ આ મત માટે 'ચાર્વાક' તથા 'લોકાયત' એ બંને નામ પ્રચલિત હતા.

આ બંને નામોના અર્થની બાબતમાં જાત જાતના તર્ક કરવામાં આવ્યા છે. એમાં કેટલાક 'ચાર્વાક'ને એ મતના મુખ્ય પ્રતિપાદકનું વિશેષનામ માને છે; ને એ વ્યક્તિના નામ પરથી એમના અનુયાયીઓ પણ 'ચાર્વાકો' કહેવાયા હોવાનું ગણે છે; પરંતુ બીજા કેટલાક આ નામને ગુણવાચક માને છે ને એના બીજા અર્થ ઘટાવે છે. 'ષડ્દર્શનસમુચ્ચય' પરની ટીકામાં ગુણરત્ન આ શબ્દને चर्व् ધાતુમાંથી ઘટાવે છે ને પુણ્યપાપ આદિ પરોક્ષ વસ્તુજાતને ચાવી જતા હોવાથી અર્થાત્ એને ગળી જતા એટલે કે એની ઉપેક્ષા કરતા હોવાથી લોકાયત મતના અનુયાયીઓ

'ચાર્વાક' કહેવાયા એમ સમજાવે છે. આ મતના સિદ્ધાન્તોના નિરૂપણમાં पिब खाद च० (પી અને ખા૦) એવો શ્લોક આવે છે. એ પરથી અહીં चर्व् (ચાવવું)નો સ્થૂલ અર્થ પણ બંધ બેસે એવું ય સૂચવવામાં આવ્યું છે. શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રી વળી 'ચાર્વાક' શબ્દની વ્યુત્પત્તિ 'ચારુવાક્'માંથી ઘટાવીને ઐહિક સુખપ્રાપ્તિને લગતી સુંદર વાણીથી લોકોને મોહાવતા તેથી તેઓ 'ચાર્વાક' કહેવાયા એવું સૂચવે છે. આ બધામાં 'ચાર્વાક' એ મૂળમાં વ્યક્તિનામ હોવાનો ને એના પરથી એ એમના અનુયાયીઓ માટે પણ પ્રયોજાયું હોવાનો મત સહુથી વધુ સંભવિત છે.

એવી રીતે 'લોકાયત' શબ્દ પણ અનેક રીતે સમજાવવામાં આવ્યો છે. અર્થ અને કામને જ પુરુષાર્થ માની ધર્મ અને મોક્ષની ઉપેક્ષા કરી કેવળ સ્થૂલ સુખની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત રહેવું એ સર્વસામાન્ય લોકોની વૃત્તિ હોય છે ને ચાર્વાકમત આ વૃત્તિનું સમર્થન કરતો હોઈ લોકમાં આયત્ એટલે પ્રસૃત છે અર્થાત્ લોકોમાં સ્વાભાવિક અને વ્યાપક રીતે પ્રચલિત છે, તેથી તે મત 'લોકાયત' નામે ઓળખાયો લાગે છે. લોકકલા અને લોકવિદ્યાની જેમ એને લોકધર્મ જેવો ગણી શકાય, કેમ કે એમાં પ્રત્યક્ષ પ્રમાણથી જ્ઞેય એવા આ લોક અને એમાં રહેલા દેહ–જીવનથી પર કંઈ ન હોવાનું માનીને ઐહિક જીવનના સુખને જ સાધ્ય ગણવામાં આવે છે. ગમેતેમ, આ દર્શન મતના લક્ષણ પરથી 'લોકાયત' નામે અને મતપ્રવર્તકના નામ પરથી 'ચાર્વાક' નામે ઓળખાયો જણાય છે. કાપિલ-સાંખ્ય, પાતંજલ-યોગ, ગૌતમ-ન્યાય, કાણાદ-વૈશેષિક, જૈમિનીય-મીમાંસાની જેમ આ મત ચાર્વાક-લોકાયત એવાં બે નામે ઓળખાય એ સ્વાભાવિક છે. પરંતુ અહીં નોંધવું જોઈએ કે આ મતના મૂળ પ્રવર્તક બૃહસ્પતિ હોઈ એ પહેલાં 'બાર્હસ્પત્ય મત' તરીકે ઓળખાતો ને આગળ જતાં ચાર્વાક દ્વારા સવિશેષ પ્રચલિત થયો હોઈ 'ચાર્વાક મત' તરીકે પ્રસિદ્ધ થયો. સામાન્ય જનોમાં હાલ એ 'ચાર્વાક મત' કે 'નાસ્તિક મત' તરીકે જાણીતો છે.

ભારતીય દર્શનો સામાન્યતઃ પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ જેવાં પ્રમાણો પર આધાર રાખે છે. લોકાયત દર્શનમાં એ પૈકી કેવલ પ્રત્યક્ષ પ્રમાણને જ પ્રમાણ (યથાર્થ જ્ઞાનનું સાધન) માનવામાં આવે છે. જે ઇન્દ્રિયો દ્વારા જ્ઞાત થાય છે તે જ સત્ (હસ્તી ધરાવતું) છે, બાકીનું બધું અસત્ છે, કેવલ કલ્પિત છે. ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસના અને સ્પર્શની પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે સ્થાવર-જંગમ પદાર્થોનું સીધું જ્ઞાન થાય છે તે જ હસ્તી ધરાવે છે.

લોકાયત દર્શનમાં અનુમાન અને શબ્દ જેવાં ઇતર પ્રમાણોનો સ્વીકાર કરવામાં આવતો નથી. ઇતર દર્શનોમાં જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ હોય તે વ્યાપ્તિના આધારે ધૂમવાળા પર્વતની અંદર અગ્નિ હોવાનું, એ અગ્નિ પ્રત્યક્ષ દેખાતો ન હોવા છતાં, તારવી શકાય તેવા અનુમાન પ્રમાણને માન્ય કરવામાં આવે છે, પરંતુ લોકાયતિકો અનુમાનના પાયારૂપ વ્યાપ્તિની યથાર્થતા વિશે શંકા ધરાવે છે, કેમકે એમાં અપેક્ષિત નિયત સાહચર્ય કે અવિનાભાવની ખાતરી કરવી મુશ્કેલ છે. વ્યાપ્તિનો ય આધાર તો પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા જાણેલી હકીકતો પર રહેલો છે ને પ્રત્યક્ષ જ્ઞાન તો અમુક એક સ્થળમાં રહેલા પદાર્થનું જ થઈ શકે. ધારો કે એક વ્યાપ્તિમાં સમાનારાં સર્વ વર્તમાન દૃષ્ટાંતોનું જ્ઞાન પ્રત્યક્ષ દ્વારા થઈ શકે, તો યે તેને લગતાં ભૂતકાળનાં તથા ભવિષ્યનાં દૃષ્ટાંતો વિશે તેમ થઈ શકે નહિ. આથી જે દૃષ્ટાંતો વિશે તપાસ કરવામાં આવી ન હોય, તે ને પણ એ વ્યાપ્તિ લાગુ પડે જ એવું ખાતરીપૂર્વક કહી શકાય નહિ. આથી ચોક્કસ અનુમાન તારવવા માટે વ્યાપ્તિ પર આધાર રાખી શકાય નહિ.

ધારો કે વ્યાપ્તિ વિશેષો (વ્યક્તિગત પદાર્થો) વચ્ચે નહિ પણ સામાન્યો (જાતિગત લક્ષણો) વચ્ચે રહેલી છે, તો પણ તે પરથી બે વિશેષો વચ્ચે તેવો નિયત સંબંધ હોય જ એવું અનુમાન કરી ન શકાય. અનુમાન લોકવ્યવહારમાં ઉપયોગી ગણાય છે, ત્યાં પણ તે નિયત સાહચર્ય નહિ પણ સંભાવના જ દર્શાવે છે. સંભાવના કેટલીક વાર ખરી પડે ને કેટલીક વાર ન પણ પડે.

પરંતુ અમુક પદાર્થો અને અમુક ગુણો વચ્ચે નિયત સાહચર્ય રહેલું હોય છે, તેનું શું? દા. ત. અગ્નિ ઉષ્ણ છે, જળ શીત છે અને અનિલ સમસ્પર્શ છે. લોકાયતિકો કહે છે, કે એ સાહચર્ય તો તે પદાર્થોના સ્વભાવને લઈને છે. મોર રંગબેરંગી છે ને કોકિલ મધુર કૂજન કરે છે એમાં સ્વભાવ સિવાય બીજું કોઈ કારણ નથી. પરંતુ સ્વભાવ પરથી ય વ્યાપ્તિ બાંધી શકાય નહિ, કેમકે અગાઉ જાણવામાં આવેલું નિયત સાહચર્ય હવે પછી હંમેશાં નિયત જ રહેશે તેની શી ખાતરી?

આમ લોકાયત દર્શન સ્વભાવ-વાદમાં માને છે. આથી તેમાં કાર્યકારણવાદ માન્ય નથી. કાર્યની ઉત્પત્તિસમયે અનેક સાધક ઉપાધિઓ હસ્તી ધરાવે છે. જેમાં કેટલીક વ્યક્ત રહે છે ને કેટલીક અવ્યક્ત. એ સર્વ વ્યક્ત–અવ્યક્ત ઉપાધિઓના પરિપૂર્ણ જ્ઞાન વિના કાર્યકારણનું યથાતથ જ્ઞાન થઈ શકે નહિ. આથી કાર્યકારણવાદને બદલે સ્વભાવવાદ જ સ્વીકાર્ય છે.

અનુમાનના અપ્રામાણ્ય વિશેના આ તર્કમાં લોકાયતિકો વ્યાપ્તિ-અવ્યાપ્તિ આદિ પર અવલંબતા અનુમાનનો જ આધાર લે છે ને! આવી રમૂજી ટીકા એમના આ વલણ વિશે કરવામાં આવી છે.

હવે શબ્દપ્રમાણની વાત કરીએ. શબ્દ એટલે આપ્ત વાક્ય; અને આપ્ત એટલે યથાર્થ વક્તા. ભારતીય દર્શનો સામાન્યતઃ વેદો, આગમો કે ત્રિપિટકોનાં તેમ જ ઋષિઓ જિનો, કે બુદ્ધોનાં વચનોની યથાર્થતા સ્વીકારી તેનું પ્રમાણ માને છે, પરંતુ લોકાયતિકો આ પ્રમાણનો પણ અસ્વીકાર કરે છે. આપ્ત વાક્યથી જે પ્રત્યક્ષ પદાર્થોનું જ્ઞાન થાય છે, તે પ્રત્યક્ષ પ્રમાણમાં સમાતું હોઈ તેને માટે અલગ પ્રમાણ માનવાની જરૂર નથી. આપ્તને આધાર રાખવા લાયક માની એના વાક્યને સ્વીકાર્ય ગણવું એ તર્ક અનુમાન પર આધાર રાખતો હોઈ સ્વીકાર્ય ન ગણાય. આપ્ત વાક્ય પણ કેટલીક વાર આધાર રાખવા લાયક હોય ને કેટલીક વાર ન પણ હોય. વેદ જેવા ગ્રંથ પણ આપ્ત ન ગણાય, કેમ કે એમાં પરસ્પર વિરોધ, અનર્થક શબ્દોનો પ્રયોગ અને અપ્રત્યક્ષ પદાર્થોની કલ્પના રહેલી છે. जर्भरी तुर्फरी એવા અપ્રસિદ્ધ શબ્દોના પ્રયોગ કરનાર ધૂર્ત ગણાય. (ઋગ્વેદ સંહિતાના મંડલ ૧૦ના સૂક્ત ૧૦૬માં અશ્વિનદેવોની સ્તુતિ છે, તેની છઠ્ઠી ઋચામાં सृण्येव जर्भरी तुर्फरीतू नैतोशेव तुर्फरी पर्फरीका। એવી પંક્તિ આવે છે.) અશ્વમેધ યજ્ઞમાં યજમાનપત્નીએ અશ્વનું શિશ્ન પકડવું એવું વિહિત કરનાર ભંડ ગણાય; ને યજ્ઞમાં માંસભક્ષણ કરવું તેવું વિધાન નિશાચરનું ગણાય. આવાં દૃષ્ટાંતો આપી લોકાયતિકો વેદના રચનાર ઋષિઓને ધૂર્ત, ભંડ અને નિશાચર ગણાવે છે; ને વેદવચનોમાં તો દર્ભ, ક્ષુર, પાષાણ આદિ અચેતન પદાર્થોને ચેતનની જેમ સંબોધતાં વચનોમાં રહેલી અસંભવિતતા, અસત્યતા, કેટલાંક વિધાનોમાં રહેલો પરસ્પર વ્યાઘાત (વિરોધ) અને કેટલાંક વાક્યોમાં રહેલી પુનરુક્તિના દોષ રહેલા છે. વળી કર્મકાંડનું પ્રામાણ્ય માનનારા જ્ઞાનકાંડનું અપ્રામાણ્ય બતાવે છે ને જ્ઞાનકાંડનું પ્રામાણ્ય માનનારા કર્મકાંડનું અપ્રામાણ્ય દર્શાવે

છે એમ એમાં પરસ્પર વિવાદ રહેલો છે. આથી એ કેવળ ધૂર્તોના પ્રલાપ છે ને અગ્નિહોત્રાદિની પાછળ માત્ર જીવિકાનું જ પ્રયોજન રહેલું છે એમ લોકાયતિકો રજૂ કરે છે. આ રીતે તેઓ વેદના શબ્દપ્રમાણને પણ અસ્વીકાર્ય ઠરાવે છે.

આમ પ્રત્યક્ષ પ્રમાણ એ એક જ પ્રમાણ (યથાર્થ જ્ઞાનનું સાધન) છે, તો પ્રત્યક્ષ પ્રમાણથી જાણી શકાય છે તે જ સત્ છે, બીજું બધું અસત્ છે. પ્રત્યક્ષ પ્રમાણથી જ્ઞેય તો માત્ર ભૌતિક જગત છે. એ જગત સામાન્યતઃ પૃથ્વી, અપ, (જલ), તેજ વાયુ અને આકાશ એ પંચ તત્ત્વનું બનેલું ગણાય છે. એમાં વાયુ, તેજ, જલ અને પૃથ્વી સ્પર્શ, ચક્ષુ, રસના અને ઘ્રાણની જ્ઞાનેન્દ્રિયો દ્વારા હોય છે, જ્યારે આકાશ એ શૂન્ય રૂપે હોઈ માત્ર અનુમેય છે, કોઈ સત્ પદાર્થ નથી. આથી લોકાયતિકો એ સિવાયનાં ચાર તત્ત્વોને જ સ્વીકારે છે. અચેતન પદાર્થો જ નહિ, ચેતન પદાર્થો (વનસ્પતિ, પંખીઓ, પશુઓ, મનુષ્યો વગેરે) પણ એ ચાર તત્ત્વોના જ બનેલા છે. પરંતુ ચેતન પદાર્થોમાં એથી વિશેષ કંઈ નથી ? ચૈતન્ય છે ખરું, પરંતુ તે દેહમાં જ રહેલું હોઈ દેહનો ધર્મ છે, કોઈ અપ્રત્યક્ષ અભૌતિક તત્ત્વનો નહિ. ચૈતન્યવિશિષ્ટ દેહ જ આત્મા છે, દેહથી ભિન્ન આત્મા જેવું કંઈ છે નહિ. ધૂર્ત ચાર્વાકો તથા પ્રગલ્ભ ચાર્વાકો દેહથી ભિન્ન આત્માનો સ્વીકાર કરતા નથી, જ્યારે સુશિક્ષિત ચાર્વાકો (આ ભેદ અને એનાં નામ ૯મી સદીની જયંત ભટ્ટ કૃત 'ન્યાયમંજરી'માં જણાવેલ છે) જીવનના અનુભવોના દ્રષ્ટા અને ભોક્તા તરીકે દેહની અંદર રહેલા આત્મારૂપી તત્ત્વને સ્વીકારે છે, પરંતુ દેહથી અલગ આત્મા જેવું કોઈ તત્ત્વ હોવાનુ સ્વીકારતા નથી. એવું તત્ત્વ હોત, તો જેમ શૈશવના અનુભવ યૌવનમાં કે યૌવનના અનુભવ વૃદ્ધાવસ્થામાં યાદ રહે છે તેમ પૂર્વભવોના અનુભવ પુનર્ભવમાં યાદ રહેતા હોત. આમ ચૈતન્ય દેહનો ધર્મ છે; દેહથી વ્યતિરિક્ત આત્મા જેવું કંઈ છે નહિ.

હું સ્થૂલ છું, હું કૃશ છું, હું કૃષ્ણ (શ્યામ) છું, હું તરુણ છું, હું વૃદ્ધ છું એવું વ્યવહારમાં વારંવાર બોલાય છે, તે પણ દેહ અને આત્મા વચ્ચે રહેલું સમાનાધિકરણત્વ દર્શાવે છે. કોઈ કહે, એમ તો આપણે 'મારું શરીર' એવો શબ્દપ્રયોગ પણ કરીએ છીએ; ને એમાં દેહ અને દેહીની ભિન્નતા સ્પષ્ટ છે, તો લોકાયતિકો કહે છે એવા શબ્દપ્રયોગ તો ઔપચારિક છે, વાસ્તવિક નથી. એમ તો 'રાહુનું શિર' એવો શબ્દપ્રયોગ થાય છે, પરંતુ આપણે જાણીએ છીએ કે હું માત્ર શિર-રૂપે જ હોઈ 'રાહુ શિર' કહેવું જોઈએ; છતાં જેમ 'રાહુનું શિર' એવો ઔપચારિક શબ્દપ્રયોગ કરવામાં આવે છે, તેમ 'મારું શરીર' એ પણ એવો ઔપચારિક શબ્દપ્રયોગ છે, વાસ્તવિક નહિ.

પરંતુ પૃથ્વી આદિ ચાર તત્ત્વોમાંના કોઈ તત્ત્વમાં ચૈતન્ય રહેલું નથી, તો દેહમાં એ ક્યાંથી આવે છે ? બ્રાહ્મીઘૃતના ઉપયોગથી કુમારના દેહમાં પ્રજ્ઞાની પટુતા ઉદ્ભવે છે એટલું જ નહિ, વર્ષાકાલમાં દહીમાં તરત નાના નાના જીવ હાલતાચાલતા દેખાય છે. આ રીતે ચૈતન્યનો ઉદ્ભવ ભૌતિક તત્ત્વોના બનેલા દેહમાં થઈ શકે છે.

પણ એ ઉદ્ભવ થાય છે કેવી રીતે ? દેહમાં ચૈતન્ય મૂકે છે કોણ ? ઘટના સર્જન માટે મૃત્તિકા જેવા ઉપાદાનકારણ ઉપરાંત કુંભકાર જેવું નિમિત્તકારણ હોય છે, તેમ જગતના કે વ્યક્તિના સર્જન માટે પૃથ્વી આદિ ચાર ભૌતિક તત્ત્વો ઉપરાંત કોઈ ચેતન તત્ત્વ હોવું જોઈએ

ને? લોકાયતિકો કહે છે, એ અનુમાન અહીં અસ્થાને છે, કેમકે ભૌતિક તત્ત્વો પોતાના અન્તર્ગત સ્વભાવ વડે જ સંયોજિત થાય છે ને પાછાં છૂટાં પડે છે. એવી રીતે વ્યક્તિનો ઉદ્ભવ પણ એ ભૌતિક તત્ત્વોના સંયોજન વડે થાય છે ને એ સંયોજન એ તત્ત્વોના સ્વભાવ વડે થાય છે. જેમ તાંબુલ, સોપારી અને ચૂનાના સંયોગથી લાલ રંગ ઉદ્ભવે છે, જેમ ગોળ વગેરે દ્રવ્યો ભેગાં થાય તો તેમાં માદકતા ઉદ્ભવે છે, તેમ પૃથ્વી આદિ તત્ત્વોના સંયોજનથી ચૈતન્ય ઉદ્ભવે છે. આથી જગતના સર્જન કે લય માટે ઈશ્વર નામે પદાર્થની કલ્પના માટે અવકાશ રહેતો નથી.

આમ ઈશ્વર નથી, દેહથી ભિન્ન આત્મા નથી, સ્વર્ગ કે નરક જેવા પરલોક નથી, મોક્ષ નથી. તો ધાર્મિક ક્રિયાઓ કરવાનો અર્થ શો? લોકાયતિકો કહે છે:

अग्निहोत्रं त्रयो वेदास्त्रिदण्डं भस्मगुण्ठनम् ।
बुद्धिपौरूषहीनानां जीविकेति बृहस्पतिः ॥

અગ્નિહોત્ર, ત્રણ વેદો, ત્રિદંડ, ભસ્મલેપન—એ બુદ્ધિહીન તથા પૌરુષહીન જનોની જીવિકા છે એમ બૃહસ્પતિ કહે છે.

पशुश्चेन्निहतः स्वर्गं ज्योतिष्टोमे गमिष्यति ।
स्वपिता यजमानेन तत्र कस्मान्न हिंस्यते ॥

જ્યોતિષ્ટોમ યાગામાં પશુનો હોમ કરતાં તે પશુ સ્વર્ગ પામે છે એમ મનાય છે, તો યજમાન પોતાના પિતાનો વધ કેમ નથી કરતો? (તેમ થતું હોય, તો પિતા સ્વર્ગ પામે ને!)

मृतानामपि जन्तूनां श्राद्धं चेत्तृप्तिकारणम् ।
निर्वाणस्य प्रदीपस्य स्नेहः संवर्धयेच्छिखाम् ॥

જો મૃત જનોને શ્રાદ્ધ વડે તૃપ્તિ થતી હોય, તો બુઝાઈ ગયેલા દીવામાં તેલ પૂરતાં તેની જ્વાલા વધવી જોઈએ. (પરંતુ વાસ્તવમાં એમ બને છે ખરુ?)

गच्छतामिह जन्तूनां व्यर्थं पाथेयकल्पनम् ।
गेहस्थकृतश्राद्धेन पथि तृप्तिरवारिता ॥

ગૃહસ્થે કરેલા શ્રાદ્ધ વડે આત્માને માર્ગમાં તૃપ્તિ થતી હોય તો આ લોકમાં યાત્રાએ જતા જનોને માટે પાથેય (ભાથું) વ્યર્થ ગણાય. (ઘરમાં રહેલા જનો મંત્ર અને વિધિ વડે અહીંથી ભોજન અર્પતા રહે; યાત્રિકને પોતાની સાથે પાથેય લઈ જવાની શી જરૂર?)

स्वर्गस्थिता यदा तृप्तिं गच्छेयुस्तत्र दानतः ।
प्रासादस्योपरिस्थानामत्र कस्मान्न दीयते ॥

આ લોકમાં દાન દેવાથી સ્વર્ગમાં રહેલા જનો તૃપ્તિ પામતા હોય, તો મોટા મકાનમાં ઉપર રહેતા જનોને નીચેથી જ ચીજો કેમ નથી અપાતી? (નીચેથી, અર્પણ થતું આપોઆપ ઉપર પહોંચી જતું હોય તો એ બધું ઉપર ચઢાવવું જ ન પડે.)

તો મરણોત્તર જીવન અને પરલોકગમનની વાત કપોલકલ્પિત છે? લોકાયતિકો કહે છે:

भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

यदि गच्छेत्परं लोकं देहादेष विनिर्गतः ।
कस्माद्भूयो न चायाति बन्धुस्नेहसमाकुलः ॥

દેહ ભસ્મીભૂત થયા પછી પુનરાગમન ક્યાંથી થાય? (ચૈતન્ય તો ત્યારે જ હંમેશ માટે લુપ્ત થઈ જાય છે.) દેહમાંથી બહાર નીકળીને એ પરલોક જતો હોય, તો સગાંઓના સ્નેહથી વ્યાકુળ થઈ એ પાછો કેમ નથી આવતો?

તો આ બધી માન્યતાઓ અને કર્મકાંડનો હેતુ શો?

पातिव्रत्यादि संकेतो बुद्धिमद्दुर्बलैः कृतः ।

પતિવ્રત ઇત્યાદિ સંકેત બુદ્ધિમાન દુર્બલ જનોએ કર્યો છે (પોતે કલીબ કે વૃદ્ધ હોવાથી).

सुवर्णभूमिदानादि मृष्टामन्त्रणभोजनम् ।
क्षुत्क्षाम कुक्षिभिर्लोकैर्दरिद्रैरुपकल्पितम् ॥

સુવર્ણદાન, ભૂમિદાન, આમંત્રણ આપી મિષ્ટ ભોજન કરાવવું ઇત્યાદિ તો ક્ષુધાથી કૃશ ઉદરવાળા થઈ ગયેલા દરિદ્ર લોકોએ ઉપજાવી કાઢ્યું છે.

તો સ્વર્ગ, નરક અને મોક્ષ જેવું કંઈ છે જ નહિ? લોકાયતિકો કહે છે: 'આ લોકમાં સારું ખાવું, પહેરવું, પ્રેમ માણવો ઇત્યાદિ વિવિધ સુખ ભોગવવાં તે જ સ્વર્ગસુખની અનુભૂતિ છે ને આ લોકમાં શત્રુના શસ્ત્રના પ્રહાર, કંટકની વ્યથા આદિ ઉપદ્રવ સહવા એ નરક-દુઃખનો અનુભવ છે. આ લોક છે તે જ સત્ છે: તેના સિવાય કોઈ અન્ય સ્વર્ગ કે નરક છે જ નહિ. ને મોક્ષ? સુખ અને દુઃખ જીવન સાથે કાયમ સંકળાયેલાં હોઈ, તેમાંથી મોક્ષ તો મરણ દ્વારા જ મળે, જ્યારે પ્રાણવાયુનું નિવર્તન થતાં ચૈતન્યનો લય થઈ જાય. આમ મોક્ષ એ મરણ હોય, તો કયો ડાહ્યો માણસ એ મેળવવા મથે? તપ, ઉપવાસ વગેરે વડે પણ મૂઢ જન જ સોસાય છે.

ત્યારે સમજુ જનોએ જીવનમાં શું કરવું રહ્યું? ચાર પુરુષાર્થમાં ધર્મ અને મોક્ષ નિરર્થક હોય, તો અર્થ અને કામ બાકી રહ્યા. તે બે પુરુષાર્થમાં પરાયણ રહેવું, ઈશ્વર જેવા નિયન્તાની ભીતિ ન રહી, તો મન માને તેમ વર્તવું? ના, લોકોમાં સત્તારૂઢ થયેલા રાજા (અથવા શાસક)ના શાસન નીચે રહી બને તેટલું સુખ પ્રાપ્ત કરતા રહેવું. यावज्जीवेत् सुखं जीवेत् । જ્યાં સુધી જીવાય ત્યાં સુધી સુખે જીવવું. પરંતુ સુખની સાથે દુઃખ વળગેલું હોય છે, તો ખરું સુખ કેવી રીતે પમાય? લોકાયતિકો કહે છે, દુઃખના ભયે ઉપલબ્ધ સુખ જતું ન કરાય. જેમ મત્સ્યાર્થી કંટકયુકત મત્સ્યોને લઈ એમાંથી જેટલું લેવા જેવું હોય છે તેટલું લઈ પાછો ફરે છે, જેમ ધાન્યાર્થી ફોતરાંવાળું ધાન્ય લઈ તેમાંથી જેટલું, લેવા જેવું છે તેટલું લઈ પાછો ફરે છે, તેમ દુઃખના ભયથી, ભોગવવા જેવું સુખ તજી દેવું ન ઘટે. દુઃખયુક્ત હોવાથી સુખને તજી દેવું એવું મૂર્ખ વિચારે છે. કુશકાવાળી હોવાને કારણે, સફેદ સરસ ચોખાથી ભરપૂર ડાંગરને કયો હિતાર્થી છોડી દેવા ચાહે? જાનવરો ખાઈ જશે એ બીકે ધાન્ય ન રોપાય? ભિખારીઓ આવશે એ બીકે ચૂલા પર હાંલ્લી ન ચઢાવવી? કોઈ ભીરુ પ્રત્યક્ષ સુખને તજે, તો તે જાનવર જેવો મૂર્ખ હોય. यावज्जीवेत् सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पिबेत् । જેટલું જીવાય તેટલું સુખે જીવવું; દેવું કરીને ય ઘી પીવું. લોકાયત મતના આચાર વિશે પ્રચલિત થયેલી આ પ્રસિદ્ધ પંક્તિ છે. આ વિશે એક આવો શ્લોક પણ ટાંકવામાં આવે છે:—

पिब खाद च जातशोभने ! यदतीतं वरगात्रि ! तन्न ते ।
न हि भीरु ! गतं निवर्तते समुदयमात्रमिदं कलेवरम् ॥

હે સુંદરી, પી અને ખા. (આ વાક્યનો એવો અર્થ ઘટાવવામાં આવ્યો છે કે મદિરાદિ પી અને માંસાદિ ખા; અથવા અધરાદિનું પાન કર અને ભોગો ભોગવ અર્થાત્ પોતાના યૌવનને સફળ કર). હે યુવતી ! ગયું તે ગયું, તે ફરી તારું થવાનું નથી; કેમકે ગયેલું પાછું આવતું નથી; આ શરીર તો ચાર ભૂતોનો માત્ર સમુદય (સંયોગ) જ છે. અર્થાત્ પરલોક અને પુનર્જન્મની મૃગતૃષ્ણા રાખ્યા સિવાય અહીં અને આ જન્મમાં જ્યાં સુધી સુખ ભોગવાય ત્યાં સુધી તે ભોગવી લેવું.

આમ લોકાયત દર્શનમાં સુખવાદની હિમાયત કરવામાં આવી છે. સમાજની દૃષ્ટિએ જોઈએ તો એમાં બહુ વાંધાજનક ન ગણાય, પરંતુ લોકાયત મત પ્રચલિત માન્યતાઓ તથા રૂઢિઓની પોકળતા પ્રતિપાદિત કરે છે, તે બાબતમાં તેની સામે અન્ય સર્વ મતોએ સખત પ્રહાર કર્યા. જગતના સ્રષ્ટા તથા નિયન્તા તરીકે ઈશ્વર હોવો જોઈએ એ માન્યતામાં મતભેદ હોઈ શકે. પછીના આસ્તિકોએ લોકાયતિકોને નાસ્તિકો તરીકે ઉતારી પાડ્યા છે પરંતુ વેદોનું પ્રામાણ્ય ન માનનાર દર્શનો જ નહિ તેનું પ્રામાણ્ય માનનાર દર્શનોમાં પણ કયારેક એ બાબતમાં ભિન્ન મત પ્રતિપાદિત થયા છે. પરંતુ કર્મફલ અને પુનર્જન્મને લગતો મત ભારતનાં લગભગ સર્વ દર્શનોમાં સ્વીકાર્ય જ નહિ આવશ્યક અથવા કહો કે અનિવાર્ય ગણાયો છે. ને એને લઈને તે તે સંપ્રદાયના આચારધર્મમાં સંયમ, તપ, વૈરાગ્ય, કર્મકાંડ, ભક્તિ વગેરેનો આગ્રહ રાખવામાં આવ્યો છે, પરંતુ લોકાયતિકો તો આત્મા, પુનર્જન્મ, પરલોક, દેવો, કર્મકાંડ ઇત્યાદિનો અસ્વીકાર કરીને કર્મકાંડ કે ભક્તિ જ નહિ, વૈરાગ્ય, તપ વગેરે સાધના–તત્ત્વોની પણ પોકળતા દર્શાવે છે ને એને બદલે માત્ર સુખવાદની હિમાયત કરે છે. આ કારણે વૈદિક, બૌદ્ધ, જૈન–સર્વ સંપ્રદાયોના અનુયાયીઓ આ ક્રાન્તિકારી મતનો ઉગ્ર વિરોધ કરવા પ્રેરાયા છે. માનવજીવનનું ધ્યેય સ્વર્ગસુખ તો શું, મોક્ષ જેવું પણ ન હોય, આ જીવન અને આ લોક સિવાય બીજું કંઈ હસ્તી ધરાવતું ન હોય ને આ લોકમાં આ જીવનમાં ભોગવાય તેટલું સુખ ભોગવવા પ્રવૃત્ત રહેવું એ જ ઈતર પ્રાણીઓની જેમ માનવના જીવનનું ય પરમ ધ્યેય મનાય, તો એ વિચારસરણી સામે સમાજના સૌ વિચારશીલ વર્ગોમાં વિરોધનો ભારે વંટોળ જાગે એ સ્વાભાવિક છે.

પરંતુ દાર્શનિક તથા સામાજિક વિચારસરણી તરીકે લોકાયત મતનું નવેસર મૂલ્યાંકન થવું ઘટે છે ને અર્વાચીન સમીક્ષકો એ કરે પણ છે. દાર્શનિક ક્ષેત્રે લોકાયત મતનું મોટું પ્રદાન એ છે કે તેણે સર્વ પ્રચલિત મતોની સામે સંશય ઊભો કરી એનું અપ્રામાણ્ય ઠરાવવા યત્ન કર્યો. આથી દરેક દર્શનના અનુયાયીઓને પોતાના મતના પ્રામાણ્યના પ્રતિપાદન માટે શ્રદ્ધાથી કે ગૃહીત-મતથી પ્રચલિત થયેલા મતોને તર્કના પાયા પર સ્થાપિત કરવાની જરૂર પડી. આ માટે અનુમાન અને શબ્દ જેવાં પ્રમાણોની યથાર્થતા સિદ્ધ કરવા લોકાયત મતના વાંધાઓના ખંડન માટે તેઓને ઘણી જહેમત લેવી પડી. શ્રદ્ધા અને અંધશ્રદ્ધાના સ્થાને તર્કનો મહિમા સ્થપાયો. તર્કમીમાંસામાં ય અનુમાનના આધારભૂત વ્યાપ્તિનું પ્રામાણ્ય શંકાસ્પદ દર્શાવતાં, અનુમાનનું પ્રામાણ્ય પ્રતિપાદિત કરવા માટે ઇતર દર્શનોને ખાસ પ્રયાસ કરવો પડ્યો. ચાર્વાક મતમાં અનુમાનના પ્રામાણ્યના ખંડન માટે કરેલી દલીલો પોતે અનુમાન પર રચાયેલી છે એ દલીલ ઉપરાંત પ્રત્યક્ષ

પ્રમાણમાં પણ ક્યારેક અયથાર્થતા જોવામાં આવે છે. એટલું જ નહિ વ્યવહારમાં પ્રત્યક્ષનો નિતાન્ત આગ્રહ અસંભવિત છે એવી પણ દલીલ રજૂ કરવામાં આવી. પતિ વિદેશ જતાં એના પ્રત્યક્ષ અભાવને લઈને શું પત્ની પોતાને વિધવા માની લે છે? આવી દલીલ દ્વારા પ્રત્યક્ષ પ્રમાણના અભાવાત્મક પાસાની પોકળતા પણ દર્શાવાઈ છતાં લોકાયત મતે દાર્શનિક ક્ષેત્રમાં શ્રદ્ધાને સ્થાને તર્કનું મહત્ત્વ વધાર્યું એ એનું ગણનાપાત્ર પ્રદાન છે.

શબ્દ પ્રમાણના ખંડન માટે લોકાયત મતના નિરૂપણમાં ઉપર જણાવ્યા મુજબના જે શ્લોકો પ્રચલિત છે, તે એ મતની ગંભીર પ્રમાણમીમાંસાનું ભાગ્યે જ પ્રતિનિધિત્વ ધરાવતા હશે. વેદોમાં અસંગતતા, પરસ્પર વિરોધ, અવાસ્તવિક્તા, પુનરુક્તિ આદિ દોષોનાં દૃષ્ટાન્ત આપીને એની અપૌરુષેયતા દર્શાવવા માટે લોકાયત દર્શનમાં ગંભીર તર્કયુક્ત દલીલો રજૂ કરવામાં આવી હશે, પરંતુ એમાં એ દૃષ્ટાન્તો પરથી એના રચનારાઓ ધૂર્ત, ભાંડ અને નિશાચર હોવાના વિવેકહીન આક્ષેપ ભાગ્યે જ કરવામાં આવ્યા હશે. આ દર્શનનો મૂળ સૂત્રગ્રંથ અને એના પરનું ભાષ્ય હાલ ઉપલબ્ધ ન હોઈ, આ બાબતમાં તેમાં થયેલી ગંભીર તર્કયુક્ત દલીલો જળવાઈ રહી નથી. પરંતુ 'તત્ત્વોપપ્લવસિંહ' જેવા ઉપલબ્ધ ગ્રંથમાં તો ન્યાય, મીમાંસા, બૌદ્ધ, સાંખ્ય ઇત્યાદિ ઇતર દર્શનોમાં પ્રતિપાદિત થયેલાં પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અર્થાપત્તિ, પ્રત્યભિજ્ઞાન, અભાવ, સંભવ, ઐતિહ્ય, શબ્દ ઇત્યાદિ પ્રમાણોના પ્રામાણ્યનું ખંડન કરવામાં આવ્યું છે. પ્રત્યક્ષ પ્રમાણનું ય ખંડન કરીને લોકાયત મતની તત્ત્વોપપ્લવવાદી શાખા નિતાન્ત સંશયવાદની હિમાયત કરે છે એમ કહી શકાય, છતાં એમાં પણ શબ્દપ્રમાણની મીમાંસામાં વેદના અપૌરુષેયત્વનું જે ખંડન કરવામાં આવ્યું છે, તેમાં ગંભીર તર્કયુક્ત દલીલો જ રહેલી છે. ઉપરના શ્લોકોમાં જણાવેલા કોઈ ક્ષુલ્લક વિવેકહીન આક્ષેપો રહેલા નથી. આથી વેદો તથા વિપ્રોને લગતા તોછડા ઉલ્લેખો તેમ જ સુખવાદને લગતા ક્ષુલ્લક ઉલ્લેખો કાં તો પ્રતિપક્ષીઓએ લોકાયતિકોને નામે અતિશયોક્તિથી ઉપજાવેલા હોવાનું અથવા તો લોકાયતિક સંપ્રદાયના ક્ષુદ્ર હિમાયતીઓએ ક્ષુલ્લક રીતે રજૂ કર્યા હોવાનું સંભવે છે. એમ હોય, તો એવા શ્લોકો વૈદિક અનુયાયીઓને તથા મીમાંસકોને જ નહિ, ખરા લોકાયતિકોને પોતાને પણ અન્યાય કરે છે એમ કહેવાય.

એવું જ લોકાયતિકોના સુખવાદ સંબંધી છે: પરલોક તથા પુનર્જન્મના અસ્વીકારને લઈને લોકાયતિકોને ધર્મ તથા મોક્ષ માટે કંઈ કરવાનું ન રહેતાં માત્ર અર્થ તથા કામ માટે પ્રવૃત્ત રહેવાનું રહે એ સમજી શકાય તેમ છે. એમ તો અર્થશાસ્ત્ર તથા કામશાસ્ત્રમાં અનુક્રમે અર્થ અને કામનું સવિશેષ મહત્ત્વ દર્શાવ્યું છે, પરંતુ એ શાસ્ત્રોના પ્રવર્તકોએ ધર્મ અને મોક્ષ એ બાકીના બે પુરુષાર્થોનો સમૂળો ઇન્કાર કર્યો નથી તેમ ઈશ્વર, દેવો, યજ્ઞ, દાન, પરલોક, પુનર્જન્મ ઇત્યાદિ પ્રચલિત મતોનું ખંડન કર્યું નથી. આથી તેઓની સામે સ્થૂલ સુખવાદના હિમાયતી તરીકે કાદવ ઉછાળવામાં આવ્યો નથી; પરંતુ લોકાયતિકો તો કેવળ અર્થ અને કામની જ હિમાયત કરતા હોઈ, તેમના સુખવાદને અતિશયોક્તિ તથા ઉપહાસ દ્વારા વિકૃત રીતે નિરૂપવામાં આવ્યો છે. લોકાયત દર્શનના મૂળ ગ્રન્થ ન મળે ત્યાં સુધી આ બાબતમાં સુનિશ્ચિત કહેવું મુશ્કેલ છે, છતાં આમાં પણ લોકાયતિકોને નર્યો અન્યાય થયો લાગે છે. ચાર્વાકોમાં ધૂર્ત અને સુશિક્ષિત એવો વર્ગભેદ હોવાનું માલૂમ પડે છે. એ પરથી લાગે છે કે તેઓમાં કેટલાક નિતાન્ત સ્થૂલ સુખવાદને અનુસરી સારાનરસા તમામ ઉપાયો વડે અધિકમાં અધિક સુખ પ્રાપ્ત કરીને લોકોમાં ધૂર્ત

ગણાતા હશે, જ્યારે બીજા કેટલાક સામાજિક શિસ્તનું પાલન કરી સમાજમાં સુશિક્ષિતો તરીકે પ્રતિષ્ઠા ધરાવતા હશે. રાજકીય સત્તા તથા સામાજિક ધારાધોરણના શિસ્તનું પાલન કરીને કોઈ જો વાજબી રીતે ઐહિક સુખ પ્રાપ્ત કરવા અને ભોગવવા પ્રવૃત્ત રહે તો તેમાં કંઈ વાંધાભર્યું ન ગણાય. ઈશ્વરને કે દેવોને ન માનનારાઓ તેમ જ કર્મફલ તથા પુનર્જન્મને ન માનનારાઓ પૈકી કેટલાક નીતિ તથા સદાચારનું પાલન કરતા રહી સમાજમાં સ્વાર્થ તથા ભોગવિલાસને બદલે જરૂરી સંયમ તથા પરમાર્થની વૃત્તિ ધરાવતા ને આચરતા જોવામાં આવે છે. કેટલીક વાર તેઓ પેલા આસ્તિક જનો કરતાં ય આચરણમાં ચડિયાતા હોય છે. જેઓને રૂઢ માન્યતાઓ તથા વિધિવિધાનોનું કવચ ન હોય, જેઓને બાહ્ય ધાર્મિકતા દ્વારા આંતરિક આચારને ભોગે ય સામાજિક પ્રતિષ્ઠા પામવાની સુવિધા ન હોય, તેઓ ચિંતનશીલ તથા વિવેકશીલ બને તો વિચાર, વાણી અને વર્તનમાં ઋજુ તથા પ્રામાણિક બનવામાં વધુ સફળ નીવડે છે. આ દૃષ્ટિએ જોઈએ, તો સુશિક્ષિત ચાર્વાકોને અર્વાચીન સામાજિક તત્ત્વચિંતકો સાથે સરખાવી શકાય. સામાજિક તથા રાજકીય ધારાધોરણના શિસ્તમાં રહી કોઈ આર્થિક સાધનો વડે શરીર તથા મનના આનંદપ્રમોદમાં પ્રવૃત્ત રહે, તો તેમાં શું ખોટું ? બૃહસ્પતિ વાર્તા ( કૃષિ, પશુપાલન અને વાણિજ્ય ) તથા દંડનીતિ (શાસનવ્યવસ્થા )ની હિમાયત કરે છે. ચાર્વાકોનો સુખવાદ સ્વૈર વિહાર નથી. સ્ત્રીપુરુષ યૌવનનાં સુખ ભોગવે એટલે લગ્નવ્યવસ્થા તથા કુટુંબવ્યવસ્થાને તિલાંજલિ આપીને ભોગવે એવું માનવું અસ્થાને છે. દેવું કરીને ય ઘી પીવું એટલે દેવું ચૂકવવાની જવાબદારી વિના દેવું કરવું એમ માનવું યોગ્ય નથી સુખવાદ એટલે સર્વ સમય માત્ર દેહનાં તથા યૌવનનાં સ્થૂલ સુખો જ ભોગવવાં એવું ય ને માનવું ગેરવાજબી છે. અર્થશાસ્ત્રમાં જણાવેલા વિવિધ ધંધા–ઉદ્યોગોના વ્યવસાય વડે અર્થોપાર્જન કરવું અને કામશાસ્ત્રમાં જણાવ્યા મુજબ આદર્શ નાગરિકે દેહસુખ ઉપરાંત કૌટુંબિક જીવન તથા સામાજિક જીવનમાં લલિત કલાઓ ઇત્યાદિ સાધનો દ્વારા માનસિક સુખો પ્રાપ્ત કરવાં એ પ્રકારની જીવનચર્યાનો અનિંદ્ય ગણાય. આ પ્રકારના નિર્દોષ સુખવાદને ભૌતિકવાદના નામે ઉતારી પાડવો ઉચિત નથી. યુરોપના એપિક્યુરિયનોની જેમ ભારતના ચાર્વાકોની બાબતમાં પણ તેઓને સમજવા કરતાં વધારે અવગણવામાં આવ્યા છે. એપિક્યુરિયસ તો ઘણો સાદો અને સંયમી હતો, પરંતુ પરોક્ષ પરમાર્થને સ્થાને પ્રત્યક્ષ સુખવાદની હિમાયત કરતો તેથી જાણે તે 'Eat, drink and be merry' એમ કહી નરદમ ભોગવિલાસનો હિમાયતી હોય, તેવી તેને વિશે વિકૃત રજૂઆત કરવામાં આવી. એવું જ ચાર્વાક અને એના સુશિક્ષિત અનુયાયીઓ વિશે બન્યું લાગે છે. આસ્તિકો તેઓને નાસ્તિકો તરીકે અવગણે તો તે કંઈક ક્ષમ્ય ગણાય. જો કે અર્વાચીન કાલમાં અંગત શ્રદ્ધાની બાબતોમાં હવે સહિષ્ણુતા તથા સર્વાસ્તિત્વવાદનો આદર્શ પ્રવર્તતો હોઈ, 'ઈશ્વરનો ઇન્કાર' પણ હવે સહ્ય વિષય ગણાય છે. સામાજિક શિસ્ત તથા ન્યાયનું પાલન કરી જે સમજપૂર્વક સદાચારથી વર્તે તેને નિંદ્ય કેમ ગણાય? ચાર્વાકોનો લોકાયત મત આમ દાર્શનિક તથા સામાજિક તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ પુનર્મૂલ્યાંકન માગી લે છે.

---

# સંસ્કૃત વ્યાકરણો: જૈન ગણનાઓ

હીરાલાલ ર. કાપડિયા

આપણી આ પૃથ્વી ઉપર આજે પણ જાતજાતનાં પ્રાણીઓ વસે છે. એમાં મનુષ્યોનો પણ સમાવેશ થાય છે. એની કેટલીક વિશિષ્ટતા છે, એથી એ ઇતર પ્રાણીઓથી જુદા તરી આવે છે એટલું જ નહિ પણ તમામ પ્રાણીઓમાં પ્રધાન પદ ભોગવે છે. મનુષ્યોની એક વિશિષ્ટતા તે 'ભાષા' છે. એ પ્રબળ સાધન દ્વારા મનુષ્યો પોતાની લાગણીઓને તેમ જ પોતાના વિચારોને અને વક્તવ્યોને સ્પષ્ટપણે રજૂ કરી શકે છે. અત્યાર સુધીમાં સેંકડો ભાષાઓ-બોલીઓ ઉદ્ભવી છે. એમાંની કેટલીયને કરાલ કાળ ક્યારનો સ્વાહા કરી ગયો છે—કેટલીક ભાષાઓનાં નામો પણ નાશ પામ્યાં છે. સદ્ભાગ્યે સંસ્કૃતને નામે ઓળખાતી ભાષા આજે જીવતી છે. આ ભાષાનાં મુખ્ય બે સ્વરૂપો છે: (૧) વૈદિક અને (૨) લૌકિક. **ઋગ્વેદ** વગેરેની ભાષાને 'વૈદિક સંસ્કૃત' કહે છે. એ જે ભાષાનું સંસ્કારિત સંયોજન છે એ તો આજે લુપ્ત છે. **ભાસ, કાલિદાસ, અશ્વઘોષ** વગેરેની ભાષાના મુખ્ય બે પ્રકારો છે: (૧) સંસ્કૃત અને (૨) પાઇય (પ્રાકૃત). આ મહાકવિઓની સંસ્કૃત રચનાઓની ભાષાને 'લૌકિક સંસ્કૃત' કહે છે. વૈદિક સંસ્કૃતનું વ્યાકરણ એ જ ભાષામાં કે પછી લૌકિક સંસ્કૃતમાં પ્રાચીન સમયમાં સ્વતંત્ર અને સાંગોપાંગ સ્વરૂપે રચાયાનું જણાતું નથી. લૌકિક સંસ્કૃતનાં સર્વાંશે કે મુખ્યતયા એ જ ભાષામાં અનેક વ્યાકરણો રચાયાં છે. આ ભાષાના આપણી પ્રાદેશિક ભાષાઓમાં તેમ જ વિદેશી ભાષાઓમાં—અંગ્રેજી વગેરેમાં—પણ વ્યાકરણો રચાયાં છે.[1] અને આ પ્રવૃત્તિ અમુક અંશે તો આજે પણ ચાલુ છે. અહીં તો આ લેખમાં સંસ્કૃત વ્યાકરણોથી સંસ્કૃતમાં જ રચાયેલાં વ્યાકરણો અભિપ્રેત છે. આ વ્યાકરણોની રચનામાં વૈદિક હિન્દુઓનો, બૌદ્ધોનો તેમજ જૈનોનો ફાળો છે.[2] જૈનોને હાથે રચાયેલાં ઉપલબ્ધ તેમ જ અનુપલબ્ધ વ્યાકરણોની રૂપરેખા મેં "જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ" (ખંડ ૧, પ્રકરણ ૧–૩)માં તેમ જ એના ઉપોદ્ઘાતમાં આલેખી છે. ઉપલબ્ધ જૈન વ્યાકરણોમાં પૂજ્યપાદે અર્થાત્ દિગંબર **દેવનન્દિએ** રચેલું **જૈનેન્દ્ર** વ્યાકરણ સૌથી પ્રાચીન છે તો 'કલિકાલસર્વજ્ઞ' **હેમચન્દ્રસૂરિએ** રચેલું **સિદ્ધહેમચન્દ્ર** સુપ્રસિદ્ધ છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલાં કેટલાંક વ્યાકરણોનો ઉલ્લેખ કોઈ કોઈ જૈન કૃતિમાં જોવાય છે. **સિંહવિમલગણિના** શિષ્ય **દેવવિમલગણિએ** [3]**હીરસૌભાગ્ય** નામનું મહાકાવ્ય સત્તર સર્ગમાં

---

૧ પ્રાકૃત ભાષાનાં સંસ્કૃતમાં વ્યાકરણો રચાયાં છે પરંતુ સંસ્કૃત ભાષાનું કોઈ વ્યાકરણ પ્રાકૃતમાં રચાયું છે ખરું ?

૨ આની એક સળંગ સૂચી કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થઈ હોય તો તે મારા જોવાજાણવામાં નથી. જો ન જ થઈ હોય તો એ કાર્ય સત્વર થવું ઘટે.

૩ આ મહાકાવ્ય સ્વોપજ્ઞવૃત્તિસહિત નિર્ણયસાગર મુદ્રણાલય તરફથી ઈ. સ. ૧૯૦૦માં પ્રકાશિત કરાયું છે. એના સમુચિત સંસ્કરણની આજે આવશ્યકતા છે. આ સવૃત્તિક મહાકાવ્યનો સંક્ષિપ્ત પરિચય મેં **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, ઉપખંડ ૧, પૃ. ૧૭૭-૧૮૯)માં આપ્યો છે.

આશરે વિ. સં. ૧૬૪૦થી ૧૬૬૦ના ગાળામાં રચ્યું છે. એને કેટલાક વિદ્વાનો કાલિદાસકૃત **રઘુવંશની** હરોળમાં મૂકે છે. આ મહાકાવ્યમાં મોગલ સમ્રાટ **અ**કબરના સમકાલીન **હીર**વિજયસૂરિનો જીવનવૃત્તાન્ત આલેખાયો છે. સાથે સાથે આ મહાકાવ્યને એના પ્રણેતાએ જાતે **સુખાવબોધા** નામની સંસ્કૃત વૃત્તિથી વિભૂષિત કર્યું છે. એમાં **હીર**વિજયસૂરિના અભ્યાસનું વર્ણન છઠ્ઠા સર્ગમાં કરાયું છે. આના ૬૨મા પદ્યની આ સ્વોપજ્ઞવૃત્તિ (પૃ. ૨૬૭)માં સૌથી પ્રથમ નિમ્નલિખિત આઠ વ્યાકરણો ગણાવાયાં છે :—

(૧) ઐન્દ્ર, (૨) ચાન્દ્ર, (૩) કાશિ (શ) કૃષ્ણ(ત્સ્ન), (૪) આપિશલ, (૫) શાકટાયન, (૬) પાણિનીય, (૭) અમર અને (૮) જૈનેન્દ્ર.

મુદ્રિત કૃતિમાં **ચાન્દ્ર**નો બે વાર ઉલ્લેખ છે[1] તેમ જ એક નામ અશુદ્ધ અપાયું છે.

ઉપર્યુક્ત આઠ વ્યાકરણોનાં નામ **વોપદેવે** પોતાના **કવિકલ્પદ્રુમના** પ્રારંભમાં જે આઠ શાબ્દિકોનાં—વૈયાકરણોનાં નામ નિમ્નલિખિત પદ્ય દ્વારા દર્શાવ્યાં છે તેનું સ્મરણ કરાવે છે :—

"इन्द्रश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायनः ।
पाणिन्यमरजैनेन्द्रा जयन्त्यष्टादिशाब्दिकाः ॥"

કેટલાક ગ્રન્થકારોએ આઠ વ્યાકરણ એવો બાંધે ભારે ઉલ્લેખ કર્યો છે.[2] દા. ત. નિરુક્ત-વૃત્તિકાર દુર્ગાચાર્ય. કોઈ કોઈ નવ વ્યાકરણ એમ પણ કહે છે.[3]

ઉપર્યુક્ત **સુખાવબોધા** (પૃ. ૨૬૭)માં અન્ય રીતે પણ આઠ વ્યાકરણોનો નિર્દેશ છે, એને અંગે નિમ્નલિખિત અવતરણ અપાયું છે :—

"ब्राह्ममीशानमैन्द्रं च प्राजापत्यं बृहस्पतिम् ।
त्वाष्ट्रमापिशलं चैव पाणिनीयमथाष्टमम् ॥"

**સિદ્ધહેમની** બૃહદ્વૃત્તિની અવચૂર્ણિ (પૃ. ૩)માં આ પદ્ય જોવાય છે, પરંતુ આ અવતરણનું મૂળ જાણવું બાકી રહે છે. વિશેષમાં એમાં "त्वाष्ट्रमापि॰" એવો પાઠ છે, તો ખરો પાઠ શો છે એવો પ્રશ્ન ઉદ્ભવે છે. એને બાજુએ રાખતાં આ પદ્ય આઠ વ્યાકરણો તરીકે નીચે મુજબનાં આઠ નામો પૂરાં પાડે છે :—

(૧) બ્રાહ્મ, (૨) ઈશાન, (૩) ઐન્દ્ર, (૪) પ્રાજાપત્ય, (૫) બૃહસ્પતિ, (૬) ત્વાષ્ટ્ર, (૭) આપિશલ અને (૮) પાણિનીય.

---

૧ પ્રતિજ્ઞા તો આઠની જ કરાઈ છે.

૨ **પ્રભાચન્દ્રસૂરિએ** વિ. સં. ૧૩૩૪માં રચેલા **પ્રભાવકચરિત** (શૃંગ ૨૨, શ્લો. ૧૧૨)માં કાયસ્થ **કાકલને** આઠ વ્યાકરણોના અધ્યેતા કહ્યા છે. આ આઠ વ્યાકરણો તે કયાં તે જાણવું બાકી રહે છે.

૩ જુઓ **શ્રી યુધિષ્ઠિર** મીમાંસકે રચેલો "संस्कृत व्याकरणशास्त्र का इतिहास" (ભા. ૧, દ્વિતીય આવૃત્તિ, પૃ. ૬૫).

દેવવિમલગણિએ સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૨૬૭)માં એક વાર આઠ વ્યાકરણો ગણાવી બીજી વાર તેમ કરતી વેળા જે **બ્રાહ્મ** વગેરેનો ઉલ્લેખ કર્યો છે તેને આઠ મહાવ્યાકરણો કહ્યાં છે. ત્યારબાદ ૧૮ મહાવ્યાકરણો એવો નિર્દેશ કરી નીચે પ્રમાણેનાં પદ્યો એમણે આપ્યાં છે:—

"ऐन्द्रपाणिनिजैनेन्द्रं शाकटायनवामने ।
चान्द्रं सरस्वतीकण्ठाभरणं बुद्धिसागरः ॥
विश्रान्तविद्याभरणं भीमसेनकलापकम् ।
मुष्टिव्याकरणं शैवगौडं नन्दिजयोत्पलम् ॥
सारस्वतं सिद्धहैमं जयहैमं तथापरम् ।
इति व्याकरणं सर्वशब्दप्राभृतिसम्भवम् ॥"[1]

આ પદ્યો અવતરણરૂપ જણાય છે. જો એમ જ હોય તો એનું મૂળ શું છે તેની તપાસ કરવી ઘટે. એ બાબત હાલ તુરત તો હું મોકૂફ રાખું છું અને ઉપર મુજબનાં પદ્યોમાં નિર્દેશાયેલાં વ્યાકરણોનાં નામ રજૂ કરું છું:—

(૧) ઐન્દ્ર, (૨) પાણિનિ, (૩) જૈનેન્દ્ર, (૪) શાકટાયન, (૫) વામન, (૬) ચાન્દ્ર, (૭) સરસ્વતીકંઠાભરણ, (૮) બુદ્ધિસાગર (૯) વિશ્રાન્તવિદ્યાભરણ, (૧૦) ભીમસેન, (૧૧) કલાપક, (૧૨) મુષ્ટિ વ્યાકરણ, (૧૩) શૈવ, (૧૪) ગૌડ, (૧૫) નન્દિ, (૧૬) જયોત્પલ, (૧૭) સારસ્વત, (૧૮) સિદ્ધહૈમ અને (૧૯) જયહૈમ. આમ ગણતાં વ્યાકરણોની સંખ્યા ૧૮ની નહિ પણ ૧૯ની થાય છે. તો કયાં બે વ્યાકરણોને એક જ ગણવાં જોઈએ એવો પ્રશ્ન ઉદ્ભવે. આ બાબત દેવવિમલગણિએ પ્રકાશ પાડયો નથી.

આ **હીરસૌભાગ્ય** (સ. ૧૪, શ્લો. ૮૯)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૬૭૭)માં "વિશ્રાન્ત-વિદ્યાધર" એવો પાઠ છે, નહિ કે "વિશ્રાન્તવિદ્યાભરણ". હું આ લેખમાં હવે પછી એક ઉલ્લેખ જે રજૂ કરનાર છું તે જોતાં તો **વિશ્રાન્ત** અને **વિદ્યાધર** એમ બે ભિન્ન ભિન્ન વ્યાકરણો છે. એ હિસાબે ઉપર્યુક્ત ત્રણ પદ્યો દ્વારા નિર્દિષ્ટ ૧૮ નહિ પણ ૨૦ વ્યાકરણો છે.

'સહસ્રાવધાની' મુનિસુન્દરસૂરિએ બાલ્યવયમાં જીભની પટુતા કેળવાય તે વાસ્તે વિ. સં. ૧૪૫૫માં [2]**ત્રૈવિદ્યગોષ્ઠી** નામની એક કૃતિ રચી છે. એની મુદ્રિત આવૃત્તિ (પત્ર ૨અ–૨આ)માં નીચે મુજબના ઉલ્લેખમાં વીસ વ્યાકરણોનાં નામ જોવાય છે:—

---

૧ આ જ ત્રણ પદ્યો કંઈક પાઠભેદરૂપે ગદ્યસ્વરૂપે પૃ. ૬૭૬-૬૭૭માં રજૂ કરાયાં છે. સંપાદક મહાશયને એ પદ્યો છે એવો ખ્યાલ નહિ આવ્યો હશે એટલે આમ થયું હશે. એમાં **વામન**, **વિદ્યાભરણ** અને **ભીમસેન**ને બદલે અનુક્રમે **વાચન**, **વિદ્યાધર** અને **ભીમાસન** એમ છપાયું છે.

૨ આ મુંબઈથી લાલબાગના જૈન સંઘ તરફથી દેવકરણ મુલજીએ વિ. સં. ૧૯૬૬માં છપાવી છે. આ કૃતિ વિષે મેં **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, પૃ. ૩૦૧, ૩૦૪ અને ૩૦૫) તેમ જ એના ઉપોદ્ઘાત (પૃ. ૨૬, ૪૮ અને ૪૯)માં કેટલીક બાબતો નોંધી છે.

"ऐन्द्र १ जैनेन्द्र २ सिद्धहेमचन्द्र ३ चान्द्र ४ पाणिनि ५ सारस्वत ६ शाकटायन ७ वामन ८ विश्रान्त ९ बुद्धिसागर १० सरस्वतीकण्ठाभरण ११ विद्याधर १२ मुष्टिव्याकरण १३ कलापक १४ भीमसेन १५ शिव १६ गौड १७ नन्दि १८ जयोत्पल १९ जयदेवा-२० आदि व्याकरणेष्वाम्नातिनो भवन्तः ।" આ ઉલ્લેખનો તેમજ આ પૂર્વે મેં નોંધેલા જૈન ઉલ્લેખોનો સમગ્રપણે વિચાર કરતાં વ્યાકરણોનાં નિમ્નલિખિત નામો ફલિત થાય છે :—

અમર, આપિશલ, ઈશાન, ઐન્દ્ર, કલાપક, કાશકૃત્સ્ન, ગૌડ, ચાન્દ્ર, જયદેવ, જયહેમ, જયોત્પલ, જૈનેન્દ્ર, ત્વાષ્ટ્ર, નન્દિ, પાણિનિ પાણિનીય, પ્રજાપતિ, પ્રાજાપત્ય, બુદ્ધિસાગર, બૃહસ્પતિ, બ્રાહ્મ, ભીમસેન, મુષ્ટિવ્યાકરણ, વામન, વિદ્યાધર, વિદ્યાભરણ, વિશ્રાન્ત, શાકટાયન, શિવ, શૈવ, સરસ્વતીકંઠાભરણ, સારસ્વત, સિદ્ધહેમચન્દ્ર અને સિદ્ધહૈમ.

આ નામોને અંગે બે બાબત હું નોંધું છું :—

(૧) ઉપર્યુક્ત બધાં જ નામો ભિન્ન ભિન્ન વ્યાકરણોનાં નથી, એ પૈકી કેટલાંક તો નામાંતર છે. આ વાત હું નિમ્નલિખિત સમીકરણો દ્વારા દર્શાવું છું :—
પાણિનિ = પાણિનીય; પ્રજાપતિ = પ્રાજાપત્ય; વિદ્યાધર = વિદ્યાભરણ; શિવ = શૈવ; અને સિદ્ધહેમચન્દ્ર = સિદ્ધહૈમ.

(૨) કેટલાંક વ્યાકરણોનાં નામોના ઉલ્લેખને બદલે એના પ્રણેતાઓનાં નામ અપાયાં છે કેમકે કૃતિ અને તેના કર્તાની અભેદવિવક્ષા કરી શકાય છે–તેમ કરવું સમુચિત ગણાય છે. આવાં નામો નીચે મુજબ છે :—

અમર, આપિશલ, ઈશાન, કાશકૃત્સ્ન, જયદેવ, ત્વાષ્ટ્ર (?), નન્દિ (?), પાણિનિ, પ્રજાપતિ, બુદ્ધિસાગર, બૃહસ્પતિ, ભીમસેન, વામન, વિદ્યાધર, શાકટાયન અને શિવ.

શાકટાયનની જેમ ઐન્દ્ર એ અજૈન તેમ જ જૈન વ્યાકરણનું પણ નામ છે. એટલે જૈન ઉલ્લેખગત એ નામ બેમાંથી શેનું દ્યોતક છે તે કહેવું મુશ્કેલ છે. **ઐન્દ્ર** નામના જૈન વ્યાકરણનો કેટલાકે **જૈનેન્દ્ર** તરીકે ઉલ્લેખ કર્યો છે, પરંતુ અહીં તો **જૈનેન્દ્ર**થી પૂજ્યપાદકૃત વ્યાકરણ જ સમજવાનું છે. એ જૈન વ્યાકરણ છે. આ ઉપરાંતનાં જૈન વ્યાકરણો નીચે મુજબ છે :—

બુદ્ધિસાગર, મુષ્ટિવ્યાકરણ, વામન (?), શાકટાયન અને સિદ્ધહેમચન્દ્ર. શાકટાયન એ યાપનીય સંપ્રદાયના અગ્રણીનું નામ છે તેમ જ એક સુપ્રસિદ્ધ અજૈનનું પણ નામ છે; છતાં અહીં જૈનનો જ ઉલ્લેખ હશે એમ માની મેં એનો નિર્દેશ કર્યો છે. **ચાન્દ્ર** એ ચન્દ્રગોમિ નામના બૌદ્ધની રચના છે, અમરથી **અમરકોશ**ના રચનારની જ કૃતિ અભિપ્રેત હોય તો એઓ બૌદ્ધ હોવાનું [1]મોટે ભાગે મનાય છે. આ પ્રમાણેનાં જૈન અને બૌદ્ધ વ્યાકરણોને બાદ કરતાં બાકીનાંના પ્રણેતા વૈદિક ધર્માનુયાયીઓ છે.

ઐન્દ્ર, કલાપક, ચાન્દ્ર અને પાણિનીય વ્યાકરણો વિષે મેં **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧)માં કેટલીક માહિતી આપી છે. એટલે એનો પરિચય તો અહીં હું જતો કરું છું. **આ**પિશલિ અને

---

૧ કોઈ કોઈ જૈન મુનિ આ અમરને જૈન ગણે છે.

એમના વ્યાકરણને અંગે કેટલીક બાબતો संस्कृत व्याकरणशास्त्र का इतिहास ( અ. ૪, पृ. १३३-૧૪૪)માં આલેખાઈ છે. એ ઉપરથી એ જાણી શકાય છે કે **આ**પિશલિના પિતાનું નામ **આ**પિશલ છે, પાણિનીય **અષ્ટાધ્યાયી** ( ૬-૧-૯૨ )માં **આ**પિશલિનો ઉલ્લેખ છે, આપિશલિ-શાણ્ણા **પા**ણિનિના સમયમાં સુપ્રસિદ્ધ હતી. **આ**પિશલિ વ્યાકરણમાં આઠ અધ્યાય હતા, આ વ્યાકરણનાં ૧૧ સૂત્રો મળે છે ( જુઓ પૃ. ૧૩૭–૧૩૯ ) તેમજ **આ**પિશલિએ કોશ વગેરે કૃતિઓ પણ રચી છે. ઉપર્યુક્ત ઇતિહાસ ( પૃ. ૧૦૬–૧૨૨ )માં **કા**શકૃત્સ્નનો પરિચય અપાયો છે. એમણે રચેલા વ્યાકરણનાં ૧૪૦ સૂત્રો અત્યાર સુધીમાં મળ્યાં છે. કોઈ કોઈ સૂત્ર પદ્યાત્મક છે. **કા**શકૃત્સ્નનો કોઈ એક ગ્રન્થ ત્રણ અધ્યાય પૂરતો હશે. **કા**શકૃત્સ્નના પિતાનું નામ **કશ**કૃત્સ્ન હોવાનું મનાય છે. કાશકૃત્સ્નને કેટલાક ' કાશકૃતિસ્ન ' પણ કહે છે.

આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં જૈન કૃતિઓમાં નિર્દેશાયેલાં વ્યાકરણો વિષે મારું વક્તવ્ય રજૂ કર્યું છે; એમાં જે ક્ષતિ કે ત્રુટિ જણાય તે દર્શાવવા મારી સહૃદય સાક્ષરોને સાગ્રહ પરંતુ સાદર વિજ્ઞપ્તિ છે.

# નાગરખંડ–સમયાંકન

રમણલાલ નાગરજી મહેતા

## પ્રાસ્તાવિક :

ભારતમાં ભૂતકાળમાં બનેલી કે બનેલી ગણાતી ઘટનાઓ ક્યારે બની હતી તે બાબતની વ્યવસ્થિત તપાસનો ઇતિહાસ આશરે દોઢ–બે સદી જેટલો જૂનો થવા જાય છે. આ તપાસનું મુખ્ય કારણ યુરોપમાં વિકસેલી કાલક્રમ નક્કી કરવાની માન્યતા છે. આ માન્યતાની અસર હેઠળ પ્રથમ, અંગ્રેજો તથા યુરોપવાસીઓએ અને ત્યાર બાદ ભારતીય વિદ્વાનોએ આપણી રાજકીય, સામાજિક, સાહિત્યિક, પુરાવસ્તુવિષયક પરિસ્થિતિ તપાસીને તે ઘટનાઓ ક્યારે બની હતી તે બાબત નક્કી કરીને આનુપૂર્વી નક્કી કરવાના પ્રયાસો કર્યા છે.

આ આનુપૂર્વી નક્કી કરવા માટે આપણા સાહિત્યના અંતરંગ તથા બહિરંગ પરીક્ષણ, હસ્તપ્રતો, ભાષા, સાહિત્યની પરસ્પર અસરો, તેમાં લખેલી હકીકતોનું અધ્યયન, આનુષંગિક પરિસ્થિતિ વગેરે અનેક પરતઃ-સિદ્ધ પ્રમાણોનો ઉપયોગ કરવામાં આવે છે.

આવા પ્રયાસો આપણાં પુરાણોનાં સમયાંકન માટે કરવામાં આવતાં એમ જણાયું કે પુરાણોનાં લેખન, કાલગણના વગેરે બાબતોમાં ઘણી અનિશ્ચિતતા પ્રવર્તે છે. જો આવા પ્રયાસોની સાથે પુરાવસ્તુવિષયક તપાસ પણ હાથ ધરવામાં આવે તો કેટલાંક પુરાણો અથવા પુરાણોના ખંડોની રચના બાબત સારો પ્રકાશ પડે છે એમ "કૌમારિકા ખંડ"ના અધ્યયન પરથી સ્પષ્ટ થતાં, એ પદ્ધતિએ આપણે ત્યાં પ્રચલિત નાગરખંડનું અધ્યયન કરવાનો પ્રયત્ન કર્યો તેને બળે એની રચનાનો જે કાળનિર્ણય થાય છે તે અત્રે રજૂ કર્યો છે.

## નાગરખંડ :

હસ્તપ્રતોની તપાસ કરતાં હાટકેશ્વર ક્ષેત્ર અને નાગરખંડને નામે જાણીતી સંસ્કૃત રચનાઓ વડનગર તેમ જ કાવેરીના પ્રદેશ માટેની છે. નાગરખંડ સ્કંદપુરાણાન્તર્ગત તથા ભવિષ્યપુરાણાન્તગર્ત હોવાનું સમજાય છે. હાટકેશ્વરક્ષેત્ર માહાત્મ્ય કાવેરી પાસેનું હોવાનું પણ નોંધાયું છે, તેમજ હેમાદ્રીએ નાગરખંડનો ઉલ્લેખ કરેલો છે.[1] આ હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે નાગરખંડ નામે જાણીતી રચનાઓ એક કરતાં વધારે છે. તેથી એ તમામ નાગરખંડોની અહીં ચર્ચા કરી નથી. આ લેખમાં વ્યંકટેશ્વર પ્રેસમાં છપાયેલા સ્કંદપુરાણાન્તર્ગત નાગરખંડની સમાલોચના કરવામાં આવી છે. આ ગ્રંથના દરેક અધ્યાયની પુષ્પિકામાં "इति श्री स्कन्दे महापुराण एंक शिति शीति साहस्र्यां संहितायां षष्ठे नागरखंडे हाटकेश्वर माहात्म्ये...अध्यायः" એ જાતની નોંધ આપી છે. આ ઈ. સ. ૧૯૦૯–૧૦માં છપાયેલ કૃતિનાં અંતરંગ તથા બહિરંગ પરીક્ષણ તેમ જ તેમાં ઉલ્લિખિત સ્થળોની સ્થળપરીક્ષા પરથી જે કાળનિર્ણય થાય છે તેની અત્રે ચર્ચા કરી છે.

---

૧ 'કેટેલોગસ કેટેલોગરમ્'ની નાગરખંડની યાદીઓ.

નાગરખંડની તારીખ નક્કી કરવાનો આ પ્રથમ પ્રયાસ નથી. તેની તારીખો નક્કી કરવા માટે માનશંકર પીતાંબર મહેતાએ શૈવ રાજાઓ એ ક્ષત્રપો હોવા જોઈએ એવી નિરાધાર કલ્પના કરીને તેને પુષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો તથા હાલના નાગરખંડને ઈ. સ.ની ચોથી સદીનો ઠરાવ્યો હતો.[૧] રત્નમણિરાવ જોટેએ તેને થોડો મોડો સ્વીકાર્યો હતો. સ્કંદપુરાણનો અભ્યાસ કરનાર શ્રી આવસ્થી તેને ૯મી સદીથી ૧૩મી સદીમાં ખાસ આધારો આપ્યા સિવાય મૂકે છે.[૨] કનૈયાલાલ ભાઈશંકર દવે[૩] પણ તેને ૧૦મી સદીમાં લખાયો હોવાનું અનુમાન કરે છે; પરંતુ આ અનુમાનોની સ્પષ્ટ ભૂમિકા તરીકે નાગરખંડમાં વર્ણવેલાં નગર, તીર્થો વગેરેનો અભ્યાસ દેખાતો નથી. તેથી અત્રે આ તમામ પરિસ્થિતિની સંક્ષેપમાં ચર્ચા કરી છે. તેમાં નાગરખંડમાં વર્ણવેલી ભૂગોળ, સામાજિક પરિસ્થિતિ ઉપરાંત શિલાલેખો, વગેરેની ચર્ચા કરીને કાલક્રમ નક્કી કરવાનો પ્રયાસ કર્યો છે.

**ભૂગોળ :**

નાગરખંડનો લેખ હાટકેશ્વર ક્ષેત્રને આબુની નૈઋર્ત્યમાં આનર્ત પ્રદેશમાં મૂકે છે અને એ રીતે આ ક્ષેત્ર હાલનું વડનગર હોવાનું સ્પષ્ટ કરે છે.[૪] તદુપરાંત આ ક્ષેત્રની પૂર્વમાં ગયાશિર, પશ્ચિમમાં હરિપાદ અને ઉત્તર તથા દક્ષિણમાં ગોકર્ણેશ્વર હોવાનું દર્શાવે છે. આ પૂર્વ-પશ્ચિમ સીમા વડનગરની પૂર્વમાં એકાદ કિલોમીટર અને પશ્ચિમે બે કિલોમીટર કરતાં લાંબું અંતર દર્શાવતી નથી. ઉત્તર-દક્ષિણ સીમા અનિશ્ચિત છે, પરંતુ પુરાણ જો પૂર્વ પશ્ચિમ અંતરને આશરે પાંચ કોશ ગણતું હોય તો ઉત્તર-દક્ષિણ સીમા વધારે હોવાનો સંભવ નથી.

તદુપરાંત અહીં થતા ધૂળકોટ, તેનાથી પુરાઈ જતાં તીર્થો, અહીંની વનસ્પતિ વગેરેનું વર્ણન સ્વાનુભવનું છે. લેખકને સાબરમતી, સરસ્વતી, તથા નર્મદા જેવી નદીઓનો પણ પરિચય છે અને તેથી સમજાય છે કે આ ખંડમાં આપેલાં કેટલાંક ભૌગોલિક વર્ણનો પરંપરાગત હોવા છતાં તેમાં કેટલીક સ્પષ્ટ સ્થાનિક હકીકતો છે. આમ નાગરખંડની ભૂગોળ સ્પષ્ટ થતાં તેની અંદર આવેલાં તીર્થોનું મુખ્યત્વે એમાં માહાત્મ્ય ગાવામાં આવ્યું હોવાનું સમજાય એમ છે.

આ ક્ષેત્રનું કેન્દ્ર ચમત્કારપુર તથા હાટકેશ્વર છે. તદુપરાંત અહીં સપ્તર્ષિ આશ્રમ, ચિત્રેશ્વરી પીઠ, ચુંકારિદેવી વગેરે અનેક તીર્થોનાં વર્ણનો છે. આ તીર્થોનો અભ્યાસ કરવાથી કેટલીક હકીકતો સ્પષ્ટ થાય છે.

**ચમત્કારપુર :**

ચમત્કાર નામના રાજાએ બ્રાહ્મણોને માટે અહીં કિલ્લેબંદ નગર બંધાવ્યાનું નાગરખંડ સ્પષ્ટ રીતે દર્શાવે છે.[૫] આ નગર કોશ-પ્રમાણ હતું. આ કોશ-પ્રમાણ નગર રક્તશૃંગ પર્વતની

---

૧ મહેતા, માનશંકર પીતાંબર, 'નાગરોત્પત્તિ,' ૬ઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનો હેવાલ.

૨ A.B.L. Awasthi, 'Studies in Skanda Purāṇa,' IV.

૩ કનૈયાલાલ દવે, 'ગુજરાતનાં જ્ઞાતિપુરાણો,' 'સ્વાધ્યાય' પુ. ૫, પૃ. ૮૭–૧૦૫

૪ નાગરખંડ, ૧. ૫, ૪. ૪૨.

૫ નાગરખંડ, ૯. ૪૧ અને ૧૧. ૬૪-૬૫.

ટોચ પર હતું. આ નગરનો નાશ થતો અને જીર્ણોદ્ધાર પણ થતો હોવાનું નાગરખંડના અધ્યાય ૪૦, ૧૦૫, ૧૦૭ પરથી સ્પષ્ટ સમજાય છે. ખાસ કરીને આ અધ્યાયો પરથી ગામ છોડીને નાસી જતા લોકોનાં તેમ જ ગામના નાશનાં સ્પષ્ટ દર્શન થાય છે તેમ જ અધ્યાય ૧૦૭માં ચિત્રશર્મા હાટકેશ્વરનું મંદિર બંધાવે છે તેનું સ્પષ્ટ વર્ણન છે.

આ તમામ પુરાણોની હકીકતો પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે ચમત્કારપુર રક્તશૃંગ પર હોવાની કલ્પના છે. આ કલ્પનાનું મૂળ તપાસવું હોય તો તે અરજણબારી પ્રશસ્તિ અથવા વડનગર પ્રશસ્તિમાં છે.[1] તેનાં "वप्र विप्रपुराभिरक्षणकृते निर्मापयामासः" અને "पादाक्रान्त-रसातलो गिरिरिव श्लाघ्योमहाभोगत" જેવાં ૩૪ અને ૩૬મી લીટીમાં આવતાં વાક્યો પરથી સ્પષ્ટ થાય છે કે બ્રાહ્મણોના આ નગરનો આ કિલ્લો પર્વત સમાન હોવાની કલ્પના અહીં છે. આ પ્રશસ્તિ સંવત ૧૨૦૮માં રચાયેલી હતી, અને તેની નકલ સંવત ૧૬૮૯માં થયાનું पुनर्नवीना-लतफहातबेगमिर्जाने...नेन नृपेणकारित ॥ १ ॥ चैत्रे मासे शुभ्रे पक्षे प्रतिपद्गुरुवासरे नन्दष्टनृपे... १६८९ वर्षे प्रशस्तिलिखिता पुनः" એ વાક્ય પરથી ફલિત થાય છે.

જ્યારે સંવત ૧૬૮૯માં વડનગર પ્રશસ્તિની નવી નકલ થઈ ત્યારે વડનગરના કિલ્લાનો જીર્ણોદ્ધાર પણ થયો હતો. તે વખતે જોશી વેણીનો પુત્ર વિષ્ણુજીક નામનો નાગર અહીં સારા અધિકાર પર હતો.

આ પ્રશસ્તિ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે કુમારપાળે જે કિલ્લાનું નિર્માણ કર્યું તે પર્વતની માફક રસાતલને આક્રાન્ત કરતો હતો. હવે આ કિલ્લો પર્વત જેવો હતો એ વિચાર પરથી પર્વતની ઉપર હતો એ કલ્પના કરવી મુશ્કેલ નથી. વડનગરના કિલ્લાની પરીક્ષા કરતાં સમજાય છે કે અહીં કુમારપાળે કિલ્લો બાંધ્યો તે પહેલાં પણ અહીં કિલ્લો હશે પણ તેની અંદરની જીવનપદ્ધતિને લીધે પેદા થતાં પુરાવસ્તુવિષયક ટેકરાને લીધે અંદરની જમીન કિલ્લાની ભીંતની ઉપર સુધી આવી ગઈ હતી. તેથી કુમારપાળના વખતમાં આ પર્વત જેવો કિલ્લો બ્રાહ્મણો માટે બાંધવામાં આવ્યો. જ્યારે આ કિલ્લો બંધાયો તે વખતે તેનું કોશ-પ્રમાણ રાખ્યું. આ જાતનું કિલ્લાનું પ્રમાણ ઘણાં સ્થળોએ રાખવામાં આવતું હોવાનું સમજાય છે અને તેથી પુરાણમાં નગરનું ક્ષેત્રફળ બરાબર ગણ્યું છે.

જો કિલ્લો પર્વત પર હોય તો પર્વતનું નામ આપવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. કુમાર-પાળના વખતનો કિલ્લો ઈંટોનો છે, તેની નીચે ઈંટોના થરો છે, અને તેથી વડનગરના ટેકરાનો લાલ રંગ બહુ સ્પષ્ટ દેખાય છે. લાલ રંગવાળા આ ટેકરાને લાલ રંગની ટોચવાળો પર્વત અર્થાત્ રક્તશૃંગ નામ આપવામાં આવે એ સહજ સમજાય એવી હકીકત છે.

આમ રક્તશૃંગ અને ચમત્કારપુર બન્ને સ્પષ્ટ થતાં કુમારપાળે બંધાયેલા કિલ્લાનું આ વર્ણન હોવાનું સમજાય છે, પણ ચમત્કારપુર એ નામ પુરાણ સિવાય અન્યત્ર જોવામાં આવ્યું નથી; તેથી તેનું વધુ વિવેચન અત્રે કરવાની જરૂર નથી; પણ આખા પુરાણનું આ કેન્દ્ર છે એ સ્પષ્ટ

---

1 Acharya, Girijashankar Vallabhaji : 'Historical Inscriptions of Gujarat, Vol. II, Inscription No. 147, page 43-44.

થાય છે. પુરાણકાર કુમારપાળ જેવા શૈવ સંપ્રદાયમાં માનનાર રાજાનું નામ લેવાને બદલે ચમત્કાર રાજાની કલ્પના કરે છે તે પરથી લાગે છે કે અરજાણબારી પ્રશસ્તિમાં આપેલી હકીકતોની સ્મૃતિની પણ આ પુરાણકારને ખબર નથી. આવો સ્મૃતિનો લોપ બેત્રણ સદી પછી સામાન્ય જનસમાજમાં થતો હોય છે, તે પરથી કલ્પના થાય કે પુરાણકારે આવી સ્મૃતિનો નાશ થયા પછી આ ગ્રન્થની રચના કરી હોય.

વડનગરમાં આપેલાં તીર્થોની તપાસમાં પીઠોરી દરવાજા પાસે આવેલી ચિત્રેશ્વરી પીઠની તપાસ કરતાં સમજાય છે કે તે જે જમીન પર છે તે જમીન પણ વડનગરનો કિલ્લો કુમારપાળે બંધાવ્યો ત્યાર પછી તૈયાર થઈ છે. એ જમીન પર આવેલી ચિત્રેશ્વરી પીઠનું અસ્તિત્વ પણ કુમારપાળના કિલ્લા પછીનું સાબિત થાય છે, પરંતુ તેના કરતાં હાટકેશ્વરનું હાલનું મંદિર વધુ સ્પષ્ટ દર્શન આપે છે.

નાગરખંડના ૧૦૭મા અધ્યાયમાં ચિત્રશર્મા હાટકેશ્વરનું મંદિર બાંધે છે તેની હકીકત આવી છે. તે પરથી સમજાય છે કે ચિત્રશર્મા કર્મકાંડી બ્રાહ્મણ ન હતો કારણ કે પુરાણકારે તેને મૂર્ખ, ગુણવિહીન ગણ્યો છે; પણ તેણે મનોહર પ્રાસાદ બંધાવ્યો હતો. આ હાટકેશ્વરનું મંદિર વડનગરના કિલ્લામાંથી નીકળતી ગટરની પાસે છે. જો આ મંદિર કુમારપાળના વખતમાં અહીં હોત તો તે આ સ્થળેથી પોતે શૈવ હોઈને કિલ્લાની ગટર કાઢવા દે નહીં. તેથી આ મંદિર આ કિલ્લો બંધાયો તે પહેલાંનું હોવાનું લાગતું નથી, પણ તેનાં અંગરખાં તથા પાયજામાવાળાં શિલ્પો અને તેનું આખું આયોજન પંદરમી સદી પહેલાંનું લાગતું નથી. સંભવતઃ તે એકાદ બે સદી મોડું હોય. અહીં એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે જ્યારે ઈ. સ. ૧૬૩૩માં અહીં અલતફ્તાહ બેગ મિર્ઝાએ કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો ત્યારે જોશી વેણીનો પુત્ર વિષ્ણુજીક સારું સ્થાન ભોગવતો હતો. આ રાજકાજમાં પડેલા નાગર ગૃહસ્થે તો હાટકેશ્વરનું આ મંદિર નહીં બંધાવ્યું હોય? જો રાજકાજમાં પડેલા આવા નાગર ગૃહસ્થ મંદિર બંધાવે તો તેની પૂજા કોણ કરે? એ બાબત વિવાદ પેદા થાય. આવો વિવાદ પણ થયેલો હોવાનાં સૂચન નાગરખંડમાં છે, અને તેથી લાગે છે કે વિષ્ણુજીકે આ મંદિર બંધાવ્યું હોય અને પૂજાના અધિકારોની તેણે પરવા કરી નહીં હોય.

આમ બારમી સદી પછી અને સંભવતઃ ૧૬-૧૭મી સદીમાં બંધાયેલાં મંદિરની વીગતો આપતો ગ્રન્થ ક્યારે લખાયો હશે તેની કલ્પના કરી લેવાની રહી. આ અનુમાનને ગૌરીકુંડ, ચુંકારિદેવીનું સ્થળ વગેરે અનેક તીર્થો પુષ્ટિ આપે છે અને તેથી અત્રે જે નાગરખંડની ચર્ચા કરી છે તે આ યુગ પહેલાંનો લાગતો નથી. પ્રસ્તુત લેખમર્યાદા ધ્યાનમાં રાખીને આ તીર્થોનાં પુરાવસ્તુ જે આ અનુમાનને પુષ્ટ કરે છે તેની વિગતો ચર્ચી નથી, આ અનુમાનને પુષ્ટ કરે તેવી સામાજિક સ્થિતિનું વડનગરમાં દર્શન થાય છે. વડનગરમાં નાગરો ઉપરાંત બીજા કર્મકાંડી બ્રાહ્મણો રહેતા હતા. તેમની સાથે કર્મકાંડ બાબત અધિકાર માટે તકરારો થતી હોવાના પુરાવા ૧૮૧.૬માં છે. અર્થાત્ વડનગર એ માત્ર નાગર બ્રાહ્મણોનું જ સ્થાન રહ્યું ન હતું, પણ બીજી જ્ઞાતિના બ્રાહ્મણો પણ રહેતા હતા. તદુપરાંત નાગરો વડનગર સિવાય અન્ય સ્થળે રહેતા થઈ ગયા હતા અને તેથી નાગર કોને ગણવા એ બાબત વિવાદ થતો પણ દેખાય છે; અને તેથી નાગરોની શુદ્ધિ કરવાની હકીકતો આ ગ્રન્થમાં દેખાય છે. નાગરોના ગૃહસ્થ અને કર્મકાંડી એવા સ્પષ્ટ

ભાગો પડી ચૂકયા હોવાનાં સૂચનો ગ્રન્થમાંથી મળે છે. આ ગ્રન્થમાં નાગરો સામાન્યતઃ કર્મકાંડ કરાવતા ન હતા એવો ધ્વનિ નીકળે છે; પરંતુ તેની સાથે સાથે કર્મકાંડ કરાવનાર દેવશર્મા, સુશીલ વગેરે બ્રાહ્મણોની કથા તપાસી હોય તો તેમાંથી કર્મકાંડ કરાવનાર તરફની સહાનુભુતિ એક તરફ સ્પષ્ટ થાય છે અને બીજી તરફ તેમના તરફ ઘૃણા હોઈ તેમને ન્યાત બહાર મૂકવાની પ્રવૃત્તિનાં સૂચનો થાય છે. આ હકીકતો આપનાર અધ્યાય ૩૧, ૩૭ અને ૧૫૫ વગેરે તપાસતાં સ્પષ્ટ થાય છે કે કર્મકાંડ કરાવનાર લોકો પ્રમાણમાં વધારે દયાળુ હતા, પરંતુ તેમની દયાના ફલસ્વરૂપે તેમને તેમની ન્યાતે બાહ્ય ગણ્યા. આ હકીકતો પરથી નાગરોની પેટા જ્ઞાતિઓ પડી ગઈ હતી અને તે સમજાવવાના આ પ્રયત્નો થયા હોવાનું સ્પષ્ટ સમજાય છે.

આમ વડનગરમાં નાગરોની ઘટી ગયેલી વસ્તી તેમની પેટા જ્ઞાતિઓનું અસ્તિત્વ, તેમના ગૃહસ્થ અને ભિક્ષુકો વચ્ચેના સંઘર્ષો અને તેમનું નર્મદા પર થયેલું સ્થળાંતર વગેરે હકીકતો નાગર જ્ઞાતિના સારા વિકાસ અને ભારતમાં જુદે જુદે સ્થળે થયેલા વસવાટ પછી આ ગ્રંથનું આલેખન થયું હોવાનું સ્પષ્ટ દેખાય છે. આ પ્રકારના ફેરફારો મધ્યકાળમાં ઈ. સ.ની દશમી સદી પછીની કેટલીક સદીઓ પછીના હોવા બાબત અનુમાન કરી શકાય એમ છે. આ અનુમાનને નર્મદાતટે વસેલી નાગરોની પેટા જ્ઞાતિ સાઠોદરા નાગરોએ સાઠોદમાં બંધાવેલા હાટકેશ્વરના મંદિરની સ્થળ–તપાસથી પુષ્ટિ મળે છે.

સાઠોદમાં હાટકેશ્વરનું મંદિર તળાવની પાળ પર છે. હાલનું મંદિર દોઢસો–બસો વર્ષ કરતાં વધુ પ્રાચીન લાગતું નથી, પરંતુ તેના જૂના ભાગો તેને પંદરમી-સોળમી સદી કરતાં પ્રાચીન ઠરાવતા લાગતા નથી. અહીંના બારમી-તેરમી સદીના પાળીઆઓ પરથી સાઠોદમાં આવેલા નાગરોની પ્રાચીનતા સિદ્ધ કરવા માટે લોકકથાઓ ઉત્પન્ન કરવામાં આવી છે. તે પરથી સ્પષ્ટ થશે કે સાઠોદમાં નાગરોનું આગમન પંદરમી-સોળમી સદી પહેલાંનું ઉપલબ્ધ પુરાવા પરથી લાગતું નથી, અને એની કથા સાચવનાર ગ્રંથ આ યુગ પછી લખાયો હોવાની બાબત ભાગ્યે જ શંકા રાખવાનું કારણ રહે. આમ નાગરખંડનું અવલોકન કરતાં નીચેની પરિસ્થિતિનું સ્પષ્ટ સૂચન મળે છે:

૧　આ નાગરખંડ વડનગર, હાટકેશ્વર અને નાગરોની જ્ઞાતિ માટેનું પુરાણ છે.

૨　નાગરખંડમાં વર્ણવેલું ચમત્કારપુર હાલનું વડનગર છે. આ વડનગરમાંથી પ્રાચીન પદાર્થો મળે છે તે આ નગર ઈ. સ. પૂર્વે એકાદ બે સદી પર વસ્યું હતું એમ દર્શાવે છે. પણ નાગરખંડમાં વર્ણવેલાં તીર્થો અને તેની હકીકતો પંદરમી-સત્તરમી સદીની પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે.

૩　હાલના ચમત્કારપુરના કિલ્લાની તપાસ કરતાં અને અરજણબારીની પ્રશસ્તિની થયેલી નકલ તપાસતાં સમજાય છે કે ઈ. સ. ૧૬૩૩માં અહીં સારી અસર ધરાવનાર જોષી વેણીના પુત્ર વિષ્ણુજીકે અહીંનાં આ કામમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો અને તેથી સંભવ છે કે તેણે હાટકેશ્વરનું આ મંદિર બંધાવ્યું હોય. નાગરખંડે આ શક્તિશાળી નાગરનું ચિત્રશર્મા નામ આપ્યું હોવાનું અનુમાન કરવાનાં પ્રમાણો છે.

૪ આ કલ્પનાને પુષ્ટ કરવા માટે, નાગરખંડના ચિત્રશર્માએ બંધાવેલા હાટકેશ્વરના મંદિરની રચના થઈ તે પહેલાંના અધ્યાય ૧૦૫-૧૦૬માં વડનગરમાં મંદિરો બાંધવાની પ્રવૃત્તિ બંધ થઈ ગઈ હતી એ હકીકત પૂરતી છે. આ પરિસ્થિતિ ગુજરાતમાં મુસલમાનોનાં આગમન પછીની ચૌદમી અને પંદરમી સદીમાં હતી, પરંતુ મોગલોની સત્તા જામતાં ગુજરાતમાં મંદિરો બાંધવાની પ્રવૃત્તિને થોડોઘણો વેગ મળેલો દેખાય છે. હાટકેશ્વરનાં મંદિરનું અધ્યયન આ યુગ દર્શાવે છે.

૫ નાગરખંડે વર્ણવેલાં ઘણાં તીર્થો પૈકી આ યુગમાં બંધાયેલાં કેટલાંક તીર્થો એટલાં મહત્ત્વનાં છે કે તે ગ્રન્થના મૂળ ભાગમાં હોઈ આ ગ્રન્થ સોળમી-સત્તરમી સદીમાં રચાયો છે.

જ્યારે આ અનુમાનો થાય છે ત્યારે એક મહત્ત્વનો પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ પુરાણોનું કંઈ મૂલ્ય ખરું ? આ યુગમાં તે શા માટે લખાયાં ? આ મહત્ત્વના પ્રશ્નો માત્ર ગ્રન્થાલેખન કરતાં વધારે ઊંડી તપાસ માગે છે. પ્રથમ પ્રશ્નનો જવાબ એટલો જ છે કે પુરાણો એ પ્રાચીન કથાઓ અને ઇતિહાસ આપવાનું કામ કરે છે. ભારતમાં પૌરાણિક પરંપરા ઘણી લાંબી છે. તેમાં પુરાણોનું અધ્યયન–અધ્યાપન, વાચન તેમ જ નવરચના ચાલ્યા કરે એ સહજ સમજાય એવી હકીકતો છે. જો આ જીવંત પરંપરા ચાલતી હોય તો તેમાં વધારો થયા કરે અને એ રીતે જુદાં જુદાં સ્થળોના પરંપરાગત ઇતિહાસો, કથાઓ વગેરે પુરાણો તરીકે સ્થિર થાય એ સ્વાભાવિક પ્રક્રિયા ગણાવી જોઈએ. આ દૃષ્ટિએ તપાસતાં સમજાય છે કે પુરાણોની કથાઓને સ્થળતપાસ, ભૂગોળ, ભાષા, સામાજિક વલણો વગેરે વિવિધ દૃષ્ટિબિંદુઓથી તપાસવામાં આવે તો ઘણાં પુરાણોનાં સમયાંકન થઈ શકે છે. આ સમયાંકનને પરિણામે ભારતીય પૌરાણિક પરંપરાનું બળ સમજાય છે.

ગઈ સદીમાં પુરાણો લખાતાં, પૌરાણિકો પુરાણોની રચના તથા કથા કરતા એ બાબત જાણીતી છે. પરંતુ આ પરંપરાની વિડંબના કરવાના પ્રયત્નો થતા, પ્રાચીન પુરાણોને જ પૌરાણિક ગણવાં અને બાકીનાંને પાછળનાં છે કહીને તેનો અભ્યાસ નહીં કરવાની કે તેને ગૌણ ગણવાની વિચારસરણીનાં ઘણી જગ્યાએ દર્શન થાય છે, એ અયોગ્ય છે. આજે લખાતાં વિજ્ઞાનનાં પુસ્તકો આજથી બસો વર્ષ પર લખાયેલાં પુસ્તકોની સરખામણીમાં પાછળનાં છે, છતાં તેને જો ગૌણ ગણવાને બદલે મહત્ત્વનાં ગણવાનું વલણ ચર્ચા માગતું નથી તો પ્રમાણમાં નવાં પુરાણોને ગૌણ ગણવાની જરૂર નથી.

પ્રમાણમાં નવાં લખાયેલાં પુરાણોમાં પૌરાણિકો કેવી રીતે આ પુરાણોની રચના કરે છે તેના ઘણા અંશો એટલા બધા સ્પષ્ટ હોય છે કે તેને પરિણામે ઘણાં પ્રાચીન પુરાણોની રચના કેવી રીતે થઈ હશે તેની વધુ સ્પષ્ટતા થાય એમ છે તેથી આ પુરાણોનું અધ્યયન મહત્ત્વ ધારણ કરે છે. યોગ્ય અધ્યયન તેનાં સ્થળકાળ નિશ્ચિત કરી શકે છે અને તેથી એ પુરાણ પાછળની સ્થાનિક પ્રવૃત્તિ પર ઘણો પ્રકાશ પડે છે.

જ્યારે પુરાણો લખવાની આ પરંપરા સજીવ હતી એ હકીકતનો સ્વીકાર કરવામાં આવે ત્યારે પુરાણો જે તે સ્થળ અથવા જાતિને તેનો ઇતિહાસ આપવાની પ્રવૃત્તિ કરતાં જોવામાં આવે છે એમ સ્પષ્ટ દેખાય છે. આ ઇતિહાસમાં કાલગણનાની આજની પદ્ધતિ નથી. તેમાં અનેક

જુદે જુદે સમયે અને સ્થળે થયેલી વ્યક્તિઓને લોકકથાની માફક ભેગી કરવામાં આવે છે, પરંતુ તેમ કરવા છતાં પૌરાણિકો વિશિષ્ટ રીતે તેમાં કેટલીક વ્યવસ્થા જાળવતા હોવાનું દેખાય છે. તેમણે રજૂ કરેલી હકીકતો સ્થળતપાસથી સ્પષ્ટ થાય છે. જ્યાં અંત્યેષ્ટિ ક્રિયા થતી હોય ત્યાં દુર્ગતિએ ગયેલા લોકોની હકીકતો હોય છે. નાગપૂજાનાં સ્થળોએ જ નાગ સાથે સંબંધ ધરાવતી ઘણાં સ્થળોએ જાણીતી અથવા સ્થાનિક કથાઓનું આલેખન હોય છે. તેમણે વર્ણવેલી ભૌગોલિક હકીકતો પણ સ્પષ્ટ હોય છે અને ઘણા સ્થાનિક રિવાજો પણ આ સાહિત્ય જેટલા સ્પષ્ટ કરે છે તેટલા બીજા સાહિત્યપ્રકારોમાં જોવામાં આવતા નથી.

આ હકીકતો જોતાં સ્થાનિક પુરાણો જે વખતે લખાયાં હોય તે વખતની ઘણી પરિસ્થિતિનો સારો ખ્યાલ પૂરો પાડે છે અને તેથી સ્થાનિક ઇતિહાસનાં આલેખનમાં તે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે; પરંતુ તેમાં આપેલી હકીકતોને ઘણી પ્રાચીન ગણવાથી ઇતિહાસના અર્થઘટનમાં ભારે ગરબડો પેદા થાય છે. આ પુરાણોને મધ્યકાલીન સાહિત્યપ્રકારમાં ગણાતાં આખ્યાનો જેવાં ગણવાની જરૂર છે.

નાગરખંડને જો આપણા અધ્યયનને પરિણામે સોળમી-સત્તરમી સદીની રચના ગણવાની પારસ્થિતિ પેદા થતી હોય તો કૌમારિકાખંડની પણ આવી જ પરિસ્થિતિ હતી. તેથી સમજાય છે કે સત્તરમી સદીમાં પૌરાણિક પરંપરા પ્રબળ થઈ હતી. "પ્રેમાનંદની આ પાસ વ્યાસ વાંચે સંસ્કૃત, આ પાસ મારું પ્રાકૃત"[૧] જેવી ઉક્તિઓ પરથી સમજાય છે કે પ્રેમાનંદ પુરાણકારોની પદ્ધતિને અનુસરીને આખ્યાનો લખતો હતો.

આ પ્રવૃત્તિઓને પરિણામે ભારતીય જનસમાજમાં ભારતીય પરંપરાનાં મૂલ્યો પુનર્જીવન પામ્યાં; એટલું જ નહીં પણ એ મૂલ્યોએ દઢતા ધારણ કરી અને તેનું અવલોકન કરતાં સમજાય છે કે આજે જેને ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ તે મધ્યકાલીન યુગમાં પુનર્દઢ થયેલી સંસ્કૃતિ છે. આ અધ્યયનો પરથી દેખાય છે કે યુગે યુગે ભારતમાં સાંસ્કૃતિક મૂલ્યાંકનો કરવાની પ્રવૃતિ ચાલુ રહી હતી અને એ પ્રવૃતિને પરિણામે આપણા રીતરિવાજોમાં યુગાનુસારી ફેરફારો કરતાં કરતાં ભારતીય સમાજ પોતાનાં દઢ મૂલ્યોને ચાલુ રાખવાનો પ્રયાસ કર્યા કરતો હતો. તેનાં ફલસ્વરૂપ આજે ભારતની સંસ્કૃતિ જીવંત રહી છે.

---

૧ પ્રેમાનંદના માર્કંડેય પુરાણના અનુવાદમાંથી ડૉ. મંજુલાલ મજમુંદારે ઉદ્ધૃત કરેલી ઉક્તિઓ 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો', પૃ. ૧૬૪. ભાલણ, પ્રેમાનંદ વગેરે ગુજરાતીમાં આખ્યાનો રચીને તેની કથા કરનાર માણભટ્ટોનો શ્રોતાસમુદાય હતો. પરંતુ તેની સાથે સંસ્કૃતમાં કથા રચીને અથવા રચાયેલી કથાઓનું અધ્યયન, અધ્યાપન, વાચન કરનાર પૌરાણિકોનો પણ સમાજમાં શ્રોતાવર્ગ હતો અને સંસ્કૃત પૌરાણિકો તથા તત્કાલીન પ્રચલિત ભાષામાં પોતાની પ્રવૃત્તિ ચલાવનાર માણભટ્ટની વચ્ચે શ્રોતાઓ અને પ્રશંસકો મેળવવા સારી હરીફાઈ થતી હોવાના ઘણા પુરાવા મધ્યકાલીન સાહિત્યમાં મળે છે.

# સંસ્કૃત સાહિત્યમાં સ્ત્રી અને સુગંધ

બિપિનચંદ્ર કાપડિયા

આ જગત અનેકાનેક આશ્ચર્યોનો ભંડાર છે. ઈશ્વરીય માયા અકળ છે. ઈશ્વરની ગહન લીલા કળવા માટે વેદના નાસદીયસૂક્તથી (ઋ. ૧૦.૧૨૯) માંડીને, ઉપનિષદકાળ, વેદાન્તસૂત્રો વગેરેમાં તે અલૌકિક શક્તિ સમજવા તથા પામવા વિવિધ દૃષ્ટિકોણથી પ્રયત્નો થયા છે, છતાં પણ ઈશ્વર એટલે કોણ, આ જગત કોણે, ક્યારે શા માટે રચ્યું, આત્મા એટલે શું, આત્મા ક્યારે પરમાત્મા થઈ શકે, મોક્ષ કોણ, ક્યારે અને કેવી રીતે પામી શકે તે બધા પ્રશ્નો પ્રશ્નાર્થ-ચિહ્નો જ રહ્યાં છે.

સંસારરૂપી રથનાં બે ચક્રો તે સ્ત્રી અને પુરુષ. આ રથ સરખી ગતિએ, સરખી રીતે, સરખા રાહે ચાલે તે માટે સ્ત્રી-પુરુષરૂપી આ બે પૈડાં સમાન, સમાન ધરી પર, સુરેખ તથા સરખી ગતિએ જતાં હોવાં જોઈએ. હોવું તો ઘણું જોઈએ પણ તે હંમેશાં શક્ય બનતું નથી. અર્ધનારીશ્વરના સ્વરૂપમાં સ્ત્રી તથા પુરુષનું ઐકય કૃતકૃત્ય થયું છે. પૃથ્વી પર વિવિધ પ્રકારની જીવસૃષ્ટિમાં નર તથા માદાની જોડી દૃષ્ટિગત થાય છે. મનુષ્યલોકમાં સ્ત્રી અને પુરુષનું યુગલ સર્વંકષી બન્યું છે. અર્ધનારીશ્વરના સ્વરૂપમાં સ્ત્રી-પુરુષનું ઐકય છે, ત્યારે ઈવનું અસ્તિત્વ એડમની પાંસળીમાંથી થયું હતું તેમ મનાય છે. આ સચરાચર સૃષ્ટિમાં સ્ત્રી-પુરુષનું યુગલ જગતમાં સર્વ પ્રવૃત્તિનું કેન્દ્ર બને છે. મનુષ્યેતર સૃષ્ટિમાં પ્રાયશ: સ્ત્રી કરતાં પુરુષ, માદા કરતાં નર વધારે સુંદર તથા આકર્ષક હોય છે. સિંહણ કરતાં સિંહ, ઢેલ કરતાં મોર, મેના કરતાં પોપટ વગેરે. મનુષ્ય જગતમાં જ્યારે કોઈ સુંદર સ્ત્રીને કાળો માણસ પરણે છે ત્યારે કહેવાય છે કે 'કાગડો દહીંથરું લઈ ગયો.' આવાં લગ્નને લાકડે માંકડું વળગાડયું તરીકે ઓળખાવવામાં આવે છે.

ઈશ્વરીય સૃષ્ટિમાં જન્મ પહેલાં તથા પછી પણ આશ્ચર્યો બન્યાં છે. માતા કુન્તીએ કૌમારાવસ્થામાં કર્ણને જન્મ આપ્યો હતો. ઈશુ ખ્રિસ્તનો જન્મ પણ કુંવારી મેરીને પેટે થયો હતો. જશોદામૈયાનું સંતાન તથા દેવકીનું સંતાન જન્મ બાદ પરિવર્તનયોગ પામ્યા હતા. બ્રાહ્મણી દેવાનન્દાનો ગર્ભ વૈશાલી નગરીના રાજા સિદ્ધાર્થની પત્ની ત્રિશલાના ઉદરમાં દેવોએ ગોઠવ્યો. આ પણ એક અકળ લીલા છે. ભારતીય સાહિત્યમાં જે અનેકાનેક સ્ત્રીરત્નો સાહિત્યસૃષ્ટિમાં સ્થાન પામ્યાં છે તેમાંના કેટલાંક સ્ત્રીપાત્રો એવાં છે કે જેનાં શરીરમાંથી એક પ્રકારની ગંધ નિઃસૃત થતી હતી. આ લેખમાં આવાં કેટલાંક પાત્રો વિષે ચર્ચા કરવાની છે. સામુદ્રિક શાસ્ત્રમાં ચાર પ્રકારની સ્ત્રીમાંથી પદ્મિની એક એવા પ્રકારની સ્ત્રી છે કે જેના શરીરમાંથી સુવાસ નીકળતી હોય છે.

અપભ્રંશ સાહિત્યમાં સુગંધદશમીકથામાં વારાણસીના રાજા પદ્મનાભની પત્નીના શરીરમાંથી દુર્ગંધ નીકળતી હતી તેવી રીતે સંસ્કૃત સાહિત્યમાં મહાભારતની મત્સ્યગંધા, પ્રાકૃત સાહિત્યમાં નાયાધમ્મકહાની સોળમી નાગશ્રીની કથા, જિનસેનના હરિવંશમાં લક્ષ્મીમતીની કથા, હરિષેણના બૃહત્કથાકોશમાં પૂતિગંધાની કથા-આવા પ્રકારની સ્ત્રીપાત્રોવિષયક કથાઓ છે.

સુગંધદશમીકથા કે સુઅંધદમીકહા જે અપભ્રંશમાં લખાયેલી છે તે બે સંધી તથા ૨૧ કડવકોમાં ઉપલબ્ધ થાય છે. પહેલી સંધીમાં ૧૨ કડવકો તથા બીજી સંધીમાં ૯ કડવકો છે. સુગંધદશમીકથાના લેખક ઉદયચન્દ્ર છે જેમનો સમય ઈ. સ. ૧૧૫૦ છે. જ્યારે તેઓ ગૃહસ્થાવસ્થામાં હતા ત્યારે તેની પત્ની દેવમતિયા કે દેવમતિની વિનંતીના પ્રત્યુત્તરરૂપે લખાયેલી આ કથા છે. અપભ્રંશમાં છે પરંતુ તેનાં રૂપાન્તરો સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, અને હિંદીમાં પણ મળે છે. સુગંધદશમીકથા જે સંસ્કૃતમાં છે તેમાં ૧૬૧ શ્લોકો છે જેનો છેલ્લો શ્લોક માલિની છંદમાં છે; અને બાકીનાં ૧૬૦ અનુષ્ટુભ છંદમાં છે. તેના કર્તા શ્રુતસાગર છે જેઓ વિદ્યાનન્દિના શિષ્ય છે અને તેમનો સમય ઈ. સ.ની ૧૫મી સદી છે.

સુગંધદશમીકથા જે ગુજરાતીમાં મળે છે તેના ૯ 'ભાસ'માં વિભાગો પાડવામાં આવ્યા છે. પહેલા ભાસમાં મંગળશ્લોક રૂપે પાંચ સિદ્ધિ છે, બીજામાં ૨૧ શ્લોક, ત્રીજામાં ૨૨, ચોથામાં ૨૨, પાંચમામાં ૨૮, છઠ્ઠામાં ૨૩, સાતમામાં ૨૪, આઠમામાં ૧૯+૨=૨૧, અને નવમામાં ૪૩ શ્લોક છે. મંગળશ્લોકને ગણતાં તેમાં ૨૦૫ શ્લોક છે. તેના કર્તા જિનદાસ છે. તેમનો સમય ૧૪૫૦ છે. તેમની ભાષા તથા શૈલી અપભ્રંશ, ગુજરાતી, હિંદી અને મરાઠીની અસર નીચે છે. આ કૃતિ ભાષાના તુલનાત્મક અભ્યાસી માટે ખાસ કરીને ભાષાશાસ્ત્રીઓને ખચિત ઉપયોગી થાય તેવી છે.

સુગંધદશમીકથા જે મરાઠીમાં છે તેમાં ૧૩૬ શ્લોકો છે : જેમાં પાંચ શાર્દૂલવિક્રીડિતમાં, ૩૮ ભુજંગપ્રયાતમાં, એક વસંતતિલકામાં, ૪૨ ઉપેન્દ્રવજ્રામાં, ૬ શાલિનીમાં, ૨૧ રથોદ્ધતામાં, ૪ માલિનીમાં, ૧ દ્રુતવિલંબિતમાં, ૬ ઉપજાતિમાં, ૨ કલહંસામાં, ૮ સ્વાગતામાં, ૧ શિખરિણી જેવા સંસ્કૃત છંદોમાં તથા એક સવૈયામાં છે. જે રીતે છંદોનું વિભાજન કરવામાં આવ્યું છે તે જાણે કે કાવ્યના વિભાગો જેવું છે. આ કાવ્યના કર્તા જિનસાગર છે, તેઓ દેવેન્દ્રકીર્તિ કે ભટ્ટારક (સંવત્ ૧૭૫૭–૮૬)ના શિષ્ય છે. તેઓ થોડો સમય શિરદમાં તથા પરભણી પ્રાંતનાં અન્ય સ્થળોમાં રહ્યા હતા.

સુગંધદશમીકથા જે હિંદીમાં છે તેના કર્તા પં. ખુશાલચન્દ્ર કાલા છે. આમાં ૧૪૩ પદ્યો છે જે ચૌપાઈ તથા દુહામાં છે. તેના કર્તા રાજસ્થાનના સંગનેરના છે. તેઓએ લખ્યું છે તે પ્રમાણે તેમની કૃતિ પર શ્રુતસાગરની સંસ્કૃત કૃતિની અસર છે. તેમનો સમય ૧૮મી સદીનો છે.

આ પ્રમાણે સુગંધદશમીકથા જૈન લેખકોમાં ઈસવી સન ૧૨મીથી ઈ. સ. ૧૮મી સુધી લોકભોગ્ય રચના તરીકે સ્વીકારાઈ છે. આ વિવિધ ભાષામાં લખાયેલી કથાઓનો મુખ્ય આશય જૈન ધર્મના સિદ્ધાન્તો પુષ્ટ કરવાનો છે તથા જુદી જુદી ભાષામાં લખવાથી તે તે પ્રાંતના લોકોને ઉપયુક્ત થાય તે છે. આ કથાઓમાં જૈન ધર્મના કેટલાક કેન્દ્રીય સિદ્ધાંતો, કર્મનો સિદ્ધાન્ત, કર્માનુસાર વિવિધ યોનિમાં જન્મ, રાગદ્વેષાદિનાં ફળ, તપશ્ચર્યા અને વ્રત, સંસારમાં શાશ્વત સુખ શેમાં છે તેની સમજૂતી વગેરે જૈન આચાર-વિચારને કેન્દ્રમાં રાખી આ કથાઓનો તાણોવાણો ગૂંથવામાં આવ્યો છે.

સુગંધદશમીકથાનો ટૂંકસાર આ પ્રમાણે છેઃ વારાણસીના રાજા પદ્મનાભ વસંતોત્સવમાં અંતઃપુર સહિત ક્રીડાર્થે જાય છે. માર્ગમાં તે સુદર્શન મુનિને જુએ છે. શ્રદ્ધાળુ શ્રાવક તરીકે

પોતાની પત્ની શ્રીમતીને પાછા જઈ મુનિને સુયોગ્ય આહાર વહોરાવવા કહે છે. પતિની આજ્ઞાને વશ થઈને તે જાય છે તો ખરી પણ ક્રોધાયમાન થાય છે, કારણ કે તેના આનંદોલ્લાસમાં સુદર્શન મુનિ અંતરાયરૂપ થાય છે. તે કડવી તુંબીનું ફળ રાંધી મુનિને વહોરાવે છે. મુનિને તીવ્ર વેદના થાય છે. રાણી પાછી વસંતોત્સવ માણવા જાય છે. તેણીની ત્વરિત હાજરીથી રાજાને અણગમો ઉત્પન્ન થાય છે. તેણીના મુખમાંથી દુર્ગંધ નીકળવા લાગે છે. આ તરફ પાછા ફર્યા બાદ રાજાને મુનિના મૃત્યુના સમાચાર લોકો પાસેથી જાણવા મળે છે. રાજા રાણીને બધું લઈને કાઢી મૂકે છે. તેનો અંત તેથી ઘણો ખરાબ થાય છે. અનેક ભવો બાદ તે ચાંડાળ કન્યા તરીકે જન્મે છે. તેના શરીરમાંથી ચારે તરફ દુર્ગંધ ફેલાય છે. ધાર્મિક વ્રતાદિના આચરણથી તે એક બ્રાહ્મણને ત્યાં દુર્ગંધા તરીકે જન્મે છે. તેને જાતિસ્મરણજ્ઞાન થાય છે. આ પ્રસંગે સુદર્શન મુનિ સુગંધીદશમીવ્રત, તેની વિધિ, ઉદ્યાપન વગેરે સમજાવે છે. તે દ્વારા એટલે કે અનુષ્ઠાનાદિથી તે બીજા ભવમાં તિલકમતી તરીકે જન્મે છે. સિરિસિરિપાલકહામાં તથા શ્રીપાળ રાજાના રાસમાં કોઢિયાના ટોળામાં છુપાયા બાદ કેવી રીતે રાજા કોઢયુક્ત શરીરવાળા બને છે તથા આયંબિલની ઓળીની આરાધનાથી કેવી રીતે કાંચન વર્ણનું શરીરાદિ મેળવે છે તે કથા પ્રત્યેક શ્રદ્ધાળુ જૈનને તથા તે સાહિત્યના અભ્યાસીને સુજ્ઞાત છે.

સુગંધદશમીકથાના બે ભાગ પાડી શકાય. હવે પછીના તિલકમતીના જન્મની વાતને દુર્ગંધ સાથે કશો સંબંધ નથી. તિલકમતી રત્નપુરના ધનિક વણિકની પુત્રી હોય છે. નાનપણમાં તે માતાને ગુમાવે છે. વણિક બીજી સ્ત્રી કરે છે. તેનાથી તેને તેજોમતી નામની પુત્રી થાય છે. બંને સાથે વધે છે. તેજોમતી તિલકમતી જેવી સ્વરૂપવાન નથી હોતી. આથી સાવકી મા તિલકને દુઃખ દે છે, સતાવે છે. રાજાજ્ઞાથી જિનદત્તને વેપાર માટે બહાર જવાનું થાય છે. જતાં જતાં પત્નીને કહેતો જાય છે કે મારી રાહ જોયા વગર તિલકને સારા મુરતિયા સાથે પરણાવી દેવી. તિલકમતીથી આકર્ષાયેલો રાજા તેને છૂપી રીતે મળે છે, પરણે છે. જિનદત્ત જ્યારે પાછો ફરે છે ત્યારે તિલકમતી કેવી રીતે પરણી તથા શું શું મેળવ્યું તે બધું કહી દે છે. રાજા છૂપી રીતે તેને રાત્રે મળતો, વિવિધ કિંમતી ભેટો આપતો તથા દિવસ થતાં જતો રહેતો. જિનદત્ત ભેટમાં તિલકે મેળવેલા દાગીના રાજાના છે તેમ ઓળખી કાઢી રાજા પાસે તે લઈ જાય છે. રાજા કહે છે કે જો ચોરને પકડ્યો હોત તો સારું થાત. તિલકને પૂછવામાં આવે છે. તે કહે છે કે મારો પતિ મને રાત્રે મળતો તેથી તે તેનું વર્ણન કરી શકે તેમ નથી. રાજાજ્ઞાથી તેને ઘેર ભોજનસમારંભ ગોઠવાય છે કારણ કે તિલકમતીએ કહ્યું કે તે દરરોજ પતિના પગ પ્રક્ષાલે છે તેથી પગને[1] ઓળખી શકે. ભોજન-સમારંભમાં રાજા પધારે છે. તિલકમતીને આંખે પાટા બાંધી અતિથિના પગપ્રક્ષાલનનું કાર્ય સોંપાય છે. તેણે સ્પર્શથી ચોર પકડી પાડ્યો. ચોર રાજા પોતે જ હતા. રાજા સ્પષ્ટ કરે છે કે સ્મશાનમાં તેણે દીવો જોયો. તિલકમતી પર મોહે છે. કેવી રીતે મહીષ્પાળ તરીકે તે તિલકને પરણે છે. મહીષ્પાળ એટલે તે ભેંસોનો રક્ષક નહીં પણ રાણીઓનો પાળક હતો. ફરીથી કનકપ્રભ સાથે તિલકમતીનો લગ્નોત્સવ થયો. આ બધું સુગંધીદશમીવ્રતના પ્રભાવ સ્વરૂપે છે એમ આ બીજી વાર્તાનો આશય છે.

---

૧ લક્ષ્મણ સીતા વિષે કહે છે કે नुपूरं चैव जानामि नित्यं पादाभिवंदनात् ।

ઉપર્યુક્ત વાતમાં જૈન દૃષ્ટિકોણથી કર્મનો સિદ્ધાંત, કર્મનાં ફળ, પવિત્ર આચરણ, વિવિધ યોનિમાં કર્માનુસાર ભ્રમણ, વિવિધ જન્મો, જાતિસ્મરણજ્ઞાન, વિવિધ જન્મોના હેતુઓ, કર્મની શૃંખલા, તપશ્ચર્યાપ્રધાન યતિજીવનની વિશિષ્ટતા વગેરે તત્ત્વો આવી વાર્તા દ્વારા લોકભોગ્ય લોકકથામાં સમજાવવામાં આવે છે.

સુગંધદશમીકથાની જે પૂર્વકથા છે તેની સાથે વૈદિક સાહિત્યમાં પણ આ દૃશ્ય જોવા મળે છે. તપશ્ચર્યાના બળે આર્ષદૃષ્ટિવાળા ઋષિ-મુનિઓ શ્રાપાદિ આપવા સમર્થ હતા. મહાભારતના કર્તા વેદવ્યાસના પિતા પરાશર વિષે આવી કથા છે. અદ્રિકા નામની એક અપ્સરા બ્રાહ્મણ દ્વારા શાપાન્વિત થાય છે. તે મત્સ્યગંધા તરીકે જન્મે છે. તે ઘણી સુંદર હોય છે, પરંતુ તેના શરીરમાંથી મત્સ્યની દુર્ગંધ આવે છે. પરાશર મુનિ તેના પ્રેમમાં પડે છે. પ્રેમના બદલા તરીકે તે તેના શરીરમાંથી મત્સ્યની ગંધ દૂર કરે છે. ત્યારથી મત્સ્યગંધા, જે માછીમારની દીકરી હોય છે, ગંધવતી અથવા યોજનગંધા બને છે કારણ કે હવે તેના શરીરમાંથી યોજન સુધી સુગંધ ફેલાય છે. આ બન્યા બાદ રાજા શન્તનુ વનમાં ગયા હોય છે. ઉત્તમ સુવાસ ગ્રહણ કરે છે. માછીમારની સુંદર કન્યાને જુએ છે. તેના પર પ્રેમ થાય છે, તેના પિતા પાસે જઈને વરવા માટે યાચના કરે છે. પિતા શરત મૂકે છે કે જો તેને પુત્ર થાય તો રાજગાદી તેને મળે તો દીકરીને પરણાવું. શન્તનુ ઘેર આવે છે, ખિન્ન મુખારવિંદવાળા પિતાને દેવવ્રત જુએ છે, ખેદનું કારણ જાણે છે, પિતાને ખુશ[1] કરવા માટે તે માછીમાર પાસે જાય છે, અને બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરી જીંદગીમાં અપરિણિત રહેવાનું વચન આપે છે. તે પિતાને માટે મત્સ્યગંધાને વરી લાવે છે. દેવવ્રતની આવી આકરી પ્રતિજ્ઞાથી તે ભીષ્મ તરીકે ઓળખાયા. શન્તનુ મત્સ્યગંધા સાથે પરણે છે. આ વાતમાં મત્સ્ય-ગંધાના શરીરમાંથી મત્સ્યના જેવી વાસ નિકળતી હતી તે હકીકત સુગંધદશમીકથા જે અપભ્રંશમાં છે તેની સાથે સરખાવી શકાય તેવી છે. સુગંધદશમીકથાની નાયિકાના શરીરમાંથી કટુગંધ નીકળતી હતી, અહીં મત્સ્યના જેવી વાસ નીકળે છે તે સામ્ય છે. મહાભારતમાંથી લીધેલો ઉપલો પ્રસંગ મહાભારતમાં ૧.૫૭. ૪૭-૪૯; ૫૪-૬૮ તથા ૧. ૯૬માં છે.

આવા પ્રકારની બીજી વાત નાયાધમ્મકહામાં છે. જૈનોના ૪૫ આગમોમાં ૧૧ અંગો છે. તેમાંનું છઠ્ઠું અંગ તે નાયાધમ્મકહા છે. તેના બે શ્રુતસ્કંધો છે. પહેલા શ્રુતસ્કંધમાં ૧૯ અધ્યયનો છે, બીજામાં દશ વર્ગો છે. પહેલા શ્રુતસ્કંધની ૧૬મી કથા નાગશ્રીની[2] છે. આ મોટી વાર્તામાં આપણને ઉપયોગી કેન્દ્રીય તત્ત્વ આ પ્રમાણે છે: નાગશ્રી ધર્મરુચિ નામના મુનિને કડવા ઝેર જેવો આહાર વહોવરાવે છે. ચંપા નામની નગરીમાં સોમ, સોમદત્ત અને સોમભૂતિ નામના ત્રણ બ્રાહ્મણ ભાઈઓ હતા. તેમને અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી નામની પત્નીઓ હતી. ઘણા તવંગર હોવાથી વારાફરતી એકમેકને ત્યાં જમવાનું કરવું તેવો પ્રબંધ કરે છે. જ્યારે નાગશ્રીનો વારો આવ્યો હોય છે ત્યારે તે જમવાનું તૈયાર થતાં ચાખે છે, ચાખતાં માલૂમ પડે છે કે રાંધેલું અન્ન ખાઈ ન શકાય તેવું ઝેર જેવું છે. તરત જ બીજું તૈયાર કરાવી મહેમાનોને જમાડે છે. જમી

---

૧ યયાતિનો પુત્ર પુરુ પણ પિતાની વૃદ્ધાવસ્થાના સાટામાં પોતાનું યૌવન બક્ષી પિતાને ખુશ કરે છે.

૨ નાયાધમ્મકહાઓ, સં. એન. વિ. વૈદ્ય, ૧૯૪૦, પૃ, ૧૬૨-૨૦૦

રહ્યા બાદ ધર્મઘોષના શિષ્ય ધર્મરુચિ વહોરવા માટે નાગશ્રીને ત્યાં આવે છે. નાગશ્રી સંતાડેલું અન્ન મુનિશ્રીને વહોરાવી દે છે. ગોચરી લઈ શિષ્ય ગુરુ પાસે આવે છે. ગુરુ અન્ન ન ખાવા જેવું હોવાથી ખાડામાં નાખી દેવું એમ કહે છે. ગોચરી લઇ શિષ્ય તે પ્રમાણે કરવા જતાં વેરાયેલા અન્નની સુવાસથી હજારો કીડી ઉભરાવા લાગી તથા મરવા લાગી. આથી ધર્મરુચિ જીવહિંસા નીવારવા બધું પોતે ખાઈ જાય છે. તે મરી જાય છે. તેના મૃત્યુની વાત લોકજીભે ચર્ચાવા લાગી. નાગશ્રીને લીધે મૃત્યુ થયું તેમ જાણ્યા પછી તેને કાઢી મૂકી. મરણ સમયે તેના શરીરમાં યોનિશૂળ, જ્વર, દાહ, કુક્ષિશૂળ, ભગંદર, દષ્ટિશૂળ, મૂર્ધશૂળ, અક્ષિશૂળ, કર્ણશૂળ, જેવા ૧૬ રોગો થાય છે. મરીને નરકે જાય છે. ત્યાંથી ચંપા નગરીના શ્રેષ્ઠી સાગરદત્તને ત્યાં સુમાસા નામની પુત્રી તરીકે જન્મે છે. યૌવનાવસ્થા પ્રાપ્ત થતાં પરણાવવામાં આવે છે. પરંતુ જે કોઈ તેને પરણે તે તેના શરીરના સ્પર્શથી ત્રાસી જઈ ત્યજી દે છે. કાળક્રમે તે મરી જાય છે. કર્માનુસાર દ્રૌપદી તરીકે જન્મે છે. નિયાણા પ્રમાણે તે પાંચ પાંડવોને પરણે છે. આ વાતમાં પૂર્વકથાની નાયિકાનું શરીર સ્પર્શી ન શકાય તેવું હોય છે કારણ કે તેનો સ્પર્શ જાણે કે તે અસિપત્રનું ન હોય તેવો હોય છે. તેથી વેદના થાય છે. ઝેર જેવા ખોરાક વહોરાવાને લીધે નાગશ્રીનું શરીર અસિપત્રની જેમ સ્પર્શી ન શકાય તેવું બન્યું છે. પછી સુમાસા પરિવ્રજ્યા લે છે. દ્રૌપદી તરીકે કર્માનુસાર જન્મ લે છે. મત્સ્યગંધાની તથા સુમાસાની કથા મહાભારતનાં પાત્રો સાથે સંકળાયેલી છે.

હરિભદ્રસૂરિએ સાવયપણ્ણત્તિની ટીકામાં ( ગાથા ૯૩ ) એક દૃષ્ટાંતકથા આપી છે. જેમાં એક વણિકની પુત્રી સાધુના ગંદા દેખાવથી ઘૃણા પ્રગટ કરે છે. તેથી તે એક વેશ્યા તરીકે જન્મે છે. તેના શરીરમાંથી ખરાબ દુર્ગંધ નીકળતી હતી. કર્મફળ ભોગવ્યા પછી તે એક રાજકુટુંબમાં પરણે છે.

જિનસેનના હરિવંશમાં ( ૬૦. ૨૫–૪૦ ) લક્ષ્મીમતીની એક કથા છે. તે સમાધિગુપ્ત સાધુ પ્રત્યેની ઘૃણાથી કોઢવાળી બને છે. મગધદેશમાં લક્ષ્મીગ્રામમાં સોમદેવ બ્રાહ્મણને રૂપગર્વિતા લક્ષ્મીમતી નામની પુત્રી હતી. ભિક્ષા માટે આવેલા સમાધિગુપ્ત સાધુ પ્રત્યે ઘૃણા પ્રદર્શિત કરે છે. સાત દિવસની અંદર મરી જાય છે. શૂકરી, કુક્કુટીના જન્મ પછી તે મંડૂકુગ્રામના બ્રાહ્મણને પૂતિગંધિકા નામની પુત્રી થાય છે. માતા ત્યજી દે છે. તેના પિતામહ ઉછેરે છે. મુનિથી બોધ પામી ધર્મ ગ્રહણ કરે છે. ત્યાર બાદ કુંડિનીનગરમાં ભીષ્મ રાજાને ત્યાં રુકિમની સ્વસા તરીકે રુકિમણી હોય છે. તેના પૂર્વ જન્મમાં એક વાર તે માછીમારને ત્યાં દુર્ગંધવાળા શરીરવાળી દીકરી તરીકે તરીકે જન્મ લે છે. આવી કથા મહાસેનના પ્રદ્યુમ્નચરિત ( ૮. ૧૪૦–૧૬૦ ) તથા હરિષેણના બૃહત્કથાકોશમાં ( નં. ૧૦૮ ) છે. હરિષેણના બૃહત્કથાકોશ ( ૫૭ ) તથા શ્રીચંદ્રના કથાકોશમાં અને પુણ્યાશ્રવ કથાકોશ નં. ૩૬–૩૭માં પૂતિગંધાની કથા છે. જેમાં સમાધિગુપ્ત મુનિને કડવી તુંબડી આપવાથી દુર્ગંધયુક્ત શરીરવાળી કન્યા થાય છે.] પૂતિગંધાનું રોહિણીવ્રત આ કથામાં મુનિના તિરસ્કારથી કોઢ, નીચ યોનિમાં જન્મ, અને તેથી તે રાજપુત્રી બને છે. શરીરમાં દુર્ગંધ મારવી, ધર્માચરણથી પાપનું નિવારણ તથા ઉચ્ચ કુળમાં જન્મ વગેરે થાય છે.

ઉપર્યુક્ત કથામાં જોવા મળે છે કે મુનિ તરફના અપરાધને લીધે નાયિકા શારીરિક વેદના કે દુર્ગંધવાળા શરીરવાળી બને છે. ત્યાર બાદ વિવિધ યોનિમાં જન્મ, એક જન્મમાં ધાર્મિક

આચરણ, ત્યારબાદ ઉચ્ચ ગતિ અને છેવટે સુખસંપત્તિ મેળવે છે. આના કરતાં મત્સ્યગંધાની કથાનો આશય જુદો છે. વિષ્ણુપુરાણની એક વાતમાં (૩-૧૮) પાખંડી મુનિને આદર આપવાથી વિવિધ યોનિમાં જન્મ લેવાની વાત છે.

સુગંધદશમીકથામાં મુખ્ય બે વાતો છે. બીજી વાર્તામાં અપર માના ત્રાસ અને ધિક્કારથી કેવી રીતે તિલકમતી છૂપી રીતે પરણે છે તથા છેવટે કેવી રીતે પ્રેમપાત્ર સાથે જોડાય છે તે વિષેની વાર્તા છે. ભારતીય સાહિત્યમાં અપર માના ત્રાસની વાતો પણ જોવા મળે છે. ગુજરાતી લોકકથા સોણબાઈ અને રૂપબાઈની વાત પણ આવી છે. ઉત્તાનપાદ રાજાનો પુત્ર ધ્રુવ પણ સાવકી માના ધિક્કારથી વનમાં જઈ એક પગે ઊભો રહી દેવને પ્રસન્ન કરી વરદાન મેળવી આકાશમાં ધ્રુવના તારારૂપે ધ્રુવસ્થાન મેળવે છે.

અપરમાના વલણના પાત્ર બનેલાઓની વાતો માત્ર ભારતીય સાહિત્યમાં છે એવું નથી, ફ્રેંચ તથા જર્મન કથાસાહિત્યમાં આવી વાતો સંગ્રહાયેલી છે. સુગંધદશમીકથાની બીજી વાર્તા આ કક્ષાની હોઈ લોકકથાઓના તુલનાત્મક અભ્યાસીને માટે રસપ્રદ તથા મહત્ત્વની છે. ફ્રેંચમાં જે વાત છે તે ચાર્લ્સ પારાઉલ્ટના Cabinet des Feesના ૪૧ ભાગમાંથી પહેલા ભાગમાં ઉપલબ્ધ થાય છે. આના કર્તાનો સમય ઈ. સ. ૧૬૨૮–૧૭૦૩ છે. આનું અંગ્રેજી રૂપાન્તર ઘણું પ્રચલિત બન્યું અને મારા અભ્યાસકાળ દરમ્યાન તે પાઠ્યપુસ્તકાદિમાં 'સિન્ડ્રેલા' અથવા 'નાની કાચની સ્લિપર' તરીકે વાંચવામાં આવી હતી. આ વાત આ પ્રમાણે છે: એક ધનિકની પત્ની મરણ પછી પોતાની એક સુંદર પુત્રી મૂકી જાય છે. તે બીજી પત્ની પરણે છે જે પોતાની સાથે બે સંતાન લાવે છે. તેઓ પહેલી પત્નીની પુત્રી જેટલાં સુંદર ન હોવાથી માસહિત ઈર્ષા ધારણ કરે છે. તે પુત્રી બેદરકારીનું તથા ત્રાસનું પાત્ર બને છે. તે ઘરનું બધું કામ કરે છે તથા સાવકી બહેનોની સરભરા તથા શૃંગારાદિનું કાર્ય કરે છે. એક વાર નૃત્યસમારંભમાં રાજપુત્ર પત્નીની પસંદગી કરવાનો હતો. માસહિત બે દીકરીઓ જાય છે જ્યારે સિન્ડ્રેલા ઘેરે રહે છે તથા રાખમાં આળોટતી હોય છે. તેનો વિલાપ સાંભળી એક અપ્સરા તેને રાજપુત્રના સમારંભમાં જવાની મદદ કરે છે. રાજપુત્ર મોટા ભાગે તેની સાથે નાચે છે અને તેના તરફના આકર્ષણથી બીજે દિવસે પણ નૃત્ય માટે બોલાવે છે. બાર વાગી જાય છે છતાં પણ પાલક માની આજ્ઞા વીસરી જાય છે અને બારના ટકોરા સાંભળતાં જ પ્રાસાદમાંથી નીકળવા લાગે છે. તેની બીજી બહેનોના વાહનનું પૈડું નીકળી જતાં તેઓ મોડા હોય છે અને તેથી તે બચી જાય છે. તેની કાચની સ્લીપર રાજપુત્ર ઉપાડી લે છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં તે રાણી બને છે કેમ કે બીજું કાચનું સ્લીપર તેની પાસેથી મળી આવે છે. હવે તે માવિહોણી છે એમ માની સતાવવામાં કે કનડવામાં નથી આવતી. તે હવે રાણી છે.

આ વાતનું જર્મન ભાષામાં રૂપાન્તર થયેલું છે. "કિંકર ઉન્ટ હાઉસમેર્શન" નામની વાર્તા લોકવાર્તાના સંગ્રહમાં આવે છે. યાકોબ લુડવિક્ કાર્લ ગ્રીમે લોકવાર્તાનો સંગ્રહ ત્રણ ભાગમાં બહાર પાડ્યો છે. તેનો સમય (ઈ. સ. ૧૭૮૫–૧૮૬૩) છે, ફ્રેંચ રૂપાંતરની જેમ અહીં વાતનો પ્રારંભ સમાન રીતે થયો છે, પરંતુ વાર્તાનો વિકાસ બદલાય છે:—એક પિતા મેળામાં જતાં પહેલાં તેની પુત્રીઓને પૂછે છે કે તમારે શું જોઈએ છે? તેની બે દીકરીઓ સુંદર વસ્ત્રો તથા આભૂષણો લાવવાનું કહે છે જ્યારે માવિહોણી પુત્રી તેવા ઝાડની ડાખલી લાવવાનું કહે છે કે જે

માર્ગમાં તેને અડકે. તે પ્રમાણે તેના પિતા ઝાડની ડાખલી લાવે છે જેને તે પુત્રી માતાની કબર પાસે રોપે છે તથા અશ્રુથી સીંચે છે. પ્રતિદિનની માવજતથી તે એક વૃક્ષમાં પરિવર્તન પામે છે. તે ઝાડ પર રહેતા એક પક્ષીની મહેરબાનીથી 'એશપુટેલ' (દીકરીનું નામ છે) એક નૃત્ય સમારંભમાં હાજરી આપી શકે છે. ઉત્સવ ત્રણ દિવસ ચાલે છે અને તે પ્રત્યાવર્તનનો સમય ભૂલી જાય છે. રાજકુંવર તેનો પીછો પકડે છે, તે ત્વરિત ગતિએ નાશી જાય છે અને તે તેના ઘરના બાગના ભાગમાં છુપાઈ જાય છે. રાજકુંવર ખિન્ન થઈ જાય છે પરંતુ તેની પડી ગયેલી સોનેરી ચંપલ તે તેની સાવકી બહેનનાં પગે પહેરાવવા પ્રયત્ન કરે છે. તેની મા તેનો મોટો અંગૂઠો કાપી ચંપલ પહેરાવવા શક્તિશાળી બને છે. જ્યારે રાજકુંવર એશપુટેલે રોપેલા ઝાડ પાસેથી પસાર થાય છે ત્યારે એક અવાજ તેને કહે છે કે તે છેતરાયો છે. તેથી રાજકુંવર તેને ત્યજી દે છે અને સોનેરી સ્લીપર તેની નાની બહેનના પગે પહેરાવવામાં આવે છે. તેની મા તેના પગમાંથી નીકળતા લોહીની દરકાર કર્યા વિના તેને પહેરાવી દે છે. ફરીથી ઝાડ પરનું પક્ષી તેને કહે છે કે છેતરાયો છે. ત્રીજી વાર એશપુટેલના પગે સ્લીપર પહેરવામાં આવે છે. પક્ષી સંમતિ આપે છે અને તે રાજકુંવરની પત્ની બને છે.

અંગ્રેજી સાહિત્યમાં પણ આવી ધ્યેયબદ્ધ વાર્તા જોવા મળે છે જે વિસ્તારભયે જતી કરું છું. જ્યારે આપણે સુગંધદશમીકથાની બીજી વાત તથા ફ્રેંચ, જર્મનાદિ ભાષાની તુલના કરીએ ત્યારે આપણને લાગે છે કે આવી વાર્તામાં ઘણું બધું સમાનત્વ જોવા મળે છે. માવિહોણી બચ્ચી, પિતાનું બીજી વારનું લગ્ન, સાવકી માની ઈર્ષા તથા ત્રાસ અને કનડગત, રાજકુંવર સાથે મેળાપ તથા પરિચય અને પાણિગ્રહણ સમાન તત્ત્વો ગણાવી શકાય. સુગંધદશમીકથાની પહેલી વાતમાં તથા વૈદિક--બ્રાહ્મણગત વાતાવરણમાં જૈન તથા હિંદુ સંસ્કૃતિની છાપ સ્પષ્ટ ઊપસી આવે છે; જ્યારે બીજી વાતમાં ભારતીય વાતાવરણ અને સંસ્કૃતિ તથા પાશ્ચાત્ય દેશોના વિચારો, રીતરિવાજો, આદર્શો તરી આવે છે. ભારતીય વાર્તામાં નૃત્યસમારંભનો અભાવ છે. પુત્રી સ્મશાનમાં પિતાની ગેરહાજરીમાં રાજકુંવરને મળે છે, પરિચય કેળવે છે જે પ્રેમમાં પરિણમી પાણિગ્રહણ સુધી પહોંચે છે. ભારતીય કથામાં જ 'મહીપાળ' જેવા શ્લેષાત્મક શબ્દનો પ્રયોગ યથાર્થ તથા વાસ્તવિક લાગે છે. પાદના સ્પર્શથી પતિ પત્નીને પિછાણી શકે છે નહીં કે તેના દર્શનથી-તે તત્ત્વ પણ ઉત્કૃષ્ટ કક્ષાનું ભારતીયત્વ રજૂ કરે છે. અપભ્રંશ કથામાં આ વૈશિષ્ટ્ય જોવા મળે છે કે તેમાં દૈવી તત્ત્વનો અભાવ છે, જ્યારે પાશ્ચાત્ય કથા તેવા તત્ત્વ વગર ભાંગી પડશે તેવું લાગે છે. પાશ્ચાત્ય કથા પરિકથા જેવી લાગે છે જ્યારે ભારતીય વાર્તા પ્રાકૃતિક, નિખાલસ અને તિલસ્મી લાગે છે.

આવી વાર્તામાં જે સમાનતા દૃષ્ટિગત થાય છે તે સૂચવે છે કે તેઓ સ્વતંત્ર વિકસી નથી પરંતુ કોઈ સમાન ભૂમિકા પર ફૂલીફાલી હોય. આવી વાર્તાઓ કેવી રીતે કયા સોપાને એક દેશમાંથી બીજામાં ગઈ તે અકળ રહ્યું છે. આવી વાતો વિભિન્ન દેશોમાં પ્રચલિત હતી એ હકીકત છે. જર્મન વાર્તાસંગ્રહનો સમય ૧૭૮૫–૧૮૬૩ છે, ફ્રેંચનો ૧૬૨૮–૧૭૦૩ અને સુગંધ-દશમીકથા ભારતમાં ઘણી જૂની છે. ખુશાલચંદ્રનું હિંદી રૂપાન્તર ૧૮મી સદીનું છે, જિનસાગરનું મરાઠી રૂપાન્તર ઈ. સ. ૧૭૨૫નું છે, શ્રુતસાગરનું સંસ્કૃત રૂપાન્તર અને જિનદાસનું ગુજરાતી રૂપાન્તર ૧૫મી સદીના મધ્યભાગનું છે. અપભ્રંશ કથા ૧૨મી સદીની છે. મેક્સમૂલર, હર્ટલ,

અને બીજા વિદ્વાનોએ પ્રતિપાદન કર્યું છે કે શતકો, પંચતંત્ર, કથાસરિત્સાગર, દશકુમારચરિત, હિતોપદેશ વગેરેની કથાઓ પાશ્ચાત્ય દેશોમાં પૂર્વમાંથી પહોંચી અને તેના વાતાવરણ પ્રમાણે પરિવર્તિત થઈ. આવી રીતે દારા શિકોહના ૫૦ ઉપનિષદનું પર્શિયન ભાષાન્તર એરેબિકમાંથી લેટિન ભાષા સુધી પહોંચ્યું અને ' ઔપનિખત ' તરીકે ખ્યાતિ પામ્યું.

સુગંધદશમીકથાનો પ્રભાવ આકર્ષક હતો. તે પછીના સાહિત્યકારો પણ તેનાથી આકર્ષાયા હતા. ગુણશેખર( ઈ. સ. ૧૩૬૫ )ની સમ્મત્તસત્તરીની ટીકામાં આરામશોભાની વાત સ્થાનાપન્ન થઈ છે તેમાં સુગંધદશમીકથાની અસર સ્પષ્ટ ઝિલાયેલી લાગે છે. તેમાં કેટલાંક તત્ત્વો સુગંધ-દશમીકથામાંથી તથા કેટલાંક જર્મન તથા ફ્રેંચ વાર્તાની અસરવાળાં હોય તેમ લાગે છે. ઉપર્યુક્ત કથા-વાર્તાઓ કેવી રીતે, કયાં પરિબળોની અસર હેઠળ, કયા માર્ગે, કેવાં ક્રમે અને કયાંથી વિવિધ દેશોમાં પ્રસરી તે તજ્જ્ઞો માટે અન્વેષણ તથા પરિશીલનનું ક્ષેત્ર બને છે.

આરામશોભાની કથા ટૂંકમાં આ પ્રમાણે છેઃ ચંપા નગરીમાં કુલધર શેઠની કુલનન્દા નામની પત્ની હોય છે. કમલશ્રી વગેરે ૭ પુત્રો પછી ૮મી પુત્રી થઈ જેનું નામ નિર્ભગા પાડયું. નિર્ભગાને એક વટેમાર્ગુ સાથે પરણાવી દે છે. માર્ગમાં બે માટે ખાવાનું ન હોવાથી સૂતેલી પત્નીને છોડી જાય છે. મણિભદ્ર શેઠ ઘેર લઈ જાય છે. તે તેના ઘરનું કામકાજ તથા મંદિરમાં શ્રદ્ધાપૂર્વક ધર્મકાર્ય કરે છે. મરીને સ્વર્ગે જાય છે મર્યા બાદ સ્વર્ગમાં આયુ પૂર્ણ કરી એક બ્રાહ્મણને ત્યાં વિદ્યુત્પ્રભા નામની કન્યા તરીકે જન્મે છે. ૮ વર્ષે માતાનું મૃત્યુ થતાં બધું ઘરકામ તેના માથે આવી પડે છે. પિતા બીજું લગ્ન કરે છે. તેનું કામ ઘટવાને બદલે દ્વિગુણિત થાય છે. એક વાર ચરાવવા ગયેલી ત્યાં સૂઈ જાય છે. ત્યાં કાળો સાપ મનુષ્યની ભાષામાં ગારુડીથી તેનું રક્ષણ કરવાનું કહે છે. તે નાગ ગારુડીના ગયા પછી દિવ્ય રૂપ પ્રગટ કરી વરદાન માંગવા કહે છે. એક વાર પાટલિપુત્રનો રાજા જિતશત્રુ પ્રભાવાન્વિત થઈ પિતા પાસે તેની માગણી કરે છે અને તે આરામશોભા બને છે. સાવકી મા તેનું મૃત્યુ ઇચ્છતી તેના પતિના હાથે ઝેરના લાડુ ખાવા મોકલાવે છે. માર્ગમાં તે જાણી તે નાગે ઝેરના લાડુના ઠેકાણે અમૃતના લાડુ મૂકી દીધાં. લાડુની પ્રશંસા થઈ. સાવકી મા નિરાશ થઈ. એક વાર ગર્ભવતી આરામશોભાએ પુત્રને જન્મ આપ્યો ત્યારે તેને કૂવામાં ફેંકી દીધો અને તેના સ્થાને પોતાની પુત્રીને સુવાડી દીધી. કપટપૂર્ણ રીતે આરામશોભાને બદલે તે રાજાને ત્યાં ગઈ. નાગદેવના સ્મરણથી તેની રક્ષા થઈ પુત્રના દર્શને ગયેલી આરામશોભા તેના પર ફૂલ વેરે છે. ચોથે દિવસે સતર્ક રાજા તેને પકડી પાડે છે. આરામશોભાને ત્યાં જ રહેવું પડે છે. તેનાં માતા–પિતા, બહેનને કરવામાં આવેલી શિક્ષા હળવી કરાય છે. આ કથામાં પણ સુગંધદશમીકથાના ઉત્તર ભાગની અસર સ્પષ્ટ જોવા મળે છે. આરામશોભાના બાળપણમાં માનું મૃત્યુ, પિતાનું બીજું લગ્ન, તેનાથી બીજી પુત્રીનો જન્મ, સાવકી માનો દ્વેષ અને ઈર્ષા, મોટી દીકરીનો ભાગ્યોદય તથા રાજપદની પ્રાપ્તિ, સાવકી મા દ્વારા તેના સ્થાને સાવકી બહેન મૂકવાનું છળકપટ, વગેરે તત્ત્વો સુગંધદશમીકથામાં છે, પરંતુ નાગદેવ દ્વારા આરામશોભાના ભાગ્યોદયમાં ફાળો, રાજમહેલમાંથી સૂર્યોદય પહેલાં પાછા ફરવું, અન્યથા વિટંબણા વગેરે તત્ત્વો નવાં છે. આ વાત ફ્રેંચ તથા જર્મન કથાઓ સાથે સામ્ય ધરાવે છે.

જૈનોનું કથાસાહિત્ય ઘણું વિશાળ છે. ૪૫ આગમોમાં, તે પર લખાયેલી ટીકા, વૃત્તિ,

વિવરણ, ટબ્બા વગેરેમાં અનેકાનેક જૈન ધર્મનાં તત્ત્વોને દૃષ્ટિ સમક્ષ રાખી લખવામાં આવેલી ઉપદેશાત્મક કથાઓ ભરેલી છે. નન્દીસૂત્રમાં નાયાધમ્મકહાઓ વિષે એવી નોંધ કરાઈ છે કે અત્યારે જે નાયા વિદ્યમાન છે તે તો વિશાળ સાગરના બુંદ સમાન છે કારણ કે તેની અસંખ્ય આખ્યાયિકાઓ, ઉપાખ્યાયિકાઓ, આખ્યાયિકોપાખ્યાઓ કાલકવલિત થઈ ગયેલી છે. જૈનો તથા અન્ય ધર્મના પ્રણેતાઓએ ધર્મનું જ્ઞાન કથાઓ દ્વારા લોકભોગ્ય બનાવ્યું છે, કારણ કે તે ખાંડથી પરિવેષ્ટિત કટુ ગોળીઓનું કાર્ય કરે છે.

# ધારાવર્ષની રાણીનું દાનપત્ર અને આબૂના પરમારોની વંશાવળી

અંબાલાલ પ્રેમચંદ શાહ

એક દાનપત્ર–તામ્રશાસન લેખ રાજસ્થાનના પાલી ગામથી મળી આવ્યો હતો, જે હજી સુધી પ્રકાશિત થયો નથી. આ તામ્રપત્ર ૯ ઇંચ લાંબું અને ૭॥ ઇંચ પહોળું છે. તેમાં પડીમાત્રાવાળી જૈન લિપિમાં લેખ છે. આ લેખ આબૂના પરમારવંશી રાજાઓની પરંપરા ઉપર સારો પ્રકાશ પાડે છે. આ તામ્રલેખની નકલ વર્ષો પહેલાં ઇતિહાસવિદ સદ્ગત મુનિરાજ શ્રી જયંતવિજયજી પાસેથી મને મળી હતી. મૂળ તામ્રલેખ હાલ ક્યાં હશે એ કહેવું મારા માટે મુશ્કેલ છે. મને ખ્યાલ છે ત્યાં સુધી આ લેખ હજી અપ્રગટ છે.

લેખમાં કુલ ૧૧ પદ્યો છે. તેમાં પદ્યાંક : ૧, ૯ ૩ થી ૮ અને ૧૧ અનુષ્ટુપ છંદમાં છે, જ્યારે પદ્ય ૨ અને ૯ શાર્દૂલવિક્રીડિત છંદમાં છે અને ૧૦મું પદ્ય ઉપજાતિ છંદમાં છે. છેલ્લી બે લીટીઓ, જેમાં દાન આપ્યાની વીગત છે તે ગદ્યમાં છે.

લેખમાં કેટલાક વર્ણોની લિપિનો મરોડ વિચિત્ર છે. જેમ કે, ષ્ટંને બદલે ષ્ટં ( પદ્ય : ૧ ), ષ્ટને બદલે ष्ट ( પદ્ય : ૨ ), स्वर्गंને બદલે स्तगं ( ૪ ). કેટલાક શબ્દો ભાષાની દૃષ્ટિએ અશુદ્ધ પણ છે. જેમ કે, भूमेःને બદલે भुमेः ( ૩ ), धंधूकने બદલે धम्वका ( ૪ ), भूतને બદલે भुत् ( ૫ ); છંદની દૃષ્ટિએ विक्रने બદલે वीक ( ૧૦ ), सघलोः पारान् ( ૧૧ ). એ શબ્દો તદ્દન અશુદ્ધ છે અને છેલ્લી લીટી श्रीषात्रવાળી પણ બરાબર સમજાતી નથી. લેખમાં ક્યાંય અવગ્રહ ચિહ્નનો ઉપયોગ કરાયો નથી.

આ લેખમાં મોટે ભાગે રાજવંશાવળીનાં ક્રમસર નામો માત્ર આપ્યાં છે. એ રાજવીઓએ કયા સમયે રાજ્ય કર્યું અથવા તેમના સમયમાં કયા વિશિષ્ટ પ્રસંગો બન્યા એ વિશે કોઈ નોંધ કરી નથી. માત્ર યશોધવલ, ધારાવર્ષ અને વિક્રમસિંહના પરાક્રમની વિગત પદ્યાંક : ૯, ૧૦માં છે. અંતમાં ધારાવર્ષની પત્નીએ કોઈને થોડીક જમીન દાનમાં આપ્યાની હકીકત છે. તામ્રશાસન ક્યારે લખાયું તેની સાલ-તિથિ આપી નથી.

આજ સુધી પ્રસિદ્ધ થયેલા ઇતિહાસમાં ચન્દ્રાવતીના પરમાર રાજાઓની જે વંશાવળી પ્રસિદ્ધ થઈ છે તે વ્યવસ્થિત નથી. તેમાં અને આ તામ્રશાસનની વંશાવળીમાં ઘણો ફરક છે. આ દૃષ્ટિએ આ તામ્રશાસન લેખનું ભારતીય ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન છે. એ તામ્રપત્રનો મૂળ પાઠ અને અનુવાદ આ પ્રકારે છે :

## [२]

## તામ્રશાસન–લેખ

देवः पायात् स वः श्रीमान् षृं( भृं )गारी गिरिजाप्रियः ।
यस्य गंगा जटाजूटे मालती मालिकायते ॥ १ ॥

श्रीमच्छ्रेष्ट(ष्ठ)वसिष्ठकुंडहुतभुक्( ग् ) जन्मार्बुदे यो[ऽ]भवत्
भूपालः परमार इत्यभिधया गादेपदर्पापहः ।
तद्वंशयोत्पलराजभूपतिसुतो यो[ ऽ ]रण्यराजो नृप-
स्तन्मूर्तेरवतीर्णवान् क्षितिपतिः श्रीकृष्णराजो जयी ॥ २ ॥

श्रीधरणीवराहो[ ऽ ]भूत् प्रभुर्भु( र्भू )मेस्तदंगजः ।
श्रीधूर्भटमहीपालौ तत्सुतौ दधतुर्महीं ॥ ३ ॥

श्रीधम्वका( धंधूकः ) धराधीशो महीपालतनूदयः ।
निःसार्य वैरिवर्गं यश्चक्रे राज्यं स्तगं( स्वमं )डले ॥ ४ ॥

तत्सुतः पूर्णपालो[ ऽ ]भूद् दंतिवर्मा द्वितीयकः ।
तृतीयः कृष्णदेवो[ ऽ ]भु( भू )द्राज्यं चक्रुः क्रमेण ते ॥ ५ ॥

दंतिवर्मात्मजः श्रीमान् योगराजो जगज्जयी ।
राजा काकलदेवो[ ऽ ]भूत् कृष्णदेवतनूद्भवः ॥ ६ ॥

योगराजांगसंभूतो रामदेवो रणोत्कटः ।
जातः काकलदेवांगाद् विक्रमसिंहक्ष्माधिपः ॥ ७ ॥

रामदेवतनोर्ज़ातः श्रीयशोधवलो नृपः ।
येन मालवभूपालो बल्लालो दलितः रणे ॥ ८ ॥

तत्सूनुः परमारवंशतिलकः क्षोणीभुजामग्रणीः
शास्त्रास्त्रादिकलाकलापकुशलो लब्धानुरागो जने ।
श्रीमानर्बुदभूमिमंडलपतिः प्रौढप्रतापान्वितो
धारावर्षनरेश्वरो[ऽ]भवदसौ पुण्यप्रभावोत्कटः ॥ ९ ॥

पर्लीतटे मालवी( वि )कप्रवीरान्
पराङ्मुखान् यः कृतवान् शसिधेः (?) ।
क्षोणीपितुर्विक्रमसिंहसूनु-
र्लेलेन्नरा (!) श्रीरणसिंहदेवः ॥ १० ॥

प्रसाद्य सघलोः (?) पारान् बुद्धिभक्तिपराक्रमैः ।
तत्प्रसादात् पुनः प्राप धारावर्षो निजां महीं ॥ ११ ॥

तस्य भार्या चाहुमानकुलवंशजा श्रीकेल्हणदेवदुहिता
राज्ञी श्रीषात्रवीयडा त्रिभागु। कुंभार कुवपीडा ४ मां ७ सतकुपासअ ॥

### અનુવાદ

જેમની જટાવળીમાં ગંગા છે, (ગળામાં) માલતી પુષ્પની માલા છે, (હાથમાં) કમંડલુ છે એવા પાર્વતીના પતિ શ્રીમાન્ (શંકર) દેવ તમારું રક્ષણ કરો. (૧)

અર્બુદ પર્વત ઉપર શ્રેષ્ઠ એવા વશિષ્ઠના અગ્નિકુંડથી જેમનો જન્મ થયો છે, જે વિશ્વામિત્રના ગર્વનો નાશ કરનાર છે, એવો પરમાર નામે રાજા થયો. તેના વંશમાં ઉત્પલરાજ નામે રાજા થયો. તેમનો જ વિજયી એવો પુત્ર કૃષ્ણરાજ નામે રાજા થયો. (૨)

તે કૃષ્ણરાજનો પુત્ર ધરણીવરાહ નામે રાજા થયો. તેને બે પુત્રો ૧ ધૂર્ભટ (ધ્રુવભટ) અને ૨ મહીપાલ નામે રાજવીઓ થયા. (૩)

મહીપાલનો પુત્ર ધંધુક નામે રાજા થયો, જેણે શત્રુસમૂહને ઉખેડી નાખી પોતાના પ્રદેશ ઉપર રાજ્ય કર્યું. (૪)

તે ધંધુકને ત્રણ પુત્રો—૧ પૂર્ણપાલ, ૨ દંતિવર્મા અને ૩ કૃષ્ણદેવ નામે હતા, જેમણે ક્રમશઃ રાજ્ય કર્યું. (૫)

દંતિવર્માનો જગતમાં વિજયી એવો શ્રીમાન્ યોગરાજ નામે પુત્ર થયો અને કૃષ્ણદેવનો પુત્ર કાકલદેવ નામે રાજા થયો. (૬)

યોગરાજને રણશૂરો એવો રામદેવ નામે પુત્ર હતો અને કાકલદેવનો પુત્ર વિક્રમસિંહ નામનો રાજા થયો. (૭)

રામદેવનો પુત્ર યશોધવલ નામે રાજા થયો. તેણે માલવાના રાજા બલ્લાલને રણમાં પરાજય આપ્યો. (૮)

એ યશોધવલનો ધારાવર્ષ નામે પુત્ર પરમારવંશમાં તિલક સમાન હતો, રાજાઓનો મુખિયો હતો, શાસ્ત્ર અને અસ્ત્ર આદિ કળાઓમાં કુશળ હતો. તેણે પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. તે અર્બુદ ભૂમિમંડળનો રાજવી હતો, ભારે પ્રતાપી અને પુણ્યપ્રભાવથી ઉત્કટ હતો. (૯)

તે ધારાવર્ષના પુત્ર વિક્રમસિંહ રાજાએ પર્લા( નદી )ના કિનારે માલવી યોદ્ધાઓને સૈન્ય સાથે પાછા હાંકી કાઢ્યા હતા. તેનો પુત્ર રણસિંહદેવ પણ રાજા થયો. (૧૦)

બુદ્ધિ, ભક્તિ અને પરાક્રમથી સમગ્ર લોકોને ખુશ કરીને તેની કૃપાથી ધારાવર્ષદેવે ફરીથી પોતાનું રાજ્ય પ્રાપ્ત કર્યું. (૧૧)

તેની પત્ની તે ચૌહાણકુલ વંશના કેલ્હણદેવ (રાજા)ની પુત્રી હતી, (ધારાવર્ષની) રાણી હતી. તેણે અમુક ક્ષેત્ર કુંભાર કુવપીને આપ્યું. (?)

* * *

## [ ૩ ]

હવે તામ્રશાસન–લેખમાં નોંધેલા રાજાઓ અને વંશાવલી વિશે ચર્ચા કરીએ.

પરમાર વંશની ઉત્પત્તિ આબૂ પર્વત ઉપર થઈ એવી હકીકત આ તામ્રશાસન મુજબ 'નવસાહસાંકચરિત' જેવાં કેટલાંક કાવ્યોમાં પણ જણાવેલી છે.

પ્રાચીન કાળમાં આબૂ અને તેની આસપાસનો પ્રદેશ, એટલે કે આધુનિક સિરોહી, પાલનપુર, મારવાડ અને દાંતા રાજ્યનો ઘણોખરો ભાગ આ પરમાર વંશને આધીન હતો. એની રાજધાનીનું નગર આબૂની તળેટીમાં આવેલું ચંદ્રાવતી હતું. એ નગર વિસ્તૃત અને વૈભવશાળી હતું, જેનું આજે નામોનિશાન રહ્યું નથી.

અગિયારમી શતાબ્દીના પૂર્વાર્ધમાં નાડોલના ચૌહાણો અને ગુજરાતના ચૌલુક્ય રાજાઓએ આ વંશને દબાવવાની શરૂઆત કરી. કેટલાય સમય સુધી આ પ્રદેશના રાજાઓ ગુજરાતના સામંતો તરીકે રહી આબૂ પ્રદેશ ઉપર રાજ્ય કરતા રહ્યા. છેવટે ચૌહાણ રાજા રાવ લુંભાએ સં. ૧૩૬૮ લગભગમાં આબૂનું રાજ્ય ઝૂંટવી લઈ એ પરમાર રાજ્યને ખતમ કરી નાખ્યું.

આબૂના પરમારોના લેખો અને તામ્રપત્રોમાં એ વંશના મૂળ પુરુષનું નામ ધૌમરાજ અગર ધૂમરાજ મળે છે.[૧] પરંતુ આ રાજા કયારે થયો એનો સત્તાસમય જાણવા મળતો નથી.

વિ. સં. ૧૨૧૮ના કિરાડૂના લેખમાં પરમારોની વંશાવળી સિંધુરાજથી પ્રારંભ કરવામાં આવી છે, જ્યારે બીજા લેખમાં સિંધુરાજનું નામ પણ નથી. તેમાં વળી, ઉત્પલરાજથી પરમારોની વંશાવળી શરૂ કરી છે.

આ તામ્રપત્રમાં મૂળ પુરુષ પરમાર નામે થયો, તેનો પુત્ર ઉત્પલરાજ થયો એમ જણાવ્યું છે. એટલે વંશાવળી ઉત્પલરાજથી આપી છે.

* * *

## [૪]

### ૧ સિન્ધુરાજ :

કિરાડૂના લેખમાં જણાવ્યું છે કે, મારવાડમાં સિંધુરાજ નામે પ્રતાપી રાજા થયો (सिन्धुराजो महाराजः समभून्मरुमण्डले). આ રાજા માલવાના સિંધુરાજથી જુદો હતો.

સંભવ છે કે, આબૂના પરમાર સિંધુરાજે જાલોરમાં સિંધુરાજેશ્વર નામનું મંદિર બંધાવ્યું હોય. આ મંદિર ઉપર વિ. સં. ૧૧૭૪માં વીસલદેવની રાણી મેલરદેવીએ સુવર્ણકલશ ચડાવ્યો હતો. એ ઉપરથી જણાય છે કે, આ મંદિર સં. ૧૧૭૪ પહેલાં બન્યું અને જાલોર ઉપર આબૂના પરમાર રાજા સિંધુરાજનો અધિકાર હતો.

### ૨ ઉત્પલરાજ :

વિ. સં. ૧૦૯૯ના વસંતગઢના શિલાલેખમાં[૨] આ ઉત્પલરાજથી વંશાવળી શરૂ કરવામાં આવી છે, પરંતુ કિરાડૂના લેખમાં સ્પષ્ટ નિર્દેશ છે કે, આ ઉત્પલરાજ સિંધુરાજનો પુત્ર હતો.

'મૂતા નેણસીરી ખ્યાત'માં ધૂમરાજ પછી ઉત્પલરાજથી વંશાવળી આપી છે. તેમાં આ પ્રકારે જણાવ્યું છે :

---

૧ વિ. સં. ૧૩૪૪ના પાટનારાયણ મંદિરના શિલાલેખમાં ધૌમરાજ (तं धौमराजं च चकार नाम्ना) નામ આપેલું છે, જ્યારે વિ. સં. ૧૨૮૭ના આબૂ ઉપરના વસ્તુપાલ–તેજપાલે બંધાવેલા મંદિરના શિલાલેખમાં ધૂમરાજ (श्रीधूमराजः प्रथमं बभूव भूवासवस्तत्र नरेन्द्रवंशे) નામનો ઉલ્લેખ કર્યો છે.

૨ એપીગ્રાફિઆ ઇંડિકા, વૉ. ૨, પૃ. ૨.

'ऊपलराई किराड़ू छोड ओसियां बसियो, सचियाय प्रसन्न हुई, माल बतायो, ओसियांमें देहरो कराव्यो.'

—ઉત્પલરાજ કિરાડૂ છોડીને ઓસિયામાં જઈ વસ્યો. તેના ઉપર સચિયાય (સચ્ચિકા) દેવી પ્રસન્ન થઈ. તેને (દાટેલું) ધન બતાવ્યું. આ ઉપકારના બદલામાં ઉત્પલરાજે સચ્ચિકાનું મંદિર બંધાવ્યું.

### ૩ આરણ્યરાજ :

ઉત્પલરાજ પછી તેનો પુત્ર આરણ્યરાજ રાજા થયો, પણ એના વિશે કોઈ માહિતી મળતી નથી.

### ૪ કૃષ્ણરાજ (પ્રથમ) :

અરણ્યરાજ પછી તેનો પુત્ર કૃષ્ણરાજ રાજા થયો. વસંતગઢના કિલ્લાના ખંડિયેરોમાંની એક વાવડીમાંથી મળેલા રાજા પૂર્ણપાલના સમયના વિ. સં. ૧૦૯૯ના શિલાલેખમાં આ રાજાનો આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે :

'अस्यान्वये ह्युत्पलराजनामा आरण्यराजोऽपि ततो बभूव ।
तस्मादभूदद्भूतकृष्णराजो विख्यातकीर्त्तिः किल वासुदेवः ॥

—આ (ધૂમરાજ)ના વંશમાં ઉત્પલરાજ નામે રાજા થયો. તેનો પુત્ર આરણ્યરાજ અને તેનો અદ્ભુત ગુણવાળો પુત્ર, જે પ્રસિદ્ધ કીર્ત્તિશાળી વાસુદેવ જેવો કૃષ્ણરાજ નામે થયો.[1] કૃષ્ણરાજનો અપભ્રંશ કાન્હડદેવ એવા નામથી પણ તે ઓળખાતો હતો.[2]

### ૫ ધરણીવરાહ :

કૃષ્ણરાજની ગાદીએ તેનો પુત્ર ધરણીવરાહ રાજા થયો. આ રાજાને ગુજરાતના સોલંકી રાજવી મૂળરાજે હરાવી ભગાડી મૂક્યો હતો. એ સમયે હથુંડીના રાષ્ટ્રકૂટ રાજા ધવલે તેને મદદ કરી હતી. રાજા ધવલના વિ. સં. ૧૦૫૩ના લેખથી આ હકીકત પ્રગટ થાય છે.[3]

આ સમયથી જ આબૂના પરમાર રાજાઓ ગુજરાતના સામંત બન્યા. મૂળરાજે વિ. સં. ૧૦૧૭ થી ૧૦૫૨ સુધી રાજ્ય કર્યું. એટલે આ ઘટના એ સમય દરમિયાન બની હતી.

---

૧ પ્રો. કિલહોર્ને આ રાજાનું નામ 'અદ્ભુત કૃષ્ણરાજ' જણાવ્યું છે પણ તે ઠીક નથી.

૨ આબૂના વિમલસહીના સં. ૧૩૭૮ લેખમાં આ પ્રકારે જણાવ્યું છે :

'तदन्वये कान्हडदेववीरः पुराविरासीत् प्रबलप्रतापः ।'

३ यं मूलादुदमूलयद् गुरुबलः मूलराजो नृपो
दर्पान्धो धरणीवराहनृपतिं यद्वद् द्विपः पादपम् ।
आयातं भुवि कान्दिशीकमभिको यस्तं शरण्यो दधौ
दंष्ट्रायामिव रूढमूढमहिमा कोलो महीमण्डलम् ॥ १२ ॥
—સુંધાની પહાડી પરનો મહારાજ ચાચિગદેવનો લેખ.

## ૬ ધ્રુભટ (ધ્રુવ ભટ) :

ધરણીવરાહને બે પુત્રો ૧ ધ્રુભટ (ધ્રુવ ભટ) અને ૨ મહીપાલ નામે હતા. બીજા લેખોમાં ધ્રુભટનું પુત્ર તરીકે નામ નથી પણ એ રાજા પ્રતાપી હતો એમ બીજા લેખોમાં જણાવ્યું છે.[1] સંભવ છે કે આ રાજા લાંબું નહીં જીવ્યો હોય.

## ૭ મહીપાલ :

ધરણીવરાહનો બીજો પુત્ર મહીપાલ ધ્રુવ ભટ પછી ગાદીએ આવ્યો. એનો વિ. સં. ૧૦૫૯-નો લેખ મળ્યો છે. તેનું બીજું નામ દેવરાજ હતું.[2]

## ૮ ધંધુક :

મહીપાલનો પુત્ર ધંધુક તેની ગાદીએ આવ્યો. શિલાલેખોમાં ધંધુકને પરાક્રમી રાજા બનાવ્યો છે. તેણે શત્રુઓને દૂર કરી પોતાના શાસનને નિરાકુલ બનાવ્યું.

તેને ગુજરાતના રાજા ભીમદેવ (ઈ. સ. ૧૦૨૧ થી ૧૦૬૩) સાથે વિરોધ થયો, એટલે ભીમદેવે પોતાના મંત્રી વિમળશાહને સેના સાથે આબૂ મોકલ્યો. વિમળ મંત્રીના આવવાના સમાચાર જાણી ધંધુક નાસી ગયો ને માલવાના પરમાર રાજા ભોજ (ઈ. સ. ૧૦૧૧ થી ૧૦૩૦), જે તે વખતે ચિતોડમાં હતો, તેના શરણે ગયો. વિમલ મંત્રીએ તેને કુનેહથી બોલાવ્યો અને ભીમદેવ રાજા સાથે મેળ કરાવી દીધો અને આબૂના રાજ્ય ઉપર તેને જ સ્થિર કર્યો.

મંત્રી વિમલે આ ધંધુકના રાજ્યકાળમાં વિ. સં. ૧૦૮૮માં આબૂ ઉપર ભારતભરમાં શિલ્પસ્થાપત્યના નમૂનારૂપ સુંદર જિનમંદિર બંધાવ્યું. આ મંદિર બંધાવવામાં લાખો રૂપિયાનો ખર્ચ થયો હતો.

રાજા ધંધુકની રાણીનું નામ અમૃતદેવી હતું. તેમને પૂર્ણપાલ નામે પુત્ર અને લાહિણી નામે પુત્રી હતાં. લાહિણીનો વિવાહ દ્વિજાતિઓના વંશજ ચચના પુત્ર વિગ્રહરાજની સાથે થયો હતો. વિગ્રહરાજનું અકાલ અવસાન થતાં વિધવા બનેલી લાહિણી તેના ભાઈ પૂર્ણપાલની પાસે વશિષ્ઠપુર (વસંતગઢ) આવીને રહી. તેણે વિ. સં. ૧૦૯૯માં વસંતગઢના સૂર્યમંદિરનો અને સરસ્વતી નામક વાવડીનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એ જ કારણે સરસ્વતી વાવડી લાણુવાવડીના નામે પ્રસિદ્ધ થઈ.

---

૧ વસ્તુપાલ-તેજપાલના મંદિરના વિ. સં. ૧૨૮૭ના પ્રશસ્તિલેખના ૩૪મા શ્લોકમાં આ પ્રકારે જણાવ્યું છે :

'धन्धुक-ध्रुवभटादयस्ततस्ते रिपुद्वयघटाजितोऽभवन् ।'

આબૂના અચલેશ્વર મંદિરમાંના લેખના ૧૩મા શ્લોકમાં પણ આ પ્રકારે જણાવ્યું છે :

'अपरेऽपि न संदिग्धा धन्धूध्रुवभटादयः ।'

૨ 'પ્રભાવકચરિત'ના 'વીરગણિ પ્રબંધ'માં ધૂમરાજવંશી દેવરાજનો ઉલ્લેખ આવે છે. એ ઉલ્લેખથી ભિન્નમાલમાં આ દેવરાજ, જેનું બીજું નામ મહીપાલ હતું, તેનું શાસન હતું એમ જણાય છે.

### ૯ પૂર્ણપાલ :

રાજા ધંધુકને ત્રણ પુત્રો—૧ પૂર્ણપાલ, ૨ દંતિવર્મા અને ૩ કૃષ્ણરાજ નામે હતા. એ ત્રણેએ ક્રમશઃ રાજશાસન કર્યું એમ આ તામ્રપત્રમાં જણાવ્યું છે.

પૂર્ણપાલનો વિ. સં. ૧૦૯૯નો વસંતગઢનો, બીજો એ જ સંવતનો સિરોહી રાજ્યના એક સ્થળેથી મળેલો અને ત્રીજો શિલાલેખ સં. ૧૧૦૨નો ભાડૂંદ ગામથી મળી આવ્યો છે.

કિરાડૂના લેખમાં પૂર્ણપાલનો ઉલ્લેખ નથી.

### ૧૦ દંતિવર્મા :

ધંધુકના બીજા પુત્ર દંતિવર્માનું નામ આ તામ્રપત્ર સિવાય કોઈ શિલાલેખમાં મળતું નથી. એણે રાજ્ય કર્યું એનો આ તામ્રશાસનમાં ઉલ્લેખ છે. એટલે એ રાજ્યશાસન પર આવ્યા પછી તરત જ સ્વર્ગસ્થ થયો હોય એવું અનુમાન છે.

### ૧૧ કૃષ્ણરાજ ( દ્વિતીય ) :

ધંધુકનો ત્રીજો પુત્ર કૃષ્ણરાજ દંતિવર્મા પછી ગાદીએ આવ્યો. એના સમયમાં ભિન્નમાલ-માંથી બે શિલાલેખો—૧ વિ. સં. ૧૧૧૭ના માઘ સુદિ ૬નો અને ૨ વિ. સં. ૧૧૨૩ના જ્યેષ્ઠ વદિ ૧૨નો—મળ્યા છે. આ બંને લેખોમાં કૃષ્ણરાજને મહારાજાધિરાજ જણાવેલ છે.

સુંધાની પહાડી પરના ચાહમાન ચાચિગદેવના વિ. સં. ૧૩૧૯ના શિલાલેખના ૧૮મા શ્લોકમાં આ પ્રકારે જણાવ્યું છે :—

'जज्ञे भूभृत् तदनु तनयस्तस्य बालप्रसादो भीमक्ष्माभृच्चरणयुगलीमर्दनव्याजतो यः ।
कुर्वन् पीडामतिबलतया मोचयामास कारागाराद् भूमीपतिमपि तथा कृष्णदेवाभिधानम् ॥

સારાંશ એ છે કે, બાલપ્રસાદે ભીમદેવના ચરણ પકડવાને બહાને તેના પગ એટલા જોરથી દબાવ્યા કે તેને ભારે તકલીફ થવા લાગી. તેણે તેના પગ ત્યારે જ છોડયા જ્યારે બદલામાં રાજા કૃષ્ણદેવને કેદથી છોડી મૂકવાનો સ્વીકાર કર્યો.

આ ઉલ્લેખથી જણાય છે કે ચૌલુક્ય ભીમદેવે કૃષ્ણરાજને કેદ કર્યો હતો.

કિરાડૂના લેખમાં ધંધુકના ઉત્તરાધિકારી તરીકે પૂર્ણપાલનું નામ ન આપતાં સીધું કૃષ્ણરાજનું નામ છે.

ભિન્નમાલનું પહેલવહેલું રાજ્ય આ કૃષ્ણરાજથી કાયમ થયું એમ પણ જાણવા મળે છે.

### ૧૨ યોગરાજ :

દંતિવર્માનો પુત્ર યોગરાજ કૃષ્ણરાજ પછી ગાદીએ આવ્યો. તેના 'जगज्जयी' વિશેષણ દ્વારા તે પરાક્રમી હતો એમ જણાય છે.

### ૧૩ કાકલદેવ :

યોગરાજ પછી કૃષ્ણદેવ( દ્વિતીય )નો પુત્ર કાકલદેવ તેની ગાદીએ આવ્યો. આ કાકલદેવનો કોઈ શિલાલેખમાં ઉલ્લેખ નથી.

## ૧૪ રામદેવ :

કાકલદેવ પછી યોગરાજનો પુત્ર રામદેવ રાજા થયો. તે ખૂબ દેખાવડો હતો. એ વિશે વસ્તુપાલ–તેજપાલની પ્રશસ્તિના ૩૪મા શ્લોકમાં આ પ્રકારે ઉલ્લેખ મળે છે :

'यत्कुलेऽजनि पुमान् मनोरमो रामदेव इति कामजित् ।'

—જે ( ધ્રુવ ભટ )ના વંશમાં અત્યંત સુંદર રામદેવ નામે રાજા થયો.

અચલેશ્વરનો લેખ પણ ઉપર્યુક્ત વાતની પુષ્ટિ કરે છે :

'श्रीरामदेवनामा कामादपि सुन्दरः सोऽभूत् ।'

—રામદેવ નામે રાજા કામદેવથી પણ અત્યંત સુંદર હતો.

## ૧૫ વિક્રમસિંહ :

કાકલદેવનો પુત્ર વિક્રમસિંહ રામદેવ પછી તેની ગાદીએ આવ્યો. વસ્તુપાલ–તેજપાલની પ્રશસ્તિ તેમ જ અચલેશ્વરના લેખમાં આ વિક્રમસિંહનું નામ નથી. છતાં 'દ્વયાશ્રયકાવ્ય'માં જણાવ્યું છે કે,[1] જ્યારે ચૌલુક્ય કુમારપાલે સપાદલક્ષના રાજા અર્ણોરાજ રાજ ઉપર ચડાઈ કરી ત્યારે એટલે વિ. સં. ૧૨૦૭માં આબૂ ઉપર કુમારપાલનો સામંત વિક્રમસિંહ રાજ્ય કરતો હતો. તે પણ કુમારપાલની સેનામાં સાથે હતો.

જિનમંડનકૃત 'કુમારપાલ પ્રબંધ' પરથી જણાય છે કે, લડાઈના સમયે આ વિક્રમસિંહ અર્ણોરાજ સાથે મળી ગયો હતો તેથી કુમારલપાલે તેને કેદ કરી લઈ આબૂનું રાજ્ય તેના ભત્રીજા રામદેવના પુત્ર યશોધવલને આપી દીધું.[2] એટલે આબૂ ઉપર વિક્રમસિંહનું શાસન હતું એ 'દ્વયાશ્રયકાવ્ય'ની હકીકતનું આ તામ્રપત્ર સમર્થન કરે છે.

## ૧૬ યશોધવલ :

વિક્રમસિંહ પછી રામદેવનો પુત્ર યશોધવલ તેની ગાદીએ આવ્યો, તેની રાણીનું નામ સૌભાગ્યદેવી હતું. તે ચાલુક્ય વંશની હતી. તેને બે પુત્રો ૧ ધારાવર્ષ અને બીજા પ્રહ્લાદનદેવ નામે હતા. આ યશોધવલ રાજાએ માલવાના બલ્લાલ રાજાને પરાજિત કર્યો હતો, એમ તામ્રપત્રમાં જણાવ્યું છે.

અજારી ગામના વિ. સં. ૧૨૦૨ના લેખમાં જણાવ્યું છે કે :

'प्रमारवंशोद्भवमहामण्डलेश्वरश्रीयशोधवलराज्ये ।'

આ ઉલ્લેખથી જણાય છે કે, એ સમયે યશોધવલનું શાસન હતું, કાયંદ્રા ગામથી ધારાવર્ષનો વિ. સં. ૧૨૨૦નો એક શિલાલેખ મળી આવ્યો છે તે પરથી યશોધવલ સં. ૧૨૨૦ પહેલાં સ્વર્ગસ્થ થયો હશે એમ જણાય છે.

---

૧ સર્ગ : ૧૬, શ્લો. ૩૪

૨ ततः सर्वावसरे तं विक्रमसिंहमाकार्य द्वासप्ततिसामन्तसमक्षं हक्कयित्वा मल्लैः सज्जीकृत्य कारागारे निक्षिप्तवान् । तद्राज्याधिपं तस्य भ्रातृव्यं यशोधवलनामानं कृतवांश्च । (पत्र ४३ अ)

## ૧૭ ધારાવર્ષ :

યશોધવલ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર ધારાવર્ષ તેની ગાદીએ આવ્યો. એ મોટો વીર હતો.

કુમારપાલે કોંકણના શિલારવંશી રાજા મલ્લિકાર્જુન પર ચડાઈ કરવા આંબડ મંત્રીની રાહબરી હેઠળ સેના મોકલી હતી. પહેલી વખત તો એ સેના પરાજિત થઈ પાછી ફરી પણ બીજી વખતે એ ચડાઈમાં મલ્લિકાર્જુનનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.[૧] આ ચડાઈમાં ધારાવર્ષ એ સૈન્ય સાથે હશે એમ વસ્તુપાલ–તેજપાલની પ્રશસ્તિના શ્લો. ૩૬થી સૂચિત થાય છે.[૨]

આ ધારાવર્ષ ગુજરાતના એક વફાદાર સામંત તરીકે ગુજરાત રાજ્યની કક્ષા માટે મુસલમાનો સાથે પણ લડચો હતો. આબૂની તળેટીમાં તે શાહબુદ્દીન ગોરી સાથે લડચો હતો, જેમાં શાહબુદ્દીન ગોરી ઘાયલ થયો હતો એવી હકીકત 'તારીખ ફિરસ્તા'માંથી જાણવા મળે છે.

ધારાવર્ષના સમયના પાંચ લેખો મળ્યા છે: (૧) વિ. સં. ૧૨૨૦, (૨) સં. ૧૨૩૭, (૩) સં. ૧૨૪૬, (૪) સં. ૧૨૬૫, (૫) સં. ૧૨૭૬ના એ લેખો છે, એટલે વિ. સં. ૧૨૨૦ થી ૧૨૭૬ સુધી તે હયાત હતો અને આબૂ રાજ્ય ઉપર શાસન કરતો હતો.

ધારાવર્ષની વીરતાનાં સ્મારક આજ સુધી આબૂની આસપાસનાં ગામોમાં જોવા મળે છે. સં. ૧૩૪૪ના પાટનારાયણના લેખમાં 'एकबाणनिहतत्रिलुलायं यं निरीक्ष्य कुरु योधसदृक्षम्' જણાવ્યા પ્રમાણે આ રાજવીએ એક જ બાણથી બરાબર એકીસાથે ઊભેલા ત્રણ પાડાઓને વીંધી નાખ્યા હતા. એના પ્રમાણસ્વરૂપ આબૂના અચલેશ્વર મંદિરના મંદાકિની નામના કુંડ ઉપર એક ધનુર્ધારીરૂપે ધારાવર્ષની પૂરા કદની પાષાણમૂર્તિ વિદ્યમાન છે, અને તેની સામે પૂરા કદના પથ્થરના ત્રણ પાડાઓ ઊભા છે. તેમના પેટમાં એક છિદ્ર બનાવેલું છે.

ધારાવર્ષના નાના ભાઈનું નામ પ્રહ્લાદનદેવ. તેણે પોતાના નામ ઉપરથી પ્રહ્લાદનપુર–પાલનપુર વસાવ્યું. આ રાજા વીર હતો તેવો જ વિદ્વાન પણ હતો. તેણે 'પાર્થપરાક્રમ' નામે નાટક રચ્યું છે, જે વડોદરા, ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝ તરફથી પ્રકાશિત થયું છે. આ પ્રહ્લાદનદેવે ગુજરાત રાજ્યની રક્ષા માટે મેવાડના રાજવી સામંતસિંહ સાથે લડાઈ કરી હતી, એવી હકીકત વસ્તુપાલ–તેજપાલ પ્રશસ્તિથી જણાય છે.

ધારાવર્ષને બેરાણીઓ—૧ ગીગાદેવી અને ૨ શૃંગારદેવી નામે હતી. બંને મંડલેશ્વર ચૌહાણ કેલ્હણદેવની પુત્રીઓ હતી. શૃંગારદેવીએ ઝાડોલીના પાર્શ્વનાથ મંદિરમાં છ ચોકી કરાવી, તે મંદિરના નિભાવ માટે એક સુંદર વાડી (અરટ) ભેટ કર્યાનો ઉલ્લેખ મંદિરના સં. ૧૨૫૫ના લેખમાં કરેલો છે.[૩] આ વાડી આજ દિન સુધી જૈન સંઘને તાબે છે.

ઝાડોલી ગામની વચ્ચે એક સુંદર જૂની વાવડી છે, જેમાં વિ. સં. ૧૨૪૨નો લેખ છે. તેમાં ધારાવર્ષની રાણી ગીગાદેવીનું નામ છે.

---

૧ पविरञ्जिआतवत्तो नीरञ्जिअविजयवेजयन्तीओ ।
सो लूणसीसकमलो कओ तुह्य भञ्जिअभडेहिं ॥
—કુમારપાલચરિત (દ્વયાશ્રય કાવ્ય), સર્ગ ૬, શ્લોક. ૭૦

૨ च्योतन्नेत्रोत्पलजलकणः कोङ्कणाधीशपत्न्यः ॥

૩ અર્બુદાચલ પ્રદક્ષિણા લેખસંદોહ, લેખાંક: ૩૧૧

આ તામ્રપત્રમાં ધારાવર્ષની બે રાણીઓ પૈકી કોઈનું નામ નથી. એટલે બંને રાણીઓમાંથી કયી રાણીએ ભૂમિદાન કર્યું તે જાણી શકાતું નથી.

## ૧૮ વિક્રમસિંહ :

ધારાવર્ષ પછી તેનો પુત્ર વિક્રમસિંહ ગાદીએ આવ્યો. તેણે પર્લા કિનારે પાલવી યોદ્ધાઓને સૈન્ય સાથે નસાડી મૂકયા હતા એવું તામ્રપત્રથી જણાય છે.

જોકે બીજા લેખમાંથી ધારાવર્ષના પુત્રનું નામ સોમસિંહ મળે છે, પરંતુ એને વિશે બીજી માહિતી પ્રાપ્ત નથી.

વિક્રમસિંહને રણુસિંહદેવ નામે પુત્ર હતો એમ આ તામ્રપત્રથી જણાય છે.

અહીં તામ્રપત્રની હકીકત પૂરી થાય છે.

* * *

| | | | સમકાલીન રાજાઓના લેખો |
|---|---|---|---|
| ૧ | સિંધુરાજ | ધૂમરાજવંશજ | |
| ૨ | ઉત્પલરાજ | નં. ૧નો પુત્ર | |
| ૩ | આરણ્યરાજ | નં. ૨નો પુત્ર | |
| ૪ | કૃષ્ણરાજ (પ્રથમ) | નં. ૩નો પુત્ર | |
| ૫ | ધરણીવરાહ | નં. ૪નો પુત્ર | સોલંકી મૂળરાજ સં. ૧૦૩૦ થી ૧૦૫૧ અને રાષ્ટ્રકૂટ ધવલ સં. ૧૦૫૩ |
| ૬ | ધ્રુવ ભટ | નં. ૫નો પુત્ર | |
| ૭ | મહીપાલ | નં. ૫નો પુત્ર | સં. ૧૦૫૯ |
| ૮ | ધંધુક | નં. ૭નો પુત્ર | |
| ૯ | પૂર્ણપાલ | નં. ૮નો પુત્ર | સં. ૧૦૯૯, ૧૧૦૨ |
| ૧૦ | દંતિવર્મા | ,, | |
| ૧૧ | કૃષ્ણુદેવ (દ્વિતીય) | ,, | સં. ૧૧૧૭ થી ૧૧૨૩ ચાહમાન બાલપ્રસાદ |
| ૧૨ | યોગરાજ | નં. ૧૦નો પુત્ર | |
| ૧૩ | કાકલદેવ | નં. ૧૧નો પુત્ર | |
| ૧૪ | રામદેવ | નં. ૧૨નો પુત્ર | |
| ૧૫ | વિક્રમસિંહ | નં. ૧૩નો પુત્ર | ચૌલુક્ય કુમારપાલ સં. ૧૧૯૯ થી ૧૨૩૦ |
| | | | ,, |
| ૧૬ | યશોધવલ | નં. ૧૪નો પુત્ર | અને માલવાનો બલ્લાલ |
| ૧૭ | ધારાવર્ષ | નં. ૧૬નો પુત્ર | સં. ૧૨૨૦, ૧૨૩૭, ૧૨૪૬, ૧૨૬૫, ૧૨૭૬ ચૌલુક્ય ભીમદેવ, કુતબુદ્દીન ઐબક, સામંતસિંહ |
| ૧૮ | વિક્રમસિંહ | નં. ૧૭નો પુત્ર | |
| ૧૯ | રણુસિંહદેવ | નં. ૧૮નો પુત્ર | |

## વંશાવલી

૧ પરમાર
│
૨ ઉત્પલરાજ
│
૩ આરણ્યરાજ
│
૪ કૃષ્ણરાજ (પ્રથમ)
│
૫ ધરણીવરાહ
├── ૬ ધ્રુવભટ
└── ૭ મહીપાલ
    │
    ૮ ધંધુક
    ├── ૯ પૂર્ણપાલ
    ├── ૧૦ દંતિવર્મા
    │   │
    │   ૧૨ યોગરાજ
    │   │
    │   ૧૪ રામદેવ
    │   │
    │   ૧૬ યશોધવલ
    │   │
    │   ૧૭ ધારાવર્ષ
    │   │
    │   ૧૮ વિક્રમસિંહ
    │   │
    │   ૧૯ રણસિંહદેવ
    └── ૧૧ કૃષ્ણદેવ (દ્વિતીય)
        │
        ૧૩ કાકલદેવ
        │
        ૧૫ વિક્રમસિંહ

# દાવડ વિષે વિશેષ નોંધ

**મધુસૂદન ઢાંકી**

આ અગાઉ સ્વાધ્યાય પુ. ૬, અંક ૨માં "દાવડની વાવ અને ગુજરાતનું વાપી-વિધાન" નામનો અમારો લેખ પ્રકાશિત થયો છે.[૧] તેમાં પરિશિષ્ટમાં ત્રણ સોલંકી–વાઘેલા કાળના[૨] ઘસાયેલા શિલાલેખોની વાચના આપેલી. એમાંના સૌથી જૂના, સં. ૧૨૧૭ (ઈ. સ. ૧૧૬૧)ના લેખમાં દાવડ ગામનો **દયાવડ** તરીકે ઉલ્લેખ થયેલો છે. આ દાવડ ગામને લગતો બીજો એક જૂનો ઉલ્લેખ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ અગાઉ એમના "ખંભાતના ગ્રન્થભંડારો" નામક લેખમાં નોંધેલો મારા જોવામાં આવ્યો છે.[૩] એમના કથન અનુસાર સં. ૧૩૪૯ (ઈ. સ. ૧૨૯૩) ધરાવતી ખંભાતની એક હસ્તપ્રતમાં દાવડનો **દયાવટગ્રામ** રૂપે ઉલ્લેખ થયો છે જે ઉપરના શિલાલેખના 'દયાવડ' ઉલ્લેખથી ૧૩૪ વર્ષ પછીનો, વાઘેલા સમયના અન્તિમ દશકાનો હોઈ 'દયાવડ' અને 'દાવડ' વચ્ચેના ગાળામાં કયું અભિધાન પ્રચલિત હતું તેનું સૂચન કરી જાય છે.[૪] 'દયાવડ' શબ્દમાંના 'વડ' ભાગનું 'વટ' તરીકેનું સંસ્કૃતીકરણ વાઘેલાયુગના અન્તભાગે કંઈ નહીં તોયે લેખિત ભાષામાં પ્રચારમાં હશે તેમ આ ઉપરથી લાગે છે, અને મૂળ અભિધાનથી એ ખાસ વેગળું નથી.

---

૧ સાહ લેખકો છે ડૉ. હરિલાલ ગૌદાની અને શ્રી હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી.

૨ પ્રસ્તુત લેખના પૃ. ૨૨૯ પર "વાઘેલા સમયના ત્રણ શિલાલેખો" એવું જે લખાયું છે તે દોષયુક્ત છે, કેમ કે સં. ૧૨૧૭માં ગુજરાતમાં સોલંકીવંશની મૂલરાજ શાખાના મહારાજ ગુર્જરેશ્વર કુમારપાળનું શાસન ચાલતું હતું, વાઘેલાઓનું નહીં.

૩ મૂળ લેખ "**બુદ્ધિપ્રકાશ**" મે ૧૯૬૩માં પ્રસિદ્ધ થયો છે. મેં "**બુદ્ધિપ્રકાશ**"નો એ અંક જોયો નથી પણ ડૉ. સાંડેસરાનો લેખસંગ્રહ **ઇતિહાસ અને સાહિત્ય**માં એ સંગ્રહાયેલ હોઈ પ્રસ્તુત પુસ્તકમાં તે જોયો છે.

૪ હસ્તપ્રતની પુષ્પિકામાં જણાવ્યા મુજબ એ સમયે "સંઘના આગેવાનોએ ગ્રન્થભંડાર લખાવવો શરૂ કર્યો હતો." (જુઓ સાંડેસરા, પૃ. ૧૭૩). આ એક મહત્ત્વનો ઉલ્લેખ છે. સં. ૧૪૭૮ (ઈ. સ. ૧૪૨૨)ની પુષ્પિકા ધરાવતી બીજી એક હસ્તપ્રતમાં ડૉ. સાંડેસરાએ નોંધ્યા મુજબ "વિદ્વાન સાધુઓએ જ્ઞાનભંડારની પુનર્વ્યવસ્થા કરી હોવાનું જણાવ્યું છે." (એજન) દાવડગ્રામ આથી તેરમા–પંદરમા શતક વચ્ચે જૈનધર્મનું પણ નાનું સરખું કેન્દ્ર હશે તેમ જણાય છે.

# નૃત્યકલા અને ગુજરાતનાં લોકનૃત્યો

પંડયા રસિકલાલ માણેકલાલ

સંગીત એ તો પયગંબરોની કળા છે, જે અંતરમાં ઉત્પન્ન થતા અનેક પ્રકારના ઉત્પાતને શમાવી શકે છે, જેના શ્રવણથી અને દર્શનથી આપણો આત્મા પ્રભુ પ્રતિ ખેંચાઈ જાય છે. એ દિવ્ય શક્તિ એ જ માનવીને મળેલી ઇશ્વરી બક્ષિસ કહી શકાય છે. તેમાં નૃત્ય તો તેના પ્રત્યેક અંગોની આસપાસનાં વર્તુળોમાં અભિનય કર્યા જ કરતું હોય છે. અંગો દ્વારા, વાણી દ્વારા, વેષ અને અલંકારો દ્વારા પ્રત્યેક પ્રસંગે સાત્ત્વિક ભાવ તેના સુંદર અંગવિક્ષેપમાં આપણને જોવા મળે છે. તેમાં વળી પ્રકૃતિની શોભાનું અપૂર્વ સૌન્દર્ય આવા વિવિધ પ્રકારના અંગહારોમાં સ્પષ્ટ થતાં, કવિતા અને વનિતાનો સુંદર સખીભાવ નર્તનમાં સ્પષ્ટ થતો જણાય છે. ત્યાં આત્માનો આનંદ શબ્દમાં વ્યક્ત થાય છે, જેના ચમત્કારિક લાસ્ય ભાવોમાં પરમાનંદની પ્રતીતિ થાય છે. તે આનંદનો અનુભવ થતાં માનવી સ્વયં નાચવા મંડી પડે છે તેમ જ પોતાનાં અંગોને ભાવપ્રધાન બનાવી દે છે. એ છે માનવીનું અંતરઆનંદમાં મગ્ન બનેલા આત્માનું નૃત્ય. તે નૃત્ય જનરંજન પણ કરી શકે છે.[1]

આવાં નૃત્યો આપણને કયારે જોવા મળતાં હશે? આજનો નહિ પણ પ્રાચીન કાલથી નૃત્યનો પ્રવાહ અનેક પ્રસંગોને આનંદયુક્ત બનાવતો આવેલો છે. ઋતુઓની શોભાએ માનવ જીવન ઉપર ખૂબ અસર કરેલી છે અને તેમાં આવતાં અનેક ધાર્મિક પર્વોમાં નૃત્યનો વિકાસ અને વિલાસ બંને જોવા અને જાણવા મળે છે. આવાં પર્વોમાં ગામની બહાર દેવાલય પાસે માનવ મેળો જામે છે. તે આપણા લોકનૃત્યોની રંગભૂમિ ગણાય છે. રાજ્યાભિષેક સમયે, નગરમાં પ્રવેશ કરતાં, યાત્રામાં, પુત્રજન્મોત્સવે, વિજયોત્સવે, વિવાહ સમયે અને એવા અનેક માંગલિક પ્રસંગે આવાં અનેક પ્રકારનાં સુંદર અભિનયો યુક્ત નૃત્યો જોવા મળે છે.[2] એ લોકનૃત્યોમાં કેવો અંતરભાવ રહેલો છે તે આપણને જોવા મળે છે.

લોકનૃત્ય એટલે માનવીની હૈયાવરાળને અનેક પ્રકારના અભિનયો દ્વારા વ્યક્ત કરતું નૃત્ય. ઉત્સવ, કામ અને મનોવિચારને પ્રદર્શિત કરતો હાવભાવ હાથની તાળી અને પગના ઠમકામાં પ્રગટ થાય છે. તે સ્વતંત્ર નૃત્ય યુગલ બની સંસારની રંગભૂમિ ઉપર આનંદ અને ઉલ્લાસભર્યું

---

१ अंग विक्षेपवैशिष्य जनचित्तानुरञ्जनम् ।
नटेन दर्शितं यत्र नर्तनं कथ्यते तदा ॥ पुंढरिक-नर्तननिर्णय ।

२ भूपानामभिषेचने पुरगृहप्राविशिके कर्मणि
प्रेष्ठानामपि संगमेसुतजनौ पर्वस्वभीष्टाप्तिषु ।
यात्रायां विजयोत्सवे सुरगमे वैवाहिके मङ्गले
मङ्गल्येषु च सर्वकर्मसु तथा यज्ञादिपूर्त्तेष्वपि ॥ कुंभ—नृत्यरत्नकोश ।

નર્તન કરે છે. એવાં અનેક યુગલો સમૂહમાં ઉત્સવ પ્રસંગે ઢોલ, દાંડિયાના તાલે નર્તન કરી વાતાવરણને ધાર્મિક રંગથી રંગી વાતાવરણને આનંદમય બનાવે છે, જેમાં ધર્મ, સમાજ, સંસ્કૃતિ અને દેશનો સુંદર ખ્યાલ લોકભાષામાં લોકનૃત્યોનો આવે છે, જેમાં દેશની રુચિ અનુસાર નૃત્ય કરવામાં આવે છે, જે પંચેન્દ્રિયને પ્રીતયુક્ત કરે છે તે નૃત્ય આનંદનું મૂળ ગણાય છે;[3] તેમાં દુઃખની વિસ્મૃતિ થાય છે. આથી વાચિક અને આંગિક અભિનય તરફ પરોવાયેલી ચિત્તવૃત્તિવાળા પ્રેક્ષકો ચિત્રવત્ જેવા પણ દેખાય છે.[4] આવા લોકનૃત્યને શાસ્ત્રજ્ઞાએ દેશી નૃત્ય નામ આપ્યું છે. આ નૃત્યોમાં હાથમાં ખડ્ગ, દડો, વસ્ત્ર, દંડિકા, ચામર, વીણા લઈ જે નૃત્ય કરવામાં આવે છે તેને દેશી નૃત્ય કહેવામાં આવે. આ બધી વસ્તુ લોકનૃત્યમાં જોવા જડે છે.[5]

આ નૃત્યકલા જેટલી સ્ત્રીને હસ્તગત થઈ છે તેટલી પુરુષને સાધ્ય થઈ નથી, કારણ કે પ્રકૃતિના અંતરમાં રમતા જે ભાવો તેણીના પ્રત્યેક અંગોમાંથી પ્રગટ થાય છે, પ્રત્યેક પ્રસંગે તે ભાવ પ્રદર્શિત કરતો અંગવિક્ષેપ અનુપમ લાવણ્યયુક્ત બનેલો જણાય છે, જે ચિત્તવૃત્તિને હર્ષયુક્ત બનાવવામાં અંગ પ્રત્યંગ ઉદ્દીપનભાવ પ્રગટ કરે છે, જેના રૂપ, યૌવનમાંથી વિલાસ પ્રગટ કરવામાં તેણીએ નૃત્યવિદ્યા સાધ્ય કરેલી હોય તેમ જણાય છે,[6] તેવી એ લાસ્યોત્તમા ગુર્જરી દેખાય છે.[7] લોકનૃત્યમાં અપૂર્વ આનંદ રેલે છે.

પુરુષપ્રધાન નૃત્ય તે તાંડવનૃત્ય કહેવામાં આવે છે, જેમાં વીર, રૌદ્ર, અદ્ભુત રસોથી સંવૃત્ત થયેલું છે,[8] જ્યારે લાસ્યનૃત્ય શૃંગાર રસથી યુક્ત હોય છે. તેમાં વિલાસયુક્ત કામના અનેક ભાવો અભિનય દ્વારા પ્રગટ કરવામાં આવે છે. તે સ્ત્રીપ્રધાન નૃત્ય કહેવામાં આવે છે. તેને લાસ્યનૃત્ય

---

૩ यस्मात् पंचेन्द्रियप्रीतिर्भवेच्च दुःखविस्मृतिः ।
सदा सौख्यकरं तत्तु नृत्यं मूलादथ ब्रूवे ॥ सुधाकलश–संगीतोपनिषत् अ. ५-२

૪ अहो रागबद्धचित्तवृत्तिरालिखित इव सर्वतो रङ्गः । शाकुन्तल अं. १.

૫ खड्गं कंदूक वस्त्रादि दंडिका चामर मृजः ।
वीणां धृत्वा च यत्कुर्युर्नृत्यं तद्देशिकं भवेत् ॥ नृत्यसर्वस्व ।

૬ गीतवाद्यरवोच्चेतोविकासो हर्ष उच्यते ।
उद्दीपनार्थं चित्तस्य प्रत्यङ्गोपाङ्गवीक्षणम् ॥ ९५४ ॥

रूपयौवनयुक्तानां काम इत्युच्यते बुधैः ।
ईदृग्विधं ममास्तीति स्त्रीरत्नं यत्प्रदृश्यते ॥ ९५५ ॥

नर्तकी पररूपाणां विलासः स तु कथ्यते ।
आ(अ)मर्षस्तु समापन्नो नृत्यविद्याविशारदैः ॥ ९५६ ॥ मानसोल्लास अ. १६

૭ नानायुक्तिमनोहरा किल नटी लास्योत्तमा गुर्जरी ॥ श्रीकंठ–रसकौमुदी ।

૮ वीररसे महोत्साहे पुरुषो यत्र नृत्यति ।
रौद्रभवीरसोत्पत्ति तत्ताण्डवमिति स्मृतम् ॥ सं. दर्पण नृत्या. श्लोक. १२४

કહેવામાં આવે છે.[૯] તે નૃત્યની અદ્દભુત છાપ પુરુષો ઉપર પડે છે. તેથી તેઓને નૃત્ય અને ગીતમાં કુશળ કલાકારો કહેવામાં આવે છે. મંગલ પ્રસંગોમાં એકલા તથા સમૂહમાં તેઓ ગીત તથા નૃત્ય કરતાં હોય છે. પ્રાચીન સમયમાં વીણા સાથે સખીઓ મંગલાચાર સમયે ગીત સાથે નૃત્ય કરતી હતી, એટલું જ નહિ પણ કન્યા નાડી, તૂણ, પણવ ઇત્યાદિ વાદ્યોનું પૂજન કરી પ્રથમ વગાડતી હતી.[૧૦] આ રિવાજ આજે પણ સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. અસ્તુ.

ભાવ એ નૃત્યનો આત્મા કહેવામાં આવે છે. લોકનૃત્યો લાસ્યભાવયુક્ત આપણને વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે.[૧૧] પ્રકૃતિના મનોરમ ભાવોનું સુંદર વર્ણન તો આપણને કવિઓ જ આપી શકે છે. વનિતાનો અંતરભાવ કવિતાના કલેવરમાં શબ્દરૂપે પ્રકટ થાય છે. અને તે કવિતાને સ્વર સાથે સંયોજન કરી નૃત્યમાં પરિણમે છે. તેના અનેક પ્રકારો અંગવિક્ષેપ દ્વારા પ્રગટ થાય છે. તેમાં નયન ભાવ, કટાક્ષ, સ્મિત, હાસ્ય, વાણી, ગતિ, વગેરે દ્વારા આપણને જોવા મળે છે. ચેષ્ટા પણ ભાવનો પ્રકાર જ કહી શકાય છે. તે ભાવો દ્વારા અંતર્ગત મનની ગતિને સમજી શકાય છે. આ લોકનૃત્યો ભાવનાપ્રધાન ગણાય છે.

નૃત્યકલા અનેક રીતે પ્રદર્શિત કરી શકાય છે. સામાન્ય રીતે જે લોકનૃત્યો છે તે શબ્દપ્રધાન નૃત્ય ગણાય છે. તેમાં વ્યક્તિ શબ્દના અર્થને ભાવપ્રધાન બનાવી અભિનય દ્વારા રજૂ કરે છે. આ પ્રકાર વાતચીતમાં વિશેષ પ્રમાણમાં કરી બતાવવામાં આવે છે. નાટ્યઅભિનયમાં ખાસ આ પ્રકાર ઉપર લક્ષ્ય આપવામાં આવે છે. પગથી તાલ આપી શબ્દાક્ષરોને લયમાં દર્શાવવામાં આવે છે.

બીજો પ્રકાર સ્વરાભિનય ગણાય છે. કોઈ પણ રાગની સ્વરલહરી તાલબદ્ધ કરી નૃત્ય કરવામાં આવે છે. આવી સ્વરાવલીને લહરો કહેવામાં આવે છે. રંગમંચ ઉપર થતાં નૃત્યો આ પ્રમાણે પ્રદર્શિત કરવામાં આવે છે, પરંતુ આવી લહરો ઉપર નૃત્ય કરવું કેટલીક વાર મુશ્કેલ પણ બને છે, તેથી તેમાં જે પ્રકારનું નૃત્ય હોય છે તેની સાથે તાલના બોલ અને શબ્દાવલી ભેગી કરી નૃત્ય કરવામાં આવે છે. કથક, મણિપુરી, ભરતનાટ્યમ્ જેવાં શાસ્ત્રીય નૃત્યો રંગમંચ ઉપર સ્વરવ્યંજન-સહિત નૃત્યમાં ભાવ પ્રદર્શિત કરવામાં આવે છે. તેમાં ઘૂઘરા સાથે તાલનું મહત્ત્વ વિશેષ જણાય છે.

પરંતુ લોકનૃત્યો તો ગીતપ્રધાન છે આ ગીતોને સાદા અને સરળ તાલોમાં નિબદ્ધ કરી નાચ કરવામાં આવે છે. તેમાં આનંદ અને ઉલ્લાસ હોય છે. આવાં સમૂહનૃત્યો ઝાંઝ, પખવાજ, ઢોલ અને તંબુરાના તારમાં મનોરમ આનંદ આપે છે; આનંદોત્સવનો ફૂવારો ઊડતો હોય એવું

---

૯ लास्यं तु सुकुमाराङ्गं रसभावसमन्वितम् ।
कटाक्षमुखरागादि रंजितं कामदीपनम् ॥ कीकराज–संगीतसारोद्धार नृ. अ.
यौवनश्रीविलासिन्यः कामभावविचक्षणाः ।
यदङ्हाहारवैदग्ध्यात्कुर्युलास्यमुदीरितम् ॥ दामोदर–सं. दर्पण नृ. श्लो. १२६

१० वीणया वाद्यमानया सह ये गायान्तितच्छीलास्तैः सह संभूता मङ्गलाचारं गायेयुः ।...सह वीणागायिभिश्च गायन्ति नृत्यन्ति च सोत्साहं । स्त्रियो नृत्यगीतकुशलाः । नाडीं तूणवं मृदङ्गं पणवं सर्वाणि च वादियाणि गन्धोदकेन समुलिप्य कन्या प्रवादयते... । काठकसंहिता

११ ये भावाः रागचिह्नानि स्त्रीणामुक्ताः पृथक् पृथक् ।
साधारणास्ते सर्वासां स्त्रीणामित्याह मारुतिः ॥ शारदा. भावप्रकाश

વાતાવરણ જમાવે છે. તેમાં લોકસંસ્કૃતિનો આત્મા નાચી ઊઠે છે. રંગમંચ ( Stage ) ઉપર આવાં નૃત્યો પ્રદર્શિત કરવામાં આવે છે પરંતુ તે આનંદ કલાકાર પૂરતો જ હોય એવું સમજાય છે. છતાં પણ તેને નાટકમાં ઉતારવા માટે સંસ્કૃત કવિઓએ પણ પ્રયત્ન કરેલો તો છે તે પણ જાણવા જેવો છે. તેમાંથી લોકનૃત્યોનાં જુદાં જુદાં પ્રકારોનાં પ્રાચીન નામો પણ જાણવા મળે છે. તેનું સ્વરૂપ હાલમાં પણ જુદા નામે અસ્તિત્વ ધરાવે છે, તેમ જ ભારતના અન્ય પ્રાંતોનાં લોકનૃત્યો સાથે પણ ગુજરાતનું લોકનૃત્ય કંઈક સામ્ય ધરાવતું પણ જણાય છે.

નૃત્યકલામાં વેશભૂષા પણ એક મહત્ત્વનું અંગ ગણાય છે. આપણે જાણીએ છીએ કે ઉત્સવ પ્રસંગો ઉપર રોજનાં કપડાં કરતાં કંઈ નવાં જ કપડાં અને અલંકારો જોવા મળે છે. તેમાં વળી સ્ત્રીઓને તો અલંકારોનો વિશેષ શોખ હોય છે. ભાગ્યે જ સ્ત્રી ઘરેણાંવિહીન આપણને જોવાં મળશે. સારું સારું પહેરવું, ઓઢવું, ગાવું અને ખાવું એ તો ઉત્સવનો મહિમા ગણાય છે, ત્યારે શાસ્ત્રીય નૃત્ય અને લોકનૃત્યમાં વેશભૂષામાં કંઈક ફરક છે. લોકનૃત્યમાં વેશભૂષા પોતાને મનગમતી કરવામાં આવે છે ત્યારે રંગમંચના નૃત્યમાં નૃત્યના પ્રકારને અનુકૂળ વેશભૂષા કરવામાં આવે છે. તેમાં નર્તનપદ્ધતિના ખાસ ચલનને મધ્યબિંદુ કરી વેશભૂષાની રચના કરવામાં આવે છે. તેને જોતાં જ પ્રેક્ષક પ્રભાવિત થઈ જાય છે. આટલો જ ફરક શાસ્ત્રીયનૃત્ય અને લોકનૃત્યમાં જોવા મળે છે.

હવે આપણે ગુજરાતનાં લોકનૃત્યો ઉપર વિચાર કરીશું તો સમજાશે કે લોકનૃત્યમાં માનવજીવન કેવું આનંદ સાથે લહેરાય છે એનો કંઈક ખ્યાલ આવી શકે છે. આપણી સંસ્કૃતિમાં પર્વોની ઊજવણીને મહત્ત્વ આપવામાં આવેલું છે. જો તે મહત્ત્વ કદાચ આપવામાં ના આવ્યું હોત તો સંગીતકલાનો વિકાસ માનવજીવન સાથે ઓછો થાત, તેમ જ સંગીતનું સાચું રહસ્ય પણ કંઈક ઓછું વિચારાત. તેથી ઉત્સવ એટલે અંતરની અનંત ભાવોર્મિને વ્યક્ત કરવાનું કાર્યક્ષેત્ર. તે ગીત, વાદ્ય અને નૃત્ય દ્વારા પ્રકાશિત થાય છે. તેમાંથી અનેક નૃત્યોનાં પ્રકારો શાસ્ત્રીયસ્વરૂપ ધારણ કરી રંગમંચ ઉપર પ્રગટ થયેલા છે. તે નૃત્યો ભક્તિપ્રધાન હોય છે. પછાત કોમો પવિત્ર ઉત્સવપ્રસંગે પોતાનો આનંદ અનેક પ્રકારે વ્યક્ત કરતાં જણાય છે. તે નૃત્યકલાનાં વિવિધ સ્વરૂપો નીચે પ્રમાણે જાણવા અને જોવા મળે છે :

**૧ મટકી-નૃત્ય :**—શુભ મંગલ પ્રસંગોમાં જેવા કે વિવાહ, સીમંત જેવા પ્રસંગોમાં સ્ત્રીઓ મટકી-નૃત્ય કરે છે. અન્ય ઉત્સવોમાં પણ મટકી-નૃત્ય કરવામાં આવે છે. આ નર્તનમાં પીત્તળનો મોટો લોટો તથા વટલોઈ અથવા માટીના ઘડા લઈ વર્તુલાકાર બની નર્તકો નૃત્ય કરે છે. ગુજરાત અને સૌરાષ્ટ્રની પછાત કોમો ઢોલ સાથે નાચતી આવે છે. પાલીતાણા પાસે ભેદાવાવની કોળીમંડળી આ ઘડાનૃત્યમાં ભારે ચગે છે અને રંગ જમાવે છે. તેમાં ગીતનો અભાવ હોય છે. ઢોલના તાલ ઉપર જ સમૂહનૃત્ય કરવામાં આવે છે.

**૨ આનંદ-નૃત્ય :**—પુત્રજન્મોત્સવના પ્રસંગે સ્ત્રીઓ સમૂહમાં ભેગી મળીને હાથના તાલ સાથે વધાઈનાં ગીતો ગાય છે. ગોકુલાષ્ટમીનો ઉત્સવ એ શ્રીકૃષ્ણજન્મમહોત્સવ તરીકે ઊજવવામાં આવે છે. ગોપ-ગોપી બંને સૌ આનંદ સાથે નાચે છે અને ગાય છે.[૧૨] ગુજરાતનાં

---

૧૨ નંદ ઘેર આનંદ ભયો, જૈ કનૈયા લાલજી,
હાથી લીયો, ઘોડા લીયો ઓર લીયો પાલખી.

કેટલાંય ગામડાં અને નગરોમાં ગામ બહાર મંદિર પાસે મોટો મેળો પણ ભરાય છે. પછાત કોમની સ્ત્રીઓ-પુરુષો પોતાની ગ્રામ્ય ભાષામાં સામસામી હાર બની હાથમાં હાથ મિલાવી તાલબદ્ધ થઈ નૃત્ય કરતાં ગાય છે. આવા નૃત્યને છલિમ્ નૃત્ય કહેવામાં આવતું હતું.[૧૩] ભીલ સ્ત્રીઓ હાથમાં ધનુષબાણ લઈ મોરપીંછાનો અલંકાર પહેરી ભીલ રૂપમાં લોકોને આનંદ આપે છે.[૧૪] આવાં નૃત્યો રંગમંચ ઉપર આવી શકે છે.

૩ **ઉત્સવ-નૃત્ય** :—વર્ષની મુખ્ય છ ઋતુઓ ગણવામાં આવે છે. તેમાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, શિશિર અને હેમંત આવે છે. આ ઋતુઓને અનુલક્ષીને અનેક પ્રકારના ઉત્સવોની ઊજવણી કરવામાં આવે છે. તેમાં વસંત, વર્ષા અને શરદનો ઉત્સવ તો ઘણો જ પ્રશંસનીય ગણવામાં આવે છે. આ ઋતુઓમાં શ્રીપંચમી, મદનોત્સવ, ગૌરીપૂજન, દોલોત્સવ, હોલીકોત્સવ ( જે વસંત ઋતુનો ઉત્સવ ગણાય છે )[૧૫] જેવા ઉત્સવોની ઊજવણી થાય છે. વર્ષામાં ખેડૂતો મેઘરાજાના આગમનની સાથે નાચવા લાગે છે. પોતાના ઘરમાં મેઘરાજાના સ્થાનક તરીકે જવારા વાવે છે, પૂજન-અર્ચન કરે છે અને અષાડની અમાસે ગામના ગોદરે તળાવની પારે ઢોલતાંસા વગાડતાં જાય છે અને સ્ત્રીઓ તે જવારા માથે લઈને ત્યાં વર્તુલ રચી, ખૂબ નાચે છે. તેમાંથી તૈયાર થયેલું નવાન્નનું પૂજન શક્તિનું સ્વરૂપ ગણી નવરાત્રિમાં કરે છે. રાસગરબાની રમઝટ જમાવી નાચે છે, અને દૂધપૌંઆ ખાઈ શરદની ઊજવણી કરે છે. એ શરદની રાતે ભગવાન શ્રીકૃષ્ણે વેણુવાદન કરી રાસનૃત્ય કર્યું તેનાં પ્રતીકો આજે પણ ઉપર્યુક્ત ઉત્સવોમાં ગુજરાતની પ્રજા આનંદ સાથે અનુભવે છે. એ રાસનૃત્ય કેવળ ગુજરાતનું નહિ પણ ભારતવર્ષનું અનોખું અંગ બની ગયેલું છે, જેમાં સામાજિક સમૂહજીવનના આનંદમાં અંતરનો એકાત્મભાવ પ્રગટ કરતું લોકનૃત્ય ગણાય છે.

( अ ) **રાસ** :—રાસ એ પ્રાચીન લોકસંસ્કૃતિનું પ્રતીક ગણાય છે. એ રાસ કૃષ્ણના પહેલાં કોઈ પણ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતું તો હોવું જોઈએ. પરંતુ તેનો અંતરભાવ ભગવાન શ્રીકૃષ્ણે શરદની નિર્મળ રાત્રિમાં વર્ષાના વિરહને દૂર કરવા રાસલીલાની કરેલી રજૂઆતથી સ્પષ્ટ થાય છે. એ શરદનો ચન્દ્રમા જોઈ વિરહિણીનું હૃદય કોઈ આનંદ અને ઉલ્લાસથી છલકાતું હોય છે. તેનો સુંદર અર્થભાવ શ્રીમદ્ ભાગવતકારે દર્શાવેલો છે. નૃત્ય કરતી, જાતજાતના રાગોથી રંજિત કંઠવાળી, રતિ પર પ્રીતિવાળી, અને શ્રીકૃષ્ણના સ્પર્શથી પ્રસન્ન થયેલી ગોપીઓ ઉચ્ચ સ્વરે ગાતી હતી કે જેઓના આ ગીતથી આખું જગત ભરાઈ ગયું હતું.[૧૬] એ રાસનું વર્ણન

---

१३ समांसशीर्षाः समबाहुहस्ता रेखाविशुद्धा अपराश्च ददति ।
पङ्क्तिभ्यां द्वाभ्यां लयतालबन्धं परस्परं साभिमुख्यश्चल्लीम् ॥ कर्पुरमंजरी ४–१२

१४ इमामषीकज्जलकालकायास्त्रिकाण्डचापा विलासिन्यः ।
पुलिन्दरूपेण जनस्य हासं समयूरपिच्छाभरणाः कुर्वन्ति ॥ क. मं. ४–१३

१५ मनोधिकं चात्र विलासलास्ये प्रेङ्खासु दोलासु च सुन्दरीणाम् ।
गीते च गौरीचरितावतंसे पूजा प्रपंञ्चे च मनोभवस्य ॥ राजशेखर–का. मी. अ. १८.

१६ उच्चैर्जगुर्नृत्यमाना रक्तकण्ठयो रतिप्रियाः ।
कृष्णाभिमर्शमुदिता यद्गीतेनेदमावृत्तम् ॥ श्रीमद् भागवत स्कं. १०, अ. ३३-९

અને લક્ષણ આપતાં ભાગવતના ટીકાકાર લખે છે,[૧૭] કે જે નટોએ જેઓના ગળામાં હાથ નાખ્યા હોય તેવી નટીઓ ગોળાકારે ઘૂમીને એકબીજાના હાથને ગ્રહણ કરી નૃત્ય કરે છે તેને રાસ કહેવામાં આવે છે. અહિંયા શ્રીકૃષ્ણ અનેક-સ્વરુપ પુરુષવેશે ગોપીઓની સાથે નૃત્ય કરતા જણાય છે.[૧૮] આમ્રી કૃષ્ણની રાસલીલા એ રાસકનૃત્ય ગણાય છે. તેમાં આઠ, સોળ, બત્રીસ અને ચોસઠ યુગલો વિવિધ તાલથી નૃત્ય કરતા હોય છે; તેને રાસક નૃત્ય કહેવામાં આવે છે.[૧૯] મહારાણા કુંભા રાસકમાં આસારિત નામનું નૃત્ય કરવામાં આવે છે તેને રાસક કહેવામાં છે, જેમાં ચારી, મંડલ, લાસ્યનાં સંપૂર્ણ અંગો તથા દેશી તાલ ઉપર આધારિત હોય છે. આ રાસકમાં કોમળ અને ઉદ્ધત એવા બે પ્રકારો જાણીતા છે.[૨૦] આ રાસકના અનેક પ્રકારો જાણીતા છે, જેવાં કે લતા–રાસક, દંડ-રાસક, તાલ–રાસક, મંડલ–રાસક, નાટ્ય–રાસક વગેરે પ્રકારો જાણીતા છે. રાસક એટલે સ્ત્રી-પુરુષ સહિત કરવામાં આવતું નૃત્ય કહી શકાય છે, જ્યારે રાસ એ કોમળ ભાવોને પ્રગટ કરતું નૃત્ય કહી શકાય છે.

**(ब) ફાગ :**—ગુજરાતના લોકનૃત્યોમાં આવાં રાસકનૃત્યો સમાયેલાં છે તેમ જ સ્ત્રી-પુરુષોનાં સમૂહનૃત્યો ઉત્સવ પ્રસંગે વિશેષ અન્ય પ્રાંતોમાં પણ જોવા મળે છે. હોલીના ઉત્સવ ઉપર ખેલાતો રાસ એ ઉદ્ધત રાસકનો એક પ્રકાર કહી શકાય, તેમાં રંગ, અબીલ, ગુલાલની સાથે ઢોલ અને ઘેરાના નાદે દાંડિયા સાથે નૃત્ય કરવામાં આવે છે. સ્ત્રી-પુરુષો એકબીજા ઉપર રંગ છાંટી આનંદ–વિલાસનો ઉપભોગ પણ કરે છે. વસંતોત્સવ ઉત્સવ ઉજવાતો હતો. વાત્સ્યાયને તેને ઘટાનિબંધ નામ આપેલું છે. હર્ષના વર્ણનમાં ખાસ જોવા મળે છે. મદ્યની પીચકારી ભરી પોતાની મૈત્રી દઢ કરવાના કારણે પીચકારી મારે છે.[૨૧] રાત્રે ગોળાકાર બની ફાગણનાં ગીતો ગાતાં રાસ રમે છે, જેને ફાગ પણ કહેવામાં આવે છે. ગુજરાતના આદિવાસીઓ દાંડિયા સાથે નૃત્ય કરતા જણાય છે. તેને ઘેરૈયા નૃત્ય પણ કહેવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં ઘેરૈયા રાસ ઘણો જ જાણીતો પ્રકાર ગણાય છે. પ્રથમ તેઓ ખેતીમાંથી પરવારી ગયેલાં હોય છે. તેઓ પહેલાં માતાના

---

૧૭ नटैर्गृहीतकण्ठानामन्योन्यात्तकराश्रियम् ।
नर्तकीनां भवेद्रासो मंडलीभूय नर्तनम् ॥ श्रीधर.

૧૮ तत्रारभ गोविन्दो रासक्रीडामनुव्रतैः ।
स्त्रीरत्नैरन्वितः प्रीत्यैरन्योन्याबद्धबाहुभिः ॥ २ ॥
रासोत्सवः समप्रवृत्तो गोपीमण्डलमण्डितः ।
योगेश्वरेण कृष्णेन तासां मध्यैर्द्वयोर्द्वयोः
प्रविष्टेन गृहीतानां कण्ठे स्वनिकटं स्त्रियः ॥ ३ ॥ श्री. भा. अ. ३३.

૧૯ अष्टौ षोडश द्वात्रिंशद् यत्र नृत्यन्ति नायिकाः ।
पिण्डीबन्धानुसारेण तन्नृत्तं रासकं स्मृतम् ॥ सरस्वतीकंठाभरण

૨૦ अनेकनर्तकीयोज्यं द्वियताललयान्वितम् ।
आचतुः षष्ठियुगलात् रासकं मसृणोद्धतम् ॥ हेमचन्द्र. का. शा.

૨૧ मुक्त्वाऽन्या मणिवारकाणि यन्त्रैर्धारासलिलं क्षिपन्ति ।
पतन्ति ताः सखीनामङ्गे मनोभुवो वारुणबाणसुंदर ॥ राज. कर्पुरमंजरी ४–१३.

મંદિરે આવે છે. હાથમાં મોરપીંછનો ઝૂડો હોય છે, દાંડિયા અને વારંવાર મોં જોવા માટે નાનકડો અરીસો હોય છે. તેઓ પ્રથમ માતાના દેરા આગળ આવી પ્રદક્ષિણા ફરતા ફરતાં ઘેર જમાવે છે. તે મેળામાં આ ઘેરિયા નૃત્યનું અદ્દભુત અને અનોખું દર્શન થાય છે. દાંડિયાની સુંદર રમઝટ જામે છે. ત્યારબાદ તેઓ ઘેર રમવા ગામમાં નીકળે છે, અને કંઈક ઉઘરાણું કે શીખ લેતા હોય છે. આમ કેટલાય દિવસો સુધી ચાલ્યા કરે છે. મારવાડમાં ઘેર એ હોળીનું જાણીતું લોકનૃત્ય છે. તેઓ ઘેરો હાથમાં લઈ વગાડે છે અને ઘર આગળ કે દુકાનો આગળ તેઓ દાંડિયા રમે છે. કેટલીક વાર સ્ત્રીઓ પણ આમાં ભાગ લઈ શકે છે. તેમ જ તેમાં કેટલીક બિભત્સતા પણ જોવામાં આવે છે; નકલો કરતા પણ હોય છે; વિચિત્ર પ્રકારનો વેશ પણ કરતા જણાય છે.

(क) **ઢોલી-નૃત્ય :**—આ સૌનું જાણીતું નૃત્ય છે. મંગલ પ્રસંગે ઢોલીકોમને ઢોલ અને શરણાઈ વગાડવા બોલાવવામાં આવે છે જે મંડળીને ભારતીય બેન્ડ કહી શકાય છે. તેઓ જ્યારે વરઘોડો નીકળે છે ત્યારે પુરુષો સ્ત્રી–પુરુષોનો વેશ પહેરી વરઘોડાના મોખરે ઢોલતાસાં અને શરણાઈ વગાડે છે. તેમાં ઢોલ વગાડનાર ગોળ ગોળ ફરતો ફરતો વરની પાસે આવી કંઈક ભેટ માગતો હોય છે. હાથમાં પૈસો બતાવી તે લેવા ઢોલી નાચ કરતો કરતો આવે છે અને પૈસા પડાવી જાય છે અને વરઘોડાનો અજબ આનંદ જમાવે છે. રાજાઓના વરઘોડામાં જેમ વારાંગનાઓ નૃત્ય કરતી હોય છે તેમ કેટલીક કોમો આવા નૃત્યથી તે આનંદ માણી સંતોષ અનુભવે છે. તેમાં વારાંગનાના નૃત્યના અનુકરણની ઝાંખી થાય છે. તેમાં તાલ જ પ્રધાન છે.

(ड) **રૂમાલ-નૃત્ય :**—આ પણ ઢોલી-નૃત્યના જેવો જ પ્રકાર ગણાય છે, પરંતુ તેમાં બે યુગલો એકબીજાના હાથમાં હાથ નાખા સામસામી હાથમાં છૂટો રૂમાલ રાખી ઢોલના તાલમાં નૃત્ય કરે છે. પગમાં ઘૂઘરા બાંધે છે. ગ્રામ્યજનો આવા મંગલ પ્રસંગે આવાં નૃત્યોથી આનંદ માણે છે. આ નૃત્યો ક્ષુદ્રનૃત્ય ગણાય છે, પરંતુ રંગમંચ ઉપર જો પ્રદર્શિત કરવામાં આવે તો નૃત્યકલાનું અનોખું અંગ પણ બની જાય છે. આ પણ તાલપ્રધાન નૃત્ય છે. મેળામાં ભીલકોમનું આ નૃત્ય જોવા મળે છે.

(इ) **પણિહારી-નૃત્ય :**—ગુજરાતમાં ભવાઈ કરનારા તરગાળાઓ આ નૃત્ય માટે વિશેષ જાણીતા છે. તેઓ માથા ઉપર તાંબાનાં બેઢાં ગોઠવી સુંદર પ્રકારે નૃત્ય કરી લોકોનું મનરંજન કરે છે અને વાહ વાહ મેળવે છે. કૃષ્ણ એ પણિહારીના બેઢાને છેવટે કાંકરી મારી ફોડતા હોય તેવું દૃષ્ય નજર સમક્ષ રજૂ કરે છે. આ લોકકલા ગામડાંઓમાં જોવા મળે છે.

(ई) **મંડલ-રાસ :**—ગુજરાતમાં વર્તુળાકાર મંડળ બની જે રાસ ગાવામાં અને નૃત્ય કરતાં ખેલવામાં આવે છે તેને મૂળમાં મંડલ-રાસક કહી શકીએ છીએ. તેને પ્રાચીન હલ્લીસકનો પ્રકાર ગણવામાં આવે છે. મહાકવિ ભાસે ૨૨૦૦ વર્ષ પહેલાં પોતાના બાલચરિત નામના નાટકમાં ગોપકન્યાઓ સાથે નૃત્ય કરતા કૃષ્ણનું વર્ણન કરેલું છે જેને હલ્લીસકક્રીડા તરીકે વર્ણવેલું છે. હરિવંશમાં હલ્લીસકનો ઉલ્લેખ અને વર્ણન કરેલું છે.[૨૨] આ હલ્લીસકને गोपलोकानां क्रीडाप्रकारः તરીકે વર્ણવવામાં આવેલો છે. અભિનવગુપ્ત મંડલાકાર માટે જણાવે છે કે મંડલ

---

૨૨. आज्ञापयामास ततः स तस्यां निशि प्रहृष्टो भगवानुपेन्द्रः ।
छालिक्यगेयं बहुसन्निधानं यदेव गांधर्वमुदा हरन्ति ॥

દ્વારા જે નૃત્ય હોય તેને હલ્લીસક કહે છે. તેમાં એક નેતા હોય છે. આ જ વિચાર નાટ્યદર્પણકારે દર્શાવેલો છે.[૨૩] તેમાંથી ગરબા અને ગરબી, રાસ અને રાસડા જેવા ભેદો પાછળથી પ્રચારમાં આવેલા છે. આ હલ્લીસક એ આર્યોની પ્રાચીન પરંપરા હોઈ શકે છે. આ પરંપરા તો ભારતની લોકનૃત્યોની પરંપરામાંથી પણ આપણે જોઈને વિચારી શકીએ તેમ છીએ. તેમાં શૃંગાર અને ભક્તિરસ પ્રધાન ગણવામાં આવે છે. મંડલરાસનાં જુદાં જુદાં સ્વરૂપો જાણીતાં છે. તેમાં નાટ્યરાસક ચર્ચરી, લતારાસક અને દંડરાસક જેવા શાસ્ત્રીય ભેદો જાણીતા છે.[૨૪]

**( उ ) લલિત-રાસ :**—સુંદર વસ્ત્રો પહેરી મંગલભાવોયુક્ત મુખાકૃતિ કરી હાથની તાલીથી જે નૃત્ય કરવામાં આવે છે તેને લલિત-રાસ કહેવામાં આવે છે, જે નૃત્ય પ્રકૃતિપ્રધાન ગણાય છે. તેને તાલ-રાસક પણ કહી શકાય છે. હાથની તાલી લઈ જે નૃત્ય કરવામાં આવે છે, તેની પરંપરા ગરબા-ગરબીમાં પણ જોઈ શકાય છે.

**( ऊ ) ગરબો :**–ગુજરાતમાં રાસ અને ગરબાનો ભેદ વિશેષ માનવામાં આવતો નથી, પરંતુ આ બે અંગો જુદાં ગણાય છે; પરંતુ ખરી રીતે જોતાં તે મસૃણ તાલ-રાસકનો એક પ્રકાર પણ કહી શકાય છે.* ગરબો એ નવરાત્રિમાં મંડળ બની માતાનો મહિમા ગાવામાં આવે છે. માતાના મંદિરના ચાચરમાં કે શેરીના મધ્યમાં લાકડાની દીવડી મૂકવામાં આવે છે, જેને માંડવડી કહેવામાં આવે છે. એના ઉપર રામપાતર—મોટું તાંબાનું કોડિયું મૂકી તેમાં કપાસિયા અને તેલ નાખી સળગાવવામાં આવે છે. તેની આજુબાજુ ગોળાકાર બની હાથતાલી લઈ માતાનો મહિમા વર્ણવતો ગરબો ગાવામાં આવે છે.[૨૫] જ્યારે જેને ત્યાં માતાની સ્થાપના કરવામાં આવે છે તે

---

जग्राह वीणामथ नारदस्तु षड्जग्रामरागादिसमाधियुक्ताम् ।
हल्लीसकं तु स्वयमेव कृष्णः सवंश घोषं नरदेव पार्थः ॥
मृदंगवाद्यानपरांश्च वाद्यान् वराप्सरास्ता जगृहुः प्रतीताः ।
आसारितांते च ततः प्रतीता रंभोत्थिता साभिनयार्थतज्ज्ञा ॥ हरिवंश, विष्णुपर्व ।

२३ यन्मण्डलेन नृत्तं स्त्रीणां हल्लीसकं तु तत् प्राहुः ।
तत्रैको नेतास्याद् गोपस्त्रीणामिव मुरारिः ॥ रामचन्द्र–गुण० नाट्यदर्पण ।

२४ रागाद्वसन्तमालोक्य सज्ञेयो नाट्यरासकः ।
चर्चरिमिति ताम्प्राहुर्वर्णतालेन तत्र तु ॥
शुष्कगीतप्रयोगेण ततो गायन्ति गायकाः ।
लताभिर्भेद्यकैः गुल्मैर्नानावृत्तप्रदर्शकैः ॥
मुरजाक्षरवाद्यन्तु हन्यद्दण्डद्विदण्डकैः ।
एवं नृत्त क्रमेणाद्यो ह्यपसार समाप्यते ॥ शारदा० भावप्रकाश, अ. ९.

* एकि दिइं सह लालीय तालीय छंदिहिं रास ।
एकि दिइं उपालंभ रे वालंभरहिं सविलास ॥ वसंतविलास, कडी ७०

૨૫ રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી.
માંહે અત્રીસ બત્રીસ જાળી રે, રંગમાં૦
માથે કનકનો ગરબો લીધો રે, રંગમાં૦
માંહે રત્નનો દીવડો કીધો રે, રંગમાં૦ વલ્લભ ભટ્ટ.

ગરબો કોરાવે છે. તેની અંદર દીવડો મૂકી સુંદરીઓ ગોળ બની નૃત્ય કરે છે,[૨૬] જેનું સુંદર વર્ણન વલ્લભ ભટ્ટે સ્થૂળ સ્વરૂપમાં કર્યું છે. ગરબાનું માહાત્મ્ય અને શક્તિમહિમા ગરબામાં વર્ણવવામાં આવેલો છે, જ્યારે ભાણદાસે ગરબી શબ્દ પુરુષોને આપ્યો છે. માંડવડીની ચારે બાજુ તાલી લઈ પુરુષો આ ગીત ગાય છે તે ગરબી કહેવામાં આવે છે.[૨૭] ખરેખર ગરબાની રમઝટ તો આ નવરાત્રિના ઉત્સવમાં આપણને જોવા મળે છે અને અનેરો આનંદ અનુભવાય છે.[૨૮]

(ए) **ઘૂમર :**—ગુજરાતમાં તાલ–રાસકના પ્રકારમાં જેમ ગરબો-ગરબી નવરાત્રિ-ઉત્સવનું વિશિષ્ટ અંગ ગણાય છે તેજ અંગમાં રાધા-કૃષ્ણ અને રામ તથા સતીઓની લીલાનો મહિમા ગરબામાં ગવાય છે. તે શબ્દ ગરબાના ઢાળમાંથી જ ઊતરી આવેલો છે. વિવાહાદિ શુભ પ્રસંગોની ઊજવણી પહેલાં ઘરના આંગણામાં કે ચોકમાં આનંદોત્સાહથી ઘૂમે છે. જેવી રીતે નવરાત્રિમાં અંબા અને બહુચર માતાઓના ગરબે ઘૂમી ગરબો ગાય છે.[૨૯] તે જ પ્રમાણે આ વિવાહ-વિનોદનાં ગીતો ગવાય છે. તેને ઘૂમર કહેવામાં આવે છે. ઘૂમર માંડવાનું આમંત્રણ પણ આપવામાં આવે છે. આ ઘૂમર રાતના માંડવામાં આવે છે. હાથની તાલી દઈ પગનો ઠમકો લઈ જલદ તાલમાં ગાવામાં આવે છે, જે હલ્લીસકનો મનોહર પ્રકાર ગણવી ચક્રનૃત્ય તરીકે પણ જાણીતો થયેલો હતો. તેમાં વલયની જેમ મંડળી બની સ્ત્રીઓ ચક્રનૃત્ય કરે છે.[૩૦] એટલે રાજપૂત સમયથી આ પ્રકાર જનસમાજમાં જાણીતો છે. સંગીતમાં તેને રેચક-નૃત્ય કહેવામાં આવે છે. તેમાં ગ્રીવા, કમર અને હાથનો ઉપયોગ કરવામાં આવે છે. આવા નૃત્યના પ્રકારને બાણભટ્ટ આરભટી-નૃત્ય તરીકે ઓળખાવે છે. તેમાં નટ મંડલાકાર રૂપમાં રાસનૃત્ય કરે છે. તેમાં હાથ, કમર, ગ્રીવા અને વિભિન્ન ભાવભંગિઓનો ઉદ્દામ વેશથી ગોળ ચક્કરમાં ભમે છે.[૩૧]

(ऐ) **ચર્ચરી-નૃત્ય :**—ચર્ચરી એ પ્રાચીન નામ ગણાય છે. તેમાં વર્ણ, તાલ ચારી સાથે સ્ત્રીઓ ચર્ચરી રાસ કરે છે. તેને ચર્ચરિકા પણ કહેવામાં આવે છે. તેમાં અર્ધગોળાકારમાં પુરુષો અને સ્ત્રીઓ બની ગીત ગાતાં નૃત્ય ઢોલના તાલમાં કરે છે. એ ચર્ચરીને વારંવાર ગાતી હોય છે. મધ્ય પ્રદેશના આદિવાસીઓનું કરમાનૃત્ય અને જોડીનૃત્યની સમકક્ષ ગણી શકાય છે. તેમાં શૃંગાર રસ વિશેષ હોય છે.

---

૨૬ ગરબડિયો કોરાવો ગરબે જાળીડાં મેલાવો રે;
ભાઈની રાણી મ્હારે ગરબે રમવા આવો રે.

૨૭ ગગન-મંડળની ગાગરડી, ગુણ ગરબી રે;
તેણિ રમિ ભવાની રાસ, ગાઉં ગુણ ગરબી રે.

૨૮ જુઓ 'ગરબો' : લે. પ્રો. મં. ર. મજમુંદાર, અખંડ આનંદ, ઑકટો. ૧૯૬૨.
વલ્લભ ભટ્ટની વાણી : સં. પ્રો. મં. ર. મજમુંદાર, સસ્તું સાહિત્ય.

૨૯ ગરબે મે આનંદે ઘૂમે, આજ મારી બહુચરા ગરબે ઘૂમે. વલ્લભ ભટ્ટ.

૩૦ केचिच्च मण्डलीभूय रासावलयगायिनः ।
चक्रनृत्यं मनोहारि हल्लीसकमिवस्त्रियः ॥ हेमचन्द्र. त्रि. ष. २–५६६

३१ तदिदं हल्लीकमेव तालबन्धन विशेषयुक्तं रेचकम् ॥ भोज–सर.
रैणावावर्तमंडली रेचकरासरसरभसारब्धनर्तनारंभारभटीनटाः । बाण.

**( ઓ ) તાલી યુગલ :**—આ નૃત્ય બે પુરુષો અથવા બે સ્ત્રીઓ સામસામાં આવી બે તાલી આપી નૃત્ય કરે છે. તેમાં એક તાલી પોતાના બે હાથે પાડી બીજી તાલીનો પ્રહાર સામાના હાથની તાલી ઉપર મારે છે, ગીત ગાનાર મંડળી વાદ્ય સાથે ગીત ગાય છે અને તેની વચ્ચે આ નૃત્યનો અભિનય કરવામાં આવે છે. મંદિરોમાં અને કીર્તનમંડળીઓમાં આ નૃત્યની મઝા અનેરી આવે છે. એક થાકી જાય તો બીજો તેને બદલાવી શકે છે, આમ ગીત પૂરું થતાં સુધી આ યુગલતાલીનું નૃત્ય ચાલું જ રહે છે. તાલી સાથે અંગનો અભિનય પણ સુંદર જોવામાં આવે છે.

**( ઔ ) લતા-રાસક :**—લતા-રાસકમાં બબ્બેનાં યુગલોમાં જેમ વેલને વૃક્ષ વીંટાઈ જાય તેમ ગૂંથાઈને રમાતો રાસ તેને લતા-રાસક કહેવામાં આવે છે. આ યુગલો આઠ કે બાર કે સોળનાં રાખવામાં આવે છે. પરિણીતો આ રાસક-મંડલાકારમાં યુગલ બને છે અથવા સ્ત્રી-પુરુષો સજાતીય યુગલ બનીને નૃત્ય કરતાં હોય છે.

**( અં ) ફેરફૂદડી :**—આ ક્ષુદ્ર નૃત્ય ગણાય છે, પરંતુ તેની ચાલ ભમરડા જેવી ગણવામાં આવે છે. નાની બાલિકાઓ આવાં નૃત્યો યુગલ બની સુંદર કરતી જણાય છે. મોટેરાંઓ પણ આવાં નૃત્યો કરે છે અને મંચ ઉપર પણ આવાં નૃત્યો આકર્ષક લાગે છે. કથકની કલાનો કંઈક ખ્યાલ આ નૃત્યમાં આપણને જોવા મળે છે.

**( ક ) દાંડિયા-રાસ :**—ગુજરાતનો આ વિશિષ્ટ પ્રકાર ગણાય છે, એટલું જ નહિ પણ તે શાસ્ત્રીય નૃત્ય તરીકે પણ ગણવામાં આવે છે. ઉત્સવોના આનંદમાં ગામના ચોરા આગળ અથવા મેળામાં ભેગા થઈ ઢોલ-નગારાના તાલમાં ખૂબ આનંદથી અને અનેરી છટાથી દાંડિયા-રાસ રમવામાં આવે છે. તે હલ્લીસકનો એક પ્રકાર ગણાય છે. સ્ત્રીઓ અને પુરુષો સ્વતંત્ર અને યુગલ બનીને પણ રાસ દાંડિયાથી રમે છે. આ દાંડિયા-રાસને લકુટા-રાસક પણ કહેવામાં આવે છે. ઈ. સ. ૧૩૨૭માં રચાયેલા સપ્તક્ષેત્રીરાસુમાં તાલી-રાસક અને લકુટા-રાસનો ઉલ્લેખ થયેલો છે.[૩૨] રાજશેખરે 'કર્પુરમંજરી'માં દંડ-રાસકનો ઉલ્લેખ કરેલો છે.[૩૩] એટલે નવમા શતક પહેલાં દાંડિયા-રાસ ગુજરાતમાં ખેલાતા હતા, પરંતુ એથીય પ્રાચીન કાળથી દાંડિયા રાસ ભારતમાં રમાતા હતા અને કૃષ્ણ જ્યારથી મથુરાથી દ્વારકા આવ્યા ત્યારથી આ પ્રકાર જાણીતો છે એવું સૌનું માનવું છે. એટલે આ કળા ગોપ લોકોની જાણીતી હતી. ગોપ પોતાની પાસે લાકડી કે પરોણો રાખતા. તે પરોણાને હાથમાં લઈ ગોળ બની દાંડિયા ખેલતા. આજે પણ કેટલાક ગામડાના લોકો ઘરમાં પડેલી વાંસની લાકડી કે પરોણા હાથમાં લઈ દાંડિયા રમે છે. મારવાડમાં આવી લાકડીથી જે રાસ રમાય છે તેને ગેર કહેવામાં આવે છે. વાંસના દાંડિયા બનાવવામાં આવે છે.

---

૩૨ बइसइ सद्गुरु श्रमणसंघ सावय गुणवंता ।
जोयइ उछवु जिनह भुवणि मन हरष धरंता ॥
तीछे तालारास पडइ बहु भाट पढंता ।
अनइ लकुटारास जोईइ खेला नाचंता ॥ सप्तक्षेत्रीरासु.

૩૩ परिभ्रमन्त्यो विचित्रबन्धमिमा द्विषोड नर्तक्यः ।
खेलन्ति तालानुगतपदास्तवाङ्गणे दृश्यते दण्डरासः ॥ राज० कर्पुर० ८-१२

સમય જતાં ધીમે ધીમે દાંડિયા પ્રચારમાં આવ્યા, જે સંઘેડા ઉપર ઉતારેલા હોય છે. સુંદર મૂઠની નીચે ઘૂઘરીઓનાં ઝૂમખાં પણ બાંધવામાં આવે છે. ગુજરાતમાં રાજ્યાશ્રયે આવીને રહેલા ખાનદેશમાં મુસલમાન બાદશાહના દરબારી સંગીતશાસ્ત્રી પુંઢરિક વિઠ્ઠલે પોતાના નર્તનનિર્ણય-ગ્રંથમાં દાંડિયાનું માપ આપેલું છે. તેમાં તેને ખોળી બેસાડી રેશમી કકડાથી વીંટવામાં આવે છે. તે દંડક (દાંડિયા) અંગૂઠા જેવડા જાડા, લંબાઈમાં સોળ આંગળ, આકારમાં સીધા ગાંઠ વગરના, ગોળ મજબૂત લાકડાના બનેલા; સોના જેવી ધાતુઓની ખોળીઓવાળા, લાખના રંગથી ચીતરેલા અને સુંવાળા હોવા જોઈએ. આ દાંડિયાને રેશમી કપડાથી વીંટીને પણ હાથમાં રાખવામાં આવે છે. હાથમાં દાંડિયા રાખીને સશબ્દ-ઘાત સાથે અનેક તાલમાં સાથ આપી શકાય છે. વચ્ચે વચ્ચે ગોળ કૂંડાળું બની જઈ ગીતના તાલ અને લયને અનુસરી જે દાંડિયા-રાસ થાય છે તે જનમનોહર બને છે.[૩૪] આવું જ દંડ-રાસક લોકસંસ્કૃતિના વિશિષ્ટ અંગ તરીકે પણ રજૂ થાય છે. દરેક પ્રાંતની વિશિષ્ટતાનું સુંદર આલેખન આ દાંડિયા-રાસમાં આપણને જોવા મળે છે, તેમ જ લોક-ભાષાનો શબ્દ જુદા જુદા સ્વરોમાં લહેરાય છે; તેમ જ તેમાં સ્પષ્ટ થતા અંગમરોડ અને દાંડિયા રમવાની છટામાં સ્પષ્ટ થતું નૃત્યદર્શન એક રંજનનો વિષય પણ બની જાય છે. તેમાં દોઢિયાં, પંચિયા, અઠિયાં, અને બારિયાં લેવાય છે. સ્ત્રી–પુરુષો આવા રાસ સાથે પણ રમે છે અને સ્વતંત્ર પણ રમે છે. કૃષ્ણની રાસલીલાનું આલેખન દાંડિયા-રાસથી દર્શાવવામાં આવે છે. મણિપુરી નૃત્ય-કલામાં પણ આ દાંડિયા વિશિષ્ટ પ્રકારનું સ્થાન પામેલા છે. શરદની રાતે સુંદર રાસનૃત્ય કરવામાં

---

૩૪ मुरजादिषु वाद्येषु वाद्यमानेषु वादकैः ।
कुतूहलाय भूपानां वसन्ताद्युत्सवेषु चेत् ॥
क्रमाच्चत्वारिपात्राणि यद्वाष्टौ षोडशाथवा ।
द्वात्रिंशद्वा चतुःषष्टिः सन्धीभूय वियुज्य च ॥
प्रनृत्यन्ति समादाय दण्डकौ पाणिपङ्कजैः ।
अङ्गुष्ठसम्मितौ स्थौल्ये दैर्घ्ये च षोडशाङ्गुलैः ॥
स्वर्णादिधातुबद्धान्तौ सरलौ वर्तुलौ दृढौ ।
चित्रितौ वर्णकैर्ग्रन्थिवर्जितौ मसृणौ तथा ॥
तत्तद्देशानुसारेण धृत्वा वा दण्डमाचरे ।
दण्डक्षौमौमाञ्चले यद्वा दण्डकाच्छुरिकेऽथवा ॥
चतुर्भिः पञ्चाभिर्घातैर्यदा षड्भिः प्रहारकैः ।
सशब्दघातभेदैश्च पुरतः पृष्ठतोऽपि वा ॥
पार्श्वयोरुभयोस्तद्वद् घातभेदैस्ततः परम् ।
चारीभिर्भ्रमरीभिश्च चित्रैस्तैर्वामसव्यतः ॥
असकृतन्मण्डलीभूय गीतताललयानुगम् ।
तदोदितं बुधैर्दण्डं रासं जनमनोहरम् ।
दण्डैर्विना कृतं नृत्यं रासनृत्यं तदेव हि ॥ पुंडरिक–नर्तननिर्णय ।

આવ્યું હતું. તેના આધારે શરદનો રાસ દાંડિયા વડે રમવામાં આવે છે. તેમાં સુખઃદુખનો રસાનુભવ આપણને થયા વગર રહેતો નથી,[૩૫] કારણ કે તેમાં જે પ્રકારનું સંગીત રહેલું છે તે ભાવવાહી સંગીત રહેલું છે. અંતરની ઊર્મિઓ દાંડિયા રમતી હોય તેવી આપણને લાગે છે. આવા દાંડિયા નૃત્યમાં પણ સુકુમારતા અવશ્ય જ રહેલી છે તેમાં કાન્તાઓ દાંડિયા રમે છે ત્યાં તો ભ્રકટાક્ષ, નયનકટાક્ષ, સ્નિગ્ધભાવ, લજ્જા, મંદહાસ્ય, લીલા વગેરે લાસ્યનાં અંગો સ્પષ્ટ થતાં આપણને જણાય છે.[૩૬] તેમાં કૃષ્ણની રાસલીલાની ઝાંખી થયા વગર આપણને રહેતી નથી.

**(ખ) રાસલીલા :**—શરદની ચાંદનીમાં સૌ ગોપીસ્વરૂપ બની જાય છે. તેમાં એક જ કૃષ્ણ–રાધા સાથે યુગલ બની સ્ત્રીઓ આ રાસલીલાનું સ્વરૂપ તૈયાર કરેલું છે. જેનાં વર્ણનો ભક્તોએ ઘણાં જ કરેલાં છે.[૩૭] ભગવાન શ્રીકૃષ્ણે શરદની પૂર્ણિમાએ રાસ રચ્યો હતો જે વિરહનો નાશ કરવાવાળો ગણાય છે.[૩૮] રાસનું શાસ્ત્રીય સ્વરૂપ કેવા પ્રકારનું હોય છે તેનું સુંદર વર્ણન ભક્ત સુરદાસે પોતાના પદમાં આપેલું છે.[૩૯] તે જ ભાવમાં શ્રીકૃષ્ણે ગોપીઓને મનગમતો આનંદ આપી રીઝવી હતી.[૪૦] જેમાં કામભાવે ભગવાન તેઓને પ્રાપ્ત થયા હતા. તે રાસ નૃત્ય હલ્લીસકનો પ્રકાર ગણવામાં આવે છે.

---

૩૫ रसा हि सुखदुःखावस्थारूपाः । नाट्यदर्पण

૩૬ भ्रूचातुर्याकुञ्चिताक्षाः कटाक्षाः स्निग्धावाचो लज्जितांताश्चहासाः ।
लीलामन्दं प्रस्थितं संस्मितं च लास्यांगनामेतद्भूषणं चायुधं च ॥ शृ. शतक २४

૩૭ આશા ભર્યાં અમે આવીયાં, વા'લે રમાડ્યા રાસ;
શરદ પુનમની રાતડી, ચાંદો ચડ્યો આકાશ. નરસિંહ
રૂડી શરદ પૂનમની રાત રે; સુંદર વેણ વાગે.
વહાલે નટવર ધરીયો વેશ રે, સુંદર વેણ વાગે.
આસો માસો શરદ પુનમની રાત રે
ચાંદલીયો ઉગ્યો રે સખી મારા ચોકમાં. દયારામ

૩૮ शरदकालस्य महात्म्याद् बभूव हरिणीदृशाम् ।
भवद्विरहजव्याधिशतचन्द्रं नभस्तलम् ॥ कृष्णभट्ट–पद्यमुक्तावली

૩૯ रास मंडल मध्य श्याम राधा ।
मनौं घन बीच दामिनी कोंधति सुभग एक रूप है नाहि बाधा ।
नायिका अष्ट, अष्टहु दिशा सोहहीं, बनी चहुँ पास सब गोप कन्या ।
मिले सब संग नहिं लखत कोऊ परसपर, बने षट्दस सहस कृष्ण कन्या ॥ सुरदास

૪૦ એક એક ગોપી પ્રત્યે કર્યાં રે, સાથે સરખાં રૂપ,
સહુને સ્કંધે કર ધરી રે, મંડપ રચ્યો અનુપ.
સઘલી નાચે સુંદરી રે, સાથે નંદકુમાર,
અન્યો અન્ય એમ લહેરે, મુજશું પ્રેમ અપાર.
આલિંગન દે છે શ્યામજી (રે) ચુંબન કરી કરી રંગ,
કંઠે વળગે ગોલણી રે, વાધે અંગ અનંગ.

**( ગ ) મંજીરા-નૃત્ય[૪૧] :**—મંજીરા-નૃત્ય એ હલ્લીસક નૃત્યનો પ્રકાર ગણાય છે. દેવમંદિરોમાં સ્ત્રીઓ હાથમાં મંજીરા લઈ વર્તુળાકાર બની તાલ સાથે ગાય છે અને ગોળ ગોળ ફરે છે. આ નૃત્ય શાસ્ત્રીય નૃત્ય તરીકે રંગમંચ ઉપર ખેલવામાં આવે છે. મહારાષ્ટ્રમાં પુરુષો ધાર્મિક ઉત્સવોમાં મંજીરાના તાલે નૃત્ય કરતા કરતા આનંદ કરતા જણાય છે. ગણેશોત્વમાં આ નૃત્ય ખાસ જોવામાં આવે છે.

**( ઘ ) દેવદાસી-નૃત્ય :**—આ નૃત્ય સ્વતંત્ર નર્તકી કરતી જણાય છે. ગુજરાત અને ભારતના જુદા જુદા પ્રાંતોમાં આવેલાં મંદિરોમાં દર્શનસમયે આવી, નૃત્યાંગનાઓ દેવ સમક્ષ નૃત્ય કરતી હતી. તેનો ખર્ચ રાજ્ય તરફથી આપવામાં આવતો હતો. તે નૃત્યાંગનાઓ શાસ્ત્રીય નૃત્યથી પરિચિત ગણાતી હતી. ગુજરાતમાં આવેલા સોમનાથના મંદિરમાં ૩૦૦ જેટલી ગાનારીઓ-નર્તકીઓ રાખવામાં આવી હતી. આ દેવદાસી-નૃત્યને ભરતનાટ્યમ્ તરીકે વર્ણવવામાં આવે છે, પરંતુ તેમાં તેનાં આદ્ય સ્રષ્ટા ચિત્રાંગદા કે જેણે અર્જુનની સાથે લગ્ન કર્યું હતું તેને અર્જુને આ નૃત્ય શીખવ્યું હતું. ચિત્રાંગદા અર્જુન સાથે ગઈ ન હતી પણ દેવદાસી બની ગઈ હતી. ચિત્રાંગદા કલિંગની રાજધાની માણુકપટ્ટમ્‌ના રાજા ચિત્રવાહનની કન્યા હતી. એટલે ભરતનાટ્યમ્ તે દેવદાસી નૃત્ય તરીકે ગણાય છે; પરંતુ ભરતના નામથી આ શૈલી પ્રચલિત થયેલી છે.

તે જ પાંડુપુત્ર અર્જુન વિરાટની પુત્રી ઉત્તરાને શીખવવા માટે છૂપા વેશમાં વ્યંઢળના રૂપમાં રહ્યો હતો, કારણ કે ઉર્વશીએ તેને શાપ આપ્યો હતો. તેમણે બૃહન્નલાના રૂપમાં અર્જુને ચિત્રાંગદાથી મણિપુરી નૃત્યને જાણવાનું મળ્યું હતું. તેનો ઉપયોગ આ વખતે કર્યો હતો. તે સુકુમાર લાસ્ય-નૃત્યનો પ્રચાર ગુજરાતમાં થયો હતો, જ્યારે ઉષા અને અનિરુદ્ધના વિવાહની સાથે નૃત્યની આ પરંપરા પૂર્વમાંથી પશ્ચિમમાં આવેલી ગણવામાં આવે છે. ઉષા લાસ્ય-નૃત્યની પરંપરા લઈ દ્વારિકામાં આવેલી. સંગીતસુધાકરના કર્તા રાજા હરપાલદેવ લાસ્યના ઉદ્‌ગમ અને વિકાસ સંબંધી બંને પરંપરાઓને નોંધે છે, તેમ જ ચિત્રરથ ગાંધર્વની મદદથી અર્જુનને લાસ્ય-નૃત્ય જાણવાનો લાભ મળ્યો હતો.

**( ઙ ) ટિપ્પણી-નૃત્ય :**—ગુજરાતમાં મજૂરી કરનારી કોમો આ નૃત્ય કરતાં કરતાં મજૂરી કરે છે જેને ટિપ્પણી કહેવામાં આવે છે. મકાનોમાં જ્યારે છો ભરવામાં આવે છે ત્યારે તે ભોંયને સરખી બનાવવામાં આવે છે. ચૂનાથી છોને ધરબવામાં આવતી હતી જે ધરબી ધરબીને નક્કર કરવામાં આવે છે. જેને 'ધ્રાબો દેવો' કહેવામાં આવતો. તેમાં ભોંય સરખી ટિપાય તેટલા

---

વાજે નેપુર કિંકણી ( રે ) કંકણના હોયે નાદ,
મધુર સ્વરે માનીની રે, તેના કોયલ સરખા સાદ
હરજી વજાડે વાંસળી રે, નારી નાચે ને ગાય.
પ્રેમ વાધ્યો છે અતિ ઘણો રે, રાસમંડળની માંય. ભાલણ—દશમ પદ, ૧૫૫.

૪૧ तालादिकांस्यनिनादं कुर्वन् विष्णुगृहे नरः ।
यत् फलं लभते राजन् शृणुष्व वदतो मम ॥

सर्वपापविनिर्मुक्तो विमानशतसंकुलः ।
गीयमानः स गन्धर्वैर्विष्णुना सह मोदते ॥

માટે સરખે ગોળાકાર બની સરખા અંતરે ઊભા રહી ધ્રાબો ટીપતી જાય છે. ગાવાની સાથે કામ પણ થાય અને કંટાળો પણ આવે નહિ. તેમાં ધીમે ધીમે ઢોલ પણ આવવા લાગ્યું. તેના તાલમાં ધ્રાબો નાખવામાં બહેનો ચગતી જાય તેમાંથી જુદી જુદી ચાલ શરૂ થઈ અને તેમાંથી એક નવું જ શ્રમ-નૃત્ય ટિપ્પણી જાણીતું થયું. આ ટિપ્પણી દાંડિયાના એકધારા આઘાતો કરતાં પણ વધારે સુંદર અને મનોહર લાગે છે. મજૂરને શ્રમ લાગતો નથી અને સુંદર કામ આનંદ સાથે થાય તે ટિપ્પણી-નૃત્ય ગણાય છે.

(ચ) **ગોફ-ગૂંથણ :**—ગુજરાતનું જાણીતું આ લોકનૃત્ય ગણાય છે. સૌરાષ્ટ્રમાં વિશેષ પ્રચાર પામેલું છે. એક લાકડાના ચકરડામાં સોળ કે બાર કાણાં પાડી તેમાં સૂતરની દોરીઓ નાખવામાં આવે છે. તે ચકરડાના હૂકને અદ્ધર લટકાવવામાં આવે છે. કેટલીક વાર આવા દોરીઓના સમૂહને એક કરી ઝાડની ડાળે બાંધવામાં આવે છે. એક એકના હાથમાં દોરીનો એક છેડો હોય છે અને દાંડિયા હોય છે. ગીત અને ઢોલના તાલે આખો ગોફ ગૂંથાય છે. આ ગૂંથવાની પણ એક સુંદર કલા ગણાય છે. તેમાં તેઓ ખૂબ ચગે છે. જુદા જુદા પ્રકારના અંગમરોડ કરી, ફેરફૂદડી ફરી સુંદર રીતે એકધારો ગોફ ગૂંથાય છે. ગુજરાતની આ કલાઓ હવે તો દિવસે દિવસે અસ્ત પામતી જાય છે, જેમાં લોકજીવનના ધબકારા એટલા બધા સરળ શબ્દોમાં આપણને સંભળાય છે કે આનંદ આવ્યા વિના રહેતો જ નથી.

(છ) **ડોકા :**—સૌરાષ્ટ્રની કોમોનું સુંદર રાસ-નૃત્ય ગણાય છે. તે હલ્લીસકનો પ્રકાર ગણાય છે. ભરવાડો ઢોલ અને તાલ સાથે પરોણી કે દાંડિયા સાથે એવી ફેરફૂદરડી રમતાં નૃત્ય કરે છે જે નૃત્ય ઘણું જ મોહક લાગે છે. તેને ડોકા-નૃત્ય કહેવામાં આવે છે.

(જ) **હમચી ખૂંદવી :**—સૂર્યપત્ની રાંદલનાં ગીતોમાં હમચી ખૂંદવીનો ઉલ્લેખ મળે છે. તેને રાંદલનો ઘોડો ખૂંદ્યો કહેવામાં આવે છે. ઘોડાની જેમ બહેનો બબ્બે પગે ઠેકતી ઠેકતી અને હાથના થાબોટા પાડતી ગાય છે, જેને હમચી ખૂંદવી કહે છે. કેટલાક તેને હીંચ કહે છે. તેમાં શરીરના અવયવોનો અભિનય હોય છે. શરીરનો ઉપરનો ભાગ, હાથ વગેરે વારાફરતી ડાબીજમણી બાજુ નમી હીંચે તેને હીંચ કહેવામાં આવે છે. તેમાં દસબાર પુરુષો અને સ્ત્રીઓ ગોળ ફરતાં ફરતાં તાળી પાડતાં ગરબે રમે તે હમચી.[૪૨]

(ઝ) **માઢ-નૃત્ય :**—ગુજરાતની કોમોમાં વિવાહ, જનોઈ કે સીમંત પ્રસંગે કેટલેક સ્થળે માતા વાવવામાં આવે છે. પાંચ વરધ કે સાત વરધ પહેલાં માતાની સ્થાપના કરવામાં આવે છે. પાંચ કે સાત દિવસ પૂરા થયા પછી માતા વળાવવામાં આવે છે. તે વખતે માતાજીનું એક રૂપ તૈયાર કરવામાં આવે છે. એક બાજઠના ચારેક પાયે વાંસની લાકડીઓ બાંધી તેના ઉપરના ભાગને ભેગી કરી બાંધે છે. માથાની જગાએ લોટો મૂકે છે. મુખની આકૃતિની જગાએ દર્પણ મૂકે છે અને ચારે બાજુ સાડી વીંટી માઢ તૈયાર કરવામાં આવે છે. પતિ-પત્ની આ માઢ લઈ વાજતેગાજતે માતાના મંદિરમાં જાય છે. ત્યાં ચોકમાં ઢોલના નાદ સાથે માઢ રમે છે. સ્ત્રીઓ ગરબાના રૂપમાં

---

૪૨ હમચી લે હરજીની સાથે, કે તાળી લે હાથમાં રે લોલ. નરસિંહ
હમચી ખૂંદુ છું વારી વારી, ભાઈને ઘેર સોનીડો આવે,
રૂડા બાજોઠિયા ઘડી લાવે, મારી રાંદલમાને કાજે. લોકગીત

આવી તાલી લેતાં ગાય છે. ત્યાં આ માઢ ચગે છે. આ નૃત્યકલા અદ્દભુત અંગ તરીકે જાણીતી છે. માથે માઢ લઈ પગના ઠેકડા સાથે નૃત્ય કરવામાં આવે છે. તેમાં માતાજીની પ્રશસ્તિનાં ગીતો ગાવામાં આવે છે. આ પણ લોકનૃત્ય કલાનો નમૂનો જ ગણાય છે.

(ટ) **તૂરથાળી-સમૂહનૃત્ય :**—અનાવિલ, કણબી કે જમીનદારોને ત્યાં હળપતિ કોમ ખેતી કરવા રહે છે. તેઓના અવસરો—લગ્નોત્સવ અને હોળી મહાન ગણાય છે. આ લોકો પાસ તૂર એટલે પખવાજ જેવું પણ ટૂંકું અને એકબાજુ પહોળું વાદ્ય હોય છે. થાળી જે કાંસાની હોય છે તેને લાકડીથી વગાડવામાં આવે છે. તેથી તેને તૂરથાળી કહેવામાં આવે છે. તે લોકો દારૂ અને તાડીના શોખીન હોય છે. આ ઉત્સવો ઉપર તેઓ ખૂબ સુંદર નૃત્ય કરી નાચે છે. એકમેકની કમરે હાથ ભીડી વાંકા વળી પગલાંના શિસ્તબદ્ધ તાલો સાથે સમૂહ-નૃત્ય કરે છે જે ઘણું શૂરીલું અને જોશીલું ગણાય છે. તૂરથાળીના વાદનમાં ગોળ બની નૃત્ય કરતા હોય છે. અવનવા અભિનયો અને ચાળાઓ કરતા જાય છે. આ લોકો પાણીમાં ઊભા રહી નૃત્ય કરે છે. આ અનોખો પ્રકાર જાણીતો છે. ખાડીના ઘૂંટણપૂર ખાડામાં નાચવા કૂદી પડે છે. ત્યાં તૂરથાળી વગાડવાનું કહેવામાં આવે છે.

(ઠ) **કાકડા-નૃત્ય :**—પછાત કોમના લોકો દેવોને રાજી રાખવા માટે આવાં ભયંકર નૃત્ય કરતાં જણાય છે. જેના ઘેર બળિયા નીકળ્યા હોય તે બળિયાની બાધા માટે જ્ઞાતિની સ્ત્રીઓ અને પુરુષો હોરામણું કરવા બળિદેવના મંદિર જાય છે. ત્યાં જતાં સ્ત્રીના માથે સળગતી સગડી હોય છે અને પુરુષ બે હાથમાં સળગાવેલા કાકડા લઈ નાચતો નાચતો બળિયાદેવના મંદિર જતો હોય છે. તેની સાથે ભૂંગળ અને ઢોલ વાગતાં હોય છે, જેને કાકડા-નૃત્ય કહેવામાં આવે છે.

(ડ) **ગોરસ-નૃત્ય :**—કૃષ્ણની દાણલીલાનો આ ભાગ સૌનો જાણીતો છે. ગામડાની ગરવી ગોવાલણો સવારે ગોરસ વેચવા સમૂહમાં ભેગી થઈ જાય છે. તે સમયે તેઓ ગાતી ગાતી નગરપ્રવેશ કરતી હોય છે. ખૂબ આનંદ અને મસ્તીથી લાંબો લહેકો કરી કોઈને સાદ પાડી બોલાવતી ના હોય તેવો મુખ અને હાથનો અંગમરોડ દેખાય છે. આ નૃત્યને રંગમંચ ઉપર લાવી શકાયું છે જેમાં રાધાકૃષ્ણનો સુંદર સંવાદ દેખાય છે, જેમાં દાણલીલાનું દર્શન આપણને થયા વગર રહેતું નથી.

(ઢ) **પતંગ-નૃત્ય :**—મકરસંક્રાન્તિના દિવસે છાપરા ઉપર કે નીચે રહી પતંગ ચઢાવતાં જે ભાવ રજૂ કરવામાં આવે છે તેમાં કાટા હે......એ વિશેષ અને જાદુગરી લોક-કલાને નૃત્યમાં ઉતારવામાં આવે છે, જેને કનકવા-નૃત્ય કહેવામાં આવે છે.

(ણ) **મદારી-નૃત્ય :**—લોકને પોતાની કલાથી મુગ્ધ કરતો મદારી પુંગીના અવાજમાં માણસોને ભેગા કરી પોતાના કરંડિયામાંથી નાગ કાઢે છે અને એ નાગ પુંગીના અવાજમાં નાચતો ના હોય એવું નૃત્ય કરતો ભાવ મદારી જુદા જુદા અંગવિક્ષેપ દ્વારા બતાવે છે, જેને રંગમંચ ઉપર આણી શાસ્ત્રીય નૃત્ય ગણાવવામાં આવેલું છે.

(ત) **દડા-નૃત્ય :**—લાસ્ય-નૃત્યની વિશિષ્ટતા અને યૌવનના અંગદોલનમાં થતો સુંદર અંગોનો હાવભાવ તેમાં પ્રદર્શિત કરવામાં આવે છે. આ એક રમત છે છતાં તે લોકરમતને નૃત્યનો ઉચ્ચ નમૂનો બનાવી રંગમંચ ઉપર રજૂ કરવામાં આવેલો છે. રૅકેટની રમત જેવા ભાવો દેખાડવામાં આવે છે.

**( ન ) પ્રણય-નૃત્ય :**—એકાંતમાં અનુભવાતું આ નૃત્ય સૌનું જાણીતું છે, જેમાં લજ્જા, ક્રોધ, હાસ્ય, કટાક્ષ વગેરેનો સંયોગ આ નૃત્યમાં જોવામાં આવે છે. ઘૂંઘટની શોભા તો આ નૃત્ય જ દર્શાવી શકે છે જેમાં પ્રણયની ઉત્કૃષ્ટ અને ઉન્નત ભાવના દેખાડવામાં આવે છે. વૃન્દાવનની કુંજોમાં વિલાસ કરતા રાધાકૃષ્ણના મનોરમ ભાવો આવાં નૃત્યોમાં ઉતારવામાં આવે છે જેમાં કામના અનેક રંગોના ફુવારા ઊડે છે, જેથી તો કહેવાય છે रतोत्सवे नृत्यति लाटनारी ।

આવી રીતે અનેક પ્રકારે માનવ જીવનમાંથી લઈ શાસ્ત્રીય અને અશાસ્ત્રીય રૂપો ધારણ કરેલાં છે. નૃત્યકલા માનવીની સાથે જ જન્મેલી હોય છે, એટલું જ નહિ પણ સ્ત્રીને તો સાધ્ય થયેલી હોય છે. આ પ્રમાણે આપણી લોકનૃત્યકલાએ એક શાસ્ત્રીય સ્વરૂપ ધારણ કરેલું છે. લોકનૃત્ય એ જ શાસ્ત્રીય નૃત્યનો આધાર ગણવામાં આવે છે.

સમાજનાં જુદાં જુદાં સ્તરોમાં પ્રવર્તતા લોકનૃત્યકલાના વિશિષ્ટ પ્રકારનું અંગ લઈ રજૂ કરવાથી એક શાસ્ત્રીય કલા તાલબદ્ધ ગણાય છે. ભીલોની નૃત્યકલામાં ભીલના જેવા વસ્ત્રાલંકાર પહેરવામાં આવે છે, તે પ્રમાણે મદારી, કણબી, આયર, રબારી જેઓની વિશિષ્ટ પ્રકારની કલાનું દર્શન રંગમંચ ઉપર કરાવવામાં આવે છે. આ લોકકલાએ સમાજને આનંદ, ઉત્સાહ અને શૌર્યનું સાચું દાન કરેલું છે એ કદાપિ ભૂલી શકાય તેમ નથી તેમ જ નિજાનંદનો અપૂર્વ આનંદ આપ્યો છે. એ કલાને આપણે તેનું અસલ સ્વરૂપમાં જોઈશું તો જ તેનો સાચો અને સચોટ આનંદ આવી શકે છે. જ્યારે રંગમંચ ઉપર કેટલીક વાર કૃત્રિમતાનું પણ આપણને પ્રદર્શન થતું જોવા મળે છે. લોકકલાની અનેરી અને અનોખી મસ્તી તો ઉત્સવના ટાણે જ જોવા અને જાણવા મળે છે. આ લોકનૃત્યકલામાંથી ભારતની શાસ્ત્રીય નૃત્યકલાનો વિકાસ થયેલો છે. તે પણ અત્રે યાદ આવી જતાં સંક્ષિપ્તમાં તેનો વિસ્તાર શાસ્ત્રીય નૃત્યોમાં થયેલો છે.

---

# પાટણવાડાની રબારી કોમનાં લોકગીતો

કાનજી માલધારી

(૧)

(આ ગીત ઊંઝણા વખતે ગવાય છે)

લાલ લપેટો જળમાં ઝબોળિયો
ઇડરીયો સૂરજ ઊગિયો જી મારા રાજ.

ગ્યા'તા ગ્યા'તા જોશીડાંને હાટ,
નો'તી રઢચો લાવશે જી મારા રાજ.

જોશીડાની બેટી રૂપે આકળી,
ઇની રઢચો લાગી જી મારા રાજ.

સાળુડામાં ઝબૂકે ગોરીનાં રૂપ,
વાદળમાં ઝબૂકે વીજળી જી મારા રાજ.

ગ્યા'તા ગ્યા'તા દોશીડાંને હાટ,
નો'તી રઢચો લાવશે જી મારા રાજ.

દોશીડાની બેટી રૂપે આકળી,
ઇની રઢચો લાગી જી મારા રાજ.

સાળુડામાં ઝબૂકે ગોરીનાં રૂપ,
વાદળમાં ઝબૂકે વીજળી જી મારા રાજ.

ગ્યા'તા ગ્યા'તા મોચીડાંને હાટ,
નો'તી રઢચો લાવશે જી મારા રાજ

મોચીડાની બેટી રૂપે આકળી,
ઇની રઢચો લાગી જી મારા રાજ.

સાળુડામાં ઝબૂકે ગોરીનાં રૂપ,
વાદળમાં ઝબૂકે વીજળી જી મારા રાજ.

(૨)

(રબારી કોમમાં જ્યારે આશીર્વાદ દેવાય ત્યારે 'દૂધ બાજરીનો ભૂખ્યો રહીશ નહીં!' એવાં આશીર્વચન દેવાય છે. તેને લગતું આ લોકગીત છે.)

હું લીલી રે પળી પાંખોનું પારેવ,
હું ઊડી રે બેઠી રાય–દેહઈયાંને ઓરડે.

દેહઈ દેશી દેવરાવજો ગાયો માયલો ગોવાળ,
હું લીલી રે પીળી પાંખોનું પારેવ.

ઊડી રે બેઠી રાજદે ભઈને ઓરડે,
દેહઈ દેશી દેવરાવજો કોઠા માયલી બાજરી.

(૩)

આવો વેવઈ બેહો મોટે રે માપ,
જુઓ અમારા ઓરડા ઓસરી.

ઊંચા ઓરડા ઊજળા રે મારાં ઝરમરિયાં કમાડ,
ઇ એલણે ઓળખો મારા રાય–રાણાના નેહ.

નેંચેરી ઝૂંપડી ઇનાં ખટપટિયાં કમાડ,
ઇ એલણે ઓળખો વેવઇયાંના નેહ.

ઊંચાં ગોરી પાતળિયાં રે ઇની ઝળમળે ઝાઝી લાજ,
એ રે લાજે ઓળખો મારા ફલાણા ભૈનાં ઘરનાર.

નેંચેરાં ઠેંગણાં રે ઇને લમણે ઝાઝી લીખ,
એ એલણે ઓળખો રે ફલાણા વેવઇનાં ઘરનાર.

(૪)

જાયમોલને માથે મેવાડાં, જાયમોલ મોળિયાં,
જાયમોલને બારે બત્રીસાં મોર, પાંચસે પાટણવાડાનો જાયમોલ સંચર્યો.

જાયમોલને કાને કારેલાં વેળિયાં, જાયમોલ વેળિયાં,
જાયમોલને સોબન મરચી ખાંત્ય, પાંચસે પાટણવાડાનો જાયમોલ સંચર્યો.

જાયમોલની કોટચે સોનાનો જાયમોલ ટૂંપિયો,
જાયમોલને દાંતે દાડમની રેખ, પાંચસે પાટણવાડાનો જાયમોલ સંચર્યો.

જાયમોલને હાથે બાજુબંધ, જાયમોલ ડેરખા,
જાયમોલને દશે આંગળિયે વેઢ, પાંચસે પાટણવાડાનો જાયમોલ સંચર્યો.

જાયમોલને અંગે કેશરિયા, જાયમોલ વાઘા,
જાયમોલની કાયા કંકુની લોળ્ય, પાંચસે પાટણવાડાનો જાયમોલ સંચર્યો.

જાયમોલને પગે પીળોતી જાયમોલ મોજડી,
જાયમોલની ચમકતી છે ચાલ, પાંચસે પાટણવાડાનો જાયમોલ સંચર્યો.

(૫)

લીલી મારી વાડી, શીળો મારો માંડવો,
લીલી મારી હેંમાજળની છાંયો, એ વનછાયો વેવઈ તારો માંડવો.

જાંનમાં સધારજો મારા ફલાણા ભૈ પાતળા,
બાંધજો મેવાડાંની મોળ્યો, છોગલાં મેલજો દેહઈ ઢળકતાં.

જાનમાં સધારજો મારાં ફલાંણાં વહુ પાતળાં,
પે'રજો પાટણ શે'રનો સાડલો, પાલવ મેલજો દેહણ્ય ઢળકતા.

લીલી મારી વાડી, શીળો મારો માંડવો,
લીલી મારી હેંમાજળની છાંયો, એ વનછાયો વેવઈ તારો માંડવો.

(૬)

અમદાવાદી મોળીડું વાંવર્યું, આયુ રે પાટણવાડે દેશ,
પાટણમાં ફલાણા ભૈ મૂલવે, હો કે'જો મોળીડાંનાં મૂલ.

લાખ–અધલાખે મૂલવિયું, હો લાખે મોળીડાં મૂલ.
બાંધો મારા ફલાણા ભૈ વર લાડલા, છોગલે હેંમના શણગાર.

(૭)

ધાં ધાં નગારાં ચડિયાં ગાયડમલ,
ઊડણ ઘોડો હંસનો મારા રાજ.

એ રે ઘોડલે ચડજો ઠાકરિયા,
ચડજો ઠાકરિયા, વણ રે શીંગાળી લાવજો ઝોટડી મારા રાજ.

અવળાં ગોરાંદે અવળુ નાં બોલો,
અવળુ બોલે દલડાં નૈં રીઝે મારા રાજ.

શીંગાળો ઘોડો નો'ય મારી ગોરી,
વણશીંગાળી નો'ય ઝોટડી મારા રાજ.

ધાં ધાં નગારાં ચડિયાં ગાયડમલ,
ઊડણ ઘોડો હંસનો મારા રાજ.

એ રે ઘોડલે ચડજો ઠાકરિયા,
ચડજો ઠાકરિયા કીડી દાંતનો ચૂડો લાવજો મારા રાજ.

કીડી તે દાંતનો ચૂડો નો'ય મારી ગોરી,
વણ રે ઘડેલી નો'ય કાંકણી મારા રાજ.

( ૮ )

હાથ્ય ખાંઆનાં હાંબેલાં મંગાવો;
અરજણના અભેવનનાં ઉંઝણાં પૂંખાવો.
મહીડાં ચીર્યાના રવાયા મંગાવો;
અરજણના અભેવનનાં ઉંઝણાં પૂંખાવો.
ધોરીડાંની ધૂંસરીઓ મંગાવો;
અરજણના અભેવનનાં ઉંઝણાં પૂંખાવો.

( ૯ )

રાયચંદણ ઊભલા વડલા હેઠ રે,
ગોરી ઊભાં ગોંદરે રે લોલ.
રાયચંદણ ઊભલા નગરી વચ્ચ રે,
ઘોડીલાં મૂલવે રે લોલ.
માંડ્યાં પીત્તળિયાં પલાણ રે,
ચાલવું નોકરી રે લોલ.
ગોરી મેલો ઘોડીલાંની વાઘું રે,
કાલ્ય ઘેર આવશું રે લોલ.
હું તો મોહી લાલ ઘોડીલાંની રે,
ચાલવા નૈં આલું રે લોલ.
ગોરી મારે લાખે રૂપિયાનો મહિનો રે,
ચાર મહિનાની નોકરી રે લોલ.
મારાં કડલાં અડાણાં મેલું રે,
નોકરી ડૂલ કરો રે લોલ.
ગોરી તમારો આવડલો શો હેડો રે,
કાલ્ય ઘેર આવશું રે લોલ.

( ૧૦ )

સુરત શે'રથી સોનું મંગાવજો, અમદાવાદી સોની તેડાવજો;
પરસાળે બેસીને વેળિયુ ઘડયું, વેળિયુ વઢિયારનું મારા રાજ.
પેરશીં ઓઢશીં મારા લાખાભાનાં ભેંણે[1] વેળીયુ વઢિયારનું,
સુરત શે'રથી સોનું મંગાવજો, અમદાવાદી સોની તેડાવજો.
પરસાળે બેસીને ઘૂલર્યું[2] ઘડયું, ઘૂલર્યું ગુજરાતનું મારા રાજ.
પેરશીં ઓઢશીં ધરમશી વેવઈની ઢેલ,
ઘૂલર્યું ગુજરાતનું.

---

૧ ભેંણ=બેન  ૨ ઘૂલર્યું=કાને પહેરવાની ઘૂઘરિયાળી સોનાની ઝૂલ્ય; બીજું નામ લોલક.

## ( ૧૧ )

અમારે ખાડા ખાબોચિયાં અમારે હદ ઘણાં,
અમારે સરોવર જોયાના કોડ, હરણી હરણી રે,
અમારે હદ ઘણી.

અમારે પાટણ ગામ અમારે હદ ઘણાં,
અમારે જૂનાગઢ જોયાના કોડ હરણી હરણી રે,
અમારે હદ ઘણી.

અમારે હોળંકી રાંણા અમારે હદ ઘણા.
અમારે વેવઈ રાયરાંણા જોયાના કોડ હરણી હરણી રે,
અમારે હદ ઘણી.

## ( ૧૨ )

આંબલિયાની ડાળ્યે કેશરિયા લાડડીને હેડો લાગ્યો.
તમારા માથાનાં મોળિયાં અમરત ભૈ રંગનારો,
રંગતાં રીજ્યો મારા રાજ.

આંબલિયાની ડાળ્યે કેશરિયા લાડડીને હેડો લાગ્યો.
તમારા કાનનાં વેળિયાં અમરત ભૈ સોનીડો,
ઘડતાં રીજ્યો મારા રાજ.

આંબલિયાની ડાળ્યે કેશરિયા લાડડીને હેડો લાગ્યો.
તમારા અંગડાંના વાઘા અમરત ભૈ સીવનારો,
સીવતાં રીજ્યો મારા રાજ.

આંબલિયાની ડાળ્યે કેશરિયા લાડડીને હેડો લાગ્યો,
તમારા પગાંની મોજડી અમરત ભૈ સીવતાં
મોચીડો રીજ્યો મારા રાજ.

## ( ૧૩ )

( આ લોકગીત અત્યંત ટૂંકું છે...પણ તેમાં લોકકવિ વા'લપ અને માનવી માનવીના સંબંધ સાથે લાઘવતાથી ઊર્મિને આલેખે છે. )

પાંચે પાંદડાંનો વડલો રોપિયો,
ચેલાભાની શોભત્યમાં મૂળજીભા તેડાવો.
રા'ની વાડીમાં ચાંદો ખલખલે,
પાંચે પાંદડાંનો વડલો રોપિયો.

(૧૪)

ફૂલ ફૂલાંને ઘોડે ઘૂઘરા, બળદાંની કાંધે ઝૂલ્ય રે,
બારૈયો ઘોડે ચડ્યો રે.

ફૂલ દાતણ ડોળ્યતેરા જાવ રે બારૈયો ઘોડે ચડ્યો રે.
ઘેર આવશું તો દાતણ ડોળશું ન'કે ડોળશાં પેલે ભવ,
બારૈયો ઘોડે ચડ્યો રે.

ફૂલ ફૂલાંને ઘોડે ઘૂઘરા, બળદાંની કાંધે ઝૂલ્ય રે,
બારૈયો ઘોડે ચડ્યો રે.

ફૂલ ભોજન જમતેરા જાવ રે બારૈયો ઘોડે ચડ્યો રે.
ઘેર આવશું તો ભોજન જમશું ન'કે જમશાં પેલે ભવ,
બારૈયો ઘોડે ચડ્યો રે.

ફૂલ પોઢણ પોઢતેરા જાવ રે બારૈયો ઘોડે ચડ્યો રે,
ઘરે આવશું તો પોઢણ પોઢશું ન'કે પેલે ભવ,
ફૂલ બારૈયો ઘોડે ચડ્યો રે.

(૧૫)

ડાભા છે દેવ ને જમણા છે ગણેશ,
હો એવા શકન મારા જાનૈયાંને હોજો.

જાનૈયા સરિખવ રાંણા જાનડીયાંને હોજો,
જાનડીયાં સરિખવ રાંણી મારા ફલાણા ભૈને હોજો.

અમરતભૈ સરિખવ રાંણા સીતાવહુને હોજો,
સીતા વહુ રાંણી ચૂંદડી ઓઢો.

ચૂંદડીના ચારે છેડા ઢળકતા મેલો,
ચારે છેડે રતન જડાવો, રતને જડાવો ને જતન જડાવો.

ચારે ચૂડલી ને પાંચે પાણિયારી,
એવા શકન મારા વીરલાને હોજો.

# વેદોમાં રસાયણ

નરસિંહ મૂ. શાહ

રસાયણવિજ્ઞાનનું ક્ષેત્ર અતિ વિસ્તૃત છે. માનવ જીવનનું, અરે, પ્રાણીમાત્રના જીવનનું એક પણ પાસું એવું નથી જેમાં રસાયણવિજ્ઞાનનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ ન હોય.

આદિ માનવે બે પથ્થરોના ટુકડાઓ ઘસીને અગ્નિનો તણખો ઉત્પન્ન કર્યો; પોતાના રક્ષણાર્થે હથિયારો બનાવવા તેના ખનિજમાંથી ધાતુ કાઢવાનું શરૂ કર્યું; ખોરાક તરીકે કાચા અને પકવેલ માંસ અને અનાજનો તફાવત શોધ્યો ત્યારથી રસાયણવિજ્ઞાનનો પ્રારંભ થયો ગણી શકાય.

પરંતુ સુસંયોજીત રીતે રસાયણના સિદ્ધાંતોને ઇતિહાસ લખવાની વાત આવે તો એક સમસ્યા ઊભી થાય છે. આદિ શોધ ક્યારથી શરૂ થઈ ગણવી? તેનો આદિ શોધક કોણ? દુનિયાની કોઈ પણ ભાષા યા પ્રાચીન સંસ્કૃતિના ઇતિહાસનું અધ્યયન કરવાથી એમ નક્કી નથી કહી શકાતું કે અમુક સમયે રસાયણવિજ્ઞાનની આ સ્થિતિ હતી.

છતાં આ વિષયમાં તપાસી શકાય એવી સામગ્રીના દૃષ્ટિબિંદુથી માનવ સંસ્કૃતિના પ્રાચીન ગ્રન્થોમાં વેદોને મહત્તાપૂર્ણ સ્થાન છે. વેદ એવા ગ્રન્થો છે, જે સંગઠિત રૂપે એ સમયની દુનિયામાં પ્રાચીન ભારતીય સમાજ અને સંસ્કૃતિનું વિવિધ રૂપે દર્શન કરાવે છે.

સામાન્યતઃ વેદોને પ્રાર્થના, પૂજા અથવા ધાર્મિક ક્રિયાઓને લગતી બાબતોના ધર્મગ્રન્થો ગણવામાં આવે છે. હિંદુ જનતા વેદોને અતિ પવિત્ર ગણે છે અને તેમાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે; એટલે સુધી કે તેને ઈશ્વર સમાન માને છે, પણ પરંપરાગત રૂઢિગત માન્યતાઓને અલગ રાખી વિશુદ્ધ વસ્તુલક્ષી દૃષ્ટિપૂર્વક ભારતીય તેમ જ પાશ્ચાત્ય વિદ્વાનોએ વેદોનો અતિ વિસ્તૃત અભ્યાસ કર્યો છે. પરિણામે વેદો અંગે જુદી જુદી માન્યતાઓ તેમ જ દૃષ્ટિબિંદુઓ જાણવા મળે છે. આ વેદો રચાયાનો સમય, તાત્કાલિન સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાઓ વગેરે અંગે સંપૂર્ણ નિર્ણયાત્મક કાંઈ કહી શકાય નહીં, પણ ચારે વેદો–ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાંથી ઋગ્વેદ પ્રાચીનતમ વેદ ગણાય છે. તેની રચના ઈ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષો પહેલાં થઈ હોય એમ મનાય છે. અથર્વવેદનો કાળ ઈ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષો પહેલાં ગણવામાં આવે છે. વેદોનો રચનાકાળ, એ સમયની સામાજિક, સાંસ્કૃતિક સ્થિતિ, વગેરે અંગે વિદ્વાનોએ ખૂબ સંશોધન કર્યું છે, એ અંગે વિશેષ જાણવા ઉત્સુકોએ ઇચ્છુક પાઠક, રાધાકમળ મુખરજી, મજૂમદાર અને પુસાલકર, મુન્શી અને દિવાકર, ઈશ્વરીપ્રસાદ, લોકમાન્ય બાલ ગંગાધર ટિળક, મૅક્સમૂલર, કીથ, મૅકડોનાલ્ડ વગેરે વિદ્વાનો લિખિત અને સંપાદિત વેદ અંગેના સંશોધન ગ્રન્થો વાંચી જવા.

વેદ–સાહિત્યમાં વિજ્ઞાનની બાબતો અંગે બીજી બાબતો કરતાં ઓછી સામગ્રી પ્રાપ્ય છે: તેમાંય રસાયણવિજ્ઞાન અંગે વેદોનો અભ્યાસ અતિ ઓછો થયો છે, પરંતુ આના અનુસંધાનમાં

ડૉ. પી. સી. રેનો ‘ હિંદુ રસાયણનો ઇતિહાસ ’ અને ડૉ. સત્યપ્રકાશનો ‘ પ્રાચીન ભારતમાં રસાયણનો વિકાસ ’—આ બંને પ્રકાશનો ઉલ્લેખનીય છે. આ ઉપરાંત બીજું પ્રકીર્ણ સાહિત્ય પણ પ્રાપ્ય છે એટલે આ વિષયમાં વિશેષ સંશોધનને ખૂબ અવકાશ છે.

વેદોમાં પ્રાપ્ય રસાયણ વિજ્ઞાન અંગે માહિતીના સંબંધમાં વિવિધ બાબતોનું અવલોકન કરીએ :

સુરા અને સોમરસનો ઉલ્લેખ વેદોમાં પુષ્કળ આવે છે: એટલે તે અંગે સૌ પ્રથમ વિચારીએ. સુરા અને સોમરસનો અભ્યાસ આધુનિક કાર્બનિક રસાયણમાં આવે છે. સોમરસને લાગેવળગે છે ત્યાં સુધી, તેને સુરા જેવો ગણી લેવામાં આવે છે પરંતુ તથ્ય જુદું લાગે છે. ચારે વેદોમાં સોમની પ્રાર્થના અંગે પુષ્કળ ઋચાઓ છે. સોમ અતિ મહત્તાપૂર્ણ પીણું ગણવામાં આવતું. દેવો અને દાનવોમાં સમાજમાં જઈને માનસહિત એ પીવા માટે પડાપડી થતી. સોમપાનથી જિંદગી, શક્તિ, સદ્‌વિચાર વગેરેમાં આશ્ચર્યજનક વધારો થતો.

सोम राजन्प्र ण आयूंषि...सूर्यो वासराणि । ઋગ્વેદ, ૮–૪૮–૭

સુરા અને સોમનો તફાવત દર્શાવવા સુરાની નિંદા કરવામાં આવી છે, અને તેને “ નાશક ” કહેવામાં આવ્યું છે.

सुरा त्वमसि शुष्मिणी सोम एषः मा मा हिंसीः યજુર્વેદ, ૧૯–૭

અને

यथा मांसं यथा सुरा.....निहन्यते मनः અથર્વવેદ, ૬–૭૦–૧

સુરા અને સોમ બનાવવાની વિધિનો ફરક પણ આપણને વેદોમાંથી મળે છે. સુરા તરફથી એવી પ્રાર્થના કરવામાં આવી છે કે તેને સોમની સાથે મેળવીને તેના ગુણનો નાશ ન કરવો.

સોમ લીલા રંગની કોઈ જડીબૂટી હતી. તેને પથ્થર પર પીસીને છીણીને તેમ જ કપડા દ્વારા ગાળીને તેના રસમાં કોઈ કોઈ વાર દૂધ, તો કોઈ વાર ઓષધિઓનો રસ મેળવવામાં આવતો. દૂધ અને ઓષધિઓના મિશ્રણથી સોમની શક્તિમાં અભિવૃદ્ધિ થતી. સોમ અત્યંત સુસ્વાદીય પીણું હતું.

स्वा द्वीं त्वा स्वादुना...मधुमतीं मधुमता सृजामि सं सोमेन । યજુર્વેદ ૧૯-૧.

કોઈ કોઈ વાર સુરા અને સોમ મેળવીને પણ લેવાતું. આ મિશ્રણનો હેતુ ઉત્તમ પ્રભાવ મેળવવાનો હતો.

तेजोऽसि तेजो मयि धेहि । વગેરે યજુર્વેદ, ૧૯–૯.

સુરા અથવા આધુનિક આલ્કોહોલ બનાવવાની રીત યજુર્વેદમાંથી મળે છે.

अतिथ्यरूपं...निस्रो रात्रीः सुराऽऽसुता । યજુર્વેદ, ૧૯–૧૪. ઇત્યાદિ

આ પ્રકારની રીત આજે પણ ગ્રામવિસ્તારોમાં પ્રચલિત છે. ચોખાના દાણા સડવા દઈને મેળવેલ રસમાં ત્રણ દિવસ સુધી અન્ય વસ્તુઓ મેળવી એ મિશ્રણને આથવા દઈને

(ઉત્સેચક વાપરીને) તથા આસવવાથી સુરા મળે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વેદકાળમાં પણ ઉત્સેચક ક્રિયા (enzyme reaction) અને ડિસ્ટીલેશનની રીત પ્રચલિત હતી.

અથર્વવેદના સમયમાં સુરાનો પ્રયોગ ખૂબ વધી ગયો હતો એમ માલૂમ પડે છે. સુરાની પ્રશંસા કરવામાં આવી છે. તેનો ઉપયોગ કરનારા દેવોને પ્રિય છે એમ કહેવામાં આવ્યું છે.

देवानां प्रियं धाम भवति। વગેરે. અથર્વવેદ: ૧૫-૨-૪.

સોમ શું છે એ અંગે વિસ્તૃત વિચાર કરતાં ડૉ. સત્યપ્રકાશે તે ઈફેડ્રાડિસ્ટ નામની વનસ્પતિ હશે એમ બતાવવા પ્રયત્ન કર્યો છે.

આ વનસ્પતિ દક્ષિણ અમેરિકામાં હજી પણ ક્યાંક ક્યાંક મળે છે પણ આ અંગે ચોક્કસ નિર્ણય લઈ શકાય એટલો સચોટ પુરાવો નથી. સોમરસને તાંત્રિક અને આધ્યાત્મિક અર્થમાં પણ ઘટાવી શકાય. સોમ અંગે વિશુદ્ધ વસ્તુવાદી દૃષ્ટિબિંદુથી તેમ જ વનસ્પતિવિજ્ઞાનની દૃષ્ટિએ વૈજ્ઞાનિક માહિતી મેળવવી; રાસાયણિક રીતે તેના પર પ્રયોગ કરવા; તેનું સંપૂર્ણ રાસાયણિક બંધારણ, ગુણધર્મ વગેરે અન્વેષણ કરી વૈદકની દૃષ્ટિએ માનવશરીર પર તેની અસર શું છે એ તપાસવું—આમ સોમ સમગ્રરીતે સહકારી સંશોધનનો એક સરસ વિષય પૂરો પાડે છે, જેમાં ઇતિહાસવિદ અને પુરાતત્ત્વવિદની પણ મદદ લેવી જોઈએ.

રાસાયણિક મૂળ તત્ત્વો અને સંયોજનો વચ્ચે શું તફાવત છે એનું જ્ઞાન વેદકાળમાં નહોતું. પાંચ તત્ત્વોમાંથી સૃષ્ટિનું નિર્માણ થયું છે એ દાર્શનિક વિચાર પણ પાછળથી આવેલો છે; પણ વેદકાળમાં કેટલીક ધાતુઓ જેવી કે સોનું, રૂપું, સીસું, તાંબું, લોઢું અને કલઈ જાણીતી હતી. પિત્તળને ધાતુ ગણવામાં આવતી—જો કે એ મિશ્રધાતુ છે.

સોનું અને રૂપું—આ બે ધાતુઓનો ઉપયોગ વેદકાળમાં ખૂબ થતો. આ ધાતુઓ અંગે પુષ્કળ ઋચાઓ મળી આવે છે. એના અભ્યાસ પરથી એવા નિર્ણય પર આવી શકાય છે કે આ ધાતુઓનું ઉત્પાદન વેદકાળમાં મોટા પ્રમાણમાં થતું હશે. આચાર્ય રેએ એમ પુરવાર કરવા પ્રયત્ન કર્યો છે કે વેદકાળમાં લોહ પ્રયુક્ત નહોતું; વેદકાળના આર્યોને લોઢાના ઉત્પાદન અને ઉપયોગ અંગે જાણકારી નહોતી. 'अयस्' શબ્દ લોહ માટે નહીં પણ ધાતુમાત્રને માટે વપરાયો છે (History of Hindu Chemistry, p. 35). આ અંગે મતભેદ છે. કેટલાક માને છે કે ડૉ. રેનો અભિપ્રાય બરાબર નથી. દાખલા તરીકે,

हस्तयोर्वज्रमायसम्। ઋગ્વેદ, ૧-૮૧-૪ અને

सं न शिशीहि भुरिजोरिव क्षुरं। ઋગ્વેદ, ૮-૪-૧૬.

એવું વર્ણન આવે છે. ધારો કે એ હથિયાર સોનાનું હોય એ જાણીતું છે કે સોનાનું હથિયાર નરમ હોય. તેમાંથી વજ્ર, છુરી, ઘોડાના પગ માટે નાળ ન બનાવી શકાય. આ બાબત વિશેષ સંશોધન માગી લે છે.

વેદકાળમાં સોનાનો ઉપયોગ વિવિધ રીતે થતો. પશુઓને સોનાથી શણગારવામાં આવતાં.

हिरण्यशृंगो अयो अस्य पादाः। ઋગ્વેદ, ૧-૧૬૩-૯.

સોનાની મુદ્રાઓ બનાવાતી, સોનું પીગળી જાય એટલું ઊંચું ઉષ્ણતામાન પેદા કરવાનું જ્ઞાન હતું. આ કામ વાસ્તે જરૂરી વાસણ—સાધનો પણ જાણીતાં હશે એ સ્પષ્ટ છે. સામવેદમાં સોનાના બે કાનવાળી ગાયનું વર્ણન છે. उभा कर्णा हिरण्यया । ઋ. ૮–૭૨–૧૨. યજુ. ૩૩–૧૯ તેમ જ સામ. ૧–૧૧૭માંના ઉલ્લેખો પરથી એમ બતાવ્યું છે કે માનવશરીરમાં સુવર્ણ વિદ્યમાન છે. ઋષિઓને એ જાણીતું હતું કે સુવર્ણનો પ્રભાવ શક્તિવર્ધક, મૃત્યુનાશક અને આરોગ્યવર્ધક છે. આ બંને બાબતોને આધુનિક વિજ્ઞાન અને પ્રાચીન આયુર્વેદ પુષ્ટિ આપે છે.

યજુર્વેદમાં પુરુષમેધ પ્રકરણમાં લુહાર, સોની, લોઢું ગાળનાર, ધાતુ ટીપનાર વગેરે ધંધાદારીઓનાં નામ આવે છે. ધાતુ ગાળનાર હોય તો તેમને ઉપયોગી સાધનસામગ્રી (ભઠ્ઠી, ઊંચું ઉષ્ણતામાન પેદા કરવામાં બળતણ) પણ વિકસિત હશે.

અથર્વવેદમાં સીસા(લેડ)નો ઉલ્લેખ આવે છે. સીસાની ગોળીઓ શત્રુને મારવા માટે અને ભગાડવા માટે વપરાતી. ઇન્દ્ર પોતાના ભક્તોને સીસાની ગોળીઓનું પ્રદાન કરે છે એમ બતાવ્યું છે. અથર્વવેદમાં રોગો તેમ જ ઔષધોનું "માનવીકરણ" કરવામાં આવ્યું છે. એ સંભવિત છે કે સીસાનાં ઔષધોના રૂપમાં રોગો રૂપી રાક્ષસોનો નાશ કરવા માટે આ વર્ણન આપવામાં આવ્યું હોય.

કલઈ અને તાંબા સંબંધમાં યજુર્વેદમાં પ્રતીતિકારક ઋચાઓ છે. કલઈ માટે ત્રપુ શબ્દ વાપરવામાં આવ્યો છે.

हिरण्यं च मेऽयश्च मे श्यामं च मे लोहं च मे सीसं च मे त्रपु च मे यज्ञेन कल्पन्ताम् ।
યજુ. ૧૮–૧૩.

હવે બીજી કેટલીક પરચૂરણ બાબતો લઈએ:

વેદકાળમાં અગ્નિ ઉત્પન્ન કરવા માટે, આજે દીવાસળીની પેટી છે એવું કોઈ રાસાયણિક સાધન ઉપલબ્ધ નહોતું. બે સૂકા લાકડાના કકડાને જોરપૂર્વક ઘસીને પેદા થતી ચિનગારીઓ દ્વારા જ્વાલા પ્રગટાવવામાં આવતી.

यथा मन्थन्ति बाहुभिः । ઋગ્વેદ, ૩–૨૯–૬.

अरण्योर्निहितो जातवेदाः । ઋગ્વેદ, ૩–૨૯–૨.

મહર્ષિ અંગિરાનો અગ્નિ માટે વિશેષ ફાળો હોય એમ લાગે છે, કારણ કે તેમના નામનો આ સંદર્ભમાં કેટલીય વાર ઉલ્લેખ આવે છે. દા.ત.

स जायसे मथ्यमानः सहो महत् त्वामाहुः सहसस्पुत्रमंगिरः । યજુર્વેદ, ૧૫–૨૮.

ગરમ દૂધમાં દહીં નાખવાથી તે ફાટી જાય છે અને ઉચિત ક્રિયા કરવાથી દહીં નાખીને દૂધ દહીંમાં જમાવી શકાય છે. રસાયણવિજ્ઞાનમાં આથવણની આ ક્રિયા યજુર્વેદના સમયમાં પણ જાણીતી હતી.

पयसो रूपं यद्यवा, दध्नो रूपं कर्कन्धूनि । યજુ. ૧૯–૨૩ અને

माध्यन्दिनस्य सवनस्य दध्नः पिबेन्द्र । અથર્વ. ૭–૭૨–૩.

દૂધ અને દહીં ઉપરાંત અન્ય ખાદ્ય અને પેય પદાર્થો વિશિષ્ટ રાસાયણિક રીતથી ( પાકશાસ્ત્રીય સામંજસ્ય ) બનાવાય છે તે ઋગ્વેદના સમયમાં પ્રચલિત હતું. જેમકે

धानाः करम्भः सक्तवः परीवापः पयोदधि ।

सोमस्य रूपं हविष, आमिक्षा वाजिनं मधु । યજુર્વેદ. ૧૯–૨૧.

ડૉ. સત્યપ્રકાશે પોતાના ‘ રસાયનના વિકાસ ’માં આ વિષય પર વિસ્તારપૂર્વક નિરૂપણ કર્યું છે.

ઋગ્વેદના કાળમાં મધનો ઉપયોગ અધિક થતો. મધ આર્યોને પ્રિય હતું. અન્ય ઋચાઓ તેને અંગે મળી આવે છે. દધ્યંકાયવર્ણ ઋષિના નામનો ઉલ્લેખ આ સંબંધમાં આદરપૂર્વક કરવામાં આવ્યો છે પરંતુ મધનો અર્થ દાર્શનિક રીતે ઘટાવી શકાય.

ડૉ. પી. સી. રેએ પોતાના ‘ હિંદુ કેમિસ્ટ્રીનો ઇતિહાસ ’માં લખ્યું છે કે વેદકાળમાં કપડાં વિવિધ પ્રકારના પાકા રંગોથી રંગવામાં આવતાં. આ રંગો વનસ્પતિના રસમાંથી મેળવવામાં આવતાં. વિવિધ પ્રકારના રંગોની બનાવટ, તેમનું રાસાયણિક બંધારણ વગેરે આધુનિક રસાયણશાસ્ત્રનો મહત્ત્વપૂર્ણ વિષય છે એ સુવિદિત છે.

રત્નોનું શોધન તેમને તપાવીને કરવામાં આવતું. અગ્નિમાંથી જો ચમકદાર રત્ન મળે તો વેદકાળના આર્યો અતિ પ્રસન્નતા અનુભવતા.

अग्निमीळं पुरोहितं...होतारं रत्न घातमम् । ઋ. ૧–૧–૧

अग्निर्हव्यान्य क्रमीत् । दधत् रत्नानि दाशुषे । ઋ. ૪–૧૫-૩ સામ. ૧–૩૦

એ સમયના ઋષિઓ અગ્નિને રત્નદાતા ગણી અગ્નિની પ્રશંસા ઋચાઓ વડે ગાતા. અગ્નિ અને રત્ન સંબંધી ઋચાઓનું અર્થઘટન દાર્શનિક અને તાંત્રિક અર્થમાં પણ સંભવિત છે.

સમુદ્રફેનનો ઉપયોગ શસ્ત્રોની બનાવટમાં કરવામાં આવતો. એમ કહેવાતું કે ફેનમાંથી બનાવેલ શસ્ત્રો વડે ઇન્દ્રે નમુચિ રાક્ષસનો શિરચ્છેદ કર્યો હતો.

अपां फेनेन नमुचेः शिर इन्द्रोदवर्तयः ।

विश्वा यदजयः स्पृधः । યજુ. ૧૯–૭૧.

આ અંગેની બીજી ઋચાઓનો અર્થ વર્ષાઋતુ અંગે પણ ઘટાવી શકાય.

સૃષ્ટિ અને તેમાં આવેલા પદાર્થોની રચનામાં શું આવેલું છે? આ અંગે વેદકાળમાં ખૂબ ચર્ચા થતી. ચારે વેદોમાંથી પુષ્કળ પ્રમાણો મળી આવે છે કે એ વખતના મહર્ષિઓ આ અંગે જિજ્ઞાસા ધરાવતા. દ્રવ્યરચનાનો આ વિષય આધુનિક ભૌતિક વિજ્ઞાનનો છે.

નીચે આપેલ વિવરણ વેદના કાળમાં આ બાબતમાં પ્રચલિત વિચારપદ્ધતિ પર ઠીક પ્રકાશ ફેંકે છે :

ઋગ્વેદમાં એક ઋષિએ પ્રશ્ન ઉઠાવ્યો છે :

જન્મ તેમ જ મૃત્યુનું કારણ જાણનાર કોણ છે ?

એવું કયું વૃક્ષ યા વન હતું જેમાંથી આ વિશ્વની રચના થઈ છે ?

સાંખ્ય આદિ દર્શનોની અનીશ્વરવાદી નાસ્તિક વિચારસરણીનું બીજ પણ વેદોમાંથી મળી આવે છે.

ઋષિએ જવાબ આપ્યો : જેટલા મતભેદ છે તે બધા મગજના વ્યાયામરૂપ છે. જો કોઈ ઈશ્વરને જાણતો નથી તો તે તેનું વર્ણન કેવી રીતે કરે ? ધારો કે ઈશ્વર છે; તો એ ઈશ્વરને કોણે બનાવ્યો ? સૃષ્ટિ રચનારે પોતે ક્યાં બેસીને સૃષ્ટિની રચના કરી ?

પ્રાચીન ભારતમાં સ્વતંત્ર ચિંતકો અને વિજ્ઞાનની બાબતોનો વિચાર કરવાવાળા મહાનુભાવોની પ્રતિષ્ઠા અતિ અધિક હતી ( યજુર્વેદ ૩૨-૯ ). સ્થાપિત સત્તાવાળાઓથી વિરુદ્ધ વિચાર દર્શાવનાર અથવા વિચારસરણી ધરાવનારાઓને ફાંસાની શિક્ષા ન થતી; એટલે અન્ય દેશોમાં થતું તેમ વિચાર-અસહિષ્ણુતા વેદકાળમાં અસ્તિત્વમાં નહોતી. જો અસહિષ્ણુતા પ્રવર્તતી હોય તો શા માટે અન-ઈશ્વરવાદી ઋચાઓ વેદોમાં સંગૃહીત કરવામાં આવી હોય ? સૃષ્ટિનું રહસ્ય જાણનારને ભાઈ અને પિતાના રૂપમાં પ્રતિષ્ઠા મળતી : यस्तानि वेद स पितुः पितासत् । યજુર્વેદ ૩૨-૯. વેદોમાં આસ્તિકતાનું દર્શન પણ સ્પષ્ટ દેખાઈ આવે છે. સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે—

**एकं सद्विप्रा बहुधा वदन्ति, अग्निं यमं मातरिश्वानमाहुः ।**

ઋ. ૧–૧૬૪–૪૬ અથર્વ. ૯–૧૦–૨૮.

અન્તિમ સત્ય જ એક માત્ર સત્ય છે. વિચક્ષણ કહેવતને જુદા રૂપમાં પરિભાષિત કરવામાં આવી છે. વેદકાળમાં ઈન્દ્ર, રુદ્ર, માતરિશ્વા વગેરે ભૌતિક શક્તિઓના અધિષ્ઠાતા પ્રતીકો યા દેવો તરીકે માનવામાં આવ્યા છે. શક્તિઓનાં જુદાં જુદાં રૂપો અંતે તો એક જ છે. આધુનિક વિજ્ઞાન પણ તેને સમર્થન આપે છે.

સૃષ્ટિનાં વિકાસ અને ઉત્પત્તિ અંગે એક બીજી કલ્પના અનુસાર ઈશ્વર યા પરમપુરુષ યા કાળપુરુષનાં જુદાં જુદાં અંગોમાંથી સૃષ્ટિનાં વિધવિધ ઉપાદાન પેદા થયેલ છે. દા. ત. નાભિમાંથી અંતરીક્ષ; આંખમાંથી સૂર્ય વગેરે ( જુઓ યજુર્વેદ ૩૧-૧૩ અને સામવેદ, ૬(૩)-૪-૩-૭ ).

અથર્વવેદના દશમા કાણ્ડમાં વિવિધ પ્રશ્નો અને શંકાઓ ઉઠાવવામાં આવી છે. પુરુષનાં અંગો અને તેના ઉપયોગો અંગે પ્રશ્ન પુછાયો છે કે કોણે અને કેવી રીતે તેને ઉત્પન્ન કરવામાં આવ્યા છે ? તેને સોમ અને પાણી ક્યાંથી મળે છે ? તેને માનસિક અને આધ્યાત્મિક શક્તિ ક્યાંથી મળે છે ? અથર્વવેદના સાતમા અને આઠમા સૂક્તો આવી સમસ્યાના ચિંતનથી સભર છે. પ્રશ્નોના જવાબ તે વખતના ઋષિઓના ગહનચિંતન અને અનુભવનો પરિચય કરાવે છે અને તેમાંના કેટલાક આધુનિક સિદ્ધાંતોની તોલે આવે છે. પછીથી શૈવ, બૌદ્ધ, શાક્ત અને જૈન ચિંતકોએ જે કહ્યું છે તે ઉપરની બાબતોનો વિકાસ છે.

[ વૈદિક મંત્રોના સંદર્ભના વિષયમાં M. Bloomfieldના Vedic Concordanceનો ઉપયોગ કર્યો છે. આ અંગે માર્ગદર્શન માટે પ્રોફે. કે. કા. શાસ્ત્રીનો લેખક આભારી છે. ]

# ગ્રન્થાવલોકન

**અભિનવનો રસવિચાર અને બીજા લેખો :** લેખક : નગીનદાસ પારેખ, પ્રકાશક : મેસર્સ બી. એસ. શાહની કંપની, અમદાવાદ. પૃ. ૩૪૩+૪૦, કિંમત રૂપિયા બાર.

'નિવેદન'માં પ્રો. નગીનદાસ પારેખ કહે છે તેમ 'છેલ્લાં આઠેક વર્ષ દરમિયાન અધ્યયન-અધ્યાપન અંગે લખાયેલા ભારતીય કાવ્યશાસ્ત્રને લગતા લેખોનો આ સંગ્રહ છે.' લેખકના 'નિવેદન' પછી 'આખા પુસ્તકની ઝીણવટભરી ચિકિત્સા કરી તેમાં રહેલી ઊણપો પ્રત્યે ધ્યાન દોરી અને ક્યાંક નવી રીતે વિચારવા પ્રેરતો' પ્રો. રસિકલાલ છો. પરીખનો ખાસ્સો ૨૬ પાનાંનો સારગ્રાહી 'પ્રવેશક' છે. ત્યારબાદ 'અનુક્રમણિકા' અને 'શુદ્ધિપત્રક' પછી ગ્રંથના શિરમોર જેવો લગભગ ૧૬૨ પાનાંનો 'અભિનવનો રસવિચાર' નામનો લેખ છે. એમાં પાંચ ટિપ્પણો [(૧) વિભાવાદિની અલૌકિકતા, (૨) કાવ્યનો શબ્દ, (૩) વિતત સાધારણ્ય, (૪) ચમત્કાર, (૫) આનંદ], સંદર્ભગ્રંથોની સૂચિ અને જુદા 'પરિશિષ્ટ'માં આપેલ ઈટાલિયન વિદ્વાન શ્રી. રાન્યેરો નૉલીના 'ભારતીય રસવિચાર' નામના લેખનો સમાવેશ થાય છે.

અભિનવનો વિચારપિંડ રજૂ કરતા આ લેખમાં પ્રો. પારેખે શ્રી. રાન્યેરો નૉલી, આચાર્ય હેમચંદ્ર, શ્રી. દેશપાંડે, શ્રી. સુશીલકુમાર દેના જે—તે ગ્રંથો તથા વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિર –પ્રકાશિત નાટ્યશાસ્ત્ર (અભિનવ ભારતી સમેત)ની બીજી આવૃત્તિ અને હિન્દી અભિનવ ભારતી વગેરેનો ઉચિત ઉપયોગ કર્યો છે. ભરતના રસસૂત્રની અભિનવે કરેલી સૂક્ષ્મ ને અભિનવ રસ-મીમાંસા એ ભારતીય કાવ્યશાસ્ત્રનું દુર્ગમ પણ નવીન પ્રસ્થાન અને મૌલિક પ્રદાન છે. અભિનવના દુર્ગમ વિચારપિંડને યથાશક્ય સુગમ ને સુલભ બનાવવાનો પ્રો. પારેખનો આપણા કાવ્યશાસ્ત્ર-ક્ષેત્રે આ પ્રથમ પ્રશસ્ય પ્રયાસ છે. જિજ્ઞાસુ અભ્યાસી અને વિદ્વાનના અનેક ગુણોનો સુખદ પરિચય આ દીર્ઘ લેખ વાંચતાં થાય છે. 'અભિનવનો રસવિચાર'માં આવતી શૃંગાર, હાસ્ય અને શાન્ત રસને લગતી ચર્ચા માટે અને એ લેખની બે પાદટીપો માટે એમણે અનુક્રમે પ્રો. આઠવલે અને પંડિત સુખલાલજી સાથે તે અંગે કરેલી ચર્ચા–વિચારણા પ્રો. પારેખની ઝીણવટ અને ચોકસાઈની નિદર્શક છે. શાન્ત રસ સંબંધે કરેલી પ્રો. પારેખની મીમાંસા શાસ્ત્રીય પૃથક્કરણનો આદર્શ નમૂનો છે. અભિનવના ગહન વિચારોને એમની પારદર્શક વિચારશક્તિ અને પ્રવાહી નિરૂપણ–રીતિ સુગમ બનાવી દે છે. **सर्वथा रसनात्मकवीतविघ्नप्रतीतिग्राह्यो भावः।** અભિનવના રસના આ સાર-સૂત્રનું પ્રો. પારેખે કરેલું વિવરણ આના સમર્થનમાં ટાંકી શકાય. રસતત્ત્વની મીમાંસા કરતા પૃથક્ પૃથક્ લેખો ગુજરાતી વિદ્વાનોએ આ અગાઉ અવશ્ય લખ્યા છે પણ રસતત્ત્વની આટલી ઊંડી, આટલી વ્યાપક અને સર્વાંગીણ મીમાંસા તો 'અભિનવનો રસવિચાર' નિમિત્તે મળે છે.

'રસાભાસ : તેનું સ્વરૂપ અને કાવ્યમાં સ્થાન' એ બીજા લેખમાં પ્રાચીન શાસ્ત્રકારો (અભિનવ, મમ્મટ, હેમચંદ્ર, વિશ્વનાથ, જગન્નાથ)ને મતે રસાભાસનું સ્વરૂપ દર્શાવી પ્રો. વિ. ર. ત્રિવેદી, પ્રો. જ્યોતીન્દ્ર દવે અને પ્રો. ડોલરરાય માંકડના લેખોમાંથી પ્રસ્તુત વિષયને અંગે

ઉપસ્થિત થતા કેટલાક મુદ્દાઓની સમર્થ ચર્ચા છે. ‘ રસાભાસ : થોડી ચર્ચા ’માં પ્રો. માંકડના લેખમાં, રસચર્વણા અથવા અવિઘ્ના સંવિત્ અને પાત્રોના ચારિત્ર્યની નૈતિકતા–અનૈતિકતાની એમની વિચારણા કેવી સેળભેળ થઈ ગઈ છે તે સ-દૃષ્ટાંત સમજાવ્યું છે. ‘ પરિશિષ્ટ ’માં આપેલ ‘ રસાભાસ ’ નામે નોંધ, ‘ રસાભાસ : થોડી ચર્ચા ’ના અનુસંધાનમાં પૂર્તિરૂપે લખાઈ છે અને શ્રી. કે. કૃષ્ણમૂર્તિના ‘ Essays in Sanskrit Criticism ’માં પ્રો. પારેખને એમની વિચારણાનું સમર્થન મળી રહે છે.

‘ વક્રોક્તિ અથવા કુંતકનો કાવ્યવિચાર ’ એ લેખમાં પ્રો. પારેખને, કુંતકના કાવ્ય-વિચારની વિશેષતા, તે ( કુંતક ) કવિવ્યાપાર ઉપર ભાર મૂકે છે તેમાં રહેલી દેખાય છે. કુંતકની વિચારણામાં પ્રો. પારેખને એક પ્રકારનું સ્વાતંત્ર્ય અને તાજાપણું વરતાય છે. એના વિષયનિરૂપણ ઉપર પ્રો. પારેખને ‘ ધ્વન્યાલોક ’ની ગાઢ અસર દેખાય છે. કવિનો જેવો સ્વભાવ તેવી તેની રીતિ એ કુંતકની વિચારણા સાથે પ્રો. પારેખ, વૉલ્ટર પેટરનું અત્યંત પ્રચલિત વચન ‘ The Style is the Man ’ સરખાવે છે. એ જ રીતે ‘ વિવક્ષિત અર્થનો એક માત્ર વાચક તે શબ્દ ’ એમ કુંતક કહે છે તેની સાથે વૉલ્ટર પેટરના ‘ The Unique Word ’ને તુલનાવે છે અને કહે છે કે, વૉલ્ટર પેટર જાણે કે કુંતકના જ શબ્દોનો હજાર વર્ષ પછી અનુવાદ કરતો ન હોય ! એ જ રીતે અલંકાર-નિરૂપણની બાબતમાં પણ પ્રો. પારેખે, કુંતક અને ક્રોચેની વિચારણાનું સામ્ય નિર્દેશ્યું છે. કુંતકના કાવ્યવિચારની સમીક્ષા કરતાં પ્રો. પારેખ લખે છે : ‘ કુંતકે ભામહના જ કાવ્યવિચારને પોતાની પ્રતિભાના આલોકથી આલોકિત કરીને તેની બધી વિગતો પૂરીને રજૂ કર્યો છે. અથવા ભામહના વિચારમાં રહેલાં બીજો કુંતકમાં અંકુરિત, વિકસિત અને પલ્લવિત થઈ ને વિલસતાં જોવા મળે છે. ’

‘ રમણીયતા : જગન્નાથનો કાવ્યવિચાર ’ એ લેખમાં ભામહથી મમ્મટ સુધીના અનેક આલંકારિકોએ શબ્દાર્થયુગલને કાવ્ય કહ્યું છે તેનો જગન્નાથ કેવી રીતે વિરોધ કરે છે તે વિગતે સમજાવી, ખુદ જગન્નાથની કાવ્યની વ્યાખ્યા ( रमणीयार्थप्रतिपादकः शब्दः काव्यम् । ) પણ इष्टार्थ-व्यवच्छिन्ना पदावली । એ, દંડીની કાવ્યની વ્યાખ્યાનો અનુવાદ છે એમ દર્શાવ્યું છે. એ પછી લેખના મોટા ભાગમાં, જગન્નાથ પ્રતિભાની વ્યાખ્યાની બાબતમાં રુદ્રટનો, કાવ્યનું કારણ કેવળ પ્રતિભા છે એ મતમાં રુદ્રટ વામનનો, ઉત્તમોત્તમ કાવ્યની વ્યાખ્યામાં આનંદવર્ધન–મમ્મટની ધ્વનિની વ્યાખ્યાનો, ઉત્તમ કાવ્યમાં મમ્મટની ગુણીભૂતવ્યંગ્ય મધ્યમ કાવ્યની વ્યાખ્યાનો, રસ-સ્વરૂપના નિરૂપણમાં અભિનવમમ્મટનો, અલંકારોની બાબતમાં કુંતકનો—સામ્ય-ગુણને કારણે કેટલો ઋણી છે તે દર્શાવ્યું છે. ગુણોની બાબતમાં જગન્નાથનો મત અભિનવ-મમ્મટ વગેરેથી ક્યાં જુદો પડે છે તેની પણ ચર્ચા કરી છે. લેખના સમારોપમાં પ્રો. પારેખ કહે છે : ‘ આમ જગન્નાથમાં આપણને કોઈ મહત્ત્વનો નવો વિચાર મળતો નથી, પણ અનેક મુદ્દાઓની ઝીણી ચર્ચા મળે છે, જે કેટલીક વાર કેવળ તર્કબાજીમાં પરિણમે છે. એકંદરે જોઈએ તો એણે ધ્વનિ-વાદીઓનો મત જ સ્વીકાર્યો છે. ’ પ્રો. પારેખના આ નિષ્કર્ષનો ‘ પ્રવેશક ’માં પ્રો. પરીખે યોગ્ય પ્રતિવાદ કર્યો છે. ‘ નવો વિચાર ’ એ ચોકસાઈથી માપી શકાય કે કહી શકાય એવી બાબત નથી......અને જે વિદ્વાન નવીન ન્યાયમાં નિષ્ણાત હોય તે એ શિક્ષણનો પરિષ્કારાર્થે ઉપયોગ

કરે તો તે કેવળ ' તર્કબાજી ' થતી નથી; અને એણે ' રમણીયતા 'ને કાવ્યસમાજમાં મોખરે મૂકી એ ગૂંચવાઈ ગયેલા કાવ્યશાસ્ત્રની નાની સેવા નથી ! ''

ક્ષેમેન્દ્ર પોતાના ગ્રન્થને ' નવૌચિત્યવિચારચર્ચા ' કહે છે. તેની ' ઔચિત્યવિચારચર્ચા 'માં નિરૂપણની દૃષ્ટિએ શાસ્ત્રીય વ્યવસ્થા ઓછી છે અને એની તુલનાએ જોઈએ તો આ જ વસ્તુની આનંદવર્ધને ' ધ્વન્યાલોક 'માં કરેલી ચર્ચા વધુ શાસ્ત્રીય, વધુ તર્કસંગત અને વધુ વ્યવસ્થિત છે તેવું પ્રતિપાદન પ્રો. પારેખે ' ઔચિત્યવિચાર ' નામના તેમના લેખમાં કર્યું છે.

' પ્રાચીન સાહિત્ય 'માં કાકાસાહેબે અને ' સાહિત્યાલોક 'માં પ્રો. પાઠકસાહેબે ( જુઓ ' ક્ષેમેન્દ્રની ઔચિત્યવિચારચર્ચા ' એ લેખ ) ક્ષેમેન્દ્રના દૃષ્ટિબિંદુને, ગુણ, અલંકાર જેવાં કાવ્ય-ચર્ચાનાં કેટલાંક દૃષ્ટિબિંદુઓની તુલનાએ ઉદાર, વિકાસશીલ ને સર્વવ્યાપી દૃષ્ટિબિંદુ તરીકે બિરદાવ્યું છે એનો ખ્યાલ પ્રો. પારેખને છે છતાંયે તેમના આ લેખમાં તેમણે ઐતિહાસિક સત્યની દૃષ્ટિએ ઔચિત્યની વિશદ ચર્ચા કરી છે. ક્ષેમેન્દ્રે, ઔચિત્યને રસના જીવિતભૂત અને સૌંદર્યાનુભવમાં ચમત્કારસાધક તત્ત્વ ગણીને આ વિષયની મીમાંસા કરી છે જ્યારે આનંદવર્ધને રસને જ કેન્દ્રમાં રાખીને ઔચિત્યની ચર્ચા કરેલી છે. આ લેખમાં ' હનૂમન્નાટક 'ના એક સમર્થ શ્લોકનું કરેલું કાવ્યાત્મક રસવિવરણ નોંધપાત્ર છે.

' કાવ્યમાં અર્થ 'એ લેખમાં, આપણા દેશના આચાર્યોએ કાવ્યસંબંધમાં અર્થને લગતી જે વિચારણા કરી છે તેનો—કાવ્ય વિશે સ્વલ્પ પણ અર્થ વિષે વિશેષ પ્રમાણમાં-- વિશદ પરિચય કરાવ્યો છે, અને અંતમાં પ્રતિપાદિત કર્યું છે કે કાવ્યનો મુખ્ય અર્થ વ્યંગ્યાર્થ એટલે ધ્વનિ છે; અને વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ અને રસધ્વનિમાં ત્રીજો જ ( રસધ્વનિ ) મુખ્ય છે અને તે જ કાવ્યનો આત્મા છે.

' પરિશિષ્ટ 'માં મમ્મટાચાર્યના આધારે વ્યંજનાવૃત્તિનો સ્વીકાર શાથી અનિવાર્ય છે તેની પારદર્શક ચર્ચા છે.

' આખ્યાન : નાટ્યાલંકાર અને કાવ્યપ્રકાર ' નામના છેલ્લા લેખમાં आख्यानं पूर्ववृत्तोक्तिः । ' આખ્યાન એટલે પૂર્વે બની ગયેલા વૃત્તાંતનું કથન '—આવી એમના જે તે ગ્રંથોમાં ખોટી સમજ આપતા આપણા બારેક લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાનોની ભૂલ બતાવી, મૂળે એ વ્યાખ્યા આખ્યાન નામના કાવ્યપ્રકારની નહિ પણ એ નામના નાટ્યાલંકારની છે તે સદૃષ્ટાંત ને સમર્થ રીતે વિગતે સમજાવ્યું છે અને અંતમાં આખ્યાન કાવ્યપ્રકારની સાચી વ્યાખ્યા પણ આપી છે.

ગ્રંથને અંતે ' પદ્યસૂચિ ' અને વ્યક્તિઓ તથા ગ્રંથોની ' સૂચિ ' પણ આપી છે.

અંગ્રેજી અને બંગાળીમાં લખાયેલા કાવ્યશાસ્ત્ર–સાહિત્યશાસ્ત્રના શિષ્ટ ગ્રંથોના સફળ અનુવાદક તરીકે પ્રો. પારેખ અત્યાર સુધી ગુજરાતમાં જાણીતા હતા. આ ંથના પ્રકાશનથી પ્રો. પારેખની સંસ્કૃતનિર્ભર ધારાવાહી વિશદ વિદ્વત્તાની પ્રતીતિ થાય છે.

' રસપ્રતીતિનાં વિઘ્નો ' (પૃ. ૬૦ થી પૃ. ૭૨ અને પૃ. ૧૯૧ ) તથા ' અનૌચિત્યના જગન્નાથસ્વીકૃત ત્રણ પ્રકારો ' ( પૃ. ૧૬૯ અને પૃ. ૧૭૭ ). આવાં પુનરાવર્તનો લેખોને ગ્રંથસ્થ કરતી વખતે ટાળી શકાયાં હોત.

ભારતીય કાવ્યશાસ્ત્રનાં અનેક મહત્ત્વનાં પાસાંઓનું આવું સુંદર નિરૂપણ કરતા આ ઉપયોગી ગ્રંથની બાંધણી આથી જરા વધુ મજબૂત થઈ શકી હોત તો !

રણજિત એમ. પટેલ (અનામી)

* * *

**જયશંકર 'પ્રસાદ': વસ્તુ ઔર કલા :** લેખક: ડૉ. રામેશ્વરલાલ ખંડેલવાલ; પ્રકાશક: નેશનલ પબ્લિશિંગ હાઉસ, ૨-૩૫, અન્સારી રોડ, દરિયાગંજ, દિલ્હી-૬; પૃ. ૫૦૧; મૂલ્ય પાંત્રીસ રૂપિયા.

શ્રી રામેશ્વરલાલ ખંડેલવાલ, અર્વાચીન હિંદી સાહિત્યના પ્રતિષ્ઠિત કવિ છે. 'તરુણ'ના તખલ્લુસથી 'પ્રથમ કિરણ,' 'હિમાંચલા,' 'ધૂપદીપ' વગેરે તેમના કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. 'હિમાંચલા' કાવ્યસંગ્રહને તો ઉત્તર પ્રદેશ સરકારનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. માનવ, પ્રેમ, સૌંદર્ય, પ્રકૃતિ અને જીવન એમના કાવ્યના ખાસ વિષયો છે.

શ્રી ખંડેલવાલે ગદ્યમાં પણ ઠીક ઠીક કલમ ચલાવી છે. 'કવિતામેં પ્રકૃતિચિત્રણ' નામના તેમના પુસ્તકને ઉત્તર પ્રદેશ રાજ્યનું પારિતોષિક મળ્યું છે. ડૉ. વિજયેન્દ્રના સહયોગમાં તેમણે 'મહાકવિ પ્રસાદ' નામે ગ્રંથ આ પહેલાં લખ્યો છે. આગ્રા યુનિવર્સિટીએ સને ૧૯૫૫માં એમને 'આધુનિક હિન્દી-કવિતામેં પ્રેમ ઔર સૌંદર્ય' એ મહાનિબંધ માટે પીએચ.ડી.ની ઉપાધિ એનાયત કરી. હિન્દી સાહિત્યજગતમાં તેઓ આ મહાનિબંધના પ્રકાશનથી ઠીક ઠીક જાણીતા થયા છે. ''જયશંકર 'પ્રસાદ': વસ્તુ ઔર કલા'' એ આગ્રા યુનિવર્સિટીના (૧૯૬૫) એમના ડી.લિટના મહાનિબંધના પ્રકાશનથી ડૉ. ખંડેલવાલે અભ્યાસ અને સંશોધનના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું છે.

આ અગાઉ, કવિ-સાહિત્યકાર 'પ્રસાદ'નાં અનેકવિધ પાસાંને અભ્યાસ-વિષય બનાવી ડૉ. નંદદુલારે બાજપેયી, ડૉ. નગેન્દ્ર, ડૉ. જગન્નાથ પ્રસાદ શર્મા, ડૉ. પ્રેમશંકર, ડૉ. ફત્તેહસિંહ, ડૉ. દ્વારિકાપ્રસાદ, આચાર્ય વિશ્વનાથ પ્રસાદ મિશ્ર આદિ વિદ્વાનોએ ઠીક ઠીક અધ્યયન-લેખનકાર્ય કર્યું છે પણ 'પ્રસાદ'નો સંશ્લિષ્ટ ને તલાવગાહી અભ્યાસ-ગ્રંથ તો પ્રથમ વાર ડૉ. ખંડેલવાલ પાસેથી મળે છે.

પ્રથમ પ્રકરણમાં લેખકે, પૂર્વ તથા પશ્ચિમના ચિંતકોએ રૂપતત્ત્વ ( Form ) સંબંધે કરેલી ચર્ચાનો ઠીક ઠીક ખ્યાલ આપી, 'પ્રસાદે' અજમાવેલાં અનેક સાહિત્યસ્વરૂપોની ચર્ચા કરી, મુખ્યત્વે મહાકાવ્ય, નાટક અને નવલિકાના ક્ષેત્રનું તેમનું પ્રદાન કેટલું વિશિષ્ટ છે ને 'પ્રસાદ,' છાયાવાદ કાવ્યશૈલીના પ્રવર્તક અને પુરસ્કર્તા છે એ તથ્યનું પ્રતિપાદન કર્યું છે.

દ્વિતીય પ્રકરણમાં ભાવ અને રસના સ્વરૂપનું વિશ્લેષણ કરી 'પ્રસાદ'ની સાહિત્ય-સૃષ્ટિ મૂલતઃ કેવીક રસાત્મક છે તે દર્શાવ્યું છે. ત્રીજા પ્રકરણમાં 'પ્રસાદ'–સાહિત્યની દાર્શનિક અને વૈચારિક પૃષ્ઠભૂમિ વિગતે સ્પષ્ટ કરી છે. ચોથા પ્રકરણમાં 'પ્રસાદ'ની ચરિત્ર-સૃષ્ટિ ને ચરિત્રાંકનકલાનું સૂક્ષ્મ વિશ્લેષણ છે; તો પાંચમા પ્રકરણમાં ઇતિહાસ, સભ્યતા તથા સંસ્કૃતિના

સંદર્ભમાં 'પ્રસાદ' સાહિત્યની પર્યેષણા પ્રાપ્ત થાય છે. છઠ્ઠા પ્રકરણમાં 'પ્રકૃતિ'ની સાહિત્યિક ને દાર્શનિક વ્યાખ્યા આપી 'પ્રસાદ' સાહિત્યમાં પ્રકૃતિનું નિરૂપણ કેવીક કલાથી થયું છે તે દર્શાવ્યું છે તો સાતમા તથા આઠમા પ્રકરણમાં અનુક્રમે 'સૌન્દર્ય' અને 'કલ્પના' તત્ત્વની તાત્ત્વિક ચર્ચા અને એમના સાહિત્યમાં આ બે તત્ત્વો કેટલી માત્રામાં કેવી કલાથી સ્ફુટ થાય છે તે ચર્ચ્યું છે. નવમા પ્રકરણમાં કલાનાં વિવિધ અંગો ને ઉપાદાનો—ભાષા—પ્રયોગ, અલંકાર-વિધાન, રીતિ-ગુણાદિનો ઉપયોગ, છંદોવિધાન, અભિવ્યંજના-કૌશલાદિનો 'પ્રસાદ' સાહિત્યમાં કેવોક વિનિયોગ થયો છે તેનો ઐતિહાસિક તેમ જ તાત્ત્વિક દૃષ્ટિએ ખ્યાલ આપ્યો છે તો દશમા પ્રકરણમાં 'પ્રસાદ'—સાહિત્યનું સર્વગ્રાહી ને મર્મગ્રાહી-ગુણદોષ-સમેત-સમીક્ષણ છે.

ગ્રન્થને અંતે આપેલાં છ પરિશિષ્ટોમાં 'પ્રસાદ'ના ગ્રન્થોની કાલક્રમિક સૂચિ, 'પ્રસાદ'—સાહિત્યમાં પ્રાપ્ત થતી અંગ્રેજી શબ્દાવલી, ઉર્દૂ શબ્દાવલી, 'પ્રસાદ'-સાહિત્યમાં પ્રયુક્ત વિશિષ્ટ રૂઢિપ્રયોગો અને કહેવતો, ગ્રન્થાનુક્રમણિકા તથા અન્ય સહાયક સામગ્રી તથા ડૉ. ખંડેવાલ અને આચાર્ય પં. નંદદુલારે બાજપેયી વચ્ચે પ્રસ્તુત વિષયમાં થયેલો પત્ર-વ્યવહાર વગેરે સામગ્રી છે.

આ ગ્રંથ દ્વારા ડૉ. ખંડેલવાલને 'પ્રસાદ'ની સમગ્ર અક્ષર-ચેતનાનાં ઊંડાં જલમાં અવગાહન કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. 'પ્રસાદ'-સાહિત્યનો મેરુદંડ કવિની આત્મ-દૃષ્ટિ છે. કાવ્યને તેઓ 'આત્માની સંકલ્પાત્મક અનુભૂતિ' કહે છે. તેમના આ વિચારને ડૉ. ખંડેલવાલે યથાપ્રસંગ, સમર્થ રીતે સોદાહરણ સ્પષ્ટ કર્યો છે.

'પ્રસાદ'-સાહિત્યની પર્યેષણા કરતાં લેખક સર્વત્ર ઐતિહાસિક તેમ જ નિરપેક્ષ દૃષ્ટિને લેખે લગાડે છે. સંસ્કૃત, અંગ્રેજી અને ભારતની અન્ય ભગિનીભાષાઓના સાહિત્યના અભ્યાસને કારણે એમની તુલનાત્મક દૃષ્ટિમાં એક પ્રકારની વિવિધતા તથા સ્વસ્થતા જોવા મળે છે. 'પ્રસાદ'-સાહિત્યને વિશ્વ સાહિત્યના સંદર્ભમાં મૂલવવા જતાં લેખક પોતાની મર્યાદાઓનો વિનમ્રતાપૂર્વક સ્પષ્ટ એકરાર પણ કરે છે. ગ્રંથના ચોથા અને દશમા પ્રકરણમાં સર્જક-વિવેચકની યુગપત્ શક્તિનું સુભગ દર્શન થાય છે. સમગ્રતયા વિચારતાં શાસ્ત્રીય—સંશોધક અને સ્વસ્થ વિવેચક તરીકેની લેખકની માનસમૂર્તિની ઉજ્જ્વલ છબિ આ ગ્રંથમાં સ્પષ્ટ ઊપસે છે.

પૃષ્ઠસંખ્યાની તુલનાએ ગ્રંથની કિંમત વધુ જ ગણાય. આવા આકરગ્રંથમાં ઠીક ઠીક મુદ્રાદોષો જોતાં 'શુદ્ધિપત્રક' આપવું અનિવાર્ય હતું. ગ્રંથની ભાષા પ્રમાણમાં અલ્પ સંસ્કૃત-પ્રચુર બની હોત તો ભાષાના પ્રસાદ—ગુણને કારણે એકંદરે આ 'પ્રસાદ'—ગ્રંથની ગુણવત્તા વધી હોત એમ લાગે છે.

**રણજિત એમ. પટેલ ( અનામી )**

* * *

**સ્પંદ અને છંદ :** લેખક : ઉશનસ્ : **પ્રકાશક** : સાહિત્ય સંગમ, બાવા સીદી, ગોપીપુરા, સૂરત–૨, પૃ. ૭+૧૨૮; મૂલ્ય છ રૂપિયા.

સુંદરમ્–ઉમાશંકરની પેઢીના અગ્રગણ્ય મનાતા કેટલાય કવિઓનાં નામ હવે કાવ્યજગતમાં લુપ્ત થયેલાં જણાય છે; તો કેટલાકે એની એ જ ઢબે એક જ—પુનરુક્ત—સ્વરે ગાવાનું ચાલુ રાખ્યું છે; જ્યારે થોડાક કસબી કવિઓ પોતાની પ્રતિભાના પ્રકાશમાં આગવી અનુભૂતિને રૂઢ—અરૂઢ

ઉભયની સરહદ પર પ્રકટ કરતાં–કદિ તેનું અતિક્રમણ પણ કરતાં–આગળ વધે જાય છે. કવિ શ્રી ઉશનસે પણ 'તૃણનો ગ્રહ'ની પ્રસિદ્ધિ પછી ત્રીજા પ્રકારની સૂચક પ્રગતિનાં જે એંધાણ આપ્યાં હતાં તે "સ્પંદ અને છંદમાં" મહદંશે સિદ્ધિને વરેલાં વરતાય છે.

'તૃણનો ગ્રહ'ના ઘણા ભાવકોએ કવિની તૃણાનુરક્તિને નવા પ્રતીકના ઉન્મેષ તરીકે સાનંદાશ્ચર્ય બિરદાવી હતી પરંતુ એ તૃણની પાછળ—બીજમાં રહેલા વૃક્ષની જેમ—ડોકાતી પ્રકૃતિ પ્રત્યેના કવિના અતિરાગ પર ભાર મૂકવામાં આવ્યો ન હતો. 'સ્પંદ અને છંદ'માં તો શ્રી ઉશનસ્ જાણે પ્રકૃતિભક્ત બની ગયા છે. પ્રકૃતિના એકના એક જ અંગ કે વ્યતિકરને પણ તેઓ જુદી જુદી રીતે—જુદા જુદા સંદર્ભમાં જોઈ–માણી શકે છે. કુદરતનાં વિવિધ સ્વરૂપોનાં સ્થૂળ અને સૂક્ષ્મ, કદી કદી તો બન્નેની પાર રહેલા કોઈ ગૂઢ રહસ્યમય સંકેતોથી કવિચેતના સ્પંદિત થઈ રહે છે અને તેમની ભાષારીતિ રૂપરચના અને ઉપકરણોની દૃષ્ટિએ રૂઢઃપ્રાય કહી શકાય એવી હોવા છતાં, નવીન કલ્પનો અને પ્રતીકોથી અનુમંડિત સુદૃઢ પરિપાક પામેલી કાવ્યબાનીમાં વહેતી હોય છે. 'વસંતપ્રવેશ' 'મધુ' વગેરે સર્વાંગસુંદર પ્રકૃતિકાવ્યોમાં કવિનું મન મોગરો કે મંજરીની જેમ મહોરી-મહેંકી ઊઠે છે, પરંતુ સમગ્ર સર્જકતાથી કવિતાને સર્વોત્કૃષ્ટ બનાવતી કવિની પ્રિયતમ ઋતુ તો વર્ષા જ છે. ધરતીને તથા કવિના અસ્તિત્વની ધરતીને આદિમ સોડમે મ્હેકાવતા પ્રથમ વરસાદના છાંટણાને કવિ 'સંજીવની પ્રોક્ષણ' કહે છે. કેવાં સુરેખ મનોરમ શબ્દચિત્રો આલેખવામાં 'ઝ' 'પ'નો શબ્દઘોષ ઉપકારક નીવડે છે :

"જરીક ઝરી આષાઢી ઝારી ગર્જે ઝીણી ઝર્મરે
પ્રથમ પ્રથમા કે પૃથ્વી પે નરી જ સ–જીવતા
તલકી સ્ફુરી રૂહે રોમેરોમે–સમુર્વર પૂર્ણતા–
રજકણ બધા ઊંચાનીચા સજીવન સળવળે." (પૃ. ૨૯)

'અષાઢની અનુભૂતિઓ'ની સોનેટત્રિપુટીમાં, કવિની આંખ "તૃણ તૃણ થઈ ગૈ પૃથ્વી" પર પેટે ઘસાતી લીસી ગતિથી ચાલતા અળસિયાની કે વંદાની ખેરવાયેલી 'પાંખનો ધ્વજ' સ્કંધ પર ઉપાડી જતી દિગ્જયી કીડીની પણ છવિ ઉતારી લે છે, અને 'સર્જનનો ઉદ્યમ' સૉનેટના અંતમાં તો કવિ ચિંતન વ્યક્ત કરે છે કે :

"ચૈતન્યમાં ક્યહીં જતો મળી જાય ટાળો;
મૃત્યુમુખે જીવનનો ઉછરંત માળો." (૩૦)

અષાઢના અનર્ગળ નિતારમાં બધું જ પીગળી રહ્યાનું કુતૂહલ કવિ વ્યક્ત કરે છે :

"—ને કીમિયો ! દ્રવી રહ્યો મુજ પિંડ મિટ્ટીનો." (૩૧)

અહીં અને અન્ય અનેક કાવ્યોમાં કવિ સકલને–સ્વયંને પણ—'ઘાસઘાસ'મય અનુભવે છે. 'અષાઢ' અને 'શ્રાવણી ખીણ' જેવાં ગીતોમાં ય કવિ તૃણનો મહિમા ગાતાં થાકતા નથી.

"અષાઢે તણખલું ના તોડીએ જી,
એ જી, એ તો ફૂટતું રે ઘાસ,
એમાં ધરતીના શ્વાસ,
એની પત્તીની પીમળમાં પોઢીએ જી." (૩૨)

"આંખની સામે ખીણ, હરીભરી આ આંખની સામે ખીણ !
બેય કાંઠે વ્હે ઘાસ, મગન ત્યાં મનનું મારું મીન."
"કલકલતો તૃણનિર્ઝર તેમાં વૈખરી સઘળી લીન !" (૩૪)

કવિવૃત્તિ હજુ પણ બાલસુલભ (બાલિશ નહીં) આશ્ચર્યને અનુભવે છે :

"તે વાતની હજી ય આજ મને નવાઈ
તાજી જ—જ્યાં ઉકળતું પડ પૃથ્વી કેરું
થીજ્યું હશે સમશીતોષ્ણ, પહેલી વૃષ્ટિએ
ફૂટયું હશે ક્ષિતિજસ્પર્શતું આદ્ય ઘાસ !
આ દ્રૌપદીવસન કૌરવની સભામાં
પૂર્યા કરે હજી ય શું ઘનશ્યામ કોઈ !
શી ચૂંદડી હરિતની અણખૂટ શ્રેણીએ
આવે અખૂટ ઉકલંત અનંતઃ ઘાસ !"

અહીં દ્રૌપદીવસ્ત્રપૂરણના પૌરાણિક વિચારને તદ્દન નવા સંદર્ભમાં યોજીને કવિએ કલ્પન-કૌશલ દાખવ્યું છે, પરંતુ આ 'આદ્ય-અનંત ઘાસ'નો વ્યાસ વધુ પડતો વિસ્તૃત બનતાં—કવિપક્ષે સચ્ચાઈના રણકારૂપ હોવાનો સ્વીકાર કરીને પણ—ભાવકના ચિત્તને કવિતાનો આસ્વાદ માણવા પર્યંત વધુ પડતો ખેંચી રાખતો હોય એવો અનુભવ કયારેક થયા વિના રહેતો નથી. આ સંગ્રહમાં તો કવિનાં છંદપ્રભુત્વ અને પ્રવાહિતા, ઇન્દ્રિયસંતર્પક જીવંત ચિત્રો આલેખવાની તથા અનાકૃતને આકૃત કરવાની સ્વાભાવિકી શક્તિ, ઇ, ઉ, આદિ સ્વરોની પુનરાવૃત્તિદ્વારા લય-સંવાદ સાધવાની કુશળતા, ઝીણવટભર્યાં રંગીન વર્ણનો અને મોટે ભાગે દુર્બોધતા કે દુરાન્વયમાંથી ઉગારી લેતી અર્થની વિશદતા—વગેરેને લીધે વાસવાસ ચાસચાસ કે ઘાસઘાસની પુનરુક્તિ કલેશોત્પાદક નીવડતી નથી; બલ્કે ઝાકળમઢયું મોતી જેવું ઘાસ, હવામાં ઊડતો ઘાસનો રઢિયાળો રંગ, તેજલતૃણનો તાજો ચારો, કિરણ કેરાં તણખલાં ચૂગી ચાંચે, તૃણનિર્ઝર, ઘાસ-ધરતીના શ્વાસ વગેરે વિવિધ હૃદ્ય નવીન કલ્પનાઓ માણવા મળે છે. પ્રથમ વર્ષા પછી કવિ કહે છે કે "કંઈ ગજબ ભયોજી ખેલ ! રાતની રાતે"—

"તૃણભમ્મરીઓ, તૃણકલ્લોલો, તૃણનાં ઘોડાપૂર !
તૃણસાગર ઊછળે છે છોળે, તટહીન ગાંડોતૂર !
જવું છે પેલી પાર નજરને, આ તટથી ઊપડેલ
ભૅંવરમાં અધવચ અટવાયેલ." (૨૬)

આ તૃણલીલા એટલી બધી અતિવ્યાપ્ત બની જાય છે બિચારું (!) બ્રહ્મ પણ બચી શકતું નથી !—"જાતજાતના રચી વિવર્તો રાચે બ્રહ્મ તૃણનો" (૫૮)માં બ્રહ્મને ય ૧૮ હાયકુનો (ગીતાના ૧૮ અધ્યાયની જેમ !) ગૌરવપ્રદ લાભ મળ્યો છે :

"અહો, લીલામાં
લીલાં લટકાં કરે
તૃણનો બ્રહ્મ !" (૬૦)

અહીં એક સૂચન-નોંધ નમ્રભાવે કરવાની અગત્ય ઊભી થાય છે. 'તૃણ' પ્રત્યેનું કવિનું વિલક્ષણ આત્યંતિક અહોભાવ કે મૌગ્ધ્યભાવભર્યું વલણ, કવિની દૃષ્ટિએ અને આંતરિક અનુભૂતિએ ભલે વાસ્તવિક ઠરતું હશે પરંતુ ઘણાં ય કાવ્યોમાં તે સૌન્દર્યસ્પર્શી બનીને ધીમે ધીમે માધુર્ય ત્યજી મોળાશનો અનુભવ કરાવતું હોય છે. તૃણનું પ્રતીક (અન્ય કવિઓનાં કાવ્યોમાં પ્રચલિત થયેલું ન હોવાથી) શ્રી ઉશનસનું વિશિષ્ટ પ્રદાન છે. તેનો તેમણે સહજ રીતે સફળતા-પૂર્વક વિનિયોગ કરી લીધો છે. પણ હવે પછી તૃણોપમાનના ઉપયોગમાં તેઓ સહેજ સભાન કે સાવધાન રહે એવું આપણે ઇચ્છીએ. નહીં તો અર્થમૂલ્યદૃષ્ટિએ તૃણનું અવમૂલ્યન થવાનો ડર રહે પણ ખરો !

—અથવા એક જ પ્રતીકને કેન્દ્રમાં રાખીને તેમાંથી શક્ય એટલા અર્થસંદર્ભો રચીને તેનો પૂરેપૂરો કસ કાઢી લેવાના નૂતન અભિગમનો પ્રયોગ કવિને અભિપ્રેત હોય તો ?

વિચાર કે ભાવ કાવ્યમાં મહત્ત્વનો નથી પણ તેની અનુભૂતિની પ્રક્રિયા જ રસાસ્વાદમાં મુખ્યત્વે ઉપરકારક નીવડી શકે છે. સદ્‌ભાગ્યે 'સ્પંદ અને છંદ'નાં ઘણાં કાવ્યોમાં તૃણ, તરુ વગેરે વનસ્પતિવિષયક કવિસંમત સંકેતો સંબંધમાં અનુભૂતિ અને તેની કાવ્યગત અભિવ્યક્તિની પ્રક્રિયાનો વિસ્તાર હૃદ્ય બનતો જાય છે. 'અનહદની સરહદે' નામની સૉનેટમાળામાં ભાવકને આ ચેતોવિસ્તાર અને કલાવિકાસની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

માઝમ રાતે કવિએ, તારક-ઓગળેલો ચેતન સ્ફુરાવતો સ્ફટિક–નિર્મલ, તથા "તારક-તાંતણાને ધરાની તીણી તૃણપત્તીઓથી" વણાયેલ વસ્ત્રરૂપ અંધકાર જોયો—અનુભવ્યો :

"ભૂપૃષ્ઠ ને વ્યોમ વચાળ
કો વસ્ત્ર શો ફરફરતો વિશાળ
અડ્યા કરે ઝાપટ જેની રેશમી." (૫૬)

અને એ ઝૂકીને ઝંપલાવતા તારકો

"આ તૃણની ટોચ વડે વીંધાઈ જૈ
પ્રોવાઈ
મોતી થવા, સૂરજ તેજનું પીણું
પીવા,
જેને તમે ઝાકળ ક્હો પ્રભાતે—
—ને જોઈ છે મેં તૃણપત્તીઓને
ઊંચે ઊંચે વધતી આભ–પીઠે વવાઈ
(આકાશમાંયે ધરતીતણું ધરુ !—)
તારાતણું ખેતર થૈ ફળી જવા." (૫૭)

અને કવિનું સ્પંદન અંતરાલમાં વિસ્તરતાં તેઓ કહે છે :

"ત્યારે મને કશુંક ભાન ઊંડું ઊંડું થતું :
જાણે હું કોઈ ગ્રહ છું તૃણ–તારકોનો
આ આભ ને અવનીની અધવચ્ચ ક્યાંક,
જાણે
હું તારકો ને તૃણની બિચોબિચ,
છું તારકો ને તૃણથી ખીચોખીચ!" (૫૮)

'તૃણ અને તારકો વચ્ચે'નું આ કાવ્ય સૉનેટ નથી તે રીતે, તેમ જ અંશત: ભાવ-સાતત્યની દૃષ્ટિએ પણ 'અનહદની સરહદે'ના આઠ સૉનેટના ગુચ્છના પુચ્છની જેમ કાંઈક અસંબદ્ધ રીતે જુદું પડી જઈ આગંતુક જેવું લાગે છે।

'સ્પંદ અને છંદ'માં કવિ શ્રી ઉશનસની સર્જકતાની સર્વોત્તમતાની પ્રતીતિ કરાવનાર (૮ સૉનેટ+૧) નવ કવિતાકલાપ 'અનહદની સરહદે' છે. તેમાં વર્ણનના સવિશેષ પરિવેશમાં ચિંતન ચમકારા મારે છે. વયદૃષ્ટિએ ય વનસરહદે આવી ઊભેલા કવિ, સાપ-ઉતારા ડાંગની વૃક્ષવૃંદનિબિડ વન્યભૂમિમાં, આશ્ચર્યપ્રેરક અજાણ્યા અનામી વૃક્ષો, પર્ણો ને પહાડોની વચ્ચે નગર-નિર્વાસિત થઈને આવતાં જાણે સંસ્કૃતિસંક્રમણ અનુભવે છે. તેઓ પ્રકૃતિ સાથે પ્રતિતરુ, તાદાત્મ્ય સાધીને સ્થગિત થઈ રહેતા નથી પરંતુ સમયની સાથે અને સામે થઈને ય અંતરસ્થ અવકાશમાં સૂક્ષ્મ ગતિ કરે છે. અશ્વત્થભાવને અનુભવી અંતે તેઓ 'પ્રશાન્ત સુષમા' પામે છે ત્યારે તેમની ચિતિસંવેદના અનાદિ-અનંત સમયની સ્વરૂપલીલાને પ્રત્યક્ષ લહે તે રીતે અહીં અનહદની આંતરયાત્રાનું વિદગ્ધતાપૂર્ણ નિરૂપણ થયેલું છે. ક્યારે ક્યારે સંપ્રાપ્ત સમાધિ–તંદ્રા પણ તૂટે છે ત્યારે—

"હું યે ના એ, મારા શતશત અહો જન્મવ્યતીત!" (૫૩)

છેવટે તેમની આકળી વય 'અનાક્રાન્તો કેરાં ઈજન' ગ્રહતાં કવિ સુદૂરસ્થાને બિરદાવે છે :

"—મને આ પાસેનું સઘળું અળખું ઝેર અવ તો,
હવે તો હું ન્હૈ કે નહિ ક્ષિતિજ જે રૂહે અપસરી.
અગાઉથી પામું પુલકતણી શ્રેણી પદપદે,
સુદૂરસ્થે! તારી અનહદતણી આ સરહદે." (૫૫)

આ સૉનેટગુચ્છમાં સ્થૂળ સ્થળાન્તર કરતાં સૂક્ષ્મ સમયના વિશાળ ફલક પરના કવિના ચૈતસિક સંચરણની અનુભૂતિનો અણસાર સ્પષ્ટ વરતાય છે. પ્રસ્તાવનામાં શ્રી રઘુવીર ચૌધરીએ કૃષિસભ્યતાનું આરોપણ કર્યું છે. વાસ્તવમાં તો કવિએ સંસ્કૃતિની બન્ને—આક્રમણ-સંક્રમણ-પ્રક્રિયાઓના પ્રતિભાવોને યથાસ્થાને યથાર્થ રીતે ઉઠાવ આપ્યો છે. હા, નગરસંસ્કૃતિ કરતાં કૃષિસંસ્કૃતિનાં ચિત્રોનો ઉઠાવ સવિશેષપણે ઘેરો હોવાનું પ્રતીત થાય છે.

સૉનેટસ્વરૂપ પર ઉશનસની હથોટી આ પહેલાં ક્યારની ય બેસી ગયેલી છે. તેમની વિશિષ્ટતા સૉનેટગુચ્છો આપવામાં છે. સર્વશ્રી ઠાકોર, ચન્દ્રવદન, સુન્દરમ્ પછી તો ઉશનસે એક જ વિષય કે અનુભૂતિને કેન્દ્રમાં રાખીને આ પ્રકારના સફળ ગુચ્છો આપ્યા છે. 'સમર્પણ'

'કૉલેજ-ટેકરી પર અષાઢ' અને 'શેક્સ્પિયરને' (યુગ્મો), 'અષાઢની અનુભૂતિઓ' તથા 'ચૈત્રીકાવ્યો' (સૉ.ત્રયી). 'અનહદની સરહદે' (અષ્ટક), 'વળાવી બા, આવ્યા' (૧૧ સૉનેટના ગુચ્છમાં ય 'સ્મરણો જ સ્મરણો' પેટાસૉનેટત્રયીમાં વિભાજિત), 'મળતી આવતી રેખાઓ' અને 'ઇતિહાસની બાજુએથી' (ચતુષ્ક)...વગેરે. વિશેષમાં 'સ્વ. પંડિત નહેરુ,' આઠ કાવ્યોનો સમૂહ છે. તૃણના કવિને ગુચ્છકવિ તરીકે પણ ઓળખાવી શકાય ?

વૅકેશન પૂરી થતાં કુટુંબમેળો વિખરાવાને લીધે વિષણ્ણ ભાવને અનુભવતી માતાનું ચિત્ર આલેખતું કવિનું 'વળાવી બાં આવ્યાં'નું સૉનેટ વિદ્યાર્થીઓમાં ય સુપ્રસિદ્ધ છે, પરંતુ અહીં તો માતાના અવસાન નિમિત્તે રચાયેલા ૧૧ સૉનેટના ગુચ્છમાં કવિચિત્તમાં ક્રમબદ્ધ ચિત્રો અંકિત થાય છે. તેના નિરૂપણમાં ભાવ અને ભાષાનું, શબ્દ અને અર્થનું તથા વર્ણન અને ચિંતનનું સામંજસ્ય કવિ ઉત્તમ રીતે સિદ્ધ કરી શકયા છે. ચિતા અને અસ્થિ-વિસર્જનથી શરૂ થયેલી ઊંડી વિષાદયાત્રા, અર્જુનની જેમ, કવિને 'નષ્ટો મોહઃ' સુધી પહોંચાડી અધ્યાત્મયોગમાં લઈ જાય છે.

"અમે જેની નાળે ઊગી વિકસિયા પદ્મ સરખા,
રચ્યું બ્રહ્મા શું કે જગત, તૂટી તે નાળ જ ગઈ." (૩૪)

એ 'મા'નો ભાવ વિશ્વજનની ભૂમામાં ભળી જાય છે. વિષાદ ઉપશમતાં કવિ 'સાંજનોં સાદ'ના છેલ્લા સૉનેટમાં માળાના રૂપક દ્વારા ગુચ્છનું પર્યવસાન કરે છે :

"સુણું : કો આમંત્રે વિરહી સ્વર ઓ પાર નીડની,
પિછાણું : માટીનો રુધિરસ્વર, એ આદ્યધરણી;
ફરી પાછા નીડે, નીડથી ધરતીમાં મળી જવું,
ફરી પાછા ઈંડે જનની, તવ જન્મી ફરકવું." (૭૮)

'વળાવી બા, આવ્યા' અને 'અનહદની સરહદે' આ બે ગુચ્છોએ ઉશનસની સર્જક પ્રતિભાનો ઉત્તમાંશ પ્રકટ કર્યો છે એમ અત્યુક્તિ વિના કહી શકાય.

'વિસ્મૃતિ', 'ચન્દ્રોદયે', 'અતિથિ', 'મિલન', ત્રણ ચૈત્રીકાવ્યો, 'હવે' 'અપત્ર દિન' તથા રેખાવિષયક છ પ્રણયકાવ્યોમાં કવિ અજંપો, આશા કે સંયોગની ભાવમુદ્રાઓ કરતાં અતૃપ્તિની ઉત્કટ સંવેદનાને વિશેષતઃ વહેતી મૂકે છે.

'ઇતિહાસની આ બાજુએથી' ને 'નેહરુ' વિષયક કાવ્યગુચ્છોમાં તથા છસાત ભક્તિ-કાવ્યોમાં ઊર્મિ કરતાં બુદ્ધિતત્ત્વનું પ્રાધાન્ય છે છતાં તેમાં ય કૌશલપૂર્ણ રચનાનું ઉચ્ચ ધોરણ જળવાઈ રહે છે. ઓખામંડળના સ્કેચીઝ તથા વૃક્ષોનાં રેખાચિત્રોમાં કવિ શબ્દતરંગની સહાયથી ચિત્રકાર બનવાનો આયાસ કરતાં જણાય છે.

આ સંગ્રહમાં કવિની પ્રયોગશીલતા પણ ધ્યાનપાત્ર અને પ્રગતિસૂચક છે. મુખ્યત્વે તેમના બે પ્રિય છંદો શિખરિણી અને વસંતતિલકા તથા થોડેક અંશે પૃથ્વી પરત્વે પણ. મિશ્રાપ-જાતિમાં વંશસ્થનું થાય છે તેમ કવિએ લગભગ બધાં જ કાવ્યોમાં, વચ્ચે વચ્ચે જે તે છંદની પંક્તિઓમાં અંતે કે ઉપાન્તે એકેક માત્રા ઉમેરી છે. (આ લેખમાં આપેલાં અવતરણોમાંથી

ઉદાહરણો મળી રહેશે. ) ક્યાંક ક્યાંક તો તેમણે પંક્તિના આરંભમાં કે અંતમાં અક્ષરો છોડી દીધા છે. ' હવે ' સૉનેટમાં તો દરેક એકી પંક્તિમાં અંતિમ ૰૰–ત્રણ અક્ષરો છોડી દીધા છે. આવાં વૈવિધ્ય–મિશ્રણો છંદોલય સાધવામાં ઘણે સ્થળે ( સર્વત્ર નહીં ) ઉપકારક નીવડ્યાં છે. ઠેર ઠેર પ્રાસના મેળની અને યમકની ચીવટ આંખે ઊડીને બાઝે છે. કૌંસનો ઉપયોગ પણ જોવા મળે છે. 'દ્ભુત, યા'દાવે, ' મસ્તુ, ' મોને, ન'તી, 'ક્ષર—જેવા શબ્દોમાં અધ્યાહારપ્રવૃત્તિ કઠે છે.

જ્યોત્સ્નાકિરણવસનાલંકૃત, જ્યોત્સ્નાપુલકિતનિશા, આનંદસ્રવણમૂળમાં, ઘરગામનામહીન, શતસહસ્રસહસ્ર જોજને, જ્યોતિર્મધુપરે, જીવનરસવેગે, મૂલાન્તસમેત, શતપ્રીતિઊર્મિથી, ગતજન્મઋણાનુબંધે, સૂર્યોદ્દીપ્તા, પ્રભાતધરા, સજલઘન, શશિરસિત, તરુ-ઉત્સ, કાળપ્રવહ, સ્નેહાજ્ય, ઊર્મિજૂટ, અતલાન્તિકે, પથલુપ્ત, દ્યુતિદેશ, પર્યુત્સકી......જેવા પંક્તિસંદર્ભમાં સમરસ બની જતા પ્રયોગો હોવા છતાં, એકંદરે ઉશનસની સંસ્કૃતપ્રાચુર્યની છાપ અહીં ભુંસાવી જાય છે.

તેના મુખ્ય કારણમાં નિઃસંકોચ કહી શકાય કે, સંખ્યાબંધ તદ્દભવ તળપદા શબ્દો, રૂઢ પ્રયોગો, ચમત્કૃતિપૂર્ણ પદાવલિઓ અને ખાસ કરીને ક્રિયાપદોનો કાફલો ,યોજવામાં પ્રતીત થતી કવિની શબ્દસૂઝ અને નવા સાહસ માટેની સજ્જતા આદર ઉપજાવે તેવાં છે. દા. ત. અભિસરી, અપસરી, મંદાતી, પમરતી, ખખડંતી, ધૂર્ફરતી, મર્મરંત, પ્રતીક્ષંત, ટટારવી, તડપી, ક્રંદતી, ધીંગી, વવાઈ, પ્રોવાઈ, તડતડે, તતડતા, તરડાયેલા, ઉશેટ્યું, ચંચવાયું, ઝપટાયું, ચપટાયું, સ્પંઘ્યું, તતડિયાં, તરફડન, ઉપહસત, ચગી, ચૂતી, ક્રમી, ઘુમરતા, દૂઝે, દદડે, પ્રાણઘૂંટડી, ટગુમગુ પીંખીવીંખી, ટપાટપ્પી, ચપચપોચપ્પ, લુખ્ખોસૂકો, યાત્રા-કથની, સૂરોનો પરિપ્લવ, હયું હળ્યું, તરસી મરે, કોળી રૂહે, ઠેકી જવા, મધુપુલકનું કંપન, રઘવાયું આકાશ, અબોટયાં રોમાંચો, અમીના લેપ વર્ણાને, કરુણું કરુણું ગીત, ડબકતી દગે, નભ ધૂળેટ્યું, ધરતી ધણેણાટી મૂકી, તીક્ષ્ણ ટચકા, ખુણાળું મનનું અણિયાળું રૂપ, જજરી ગઈ પ્રીતિ, તિમિર-તમરે રાત ચૂંચવે,—ઉપરાંત આપસી, ચરિયાણ, સલેપાત, ખાબધે, અસંવન, નિરાગસ...જેવા અનેક અપારચિત શબ્દોનો ઉપયોગ.

આ અપૂર્ણ યાદી આપવાનું પ્રયોજન શ્રી. ઉશનસે ( તેમના પુરોગામી સંગ્રહોની તુલનાએ ) ભરેલા સાહસ-કૂદકાને ગૌરવસહ બિરદાવવાનું છે.

' સ્પંદ અને છંદ 'નો અનુગામી સંગ્રહ હજીયે ઉચ્ચતર નિશાન તાકી રહેશે એવી સદ્દભાવના સહ કવિને હાર્દિક અભિનંદન.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )**

*                    *                    *

**અન્વય :** લેખક : હસિત હ. બૂચ; પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, મહાત્મા ગાંધી માર્ગ, અમદાવાદ–૧, પૃ. ૧૨ + ૩૫૦; મૂલ્ય રૂપિયા ૭.

આપણા કેટલાક નવીન અભ્યાસરત કવિસર્જકો સાહિત્યપદાર્થ અને સાહિત્યસ્વરૂપો સંબંધી ચર્ચાના તથા ગ્રંથોની સમીક્ષાના માર્ગ પર પણ પ્રવાસ કરી રહ્યા છે એ વિવેચનની

ઊઘડતી નવી ક્ષિતિજો માટે ઉજ્જવલ આશા આપનારી બીના છે. તેમાં ય પ્રાધ્યાપકનો જીવ તેમાં જોડાય ત્યારે ( અલબત્ત પ્રાધ્યાપકની પ્રતિભા અને દૃષ્ટિની કક્ષા પ્રમાણે ) સોનામાં સુગંધ ભળવાની આશા બંધાય છે આ દૃષ્ટિએ શ્રી. હસિત બૂચનાં અધ્યયનો, વ્યાખ્યાનો અને ગ્રંથસમીક્ષાલેખોનો સંગ્રહ ' અન્વય ' આવકારપાત્ર બની રહે છે.

પ્રથમ પાંચ લેખોમાં સૌન્દર્ય, કલા અને કવિતાવિષયક કેટલાક ઊહાપોહ્ય વિષયોની તેમણે તાત્ત્વિક પ્રશ્નોના ગાંભીર્ય ને જાળવીને પણ રસળતી શૈલીમાં વિશદ ચર્ચા કરી છે. ભારતીય આલંકારિકોના વિચારો ઉપરાંત પાશ્ચાત્ય વિચારકોનાં અભિપ્રાયો અને વિધાનોના ઉલ્લેખોથી તેમના નિબંધો આસ્વાદ્ય બની રહે છે. કેટલાક આધુનિક અભ્યાસીઓની જેમ અહીં પણ આવા આધાર-ઉલ્લેખોનો જમેલો તો છે, પણ શ્રી. બૂચ તેના અતિઉપયોગથી કે અતિગૃહીત અહોભાવથી જરા વેગળા રહીને જે તે મુદ્દાના સંદર્ભની મર્યાદામાં રહીને પ્રસ્તુત વિચારોનો સમન્વિત રૂપે સંવિમર્શ કરવાનો પ્રયત્ન કરે છે. આજે કેટલાક સમીક્ષકો કૃતિમાંનાં સારાં તત્ત્વોની ઉપેક્ષા કરીને કેવળ પશ્ચિમના વિદ્વાનોનાં બેચાર વિધાનોને આધારે, સમીક્ષ્ય કૃતિમાં શું નથી એનું જ ગાણું ગાયા કરતા હોય છે. શ્રી બૂચની દૃષ્ટિમાં અને નિરૂપણરીતિમાં સન્નિહિત સમતુલાના મહદંશોએ એમના સ્વાધ્યાય અને સમીક્ષાના કાર્યને ઓપ આપ્યો છે અને તેથી તેઓ તેમનાં લખાણોમાં અવતરણો, અભિપ્રાયો કે વિધાનોની હારમાળા જ ઊભી કરવાને બદલે પોતાના આગવા અભિગમનો નિર્દેશ કરનારાં મૂલ્યાંકનો પણ—અને તે ગોળ ગોળ રીતે નહીં—સ્પષ્ટતાપૂર્વક આપી શક્યાં છે. અલબત્ત, બધા જ લેખોમાં એકસરખી રીતે આમ બન્યું હોવાનું અત્રે અભિપ્રેત નથી.

વિષય ગમે તે હોય; કાવ્યમાં ભાવપ્રતીક, સામાજિકતા, સંગીત કે છંદોલયના પ્રશ્નની –ચર્ચા હોય, સૌન્દર્યવિભાવનાની સૂક્ષ્મ વિચારણા હોય, વિશિષ્ટ કૃતિઓની કે બારમાસી, સૉનેટ, વાર્તા, ગીત, ચરિત્ર વગેરે કાવ્યપ્રકારોની સમીક્ષા હોય કે પછી કોઈ પણ યુગપ્રવાહનાં બલાબલ વિશે વિવેચના હોય—પણ તે સર્વમાં લેખકનો અન્વયાત્મક અભિગમ ઝટ પરખાઈ–પકડાઈ આવે છે. આ સમન્વિત વ્યક્તિત્વની મુદ્રા લખાણો પર એવી પકડ ધરાવે છે કે ભિન્ન અભિપ્રાય ઉચ્ચારવાની ફરજ આવી પડે છે ત્યારે પણ તેઓ જાણે સંકોચ અનુભવતા હોય તેમ સહૃદયતા અને સૌમ્યતાપૂર્વક વિરોધ ( પુણ્યપ્રકોપ નહીં ) નોંધાવતા હોય છે. તેમની આ મધુદર્શિતા ભિન્ન મતપ્રદર્શન પ્રસંગે બહુ દૂર–આત્યંતિક કક્ષા સુધી–જવા દેતી નથી. આથી જ ' અન્વય ' શીર્ષક યથાર્થ ઠરે છે !

કલામાં સૌન્દર્ય-વિભાવના વિશે તાત્ત્વિક દૃષ્ટિએ કરેલી ચર્ચામાં લેખકે પૂર્વ અને પશ્ચિમનાં અભિગમ અને વલણોનો સામ્યભેદસૂચક ચિતાર આપ્યો છે તે મનનીય છે. પશ્ચિમના વિવેકને આગળ ધરીને તેઓ કહે છે કે, "સૌન્દર્યની સમજ, અનુભૂતિ કે નવરચના અંગે પરિસ્થિતિ અને પરંપરાનો વિવેક જરૂરી છે—આવો વિવેક સહૃદયતા અને પ્રતિભા હોય ત્યાં સધાય છે." (૧૫)

પ્રત્યેક કલાનાં સર્જન અને આસ્વાદમાં વૈયક્તિક સંવેદના, ઉપાદાન તથા સર્જકભાવક ઉભયનો નિજી શકિત–સંસ્કારવિશેષ મહત્ત્વનો ભાગ ભજવે છે છતાં સાચી કલાનો આદર્શ તથા પુરુષાર્થ અખિલાઈ, સમગ્રલક્ષિતા, સારગ્રહિતા અને આંતરસમન્વયનો હોય છે. હૃદયજન્ય અને

હૃદયંગમ મનાતી કલાએ 'સર્જવાની અને ગમ્ય કરવાની છે વૈશ્વિક માનવની વિશિષ્ટાવલમ્બી સાક્ષાત્કૃતિ. એમાં અખિલાઈ અને વિશિષ્ટનું અવલંબન, બેઉનું મહત્ત્વ છે." (૩૦)

બ્રહ્માસ્વાદના સહોદર કલાસ્વાદ સંબંધમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે "જીવનના એક આવિર્ભાવ સમી કલા એનો—બ્રહ્મલીન જીવનનો–પર્યાય ન થઈ શકે...કલાનુભવ બ્રહ્માનુભવની નિકટનો વર્ણવાયો છે." (૩૨) આ નિષ્કર્ષ, કદાચ જીવનનિરપેક્ષ કેવળ કલાના ઉપાસકોને બહુ રુચિકર ન પણ લાગે !

"કાવ્યમાં ભાવપ્રતીકો" નિબંધ અભ્યાસયોગ્ય બન્યો છે. કવિસંવેદનાનો સૂક્ષ્મ સ્પર્શ કરવા માટેની બારી સમા ચિત્રગુણી બનતા ભાવપ્રતીકના 'બુદ્ધિપ્રપંચ યા તર્કકૌશલના અતિરેક' તરફ ખેંચાઈ જવાના ભયસ્થાન પ્રતિ લેખક નિર્દેશ કરે છે. ખૂબી એ છે કે તેમણે પોતાના વિચારોના સમર્થનમાં પ્રાચીન, મધ્યકાલીન અને શિષ્ટ લોકકવિતા ઉપરાંત અર્વાચીન કવિતામાંથી ઘણાં ઉદાહરણો આપ્યાં છે. કવિના વિચારને વહેતા 'ઈમેજ'નું સામર્થ્ય અને સાર્થક્ય, ભાવકના ચિત્તમાં ઇષ્ટ અભિગમ પ્રેરી, એક જ ઝબકારામાં, મનોગતને રામસ્તરૂપે આત્મસાત કરાવવાનું હોઈ શકે. શ્રી. બૂચ પ્રતીક અને ભાવપ્રતીક વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરતાં ભાવપ્રતીકમાં વધુ ચોકસાઈ અને વ્યંજનાગુણની અપેક્ષા રાખે છે. અંતમાં તેઓ કહે છે :

"આધુનિક કવિતાના ભાવપ્રતીકે ઉગરવાનું છે આત્મલક્ષિતાના અતિરેકથી અને તત્કાલીનતાના સીધા સ્વીકારમાંથી." (૬૯)

ભાલણનાં વાત્સલ્યચિત્રો, અખાનાં પદો અને દલપતરામ, કાન્ત, નાનાલાલ, ઠાકોર વિશેના લેખોને શ્રી. બૂચની કવિદૃષ્ટિ, અધ્યાપનવૃત્તિ અને અભ્યાસીની નિષ્ઠાનો સારો લાભ મળેલો છે. સામાન્યતઃ પરલક્ષી કવિતાની દૃષ્ટિએ મોટે ભાગે મુલવાયેલી કાન્તની કવિતાની આત્મલક્ષિતાની ઝલક તેઓ સારી રીતે ઉપસાવી શકયા છે. તેમાં પ્રેમાનંદ અને ગોવર્ધનરામની કથાકથનપદ્ધતિની તુલના સહજ વિષયાંતર જેવી લાગે ખરી.

'દલપતરામ,' 'આપણી કવિતા : ૧૮૮૫ થી ૧૯૨૫,' 'ગુજરાતી સાહિત્યમાં ગાંધી-પ્રભાવ' અને 'સ્વાતંત્ર્યોત્તર કવિતામાં યુગતત્ત્વ'—આ ચાર લેખોમાં પ્રસ્તાર છે, પણ તેનું સંકલિત વાચન કરનાર અભ્યાસી અર્વાચીન ગુજરાતી સાહિત્ય—ખાસ કરીને કવિતાસાહિત્ય–નું રસદર્શી મૂલ્યાંકન આપતું સળંગ સુરેખ સ્પષ્ટ ચિત્ર પામી શકે તેમ છે.

"સ્વનિષ્ઠ વિશિષ્ટ અનુસર્જન" 'શર્વિલક' કૃતિના સર્વદેશીય સમીક્ષા કરતાં શ્રી. બૂચ તેના અંતમાં થતા ચારુદત્તના મૃત્યુ વિશે 'પ્રરોચના'ના લેખક શ્રી. આકવલેના મત સાથે અસંમતિ દર્શાવતાં કહે છે, "'શર્વિલક'ની કથા અને તેનો હેતુ જોતાં એ નવીનતા સ્વાભાવિક અને અસરકારક ગણાય." શ્રી. બૂચનો એ મત તેમની જાગ્રત દૃષ્ટિનો સૂચક છે.

શ્રી. ઉમાશંકર જોશીકૃત 'પ્રાચીના'ને શ્રી. બૂચે, તે વખતે અણખેડાયેલા પદ્યનાટકના પંથ પરનું અભિનંદનીય પ્રસ્થાન તથા 'ગુજરાતી કવિતાના સ્વપ્નનો બીજનિક્ષેપ' હોવાનું જણાવ્યું છે અને તેનાં સાતેય પદ્યરૂપકોની સવિસ્તર વિવેચના કરી છે; સંગ્રહના છેલ્લા લેખ 'પદ્યનાટકનું કલાવિધાન'માં તેમણે મુખ્યત્વે ટી. એસ. એલિયેટ અને એબરક્રોમ્બીના વિચારોને

આધારે, પદ્યનાટકને સાર્થક કરનારી આંતરલક્ષી વસ્તુગત સામગ્રી, કવિત્વનું નાટ્યાનુકૂલ નિયમન, પદ્યનાટકકાર નિતાંત જાગ્રત કાર્યશીલ નાટ્યસૂઝવાળો પણ પરિણત પ્રતિભાનો અનુભવી કવિ હોવાની અગત્ય, સાંપ્રતના સંદર્ભ કરતાં અતીતના સંદર્ભમાં પદ્યનાટકકારને વિશેષ સૌકર્ય પ્રાપ્ત થવાનાં કારણો, સમયમર્યાદાનો વિવેક, છંદોલય—ડોલનશૈલીની શક્તિમર્યાદા, ભાષા...વગેરે પદ્યનાટકનાં ઘટકોની સૈદ્ધાન્તિક ચર્ચા કરી છે. તેમણે એક સ્થળે એલિયેટ અને એબરક્રોમ્બીના મત સાથે અંશતઃ અસંમતિ પણ—કારણો આપી—દર્શાવી છે. સાહિત્યિક રહીને પણ વ્યવહારુ સ્તર પર કાર્યક્ષમ નીવડી શકે એવી પદ્યનાટકની ભાષા હોવાનો એમનો સૂર છે. તેઓ કહે છે, "શ્રી. એલિયેટે પદ્યનાટકમાં, સામાન્યતઃ આત્મલક્ષી કવિતામાં હોય એવો કવિનો પોતાનો ધ્વનિ, પરલક્ષી કવિતામાં હોય એવો પાત્રમુખે રજૂ કરાતો ધ્વનિ તથા નાટકમાં હોય એવો પાત્રોનો નિજનો ધ્વનિ, એમ ત્રણ ધ્વનિઓ (Three Voices)ના એકી સાથે પ્રયોગની વાત કરી છે. આપણા પદ્યનાટકે ત્રીજા ધ્વનિ માટેની ભાષા શોધવી જ રહી." (૩૩૯)

અંતમાં, 'અન્વય'ની સાર્થકતા માટે જવાબદાર ગણી શકાય એવી બે ત્રણ બાબતોનો ઉલ્લેખ કરવો જરૂરી છે. શ્રી. બૂચ વિચારોનું મુદ્દાસર અને તર્કસુસંગત રીતે ક્રમશઃ નિરૂપણ કરતા હોય છે. તેઓ વ્યર્થ વિસ્તાર કે પિષ્ટપેષણ કરતા નથી, તેમ વસ્તુને અસ્પષ્ટ પણ રહેવા દેતા નથી. મુદ્દા કે વિચારનો આછો ઉલ્લેખ કરીને છેવટના વિધાન પર કૂદી આવવાની કુટેવથી શ્રી. બૂચ ઊગરી ગયા હોઈ, તેમનું વિવેચન વિશદતા અને પ્રાસાદિકતાથી હૃદયંગમ બની રહે છે. તેમની પ્રશિષ્ટ સ્વસ્થ શૈલી અને મધ્યુદર્શિતાનો અભિગમ પણ ભાવક સાથે અન્વય સાધી આપવામાં સહાયરૂપ નીવડે છે.

**લવકુમાર મહેન્દ્રકુમાર દેસાઈ**

* * *

## સાભાર સ્વીકાર

(૧) **સમીસાંજનું ચિંતન** :—લે. શ્રી. રતિલાલ સો. ભાવસાર, "ગુલશને બહાર", પ્રકાશક : ચિરાગ પ્રકાશન, કુમારગૃહ, આનંદપુરા, વડોદરા. પૃષ્ઠાંક ૧–૧૦૪, કિંમત રૂા. ૨–૫૦.

(૨) **દાંડીકૂચ: બે કાવ્યો** :—લે. શ્રી. મણિભાઈ દેસાઈ અને શ્રી. જયકૃષ્ણ સૂરતી, પ્રકાશક : સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧; પૃષ્ઠાંક ૧–૧૨૪; કિંમત રૂા. ૩–૦૦.

(૩) **તપોવન** :—સંપાદક : શ્રી. સુરેશ દલાલ, પ્રકાશક : કે. જે. સોમૈયા, પબ્લી. સમિતિ, ઘાટકોપર, મુંબઈ; પૃષ્ઠાંક ૧-૩૭૦; કિંમત રૂા. ૧૫–૦૦.

(૪) **ગોવર્ધનરામ અને સરસ્વતીચન્દ્ર** :—લે. શ્રી. રામચંદ્ર પંડ્યા; પ્રકાશક : ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ, પૃષ્ઠાંક ૧–૩૮૬; કિંમત રૂા. ૬–૫૦.

( ૫ ) **રસસિદ્ધાન્ત :**—લે. ડા. નગેન્દ્ર, અનુવાદક–શ્રી. ચન્દ્રકાન્ત મહેતા અને શ્રી. મહેન્દ્ર દવે, પ્રકાશક : નેશનલ પબ્લી. હાઉસ, ૨–૩૫, અન્સારી રોડ, દરિયાગંજ, દિલ્હી; પૃષ્ઠાંક ૧-૩૯૦; કિંમત રૂા. ૨૦–૯૦.

## બાલગોવિન્દનાં પ્રકાશનો

( ૬ ) **બાપુદર્શન–ભાગ ૧ :**—લે. શ્રી. દિલખુશ બ. દીવાનજી, પૃષ્ઠાંક ૧–૬૪; કિંમત રૂા. ૧–૦૦.

( ૭ ) **બાપુદર્શન–ભાગ ૨ :**—લે. શ્રી. દિલખુશ બ. દીવાનજી, પૃષ્ઠાંક ૧–૬૮; કિંમત રૂા. ૧–૦૦.

( ૮ ) **બાપુદર્શન–ભાગ ૩ :**—લે. શ્રી. દિલખુશ બ. દીવાનજી, પૃષ્ઠાંક ૧–૬૦; કિંમત રૂા. ૧–૦૦.

( ૯ ) **બાપુને પ્રતાપે :**—લે. શ્રી. બબલભાઈ મહેતા, પૃષ્ઠાંક ૧–૧૭૯; કિંમત રૂા. ૩–૦૦.

(૧૦) **ગાંધી કથા ગીતો :**—લે. શ્રી. ચીમનભાઈ ભટ્ટ, પૃષ્ઠાંક ૧–૫૧; કિંમત રૂા. ૨–૫૦.

# સ્વાધ્યાય

પુસ્તક ૭ : અંક ૨ ફેબ્રુઆરી ૧૯૭૦

**વસંતપંચમી** વિ. સં. ૨૦૨૬

## અનુક્રમ

**પૃષ્ઠાંક**

૧. નેતા શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... ... ૧૦૧–૧૨૦
૨. ચાર્વાકદર્શન—હરિપ્રસાદ શાસ્ત્રી ... ... ... ૧૨૧–૧૩૧
૩. સંસ્કૃત વ્યાકરણો: જૈન ગણનાઓ—હીરાલાલ ર. કાપડિયા ... ૧૩૨–૧૩૬
૪. નાગરખંડ-સમયાંકન : રમણલાલ નાગરજી મહેતા ... ... ૧૩૭–૧૪૩
૫. સંસ્કૃત સાહિત્યમાં સ્ત્રી અને સુગંધ—બિપિનચંદ્ર કાપડિયા ... ૧૪૪–૧૫૨
૬. ધારાવર્ષની રાણીનું દાનપત્ર અને આબૂના પરમારોની વંશાવળી—
અંબાલાલ પ્રેમચંદ શાહ ... ... ... ... ૧૫૩–૧૬૩
૭. દાવડ વિષે વિશેષ નોંધ—મધુસૂદન ઢાંકી ... ... ... ૧૬૪
૮. નૃત્યકલા અને ગુજરાતનાં લોકનૃત્યો—પંડ્યા રસિકલાલ માણેકલાલ ... ૧૬૫–૧૮૦
૯. પાટણવાડાની રબારી કોમનાં લોકગીતો—કાનજી માલધારી... ... ૧૮૧-૧૮૬
૧૦. વેદોમાં રસાયણ—નરસિંહ મૂ. શાહ ... ... ... ૧૮૭–૧૯૨
૧૧. ગ્રન્થાવલોકન :
૧. અભિનવનો રસવિચાર અને બીજા લેખો ... ... ... ૧૯૩–૧૯૬
૨. જયશંકર 'પ્રસાદ': વસ્તુ ઔર કલા : ... ... ... ૧૯૬–૧૯૭
૩. સ્પંદ અને છંદ ... ... ... ... ૧૯૭–૨૦૩
૪. અન્વય ... ... ... ... ૨૦૩–૨૦૬
સાભાર સ્વીકાર ... ... ... ... ૨૦૬–૨૦૭

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દ્રષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિ: કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવ: ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST




# હું, મોટાં થવામાંય મજા છે......

...શાણાં અને સ્નેહાળ માબાપની સારસંભાળ સાથે બાળકોને પૂરતી જોગવાઈ મળે તો જિંદગીમાં એમને વધુ ઉજ્જ્વળ તકો સાંપડી શકે. પરંતુ બાળકોના ઉછેર માટે ખર્ચ પણ કરવો પડે છે–ખાદ્યખોરાકી, કપડાંલત્તાં, ભણતર, ઔષધોપચાર અને પાછળથી એમની જિંદગીની શુભ શરૂઆત માટે.

**આપનાં બાળકો પોતાના પગ પર ઊભાં રહે તે માટે તેમને સહાયરૂપ બનો.**

આપના બાળક માટે **દેના બેંક**માં સગીર બચત ખાતું ખોલો. એ ખાતું એ પોતે ચલાવી શકશે અને એના પર $3\frac{1}{2}\%$ વ્યાજ પણ મેળવી શકશે.

**દેના બેંક**

રજિસ્ટર્ડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હોર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ–૧.

RATAN BATRA

DB/G/140

# અમને આપનામાંના એક ગણો

**આપની આશાઓ અને નાણાંકીય ગૂંચોના ભાગીદાર.**

માતા અમને ઘણીવાર મળવા આવે છે.

પિતાની પણ સેવા બજાવીએ છીએ.

રમેશને એની નાનકડી બૅન્ક પેટી કરતાં અમારી બૅન્ક વધુ પસંદ છે.

અમે દાદીમાના દરદાગીના સાચવીએ છીએ.



અમારે ત્યાં એમનું બચત ખાતું છે. તે દર મહિને બચત કરે છે. બચત સાથે એમને ખાસ્સી વ્યાજની આવક થાય છે.

તેઓ અમારે ત્યા ચાલુ ખાતું રાખે છે અમે એમના ઘરનું ભાડું, બાળકોની નિશાળની ફી, વીમાના હપ્તાઓ, કલબના બીલો ભરીએ છીએ અને ડિવિડન્ડ તેમ જ બીજી મેળવવાની રકમો ઉઘરાવીએ છીએ.

ગયે વર્ષે એણે અમારે ત્યા સગીર બચત ખાતું ખોલાવ્યુ હતુ. એ ઇજનેર થવા માગે છે. અમે એને મહત્ત્વાકાંક્ષા હાંસલ કરવામા મદદ કરીએ છીએ.

એમણે અમારે ત્યાં સેફ ડિપોઝિટ લૉકરમાં એક ખાનું ભાડે લીધું છે. એમના દરદાગીના ચોર ડાકુ અને આગથી સલામત છે. કંઇ ફીકર ચિંતા નથી.

હીરક જયંતી ૧૯૦૮-૧૯૬૮.


ચિર સમૃદ્ધિનું પ્રતીક

**ધી બૅન્ક ઑફ બરોડા લિ.**

(સ્થાપના : ૧૯૦૮) રજિ. ઑફિસ : માંડવી વડોદરા,


ભારત અને વિદેશોમાં ૩૦૦ થી વધુ શાખાઓ.

Shilpi-BOB-12/68 guj



એક દીવાથી બીજો દીવો પેટાય છે... એક નાનકડી જ્યોત ઘર આખામાં અજવાળું કરી મૂકે છે...

આપ રોજ એક એક પૈસો કે એક એક રૂપિયો બચાવતા જાઓ તો એ નાનકડી બચતમાંથી મોટી રકમ બનીને રાષ્ટ્રનાં ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થાય છે.




# નાની બચત

નાનેરા પ્રયાસોનું મોટેરૂં પરિણામ

ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

RPC 1215





# શરદી? દુખાવો? દર્દ?




# રબેક્સ

## નવીન શીઘ્ર આરામદાયક ઈલાજ







# રબેક્સ એટલે જ. રાહત

રબેકસ એવી અસરકારક દવા છે કે જે શરદી, દુખાવો અને દર્દ જલદીથી મટાડે છે.

રબેકસ લાંબા અનુભવયુક્ત સંશોધનનું પરિણામ છે. એમાં ૭ આવશ્યક દવાઓ યોગ્ય પ્રમાણમાં રહેલી છે, તેથી જ તે વધુ કાર્યશક્તિ ધરાવે છે અને સત્વર આરામ આપે છે. રબેકસ સુગંધિત છે અને <u>બાળકોની</u> <u>કોમળ ત્વચા માટે પણ સૌમ્ય છે.</u>

રબેકસ લગાડવાથી બળતરા થતી નથી, ડાઘ પડતા નથી કે ચામડી ચીકણી થતી નથી; એ ચામડીમાં જ શોષાઈ જાય છે અને ફક્ત સુવાસ રહે છે.

બે સાઈઝમાં મળે છે —
૨૦ ગ્રામની બાટલી અને ૬ ગ્રામના ટીન.
**રબેક્સ** એટલે જ રાહત.

ઉત્પાદક: હોમ્કો, એલેમ્બિક કેમિકલ વર્કસ કંપની લિમિટેડનો વિભાગ, વડોદરા

everest/379/ACW

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં.: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાલા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | ,, ,, ,, **૨** | ૧=૭૫ |
| ૩. | ,, ,, ,, **૩** | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૧=૭૫ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૧=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૨=૦૦ |

પ્રાપ્તિસ્થાન :

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ-એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૬ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૭ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૮ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૯ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૨૦ | **મહાગુજરાતના મુસલમાનો**—કરીમ મહમદ માસ્તર | ૧૩=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી. પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |


પ્રાપ્તિસ્થાન :

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**



નવસારી જિલ્લામાંથી મળેલું એક પ્રાચીન શિલ્પ

(વડોદરા મ્યૂઝિયમ)

[ ડૉ. ગોએત્ઝ અને વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી ]